હરિઃ ૐ આશ્રમ, સુરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધનશ્રેણી : ૧

# ॥ હસ્તપ્રતવિજ્ઞાન ॥



## પ્રા. જયન્ત પ્રે. ઠાકર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 11

હરિઃ ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધન શ્રેણી : 1

# હસ્તપ્રતવિજ્ઞાન

પ્રા. જયન્ત પ્રે. ઠાકર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
અમદાવાદ 2013

ઠાકર, જયન્ત પ્રેમશંકર 1922 – 2007
હસ્તપ્રતવિજ્ઞાન / પ્રા. જયન્ત પ્રે. ઠાકર – અમદાવાદ :
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન, 2006. પુનઃમુદ્રણ, 2013. 8 + 240 પૃ.,
સે.મી. 21 X 14. (હરિઃ ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધન
શ્રેણી; નં. 1)
ISBN : 978-81-928014-2-1
DDC : 091
હસ્તપ્રતવિજ્ઞાન

Hastpratvijnan
By Prof. Jayant P. Thaker
Published by Gujarat Vishvakosh Trust
Ahmedabad 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**પ્રકાશક**
**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,** રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ-380 013. ફોન : 2755 1703
Email : vishvakoshad1@gmail.com
website : www.vishwakosh.org

કિંમત રૂ. : 220 ○ પ્રથમ આવૃત્તિ : 2006, પુનઃમુદ્રણ : 2013, ○ પૃષ્ઠસંખ્યા : 8 + 240

□

**મુદ્રક**
**ભગવતી ઑફસેટ,** 15/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

□

**મુખ્ય વિક્રેતા**
ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ



મારા ચારિત્ર્ય અને ચરિત્રના ઘડતરમાં
જેમનો ફાળો અમૂલ્ય હતો તે
તપસ્વી સૌજન્યમૂર્તિ
પૂજ્ય વડીલ બંધુ
સ્વ. રમણલાલ પ્રેમશંકર ઠાકરની
પુનિત સ્મૃતિને
સાદર સમર્પણ

✡

**જયન્ત ઠાકર**

# પ્રકાશકનું નિવેદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ શાખાઓની માહિતી આપતી વિશ્વકોશ શ્રેણી ઉપરાંત મહત્વના લોકોપયોગી વિષયો પર પ્રમાણભૂત અને સર્વગ્રાહી માહિતી અલગ ગ્રંથ રૂપે પ્રગટ કરવાની યોજના કરેલ છે. તે અનુસાર 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી' અંતર્ગત 'ગાંધીચરિત', 'કૅન્સર', 'ગુજરાત', 'નાટક દેશવિદેશમાં', 'ભારત : પ્રતિભા અને પરિદર્શન', 'સિદ્ધાન્તસારનું અવલોકન' અને 'નાટ્યતાલીમના નેપથ્યે' પ્રકાશિત થયાં છે.

જીવનના ઘડતરમાં ઉપયોગી વિગતો અને પ્રેરક ચરિત્રો મળી રહે તે હેતુથી ગુજરાતી વિશ્વકોશના પ્રેરણાસ્રોત શ્રી સાંકળચંદભાઈ પટેલની સ્મૃતિમાં 'કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી'નું આયોજન થયું, જે અંતર્ગત 'ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો' (માહિતીકોશ), 'ભૂકંપ : માહિતી અને ઘટના', 'વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ', 'મેઘાણીચરિત', 'ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક', 'લોકશાહી' અને 'પ્રવાસી પિરામિડનો' પ્રસિદ્ધ થયાં છે જેને ગુજરાતની વાચનપ્રિય પ્રજાએ ઉમળકાભેર આવકારેલ છે.

ત્રીજી 'શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી' શરૂ થઈ છે. તેમાં વિવિધ ક્ષેત્રોનાં અભ્યાસ, સમજ અને ખેડાણમાં વિવિધ સ્તરના જિજ્ઞાસુઓને રસ પડે અને ઉપયોગી નીવડે તેવા વિષયોનો પરિચય આપતાં પુસ્તકો પ્રગટ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. તેમાં પ્રથમ તબક્કે 'જનીનવિજ્ઞાન' (વિજ્ઞાન), 'આપણાં રાષ્ટ્રીય પ્રતીકો' (ઇતિહાસ), 'લિપિ' (પુરાતત્વ), 'લોકવિદ્યા-પરિચય' (સંસ્કૃતિ) અને 'ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર' – એમ પાંચ વિભિન્ન વિષયોનાં પુસ્તકોનો સમાવેશ કર્યો છે.

'સમાજને બેઠો કરવાનો' સદુદ્દેશ રાખનાર વિરલ સંત પૂજ્ય શ્રીમોટાએ ગુજરાતી ભાષા માટે વિશ્વકોશનું સ્વપ્ન સેવ્યું હતું. નડિયાદ તથા સુરતના હરિઃ ૐ આશ્રમના ઉદાર સહયોગને કારણે ગુજરાતી વિશ્વકોશની અનેકવિધ પ્રવૃત્તિઓની સાથે એના નવનિર્મિત ભવનમાં હરિઃ ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધનકેન્દ્રનો પ્રારંભ થયો છે. આ કેન્દ્રમાં સંશોધન-સંપાદન અને પ્રકાશન કરવાનો ઉપક્રમ રાખ્યો છે. તે સંદર્ભમાં પ્રથમ પુસ્તક પ્રા. જયન્તભાઈ પ્રેમશંકર ઠાકર (જ. 1922) દ્વારા સંપાદિત 'હસ્તપ્રતવિજ્ઞાન' પ્રકાશિત થઈ રહ્યું છે.

પ્રા. જયન્તભાઈ ઠાકર 1951થી વડોદરા યુનિવર્સિટીમાં આર્ટ્સ વિદ્યાશાખાના સંસ્કૃત વિભાગમાં અને ત્યારપછી વિશ્વપ્રસિદ્ધ સંશોધનસંસ્થા પ્રાચ્યવિદ્યામન્દિરમાં

જોડાઈને ત્યાંથી જ નિયામકપદેથી નિવૃત્ત થયા. 'વાલ્મીકિ રામાયણ'ની હસ્તપ્રત માટે 1953માં નેપાળ અને 1954માં પંજાબ ગયેલા. તેમનાં પુસ્તકો પૈકી 'લઘુ-પ્રબન્ધ સંગ્રહ' (13મું શતક) વર્ષો સુધી આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં 'આદર્શ' તરીકે પ્રદર્શિત થયેલ. ગુજરાતી ભાષામાં છયે દર્શનો વિશેનો પ્રથમ જ ગ્રન્થ 'ષડ્દર્શન' પણ તેમણે આપેલ છે. અભ્યાસ દરમિયાન અ.ભા.ઔ. બ્રહ્મસમાજનો સુવર્ણચંદ્રક, ડૉ. ઘાટે પ્રાઇઝ, સરસ્વતીબાઈ કુંતે સ્કૉલરશિપ, ગવર્નમેન્ટ મેરિટ સ્કૉલરશિપ, ભારતીય વિદ્યાભવનની રેસિડેન્શિયલ સ્કૉલરશિપ પ્રાપ્ત થયેલ. 1998માં ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી તરફથી શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટનો 'સંસ્કૃત ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન' માટેનો ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે.

1997માં પ્રાચ્યવિદ્યામન્દિર – ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે પ્રા. જયન્તભાઈ ઠાકરે 'મૅન્યુસ્ક્રિપ્ટૉલૉજી ઍન્ડ ટેક્સ્ટ ક્રિટિસિઝમ' વિશે અંગ્રેજીમાં આપેલાં પંદર વ્યાખ્યાનો ગ્રંથસ્થ થયાં છે. તેનું જ ગુજરાતી રૂપાંતર પ્રા. જયન્તભાઈ ઠાકરે તૈયાર કરી આપેલ છે. આ પુસ્તકમાં હસ્તપ્રત વિશેની ભૂમિકા રજૂ કરીને પ્રાચીન ભારતીય લિપિઓ, ભારતીય અંકો, ખરોષ્ઠી સંખ્યાઓ અને આધુનિક લિપિઓ, પ્રાચીન ભારતીય લેખનસામગ્રી, લહિયાઓ, હસ્તપ્રતો, ભ્રષ્ટ પાઠોની સમીક્ષા તેમજ સમીક્ષિત આવૃત્તિઓની સમસ્યાઓ અંગે અતિ મહત્વપૂર્ણ માર્ગદર્શન રજૂ કરેલ છે.

આ પુસ્તકના પ્રકાશન માટે મંજૂરી આપવા બદલ મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડાનો તથા કુલપતિશ્રી ડૉ. મનોજભાઈ સોનીનો અમે આભાર માનીએ છીએ. આ કાર્યમાં પ્રાચ્યવિદ્યામંદિરના નિયામક ડૉ. વાડેકરે આપેલા સહકાર માટે પણ આભારી છીએ.

આશા છે કે આ પુસ્તકને પણ વિશ્વકોશ ટ્રસ્ટનાં અન્ય પ્રકાશનોની જેમ ઉમળકાથી આવકાર મળશે.

6 નવેમ્બર, 2006 — ધીરુભાઈ ઠાકર
અમદાવાદ — કુમારપાળ દેસાઈ

# બીજી આવૃત્તિ સમયે

વેદાંત અને ઉપનિષદના જ્ઞાતા, સંસ્કૃતના ઊંડા અભ્યાસી, પ્રખર સંશોધક, સમીક્ષક, અનુવાદક, સંપાદક તથા હસ્તપ્રતવિદ એવા શ્રી જયંતભાઈ ઠાકરનું 'હસ્તપ્રતવિજ્ઞાન' પુસ્તક વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ અને સંશોધકો માટે અત્યંત મૂલ્યવાન પુરવાર થયું છે. તેઓ શારદા, મૈથિલી, નેવારી, બંગાળી, નન્દિ-નાગરી વગેરે લિપિઓના જ્ઞાતા હતા. એમનો વિદ્યાપુરુષાર્થ, અદમ્ય ઉત્સાહ તથા નવી પેઢીમાં સંશોધન માટે પ્રેમ પ્રગટાવવાના એમના ભગીરથ પ્રયત્નો અવિસ્મરણીય રહેશે. 2007ની 30મી ઑગસ્ટે એમનું અવસાન થયું, પરંતુ એમના સંશોધનગ્રંથોથી તેઓ ગુજરાતના વિદ્વદ્જગતમાં અવિસ્મરણીય સ્થાન પામ્યા છે.

25 ઑક્ટોબર, 2013 — ધીરુભાઈ ઠાકર

અમદાવાદ — કુમારપાળ દેસાઈ

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

1997ના સપ્ટેમ્બર માસમાં આ પંદર વ્યાખ્યાનો વડોદરાના મ. સ. વિશ્વવિદ્યાલયની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી સંશોધન-સંસ્થા પ્રાચ્યવિદ્યામંદિર – ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટના આશ્રયે અંગ્રેજીમાં યોજાયાં હતાં, જે પછીથી પુસ્તકાકારે પ્રકાશિત થયાં હતાં. શીર્ષક હતું : 'Manuscriptology And Text Criticism'.

'વાલ્મીકિ રામાયણ'ની સમીક્ષિત આવૃત્તિ (Critical Edition)ના મહાકાર્યના પ્રારંભના દિવસોમાં 1952-53ના અરસામાં મારે કેટલાક પાયાના ગ્રંથોનો અભ્યાસ કરવો પડેલો. તે વખતે મેં તેમાંથી મારા ઉપયોગ માટે 'નોટ્સ' કાઢી રાખેલી. એ ગ્રંથો હતા : (1) વી. એસ. સુકથંકર : 'Prolegomena To The Critical Edition of The Adiparvan of The Mahabharata'; (2) એસ. એમ. કત્રે : ''Introduction To Indian Textual Criticism'; (3) ગૌરીશંકર હીરાચંદ ઓઝા : 'भारतीय प्राचीन लिपिमाला' (હિન્દી) અને (4) મુનિશ્રી પુણ્યવિજયજીનો 136 પૃષ્ઠ ધરાવતો લાંબો ગુજરાતી લેખ 'જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકલા'.

ત્યારે અને જે તે વખતે પ્રકાશિત થયેલ 'મહાભારત' તથા 'રામાયણ'ની સમીક્ષિત આવૃત્તિના જુદા જુદા ગ્રંથોમાં આપેલ પ્રસ્તાવનાઓ તેમજ 'ક્રિટિકલ નોટ્સ' પણ હું ધ્યાનપૂર્વક જોઈ ગયેલો. આ બધું કામ આ વ્યાખ્યાનો તૈયાર કરતાં મને ખૂબ ઉપયોગી થયું અથવા તો તેના પાયામાં જ આ કામ રહેલું છે એમ અત્યુક્તિ વિના કહી શકાય.

આ બધા પૂર્વસૂરિઓનો હું અત્યંત ઋણી છું.

આ વ્યાખ્યાનો પ્રકાશિત થયાં કે તરત વડોદરા વિશ્વવિદ્યાલયમાં આ વિષયનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે, એ સંતોષની વાત છે.

આ વ્યાખ્યાનોનું ગુજરાતી રૂપાંતર કરી આપવાનું આમંત્રણ ગુજરાતી વિશ્વકોશના પ્રધાન સંપાદક પ. પૂ. ડૉ. ધીરુભાઈ ઠાકરે મને પ્રેમપૂર્વક આપ્યું અને એને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનોમાં સ્વીકારી લીધું તે માટે હું તેમનો તથા મારા વિદ્વાન મિત્ર ડૉ. કુમારપાળ દેસાઈનો અત્યંત આભારી છું.

જે ચીવટ, ખંત અને ઝડપથી આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. મને આશા છે કે આ ગુજરાતી રૂપાન્તર ગુજરાતી અધ્યાપકો, સંશોધકો તેમજ વિદ્યાર્થીઓ તરફથી આવકાર પામશે.

'વરેણ્યમ્' **જયન્ત પ્રે. ઠાકર**

69, મનીષા સોસાયટી, જે. પી. રોડ,
વડોદરા 390 020
25 જુલાઈ, 2006

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ભૂમિકા | 11 |
| 2. | ભારતની પ્રાચીન લિપિઓ | 21 |
| 3. | ભારતીય અંકો | 47 |
| 4. | ખરોષ્ઠી સંખ્યાઓ અને આધુનિક લિપિઓ | 61 |
| 5. | પ્રાચીન ભારતીય લેખનસામગ્રી | 72 |
| 6. | લહિયાઓ | 99 |
| 7. | હસ્તપ્રતો | 109 |
| 8. | પાઠ-સમીક્ષા : ભ્રષ્ટ પાઠો | 151 |
| 9. | સમીક્ષિત આવૃત્તિની સમસ્યાઓ | 161 |
| 10. | અતિ મહત્વપૂર્ણ માર્ગદર્શન | 175 |
| | સંદર્ભગ્રંથો | 193 |
| | પરિશિષ્ટ | 197 |
| | લિપિપત્રો | 200 |

એડવર્ડ થૉમસ, પ્રો. ડૉઇસન અને જનરલ કનિંગહામ જેવા યુરોપના વિદ્વાનોએ બ્રાહ્મી લિપિના સ્વતંત્ર વિકાસને ઉચિત રીતે જ જાહેર કરેલો છે. બ્રાહ્મી લિપિ તથા શૂન્ય સાથેના આધુનિક અંકો એ વિશ્વને ભારતની મોટામાં મોટી બૌદ્ધિક દેન છે. વિશ્વની બીજી કોઈ લિપિ આવી રીતે વિકસી નથી. એક જ અક્ષર અનેક ધ્વનિઓ દર્શાવતો હોય છે; તો એક જ ધ્વનિને દર્શાવવા અનેક અક્ષરો યોજવા પડતા હોય છે. એ લિપિઓમાં મૂળાક્ષરોનો કોઈ વૈજ્ઞાનિક ક્રમ નથી. આમ વિશ્વની કોઈ બીજી લિપિ કદી બ્રાહ્મીની તોલે આવી શકે તેમ નથી. બ્રાહ્મી લિપિ તો હજારો વર્ષ પહેલાં જ ઉચ્ચતમ કક્ષાએ પહોંચી ગઈ હતી. તે ખરેખર એક અજોડ-અદ્વિતીય લિપિ છે.

# 1. ભૂમિકા

## 1. પ્રાસ્તાવિક :

જુદી જુદી લિપિઓમાં લખાયેલ પ્રાચીન હસ્તપ્રતો, શિલાલેખો, દાન દર્શાવતાં તામ્રપત્રો, નાણાના સિક્કા અને રાજાઓની મુદ્રાઓ પ્રાચીન ઇતિહાસ તથા સંસ્કૃતિ વિષેની માહિતી માટેના મુખ્ય મૂળ સ્રોતો મનાયા છે. આથી હસ્તપ્રતવિજ્ઞાન અનુસ્નાતક વિદ્યાર્થીઓને શીખવવું જરૂરી છે.

આ ક્ષેત્રમાં રાયબહાદુર પં. ગૌરીશંકર હીરાચન્દ ઓઝાએ પહેલ કરી છે. ઈ. સ. 1894માં તેમના હિન્દી પુસ્તક 'ભારતીય પ્રાચીન લિપિમાળા'ની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ. વિવિધ લિપિઓ, તેમના અંકો, આવશ્યક તુલનાત્મક કોષ્ટકો ઇત્યાદિનાં 84 જેટલાં ચિત્રફલકો યા પટ્ટો (plates) એમાં મૂકેલાં છે. આ અદ્વિતીય ગ્રન્થની સંશોધિત-સંવર્ધિત આવૃત્તિ ઈ. સ. 1918માં પ્રકટ થઈ અને ત્રીજી 1959માં પ્રકાશિત થઈ. આ વિષયનું કોઈ પણ ભાષામાં રચાયેલું પ્રથમ પુસ્તક હોઈ તે દેશી તથા વિદેશી વિદ્વાનોની પ્રશંસા પામ્યું અને આ વિષયના અભ્યાસ માટે પ્રેરક બની રહ્યું, સંશોધક વિદ્વાનોને માટે તે અત્યન્ત ઉપયોગી, અરે ! અનિવાર્ય બની ગયું. એ જ રીતે મહાન જૈન મુનિ આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજીએ એક લાંબો 136 પૃષ્ઠનો ગુજરાતી લેખ 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકલા' એવા શીર્ષક સાથે લખ્યો, જે 'જૈન ચિત્રકલ્પદ્રુમ – ભાગ 1' એ અમદાવાદના પ્રસિદ્ધ જૈન ગ્રન્થપ્રકાશક શ્રી સારાભાઈ નવાબના દળદાર સુન્દર ગ્રન્થમાં 1936માં પ્રકાશિત થયો. એમાં પણ 21 ચિત્રફલકો યા પટ્ટો મૂકેલાં છે. એ જ પ્રમાણે પાઠસમીક્ષા-વિજ્ઞાન ક્ષેત્રમાં ડૉ. એસ. એમ. કત્રેનો 1941માં પ્રકટ થયેલો અંગ્રેજી ગ્રન્થ 'ઇન્ટ્રોડક્શન ટુ ઇંડિયન ટેક્સ્ચુઅલ ક્રિટિસિઝમ' (Introduction to Indian Textual Criticism) એ પ્રથમ ગ્રન્થ છે; 'મહાભારત'ની સમીક્ષિત આવૃત્તિની પ્રસ્તાવનારૂપ ડૉ. વી. એસ. સુખ્થનકરરચિત હવે તો અતિખ્યાત બની ગયેલ 'પ્રોલેગોમેના' (Prolegom-

ena) 1944માં પ્રસિદ્ધ થયો તેને પણ ડૉ. કત્રેના ગ્રન્થ સાથે જ મૂકી શકાય. પ્રસ્તુત વ્યાખ્યાનો માટે આ ગ્રન્થો જ મુખ્ય આધાર તરીકે રહ્યા છે.

## 2. લક્ષણ અને ક્ષેત્ર :

'હસ્તપ્રત' એટલે હાથથી લખેલ પ્રતિ, છપાયો ન હોય એવો ગ્રન્થ. વિશાળ અર્થ લેતાં આ શબ્દમાં હાથથી લખેલ સ્વરૂપવાળી દરેક વસ્તુનો – ખાસ કરીને શિલા ઉપર કોતરેલ તેમજ ધાતુ ઉપર લખાયેલ લખાણોનો – પણ સમાવેશ થાય.

'હસ્તપ્રતવિજ્ઞાન'માં સામાન્યતઃ નીચેના વિષયોનો સમાવેશ થાય :

| | |
|---|---|
| (1) | લેખનકલા; |
| (2) | પ્રાચીન લિપિઓને ઉકેલવાના પ્રયત્નોનો ઇતિહાસ; |
| (3) | પ્રાચીન તથા અર્વાચીન લિપિઓનો ઉદ્ભવ-વિકાસ; |
| (4) | અંકોનો ઉદ્ભવ-વિકાસ; |
| (5) | જેના ઉપર લખાતું તેવા કાગળો; |
| (6) | કલમો અને અન્ય લેખનનાં સાધનો; |
| (7) | વિવિધ પ્રકારની શાહી અને તેમાં નાખેલા પદાર્થોનું પ્રમાણ; |
| (8) | ચિત્રો માટે રગડો અને રંગ; |
| (9) | કર્તા-રચયિતા; |
| (10) | લહિયો; |
| (11) | હસ્તપ્રતો અને તેના પ્રકાર; |
| (12) | તેમનાં કદ અને આકારો; |
| (13) | તેમાં આવતાં ચિત્રો અને સુશોભનો; |
| (14) | તેના હાંસિયા, પ્રારંભ અને અંત, તેમાં કરાયેલા ઉમેરાઓ તેમજ સુધારાઓ; |
| (15) | તેમાંની સંખ્યા-પદ્ધતિ, વિસ્તાર, મુખપૃષ્ઠો; |
| (16) | તેમાંની પુષ્પિકાઓ અને તે પછી કરાયેલાં લખાણો; |
| (17) | તેમનાં પૂંઠાં અને તેના ઉપરનાં લખાણો; |
| (18) | તેમને જાળવણી માટે વીંટાળવાનાં વસ્ત્રો; |
| (19) | ગ્રન્થાલયો અને તેમાંની વ્યવસ્થા; |

| | |
|---|---|
| (20) | જીવજંતુ, ઉંદર, હવામાન, રાજકીય અને અન્ય પ્રકારની ઊથલપાથલો, આગ, પાણી આદિ સામે હસ્તપ્રતોનું સંરક્ષણ; તથા |
| (21) | આ રીતે સચવાયેલ હસ્તપ્રતોનું યોગ્ય નિયમો અનુસાર સમીક્ષાપૂર્વક સંપાદન અને પ્રકાશન. |

## 3. પ્રાચીન ભારતમાં લેખનકલા :

હસ્તલિખિત ગ્રન્થાદિની વાત કરતાં પ્રથમ જ આવે 'લેખનકલા'. અલબત્ત, પ્રાચીન ભારતીય સમાજમાં લખવાની કલાનો ક્યારે પ્રારંભ થયો અને તે કોણે કર્યો તે વિષે આપણે કાંઈ જાણતા નથી. મૌર્ય સમ્રાટ અશોકના આદેશો દેશના વિવિધ પ્રદેશોમાં શિલાઓ ઇત્યાદિ ઉપર કોતરેલા મળ્યા છે. આથી આપણે નિર્વિવાદ કહી શકીએ કે

ઈ. સ. પૂ. ત્રીજા શતકમાં સમગ્ર દેશમાં લેખનકલા પ્રચલિત હતી જ. વળી જુદા જુદા શિલાલેખોમાં કેટલાક અક્ષરોના જુદા જુદા આકારો જોવા મળે છે અને કેટલાક વર્ણોનાં તો તદ્દન અલગ અલગ સ્વરૂપો પણ જોવા મળે છે. આ પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે કે તે યુગમાં પણ લેખનકળાની અતિ લાંબી પરમ્પરા થઈ ચૂકી હતી. એ પણ નોંધવાનું છે કે એથી પણ વધારે જૂના સમયના બે લેખો મળી આવ્યા છે :

(1) રાજસ્થાનના અજમેર જિલ્લાના વડલી ગામમાંથી મહાવીરનિર્વાણ પછીના 84મા વર્ષમાં અર્થાત્ ઈ. સ. પૂ. 443માં એક સ્તંભ ઉપર કોતરેલ લેખનો એક અંશ પ્રાપ્ત થયો છે, જેની લિપિ નિઃશંક રીતે અશોક કરતાં જૂના યુગની છે.

(2) બીજો લેખ નેપાલ તરાઈમાં આવેલ વિપ્રાવા ગામમાંથી મળી આવ્યો છે. તે ગૌતમ બુદ્ધના અવશેષો જેમાં મૂકેલા છે એવા એક વાસણ ઉપર લખેલો છે. તે એક સ્તૂપની અંદરથી મળ્યો છે, જે બુદ્ધનિર્વાણના સમયનો અર્થાત્ ઈ. સ. પૂ. 487નો છે. આથી આપણે સરળતાથી એવું અનુમાન કરી શકીએ કે ઈ. સ. પૂ. પાંચમા શતકમાં લેખનકલા કોઈ નવી વસ્તુ ન હતી.

બૌદ્ધ જાતકોમાં લખેલા દસ્તાવેજો, સ્ત્રીઓએ પણ લખેલા પત્રો, ધાતુ ઉપરની કોતરણીઓ, શાળાઓ, લાકડાની પાટીઓ વગેરેના ઉલ્લેખો મળે છે. બૌદ્ધ ત્રિપિટકોમાંના એક એવા 'વિનયપિટક'માં 'લેખ' એટલે કે લખાણ, 'ગણના' અર્થાત્ ગણતરી તેમજ 'રૂપ' અર્થાત્ હિસાબનો ઉલ્લેખ આવે છે. બુદ્ધ 'લિપિશાલા' એટલે કે નિશાળમાં જતા અને સોનાની કલમ વડે ચન્દનની પાટીમાં કેવી રીતે લખવું એ ગુરુ વિશ્વામિત્ર પાસે શીખતા એનું વર્ણન 'લલિતવિસ્તર'માં આપેલું છે. આ ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઈ. સ. પૂ. 600માં તો સ્ત્રીઓ તથા બાળકો પણ લખવાની કળા સારી રીતે જાણતાં હતાં.

'નિરુક્ત'ના મહાન રચયિતા યાસ્કાચાર્ય (8મી-7મી સદી ઈ. સ. પૂ.) અને

મહાન વૈયાકરણ પાણિનિ (ઈ. સ. પૂ. પાંચમી સદી) પોતાના ક્ષેત્રમાંના પૂર્વસૂરિઓનો ઉલ્લેખ કરે છે. આથી સ્પષ્ટ થાય છે કે તેમની સમક્ષ લખાયેલાં પુસ્તકો હોવાં જોઈએ.

વૈદિક સાહિત્યમાં છન્દો, તેમાં આવતી અક્ષરોની સંખ્યા, છન્દોની કુલ સંખ્યા આદિનો ઉલ્લેખ મળે છે, જે પરિસ્થિતિ દર્શાવે છે કે તે કાળમાં લેખનકલા ઠીક ઠીક ઉચ્ચ કક્ષાએ પહોંચી ગઈ હતી.

શુક્લ યજુર્વેદની 'વાજસનેયિ સંહિતા' નિમ્નલિખિત સંખ્યાઓ આપે છે : એક (1), દશ (10), શત (100), સહસ્ર (1000), અયુત (10,000), નિયુત (1,00,000), પ્રયુત (10,00,000), અર્બુદ (1,00,00,000), ન્યર્બુદ (10,00,00,000), સમુદ્ર (1,00,00,00,000), મધ્ય (10,00,00,00,000), અન્ત (1,00,00,00,00,000) અને પરાર્ધ (10,00,00,00,00,000). 'તૈત્તિરીય સંહિતા' (4.4.11.4)માં પણ આ જ સંખ્યાઓ જોવા મળે છે. 'મૈત્રાયણી સંહિતા' તથા 'કાઠક સંહિતા'માં પણ સહેજ ફેરફાર સાથે આ સંખ્યાઓ પ્રાપ્ત થાય છે.

'સામવેદ પંચવિંશ બ્રાહ્મણ'માં યજ્ઞમાં બેઠેલા બ્રાહ્મણોને આપવાની દક્ષિણાની સુંદર ગણતરી આપી છે. ઓછામાં ઓછી દક્ષિણા 12 સુવર્ણ કૃષ્ણલ આપી છે અને આ રકમ બમણી થતી જાય છે; 24, 48, 96, 192, 384, 768, 1536, 3072, 6144, 12288, 24576, 49152, 98304, 196608 અને 393216. આ ગણિતની શ્રેઢીનું અતિ સુંદર ઉદાહરણ છે. આ પ્રકારની શ્રેઢી લેખનકલાના તેમજ ગાણિતિક ગણનાના અભાવમાં અશક્ય છે.

'શતપથ બ્રાહ્મણ'માં સમયની ગણતરી એક વર્ષથી એક પ્રાણ સુધી આપી છે. એક પ્રાણ બરાબર સેકન્ડનો 17મો ભાગ !

'ઋગ્વેદ' (10.62.7)માં જેના કાન ઉપર આઠડો લખેલો છે તેવી ગાયોનો ઉલ્લેખ આવે છે; જ્યારે 'અથર્વવેદ' (7.50.5)માં હસ્તપ્રતનો સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે.

ડૉ. બ્યૂલર (Buller) અને રૉથ (Roth) જેવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ માને છે કે વૈદિક યુગમાં પણ હસ્તલિખિત ગ્રન્થોનું અસ્તિત્વ હતું જ.

હડપ્પા, મોહન-જો-દડો અને લોથલ આદિના ખોદકામમાંથી મળેલ મુદ્રાઓ, માટીના વાસણના ટુકડા, તાંબાના પતરાના ટુકડા અને કાચની બંગડીઓ ઉપરનાં લખાણો એ સ્પષ્ટ કરે છે કે સિંધુ સંસ્કૃતિના લોકો પણ લખવાની કળા જાણતા હતા. સર જૉન માર્શલ (Sir John Marshall)નો સ્પષ્ટ અભિપ્રાય છે કે માટીની વસ્તુઓના ટુકડા જેવા પદાર્થોના અભાવમાં આપણે અનુમાન કરવું જોઈએ કે સિંધુ સંસ્કૃતિના લહિયાઓ માટીને સ્થાને લાકડા કે સુતરાઉ કાપડ જેવા ઓછા ટકાઉ પદાર્થોને ઉપયોગમાં લેતા હોય, જે સ્વાભાવિક રીતે સમયના પ્રવાહમાં નષ્ટ થયા હશે.

મૅકે (Mackay)નું ઉદ્ધરણ કત્રે આપે છે. તે પ્રમાણે હડપ્પા અને મોહન-જો-દડો એ બેઉ નગરોના ખોદકામમાં નીચા સ્તરેથી કે ઊંચા સ્તરેથી મળેલી બધી જ વસ્તુઓ ઉપરનાં લખાણોની લિપિ લગભગ એક જ જણાય છે. એક્કેય લાંબો દસ્તાવેજ તેમાંથી જડ્યો નથી તેથી એમ કહી શકાય કે ચર્મ, કાષ્ઠ અને કદાચ પર્ણો ઉપર સામાન્ય રીતે લખાતું હશે, જે પદાર્થો ખારી અને ભેજવાળી જમીનમાં નષ્ટ થયા હોય.

આ બધા ઉપરથી એટલું આપણે કહી શકીએ કે લેખનકલા સિન્ધુ સંસ્કૃતિ તથા વેદના અતિપ્રાચીન સમય પહેલાંથી જ પ્રચલિત હતી.

4. પ્રાચીન લિપિઓને ઉકેલવાના પ્રયત્નોનો સંક્ષિપ્ત ઇતિહાસ :

સાચો ઇતિહાસ જાણવા માટેનાં ત્રણ મુખ્ય સાધનો મનાય છે : (1) સ્તૂપો, મન્દિરો, ગુફાઓ, સરોવરો આદિમાંથી મળેલા લેખો; (2) રાજાઓ તથા શ્રીમંતો દ્વારા દેવાલયો, બ્રાહ્મણો આદિને અપાયેલાં જમીનનાં દાનનો નિર્દેશ કરતાં તામ્રપત્રો; અને (3) સિક્કાઓ તથા રાજાઓની મુદ્રાઓ.

પરન્તુ સંભવતઃ ભૂતકાળમાં કોઈ ભારતીયે આવી વસ્તુઓ તરફ નજર કરવાની દરકાર રાખી ન હતી. વળી સમય વીતતાં લિપિઓમાં પણ ફેરફાર થતા રહ્યા અને લોકો પણ પ્રાચીન લિપિઓને કેવી રીતે ઉકેલવી તે ભૂલી ગયા હતા. પરિણામે આ ઐતિહાસિક સાધનો લાંબા સમય સુધી નિરુપયોગી પડ્યાં રહ્યાં.

14મા સૈકામાં થઈ ગયેલો દિલ્હીનો સુલતાન ફિરોઝશાહ તઘલક અશોકના લેખોવાળા બે મોટા સ્તમ્ભો કુતૂહલવશ થઈને રાજધાનીમાં લઈ આવ્યો. પણ તે જમાનાના કોઈ પંડિત તે લેખો ઉકેલી શક્યા નહિ. બાદશાહ અકબર (1572-73 થી 1605 ઈ.સ.)ના સમયના વિદ્વાન પંડિતો પણ તે ઉકેલી શક્યા નહિ. આથી ઘણા લાંબા સમય પર્યન્ત તે અણઊકલ્યા પડ્યા રહ્યા.

લોકોને તો લેખો, તામ્રપત્રો, સિક્કાઓ તથા રાજાઓની મુદ્રાઓના મહત્વનો ખ્યાલ હતો જ નહિ. કેટલાયે શિલાલેખોને સામાન્ય પથ્થરો ગણીને મકાનોના ચણતરમાં ઉપયોગમાં લેવામાં આવ્યા હતા, અરે ! પગથિયાં અને ઉંબરા તરીકે પણ ઉપયોગમાં લીધા હતા ! તામ્રપત્રોને તાંબાના ટુકડા તરીકે વેચી દેવામાં આવતા અને તેને ઓગાળીને વાસણો બનાવવામાં ઉપયોગમાં લેવાતા ! તાંબાના સિક્કાને પણ ઓગાળી નાખવામાં આવતા. સોનાના અને ચાંદીના સિક્કાને પણ ઓગાળી નાખવામાં આવતા અને તેનો ઉપયોગ ઘરેણાં બનાવવામાં થઈ જતો !

વિક્રમાદિત્ય, બાપા રાવળ, ભોજ, સિદ્ધરાજ જયસિંહ તથા પૃથ્વીરાજ ચૌહાણ જેવા મહાન રાજવીઓનાં કેવળ નામ જ રહ્યાં હતાં અને તેમના પૂર્વજો તેમજ વારસો વિષે પણ કશું જ કોઈ જાણતું ન હતું. અરે ! 'ભોજપ્રબન્ધ'ના

પ્રખ્યાત રચયિતા બલ્લાલને પણ ખબર ન હતી કે વાક્પતિરાજ અર્થાત્ મુંજરાજ સિન્ધુરાજ કે સિન્ધુલનો મોટો ભાઈ હતો. કેમ કે તેણે પોતાના આ પ્રસિદ્ધ ગ્રન્થમાં એવું લખ્યું છે કે મોટાભાઈ સિન્ધુલના મરણ બાદ મુંજ સિંહાસનારૂઢ બન્યો ! આવી પરિસ્થિતિ હોવાથી ભાટ-ચારણોએ 14મા શતક પહેલાં થઈ ગયેલા રાજાઓની 'વંશાવલી'ઓ રચી તેમાં પોતાની મરજી મુજબ કેટલાંય નવાં નામ ઉમેરી દીધાં ! અને આ 'વંશાવલી'ઓ સાચા ઇતિહાસના સાધન તરીકે ગણાવા લાગી ![1]

અંગ્રેજો ભારતમાં આવ્યા પછી તરત આ અતિપ્રાચીન દેશમાં જ્ઞાનસૂર્યનો વળી ઉદય થયો. પાશ્ચાત્ય પદ્ધતિએ અંગ્રેજી ભાષાનો અભ્યાસ શરૂ થતાં સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાઓ પણ શીખવાનો પ્રારંભ થયો. કેટલાયે અંગ્રેજ સદગૃહસ્થો માત્ર શીખવાના રસ ખાતર સંસ્કૃત શીખ્યા. સર વિલિયમ જોન્સે (Sir William Jones) 'શાકુન્તલ' નાટકનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો, જેને પરિણામે સંસ્કૃત સાહિત્યની અત્યન્ત ઉચ્ચ કક્ષાનો સાક્ષાત્કાર જગતને થયો અને તેનો કર્તા કાલિદાસ ભારતનો

1. અહીં 20મી સદીના છઠ્ઠા-સાતમા દશકના મારા અનુભવોમાંના બેનો નિર્દેશ કરવો અસ્થાને નહિ ગણાય :

(1) મારી જુવાનીમાં સૌરાષ્ટ્રના એક ગામમાં એક વિધવા સંબંધીને ત્યાં મારે જવાનું થયું. તે બહેન કચરો કાઢતાં હતાં. એ કચરામાં કેટલાક કાગળની હસ્તપ્રતોનાં પાન મારી નજરે પડ્યાં ! આવાં જૂનાં પાનને આમ કચરામાં નાખી દેવાનું કારણ મેં પૂછ્યું તો કહે, ''એ તો જૂનાં ને નક્કામાં છે. જ્યારે કબાટો સાફ કરાય છે ત્યારે આવાં કાગળિયાં નીકળે છે અને હું તેમને કાઢી નાખું છું.'' મેં એ પાનાં લીધાં અને આમતેમ વાંચ્યું અને તેમને કહ્યું કે જૂના હસ્તલિખિત ગ્રન્થોનાં એ પાનાં હતાં અને તેથી મહત્વનાં હોવાથી તેમને સાચવી રાખવાં જોઈએ. આવાં પાન બીજાં નીકળે તો સાચવી રાખવા અને હું બીજી વાર આવું ત્યારે મને બતાવવા મેં તેમને વિનંતી કરી. પછી તો સ્પષ્ટ થયું કે એ પાનાં બે હસ્તપ્રતોનાં હતાં જે તે કુટુંબના ઇતિહાસની દૃષ્ટિએ મહત્વનાં હતાં.

(2) વડોદરાના મહાત્મા ગાંધી માર્ગ ઉપર એક શ્રી મગનભાઈ ડી. દેસાઈની દુકાન હતી. તે અવારનવાર કાગળની પસ્તી ખરીદતા. એક વખત આવી પસ્તીમાં તેમણે જૂની હસ્તપ્રતોનાં પાન જોયાં. તે સજ્જને તે પાન સાચવી રાખ્યાં. અવારનવાર પસ્તીમાંથી આવાં પાન જુદાં કાઢીને બધાં સાચવી રાખતા. નવરાશે તેઓ આ સાચવેલાં પાનાંને વાંચવા લાગ્યા અને વિષયવાર અલગ કરવા લાગ્યા. પ્રસંગોપાત્ત મળેલા વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરના તત્કાલીન ઉપનિયામકશ્રી ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ સમક્ષ તે સહૃદય સજ્જને આ વાત કરી. 'તેમણે હસ્તપ્રતો અલગ પાડવામાં તેમને મદદ કરી અને પ્રાચ્યવિદ્યામન્દિરમાં આ હસ્તપ્રતો ભેટ આપવા સલાહ આપી, જ્યાં બીજી હજારો હસ્તપ્રતો સાથે બરાબર સચવાય. શ્રી મગનભાઈ આ સલાહને અનુસર્યા. ત્યારબાદ પણ તેમણે પસ્તીમાંથી હસ્તપ્રતો અલગ કરીને વિષયવાર ગોઠવીને પ્રાચ્યવિદ્યામન્દિરને ભેટ તરીકે આપી દીધી.

શેક્સપિયર (Shakespeare) ગણાવા લાગ્યો. એમ કરતાં યુરોપમાં પણ સંસ્કૃત શિખાવા લાગ્યું.

આ સર વિલિયમ જોન્સના ભારે પ્રયત્નોને પ્રતાપે જ કૉલકાતામાં સુપ્રસિદ્ધ 'એશિયાટિક સોસાયટી, બેંગાલ' (Asiatic Society, Bengal)ની સ્થાપના 1784ના જાન્યુઆરીની 15મી તારીખે થઈ. તેનો હેતુ એશિયાના પ્રાચીન ઇતિહાસ, કલાઓ, સાહિત્ય ઇત્યાદિની ખોજ કરવાનો હતો. અને તે પછી જ ભારતના પ્રાચીન ઇતિહાસની શોધ શરૂ થઈ. કેટલાયે અંગ્રેજ તેમજ ભારતીય વિદ્વાનોએ આ સંસ્થાના હેતુને બર લાવવા માટે લેખો લખ્યા. આ લેખો 'એશિયાટિક રિસર્ચીઝ' (Asiatic Researches) નામની શ્રેણીના પ્રથમ ગ્રન્થ રૂપે 1788માં પ્રકાશિત થયા. 1797 સુધીમાં આવા પાંચ ગ્રન્થો પ્રકટ થયા. આ જ વસ્તુને, જાણે ચોરીને, ફરીથી ઇંગ્લૅન્ડમાં 1798માં પ્રકાશિત કરાઈ. તેની માગ ખૂબ વધતાં આ ગ્રન્થોનું પછીનાં 5-6 વર્ષમાં બે વાર પુનર્મુદ્રણ કરવામાં આવ્યું. તેના ફ્રેંચ અનુવાદની પણ સર્વત્ર ખૂબ પ્રશંસા થઈ. આવા બીજા 20 ગ્રન્થો 1839 સુધીમાં પ્રકટ થયા, જે પછી આ ગ્રન્થશ્રેણી અટકી ગઈ. દરમિયાન 'ધ જર્નલ ઑફ ધી એશિયાટિક સોસાયટી ઑફ બેંગાલ'નો પ્રારંભ 1832માં કરાયો.

યુરોપના વિદ્વાનો પ્રાચીન એશિયાની શોધના કાર્ય તરફ વધારે ને વધારે આકર્ષિત થતાં લંડનમાં 1823માં 'ધ રૉયલ એશિયાટિક સોસાયટી'ની સ્થાપના કરવામાં આવી, જેની શાખાઓ મુંબઈ તથા સિલોન(અર્થાત્ શ્રીલંકા)માં રખાઈ. યુરોપના કેટલાક દેશોમાં તેમજ યુ.એસ.માં પણ આવી સંસ્થાઓ ઊભી થઈ અને તેમનાં સામયિકોમાં પ્રાચીન ભારત વિષેના લેખો છપાવા માંડ્યા. યુરોપના ઘણા વિદ્વાનો ચીની, તિબેટી, પાલિ, અરબી અને અન્ય ભાષાઓ શીખ્યા અને તેમનાં સાહિત્યોમાંથી ભારતના પ્રાચીન ઇતિહાસ ઉપર પ્રકાશ નાખે તેવી જે જે વસ્તુઓ મળી શકી તે ભેગી કરીને છપાવી. સતત ચાલેલાં સંશોધનોને લીધે પ્રાચીન શિલાલેખો, દાનનાં તામ્રપત્રો અને સિક્કાઓ પ્રકાશમાં આવ્યાં.

આ રીતે પ્રાચીન ભારતની વિવિધ લિપિઓ શોધાઈ. આપણા વિશાળ દેશમાં લેખનની પદ્ધતિઓ લહિયાઓના રસ અનુસાર જુદા જુદા પ્રવાહોમાં વહેતી રહી. આને પરિણામે અતિ પ્રાચીન બ્રાહ્મી લિપિમાંથી જુદી જુદી લિપિઓ ઊતરી આવી, એટલું જ નહિ પણ આ લિપિઓના આકારો પણ સમયના વહેણમાં એટલા બધા બદલાયા કે સમગ્ર દેશની પ્રાચીન લિપિઓને ઉકેલવી એ ખૂબ અઘરું બની ગયું છે !

વિદ્વાનો, સંસ્થાઓ અને સરકાર દ્વારા આ બાબતમાં કરાયેલ કાર્યનું વિગતપૂર્ણ સર્વેક્ષણ પં. ગૌરીશંકર ઓઝાએ આપ્યું છે. તે સંક્ષેપમાં જોઈએ :

(1) 1844 : લંડનની રૉયલ એશિયાટિક સોસાયટીએ આ કાર્ય સરકાર

કક્ષાએ થાય એવો પ્રસ્તાવ ઈસ્ટ ઇંડિયા કંપની સમક્ષ મૂક્યો.

(2) 1847 : કંપનીએ એનું ખર્ચ ભોગવવાની સંમતિ આપી.

(3) 1861 : 'આર્કિયોલૉજિકલ સર્વે'નો વિભાગ ખોલ્યો અને તેના અધ્યક્ષ તરીકે કર્નલ એ. કનિંગહામ (Colonel A. Cunningham)ને નીમ્યા. કનિંગહામે ઉત્તર ભારતની શોધોની જવાબદારી પોતે સંભાળી, જ્યારે ડૉ. જેમ્સ બર્ગેસ (Dr. James Burgess) પશ્ચિમ તથા દક્ષિણ ભારતમાં કાર્ય કરવા લાગ્યા. એ બંનેના બહુ સુન્દર અહેવાલોએ તેમને ઘણી ખ્યાતિ આપી.

(4) 1872 : ડૉ. બર્ગેસે 'ઇંડિયન ઍન્ટિક્વરી' નામનું માસિક શરૂ કર્યું, જેમાં શોધલેખો ઉપરાન્ત શોધાયેલ શિલાલેખો, તામ્રપત્રો તથા સિક્કાઓ પણ પ્રકટ કર્યાં.

(5) 1877 : સરકાર તરફથી જનરલ કનિંગહામે ત્યાં સુધીમાં શોધાયેલ અશોકના બધા જ શિલાલેખોનો સમાવેશ કરતું એક પુસ્તક પ્રકટ કર્યું.

(6) 1888 : (ક) જે. એફ. ફ્લીટે (J. F. Fleet) ગુપ્ત વંશના રાજાઓ અને તેમના સમકાલીન અન્ય રાજાઓના શિલાલેખોનો અત્યન્ત સુંદર સંગ્રહ પ્રકટ કર્યો.

(ખ) ત્રૈમાસિક 'એપિગ્રાફિયા ઇંડિકા' (Epigraphia Indica) શરૂ કરાયું, જેમાં માત્ર શિલાલેખો તથા તામ્રપત્રો જ પ્રકટ કરાતાં.

(7) 1890 : 'સાઉથ ઇંડિયન ઇંસ્ક્રિપ્શન્સ' (South Indian Inscriptions) નામના સામયિકનો પ્રારંભ કરાયો, જેમાં સંસ્કૃત, તમિળ અને અન્ય દક્ષિણ ભારતીય ભાષાઓમાં લખાયેલ શિલાલેખો તથા તામ્રપત્રો છપાવા લાગ્યાં.

લૉર્ડ કર્ઝને (Lord Curzon) પુરાતત્ત્વીય વિભાગ (Department of Archaeology)ને વધારે મહત્વ આપ્યું અને ડાયરેક્ટર જનરલ ઑફ આર્કિયોલૉજીને જવાબદાર એવા વિવિધ વિભાગોના અધીક્ષકો (સુપરિન્ટેન્ડન્ટ) નીમ્યા અને આ અધીક્ષકો તેમજ ડાયરેક્ટર જનરલના વાર્ષિક અહેવાલો નિયમિત રીતે પ્રકટ થવા લાગ્યા. પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, મુદ્રાઓ, મૂર્તિઓ અને બીજા શિલ્પના સુન્દર નમૂનાઓને સાચવવા માટે સંસ્થાઓ તેમજ સરકાર દ્વારા કેટલાંક કેન્દ્રોમાં સંગ્રહાલયો સ્થપાયાં; દા. ત., મુંબઈ ('એશિયાટિક સોસાયટી'માં), કૉલકાતા ('ઇંડિયન મ્યુઝિયમ' અને 'એશિયાટિક સોસાયટી'માં), મદ્રાસ (=ચેન્નાઈ), નાગપુર, અજમેર, લાહોર, પેશાવર (બેઉ પાકિસ્તાનમાં), મથુરા અને લખનૌમાં. આ બધાની સૂચિઓ પણ પ્રકાશિત કરાઈ. જનરલ કનિંગહામે પોતાના સંગ્રહાલયનો અહેવાલ ચાર ભાગમાં પ્રસિદ્ધ કર્યો. લંડનના 'બ્રિટિશ મ્યૂઝિયમ'ની સૂચિ પણ ત્રણ ભાગમાં પ્રકટ થઈ. કેટલાંક દેશી રાજ્યોએ પણ પોતપોતાના પ્રદેશોમાંથી શોધાયેલ પ્રાચીન વસ્તુઓની સૂચિઓ પ્રકાશિત કરી. પોતાના 'પોલિટિકલ એજન્ટ' કર્નલ વૉટ્સન(-Colonel Watson)ને પ્રાચીન વસ્તુઓમાં રસ છે તે જાણીને સૌરાષ્ટ્રનાં દેશી

રજવાડાંના રાજાઓએ સાથે મળીને રાજકોટમાં 'વૉટ્સન મ્યૂઝિયમ'ની સ્થાપના કરી.

કૉલકાતાની 'એશિયાટિક સોસાયટી'ની સ્થાપના 1784માં થઈ તે પછી જ વિદ્વાન્ સંશોધકોનું ધ્યાન ભારતની પ્રાચીન લિપિઓ તરફ વળ્યું. પ્રાચીન લિપિઓને ઉકેલવાની મથામણનું સંક્ષિપ્ત સર્વેક્ષણ આ રહ્યું :

1. 1781માં ચાર્લ્સ વિલ્કિન્સે (Charles Wilkins) બંગાળના રાજા દેવ પાલનું મુંગેરમાંથી શોધાયેલું દાનપત્ર ઉકેલ્યું, જે 'એશિયાટિક રિસર્ચીઝ'ના પ્રથમ ગ્રન્થ (પૃ. 123)માં 1788માં છપાયું. પછીથી જરૂરી સુધારા કરીને તેને 'ઇંડિયન ઍન્ટિક્વરી'ના 21મા ગ્રન્થમાં (પૃ. 254-257) ફરીથી છાપવામાં આવ્યું.

2. 1785માં ચાર્લ્સ વિલ્કિન્સે બંગાળના રાજા નારાયણ પાલના સમયનો દિનાજપુર જિલ્લાના બદાલ પાસે ઊભેલા એક સ્તમ્ભ ઉપર કોતરેલો લેખ વાંચ્યો ('એશિયાટિક રિસર્ચીઝ' ગ્રન્થ 1, પૃ. 131; 'એપિગ્રાફિયા ઇંડિકા' ગ્રન્થ 2, પૃ. 161-164).

3. 1785માં જ પં. રાધાકાન્ત શર્માએ અજમેરના ચૌહાણ રાજા આન્નલદેવ કે આનાના પુત્ર વિસલદેવ કે વિગ્રહરાજ 4થાના ત્રણ શિલાલેખો ઉકેલ્યા. આ ત્રણે લેખો પંજાબના અંબાલા જિલ્લાના ટોપરા ગામથી ફિરોઝશાહ તઘલખ અશોકના શિલાલેખવાળા જે સ્તમ્ભને દિલ્હી લઈ આવેલો તેના ઉપર કોતરેલા છે. આ ત્રણમાંથી એક લેખમાં કોતર્યાની તારીખ આપેલી છે : વિ.સં. 1220ના વૈશાખ શુક્લ પૂર્ણિમા (આશરે ઈ. 1163) ['એશિયાટિક રિસર્ચીઝ' ગ્રન્થ 1, પૃ. 379-382; 'ઇંડિયન ઍન્ટિક્વરી' ગ્રન્થ 19, પૃ. 218].

4. 1785માં જ જે. એચ. હેરિંગ્ટને (J. H. Harington) મૌખરિ વંશના રાજા અનન્તવર્માના ત્રણ શિલાલેખો શોધી કાઢ્યા, જે બુદ્ધગયાની પાસેની નાગાર્જુની અને બરાબર ગુફાઓમાં પડેલા હતા. લિપિ વધારે જૂની હોવાથી તે ઉકેલવાનું બહુ જ મુશ્કેલ હતું. પરંતુ 1785થી 1789 સુધી ચાર્લ્સ વિલ્કિન્સ (Charles Wilkins) તેની પાછળ મંડ્યો રહ્યો અને છેવટે એ લિપિ ઉકેલી શક્યો તથા ત્રણે લેખો વાંચ્યા. એની લિપિ ગુપ્ત યુગની હતી તેથી આ ત્રણ લેખો ઉકેલાતાં ગુપ્ત લિપિના લગભગ અર્ધા મૂળાક્ષરો જાણવા મળ્યા. ['એશિયાટિક રિસર્ચીઝ' ગ્રન્થ 2, પૃ. 167-168; 'જર્નલ ઑફ્ ધી એશિયાટિક સોસાયટી ઑફ્ બેંગાલ' – JASB ગ્રન્થ 6, પૃ. 674, પ્લેઇટ 36 નં. 15-16-17; ગ્રન્થ 16, પૃ. 401, પ્લેઇટ 10; 'ઇંડિયન ઍન્ટિક્વરી' ગ્રન્થ 13, પૃ. 428; ફ્લીટ 'ગુપ્ત ઇંસ્ક્રિપ્શન્સ', પૃ. 222-227].

5. કર્નલ જેમ્સ ટૉડ 1818થી 1823 સુધી રાજસ્થાનના ઇતિહાસ માટેની સામગ્રી એકઠી કરવામાં રોકાયેલા હતા. તે દરમિયાન તેમને રાજસ્થાન તથા સૌરાષ્ટ્રમાંથી ઘણા શિલાલેખો મળ્યા. તેમના ગુરુ યતિ જ્ઞાનચન્દ્રે આમાંના 7મી

સદીથી 15મી સદી સુધીના કેટલાય લેખો ઉકેલ્યા. આ સર્વનો અનુવાદ અથવા સારાંશ તેમના ગ્રન્થ 'રાજસ્થાન'માં પ્રકટ થયો છે.

6. 1828માં બી. જી. બૅબિંગ્ટને (B.G. Babington) મામલ્લપુરમાંથી પ્રાપ્ત થયેલા સંસ્કૃત તેમજ તમિળ ભાષાઓમાં લખાયેલા કેટલાય શિલાલેખો ઉકેલ્યા, એટલું જ નહિ પણ તેમણે તેના મૂળાક્ષરો પણ તૈયાર કર્યા. ['ટ્રાન્ઝેકશન્સ ઑફ્ ધ રૉયલ એશિયાટિક સોસાયટી' ગ્રન્થ 2, પૃ. 265-269, પ્લૅઇટ – 13, 15, 17, 18].

7. 1833માં વૉલ્ટર ઇલિયટે (Walter Elliot) પ્રાચીન કન્નડ અક્ષરો ઉકેલ્યા અને તેના વિગતવાર મૂળાક્ષરો પ્રકાશિત કર્યા [બર્ગેસ (Burgess) : 'આર્કિયોલૉજિકલ સર્વે ઑફ્ વેસ્ટર્ન ઇંડિયા' ગ્રન્થ 3, પૃ. 73].

8. 1834માં કૅપ્ટન ટ્રૉયરે (Captain Troyer) અલાહાબાદ અર્થાત્ પ્રયાગમાં આવેલા અશોકના લેખના સ્તમ્ભ પર કોતરેલા ગુપ્ત વંશના રાજા સમુદ્રગુપ્તના શિલાલેખનો કેટલોક ભાગ ઉકેલ્યો (JASB, ગ્રન્થ 3, પૃ. 118). 'તે જ વર્ષે ડૉ. મિલે (Dr. Mill) એ જ લેખ આખો ઉકેલ્યો. [JASB ગ્રન્થ 3, પૃ. 339; ફ્લીટ : 'ગુપ્ત ઇંસ્ક્રિપ્શન્સ', પૃ. 6-10].

9. 1837માં ડૉ. મિલે ભેટારી પાસેના સ્તમ્ભ ઉપર કોતરેલો રાજા સ્કન્દગુપ્તનો લેખ પણ વાંચ્યો. [JASB ગ્રન્થ 6, પૃ. 1; ફ્લીટઃ 'ગુપ્ત ઇંસ્ક્રિપ્શન્સ', પૃ. 53-54].

10. આ પહેલાં 1835માં ડબ્લ્યૂ. એ. બોથને (W. A. Bothan) વલભીમાંથી શોધાયેલાં કેટલાંક દાનનાં તામ્રપત્રો વાંચ્યાં. [JASB ગ્રન્થ 4, પૃ. 477].

11. જેમ્સ પ્રિન્સેપે (James Princep) દિલ્હી, કહાઉં અને એરણમાંના સ્તમ્ભો ઉપર તથા સાંચી અને અમરાવતીના સ્તૂપો તેમજ ગિરનારની શિલા ઉપરના ગુપ્ત લિપિમાં કોતરાયેલા લેખો વાંચ્યા. [JASB ગ્રન્થ 6, પૃ. 218, 455; ગ્રન્થ 87, પૃ. 36, 337, 629, 632].

12. કૅપ્ટન ટ્રૉયર, ડૉ. મિલ અને જેમ્સ પ્રિન્સેપના ખંતપૂર્વકના સતત પરિશ્રમને પ્રતાપે ચાર્લ્સ વિલ્કિન્સે તૈયાર કરેલ ગુપ્ત લિપિના મૂળાક્ષરોની યાદી પૂર્ણ થઈ શકી અને તેથી ગુપ્ત વંશના રાજાઓના શિલાલેખો, તામ્રપત્રો અને સિક્કાઓને ઉકેલવાનું સરળ બન્યું.

❐

# 2. ભારતની પ્રાચીન લિપિઓ

## 1. બ્રાહ્મી લિપિની ઉકેલણી :

ગુપ્ત લિપિથી વધારે પ્રાચીન હોવાથી બ્રાહ્મીને ઉકેલવી એ વધારે મુશ્કેલ કાર્ય હતું. એ દિશામાં થયેલા પ્રયત્નોનો અહેવાલ રસપ્રદ બને તેમ છે.

(1) 1755 : ઇલોરાની ગુફાઓમાંથી શોધાયેલા કેટલાય બ્રાહ્મી લિપિના લેખોની છાપ તૈયાર કરીને સર ચાર્લ્સ મૅલેટે (Sir Charles Mallet) સર વિલિયમ જોન્સ(Sir William Jones)ને મોકલી આપી; ત્યાંથી ઉકેલવા માટે વિલ્ફોર્ડ(Wilford)ને મોકલાઈ. તે ઉકેલી શક્યા નહિ. એક પંડિતે કોઈક પ્રાચીન લિપિઓના મૂળાક્ષરો દર્શાવતું એક પુસ્તક તેમને બતાવ્યું અને તે શિલાલેખોને ગમે તે રીતે વાંચી બતાવ્યા ! વિલ્ફોર્ડે આ અર્થ પ્રમાણે તેના અંગ્રેજી અનુવાદો સાથે તે લેખો સર વિલિયમ જોન્સને પાછા મોકલી આપ્યા. ઠીક ઠીક સમય સુધી આ અર્થ સાચો જ મનાયો. પછી તો એ અર્થ તેમજ અનુવાદ તદ્દન ખોટા હોવાનું સાબિત થયું !

(2) અશોકના લેખોની લિપિને જોતાં પ્રથમ દર્શને એમ લાગે કે એ ગ્રીક કે અંગ્રેજી છે ! ટોમ કોરિયટ (Tom Koriet) નામના પ્રવાસીએ દિલ્હી પાસેના સ્તમ્ભ ઉપરનો અશોકનો લેખ જોયો. પછી તેણે એલ. વ્હિટકર(L. Whitkar) ને પત્રમાં જણાવ્યું : ''આ દેશના ડેલી (Deli) નામના એક શહેરમાં હું ગયો. ત્યાં મહાન સિકંદરે ભારતના રાજા પોરસ ઉપરના પોતાના મહાવિજયની સ્મૃતિમાં એક મોટો વિજયસ્તંભ ઊભો કર્યો છે જે આજે પણ ત્યાં છે.'' (કનિંગહામ : 'આર્કિયોલૉજિકલ સર્વે રિપોર્ટ' – 1, પૃ. 163-164). પરિણામે યુરોપથી આવતા બધા પ્રવાસીઓ એમ જ માનવા લાગ્યા કે આ લેખ ગ્રીકમાં લખાયો છે ! એડવર્ડ ટેરી (Edward Terry) નામના પાદરીએ આ પ્રમાણે લખ્યું છે : ''ટૉમ કોરિયટે મને કહ્યું કે તેણે ડેલી(Deli)માં એક મોટો પથ્થરનો સ્તમ્ભ જોયો જેના ઉપર એક ગ્રીક ભાષામાં કોતરેલો લેખ છે. આ સ્તમ્ભ મહાન સિકંદરે પોતાના પ્રસિદ્ધ વિજયની

સ્મૃતિમાં ઊભો કરેલો છે.'' (કનિંગહામ : એજન 1, પૃ. 163-164). આવી રીતે બીજા લેખકો પણ તે ગ્રીકમાં લખાયેલો છે એમ માનતા રહ્યા !

(3) 1834-35 : આ શિલાલેખોના લખાણનો સારાંશ જાણવાની તીવ્ર ઇચ્છાથી જેમ્સ પ્રિન્સેપે અલાહાબાદ, રઢિયા તથા મઠિયા પાસે આવેલા સ્તમ્ભો પરના લેખોની છાપ મગાવી અને એ બધામાં અક્ષરોનું કોઈ સામ્ય છે કે કેમ તે જોવા માટે દિલ્હીના લેખ સાથે સરખાવી જોયા. એ ચારેને તુલના માટે પાસે પાસે ગોઠવ્યા તો સમજાયું કે એ ચારેમાં એક જ શબ્દો વાપરેલા હતા ! ખૂબ આશા સાથે તેમણે અલાહાબાદના લેખના અક્ષરોને છૂટા પાડ્યા અને તેમને સરળતાથી સમજાયું કે ગુપ્ત લિપિની જેમ અહીં પણ કેટલાક અક્ષરોની સાથે જોડાયેલ સ્વરની માત્રાઓને સૂચવતાં ચિહનો પાંચ પ્રકારનાં હતાં. તેમણે એ બધું એકઠું કરીને પ્રકાશિત કર્યું (JASB, 3, પૃ. 7, પ્લેઇટ 5). આથી તે ગ્રીક લખાણ હોવાની ભૂલભરેલી કલ્પના નિર્મૂળ થઈ ગઈ ! સ્વરનાં ચિહનોને બરાબર ઓળખી લીધા પછી પ્રિન્સેપે અક્ષરોને ઉકેલવાની મથામણ ચાલુ જ રાખી. તેમણે દરેક અક્ષરને ગુપ્ત લિપિ સાથે સરખાવ્યો અને જે સમાન અક્ષરો લાગ્યા તેમને મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવ્યા. આ પરિશ્રમને પ્રતાપે તે ઘણા મૂળાક્ષરોને બરાબર ઓળખી શક્યા.

(4) ખ્રિસ્તી ધર્મપ્રચારક જેમ્સ સ્ટિવન્સને પણ આ દિશામાં સંશોધનો આદર્યાં. તે 'ક', 'જ', 'પ' અને 'બ'ને બરાબર ઓળખી ગયા અને તેમની મદદથી લેખને ઉકેલવા તથા અંગ્રેજીમાં તેનો અનુવાદ કરવા મથ્યા પણ ત્રણ કારણોને લીધે તે ફાવ્યા નહિ.

(ક) કેટલાક અક્ષરોને ઓળખવામાં ભૂલો હતી. 'ન'ને 'ર' ગણતા હતા અને 'દ' ઓળખાતો નહોતો;

(ખ) બધા મૂળાક્ષરો હજી ઓળખાયા ન હતા; અને

(ગ) સંસ્કૃતના નિયમોના આધારે તેઓ વાંચવાનો યત્ન કરતા હતા. (JASB, 3, પૃ. 485).

આમ છતાં પ્રિન્સેપ નિરાશ થયા નહિ.

(5) 1837 : સાંચી સ્તૂપ સાથે સંબદ્ધ સ્તમ્ભો વગેરે ઉપર કોતરેલાં કેટલાંયે લખાણોની છાપો એકત્ર કરીને પ્રિન્સેપે સંશોધનો ચાલુ રાખ્યાં. તેમણે એક વસ્તુ એવી નોંધી કે છેલ્લા બે અક્ષરો આ બધામાં સરખા જ હતા. અને તેના પહેલાંનો અક્ષર 'સ' હતો. આ 'સ'ને તેઓ સંસ્કૃતના ષષ્ઠી વિભક્તિ એકવચનના પ્રત્યય 'સ્ય'માંથી રૂપાન્તર પામેલો ષષ્ઠી વિભક્તિ એકવચનનો પ્રાકૃત પ્રત્યય 'સ' સમજ્યા. તેમણે અનુમાન કર્યું કે એ બધા લેખો જુદી જુદી વ્યક્તિઓ દ્વારા અપાયેલાં દાનની ઘોષણા કરનારા છે, અને છેલ્લા બે અક્ષરો, જે ઉકેલી શકાયા ન હતા અને જેમાંના

પહેલા અક્ષરને 'આ'કારનો કાનો જોડાયેલો છે તથા બીજાની સાથે અનુસ્વાર જોડાયેલું છે તે બે 'દા' તથા 'નં' જ હોય. આ અનુમાન અનુસાર જ્યારે 'દ' અને 'ન' ઓળખી કઢાયા, ત્યારે મૂળાક્ષરમાળા પૂર્ણ થઈ ગઈ ! આના પરિણામસ્વરૂપે દિલ્હી, અલાહાબાદ, સાંચી, મઠિયા, રઢિયા, ગિરનાર, ધૌલિ વગેરેમાંથી મળેલા લેખો સરળતાથી વાંચી શકાયા. આથી એ પણ નિશ્ચય થઈ ગયો કે આ બધા લેખોની ભાષા સંસ્કૃત ન હતી પરંતુ તે તે સ્થળે પ્રચલિત ભાષા અર્થાત્ પ્રાકૃત ભાષાઓ હતી !

'બ્રાહ્મી' લિપિ આ રીતે જ્યારે પૂરી ઊકલી શકી ત્યારે બીજી લિપિઓ બ્રાહ્મીમાંથી જ ઊતરી આવી હોવાથી તે પછીના સમયમાં લખાયેલા શિલાલેખો ઇત્યાદિને ઉકેલવાનું કામ સરળ બની ગયું.

## 2. ખરોષ્ઠી લિપિની ઉકેલણી :

પ્રાચીન ભારતમાં બે મુખ્ય લિપિઓ હતી : 'બ્રાહ્મી' અને ખરોષ્ઠી'. આથી હવે ખરોષ્ઠી લિપિ કેવી રીતે ઊકલી તેની વાત કરીએ.

કર્નલ જેઇમ્સ ટૉડે બૅક્ટ્રિયન, ગ્રીક, શક, પાર્થિયન અને કુશાન રાજાઓના પ્રાચીન સિક્કાઓનો મોટો સંગ્રહ કરેલો. આ સિક્કાઓની એક બાજુએ પ્રાચીન ગ્રીક લિપિમાં લખાણ હતું, જ્યારે બીજી બાજુએ ખરોષ્ઠી લખાણ હતું. બીજા વિદ્વાનોએ પણ આવા સંગ્રહો કરેલા. ગ્રીક લખાણ તો ઉકેલાતું, પણ ખરોષ્ઠી લખાણને ઉકેલવા માટેનું કોઈ સાધન હતું નહિ. એ દિશામાં થયેલા પ્રયત્નો વિષે આપણે ક્રમશઃ વિચારીએ :

(1) 1824 : ટૉડે આ લિપિને સસેનિયન તરીકે જાહેર કરી. [એશિયાટિક રિસર્ચીઝ, 18, પૃ. 578)].

(2) 1830 : માનિકિયાલ સ્તૂપ ખોદી કઢાયો ત્યારે બે ખરોષ્ઠી શિલાલેખો મળ્યા. [પ્રિન્સેપ : 'ઍન્ટિક્વિટીઝ', 1, પૃ. 93-99].

(3) 1833 : એપોલોડોટસ(Apollodotus)ના સિક્કાઓ ઉપરના આ લિપિના અક્ષરોને પ્રિન્સેપે પહલવીના અક્ષરો ગણ્યા (JASB, 1, પૃ. 313), જ્યારે બીજા સિક્કાઓ ઉપરની લિપિ તથા માનિકિયાલ લેખની લિપિ એ જ હતી તેને 'પાલિ' (=બ્રાહ્મી) ગણાવી, અને આ અક્ષરો સહેજ ત્રાંસા હોવાથી તેમણે અનુમાન દોડાવ્યું. તે લિપિ તથા અશોકના લેખોમાંની પાલિ (= બ્રાહ્મી) લિપિ વચ્ચેનો તફાવત મુદ્રિત નાગરી લિપિ તથા નાગરીના મહાજની અક્ષરો વચ્ચેના અંતર જેવો જ તેમણે ગણ્યો. (JASB, 2, પૃ. 313, 316; 3, પૃ. 318-319). અલબત્ત, પાછળથી તેમને જણાયું કે આ અનુમાન તદ્દન અયોગ્ય હતું !

(4) અફઘાનિસ્તાનનાં પ્રાચીન સંશોધનોમાં રોકાયેલ મિસ્ટર મૅસને (Mr.

Masson) શોધી કાઢ્યું કે સિક્કાની એક બાજુએ ગ્રીક લિપિમાં લખાયેલ નામ બીજી બાજુએ પણ મળે છે, ત્યારે તેઓ 'મેનન્દર' અને 'એપોલોડોટસ' જેવાં પાંચ નામના ખરોષ્ઠી અક્ષરો ઓળખી શક્યા. તે બરાબર જ હતા તે જોઈને પ્રિન્સેપ ખુશ થયા. પછી તો એ અક્ષરોને ગ્રીક લખાણ અનુસાર વાંચવાનો પ્રયત્ન કરતાં તે 12 રાજાઓ તથા 6 ઇલ્કાબોનાં નામ વાંચી શક્યા. એ પ્રમાણે ઘણા મૂળાક્ષરો સમજાયા, ત્યારે તેમને ભાન થયું કે એ લિપિ તો જમણેથી ડાબે જાય એવી રીતે વંચાતી હતી ! આથી તેમણે એ (ખરોષ્ઠી) લિપિને 'સેમિટિક' વર્ગની લિપિ ઘોષિત કરી. છતાંયે તેની ભાષાને તો તે પહલવી જ માનતા હતા. પણ એ ભાષાના નિયમોને આધારે સાચું વાચન થઈ શક્યું નહિ. પરિણામે આ સંશોધનમાં આગળ વધી શકાયું નહિ !

(5) 1838 : બે બૅક્ટ્રિયન ગ્રીક રાજાઓના સિક્કા ઉપર પ્રિન્સેપે પાલિ (અર્થાત્ પ્રાકૃત) લખાણ જોયું. એમને સમજતાં વાર ન લાગી કે ખરોષ્ઠી લખાણોની ભાષા પાલિ (અર્થાત્ પ્રાકૃત) છે. તે ભાષાના નિયમો અનુસાર વાંચતાં તે પોતાનાં સંશોધનોમાં સરળતાથી આગળ વધી શક્યા. તેઓ 17 મૂળાક્ષરો ઓળખી શક્યા. પછીથી બીજા 6 મૂળાક્ષરો પણ ઓળખાયા. જનરલ કનિંગહામે બાકીના મૂળાક્ષરો પણ ઓળખી કાઢ્યા અને એ રીતે ખરોષ્ઠી લિપિની મૂળાક્ષરમાળા પૂરી થઈ ગઈ ! જોડાક્ષરો પણ ઓળખાયા.

જેમના મહાપ્રયત્નોને લીધે આપણી પ્રાચીન લિપિઓ ઉકેલવાનું શક્ય બન્યું તે સર્વ સંશોધકોના આપણે અત્યન્ત આભારી છીએ; પરન્તુ સૌથી વધારે તો પેલા અથાક પરિશ્રમ કરનાર સંશોધક જેઇમ્સ પ્રિન્સેપના ઋણી છીએ જેમની સતત મહેનતને પ્રતાપે આપણે અશોકના લેખોની બ્રાહ્મી લિપિ ઉકેલી શક્યા એટલું જ નહિ, પણ ખરોષ્ઠી લિપિના કેટલાક અક્ષરોને પણ બરાબર સમજી શક્યા.

## 3. લિપિઓ :

પ્રાચીન ભારતની લેખનકલા તેમજ બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિઓની ઉકેલણી વિષે આપણે માહિતી મેળવી. પણ 'લિપિ' એટલે શું ? સંસ્કૃતમાં लिप् (6ઉ) ધાતુ છે, જેનો અર્થ લેપન કરવું', 'લખવું' થાય છે. તેના ઉપરથી 'लिपिः' – 'लिपी' નામ બને છે, જેનો અર્થ 'લેપન', 'લેખન', 'પ્રતિલેખન', 'ચિત્ર', 'મૂળાક્ષરમાળા', 'લખાણ', 'હસ્તપ્રત' એવો થાય. જ્યારે એક જ ધ્વનિ અમુક એક ચિહન કે પ્રતીક દ્વારા વ્યક્ત થાય છે ત્યારે 'લિપિ'નો હેતુ સર્યો ગણાય. મનુષ્ય બોલતાં શીખ્યો ત્યારથી અત્યાર સુધીમાં ધીમે ધીમે આપણી આજની લિપિ વિકસી, તેણે આજનું સ્વરૂપ પકડ્યું. આમ લિપિ માનવ-સંસ્કૃતિ જેટલી જૂની ગણાય. પ્રારંભમાં તો માણસ આડી અને ઊભી લીટીઓ દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરતો. તે પછી તેણે ચિત્રો દોરવાની પ્રગતિ કરી. આથી આ ચિત્રો દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરવા માંડ્યા. સૂર્ય, વૃક્ષ,

સર્પ, બકરી આદિનાં ચિત્રો તે તે પદાર્થ કે પ્રાણીનો નિર્દેશ કરતા. ગુફાઓમાં વસતા આદિમાનવે દોરેલાં ચિત્રો આજે પણ પ્રાપ્ત થાય છે.

પ્રાચીન મિસર તથા મૅસેપોટેમિયામાં માત્ર ચિત્રો દ્વારા જ લાગણીઓ વ્યક્ત કરાતી હતી. મિસરમાં ચિત્રો પથ્થર ઉપર કોતરવામાં આવતાં; જ્યારે મૅસેપોટેમિયામાં માટીની ઈંટો ઉપર કોતરાતાં. ઈંટોની લીસી સપાટી પર રેખાઓ જ કોતરી શકાતી, વર્તુલાકારો નહિ. દા. ત., માછલીનું ચિત્ર ત્રણ-ચાર લીટીઓ દોરીને દર્શાવાતું. આમ ચિત્રો પ્રારંભથી જ પ્રતીકાત્મક બની ગયાં. આવાં પ્રતીકાત્મક ચિત્રોમાંથી ઈરાનના લોકોએ પાછળથી અક્ષરો તૈયાર કરવા માંડ્યા. આ રીતે ચિત્ર-લિપિ તો લિપિ-વિકાસની એક અવસ્થા માત્ર ગણાય.

આપણે ઉપર નોંધ્યું છે તેમ વૈદિક કાળના લોકોએ ગણતરી કરવામાં તેમજ લખવામાં સારા પ્રમાણમાં પ્રગતિ કરી દીધી હતી જ. પ્રથમ તો તેઓ 'બ્રાહ્મી લિપિ'નો ઉપયોગ કરતા. આપણે એ ચોક્કસ કહી શકીએ એમ નથી કે તેની વપરાશ ક્યારથી શરૂ થઈ. છતાં એટલું તો નિશ્ચિત રૂપે કહી શકીએ એમ છીએ જ કે ઈ. સ. પૂ. પાંચમી સદીમાં તે ખૂબ પ્રચલિત હતી.

આટલી ભૂમિકા બાંધીને હવે આપણે પ્રાચીન ભારતની લિપિઓનો પરિચય સાધીએ.

ઈ. પૂ. ચોથા શતક પૂર્વે 'લિપિ' શબ્દ સામાન્ય વપરાશમાં આવી ગયેલો હતો. મહર્ષિ પાણિનિએ 'લિપિ', 'લિબિ' અને 'ગ્રન્થ' શબ્દો પ્રયોજેલા છે. 'લિપિકર' તથા 'યવનાની' એ શબ્દો બનાવવાના નિયમો તેમણે આપ્યા છે. કાત્યાયન તથા પતંજલિએ 'યવનાની' શબ્દનો અર્થ 'યવનોની લિપિ' એવો આપ્યો છે. આ ઉપરથી એટલું સમજી શકાય છે કે તે સમયે એક 'યવનાની' લિપિ પ્રચલિત હતી.

બ્રાહ્મી, દેવનાગરી અને બીજી લિપિઓ ડાબી બાજુથી જમણી બાજુ તરફ લખાય છે તેમજ વંચાય છે. આથી ઊલટું, ઉર્દૂ, ફારસી અને અરબી જમણી બાજુથી ડાબી તરફ લખાય તેમજ વંચાય છે. આજના ભારતમાં અનેક લિપિઓ વપરાય છે. સારી લિપિની કસોટી નીચે પ્રમાણે થઈ શકે :

(ક) એક અક્ષર એક જ ધ્વનિને વ્યક્ત કરે.

(ખ) જેવું લખાય તેવું જ વંચાય. ઉચ્ચાર માટે કોઈ સંદેહ ન રહેવો જોઈએ. દા. ત., 'ક-મ-લ' શબ્દ જેવો લખાય છે તે જ પ્રમાણે એનું ઉચ્ચારણ થવું જોઈએ અને એ જ રીતે તે વંચાવો જોઈએ.

(ગ) શબ્દમાં આવેલ એકેએક અક્ષરનો ઉચ્ચાર કરાવો જોઈએ.

(ઘ) એક ધ્વનિ એક જ અક્ષર દ્વારા વ્યક્ત થવો જોઈએ, અનેક વર્ણો દ્વારા નહિ જ. નહિ તો, કયો વર્ણ કયા ધ્વનિને વ્યક્ત કરવા યોજાવો જોઈએ એ બાબતમાં

ગૂંચવાડો ઊભો થાય.

(ઙ) લિપિ દેખાવમાં સુન્દર હોવી જોઈએ.

(ચ) તે ઝડપથી લખી શકાય તેવી હોવી જોઈએ.

(છ) તેનું મુદ્રણ સરળતાથી થઈ શકે તેવી હોવી જોઈએ.

ઘણા દેશોમાં અક્ષરોની લિપિઓ વપરાય છે; બીજા કેટલાક દેશોમાં ચિત્ર-લિપિનો જ ઉપયોગ થાય છે. ચીન, જાપાન, કોરિયા અને પૂર્વમાં આવેલા બીજા કેટલાક દેશોની ભાષાઓ ચિત્ર-લિપિમાં લખાય છે. ચિત્રો દ્વારા સંદેશા મોકલવાની પ્રથા તો સર્વત્ર પ્રચલિત છે. અમુક સ્થળો માત્ર પુરુષો માટે કે માત્ર સ્ત્રીઓ માટે જ છે એવો નિર્દેશ કરવા માટે જે તે સ્થળે અનુક્રમે પુરુષ અને સ્ત્રીનું ચિત્ર દોરવામાં આવે છે. તે જ પ્રમાણે કયા રસ્તે જવાનું છે તે સૂચવવા માટે બાણ ચીતરવામાં આવે છે.

## [1] બ્રાહ્મી લિપિ : (પટ્ટ 1–9)

ભારતની સર્વ અર્વાચીન લિપિઓ જેમાંથી ઊતરી આવી છે તે દેશની અતિપ્રાચીન લિપિનું નામ છે 'બ્રાહ્મી'.

ઈ. સ. પૂ. ત્રીજા શતકથી ઈ. સ. ત્રીજા શતક સુધીના સમયનિર્દેશવાળા સમ્રાટ અશોકના આદેશો તથા સિક્કા ઇત્યાદિ જોતાં એવું સમજાય છે કે તે યુગમાં ભારતમાં બે લિપિઓ હતી : (1) ડાબેથી જમણી તરફ લખાતી સમગ્ર રાષ્ટ્રમાં પ્રચલિત 'બ્રાહ્મી' લિપિ; (2) દેશના થોડા પ્રદેશમાં જ પ્રચલિત એવી જમણેથી ડાબી બાજુ તરફ લખાતી 'ખરોષ્ઠી' લિપિ.

જૈનોના અશોકના યુગ પહેલાંના 'પન્નવણાસુત્ત' તથા 'સમવાયાંગસુત્ત'માં 18 લિપિઓનાં નામ આપેલાં છે, જેમાં પ્રથમ છે 'બંભી' અર્થાત્ 'બ્રાહ્મી'. તેમના 'ભગવતીસૂત્ર'નો પ્રારંભ 'બ્રાહ્મી' લિપિને આ પ્રમાણે નમસ્કાર કરીને થાય છે : 'ણમો ભંભીએ લિવિએ'. બૌદ્ધોના અશોક પછીના સમયના સંસ્કૃત ગ્રન્થ 'લલિતવિસ્તર'ના 10મા અધ્યાયમાં 64 લિપિઓનાં નામ આપેલાં છે, જેમાંનાં પ્રથમ બે બ્રાહ્મી અને ખરોષ્ઠી છે.

ઈ. સ. 668માં ચીની ભાષામાં તૈયાર કરાયેલા બૌદ્ધોના વિશ્વકોશમાં પણ આ 64 લિપિઓનાં નામ આપેલાં છે અને તેમાં જણાવેલું છે કે તેમાંની પ્રથમ બે તો દિવ્ય શક્તિ ધરાવતા બે મહાન ભારતીય આચાર્યોએ શોધી, જેમનાં નામ અનુક્રમે બ્રહ્મા અને ખરોષ્ઠ [કિઅ-લુ (કિઅ-લુ-સે-તો = ખરોષ્ઠનું ટૂંકુ રૂપ)] હતાં. એક ત્રીજા ચીની આચાર્ય હતા ત્સઙકી. આ બે ભારતીય આચાર્યોએ બંને લિપિઓ સ્વર્ગમાંથી મેળવેલી. ત્રીજા જે ચીની આચાર્ય હતા તેમણે પક્ષીઓ વગેરેનાં પગનાં ચિહ્નોની

મદદથી ચીની લિપિ તૈયાર કરેલી. આપણી ચર્ચા બ્રાહ્મી અને ખરોષ્ઠી એ બે ભારતીય લિપિઓ પૂરતી મર્યાદિત છે.

પ્રથમ બ્રાહ્મી લિપિની વાત કરીએ તો ઉપરિનિર્દિષ્ટ વિશ્વકોશ અનુસાર બ્રહ્માએ રચેલી હોઈ તે બ્રાહ્મી કહેવાય છે ! આ નામ અન્ય બે રીતે પણ સમજાવી શકાય : (1) વિદ્વાન્ બ્રાહ્મણોની લિપિ હોવાથી તે બ્રાહ્મી કહેવાઈ હોય; અથવા તો (2) બ્રહ્મજ્ઞાન–બ્રહ્મના જ્ઞાનને જાળવી રાખવા માટેના સાધનરૂપ હોઈ તેને આવું નામ મળ્યું હોય !

બૃહસ્પતિનો પ્રચલિત શ્લોક અહીં નોંધવા જેવો છે :

षाण्मासिकेऽपि समये
भ्रान्तिः सञ्जायते नृणाम् ।
धात्राऽक्षराणि सृष्टानि
पत्रारुढानि–अत:पुरा ।।''

અર્થાત્

''છ માસ જેવા ટૂંકા સમયમાં પણ લોકો કાં તો ભૂલી જાય છે કે એમના મનમાં ગૂંચવાડો ઊભો થતો હોય છે. આથી જ પ્રાચીન કાળમાં સર્જનહારે પોતે પાંદડાં ઉપર લખી શકાય એવા અક્ષરો સર્જ્યા છે.''

આ લિપિનાં પ્રાચીનતમ લખાણો બે લેખોમાં મળે છે :

(1) નેપાળના પિપ્રાવા નામના ગામમાં શાક્ય લોકોએ ઊભા કરેલા એક બૌદ્ધ સ્તૂપની અંદરથી કાઢેલા એક પથ્થરના પાત્ર ઉપર કોતરેલો લેખ; અને

(2) બીજો લેખ બર્લી નામના ગામમાંથી શોધાયો છે.

આ બંને લેખો ઈ. સ. પૂ. પાંચમા શતકના છે.

આ શોધ થઈ તે પહેલાં તો ઈ. સ. પૂ. ત્રીજા શતકમાં થઈ ગયેલા મૌર્ય સમ્રાટ અશોકના સમગ્ર દેશમાં ફેલાયેલા શિલાલેખો એ જ બ્રાહ્મીનાં પ્રાચીનતમ ઉપલબ્ધ લખાણો ગણાતાં હતાં. અશોકના લેખો અને તે પહેલાંના લેખોની લિપિમાં બહુ તફાવત નથી. એટલો તફાવત નોંધાયો છે કે પિપ્રાવા તથા બર્લીના લેખોની લિપિમાં દીર્ઘ સ્વર દર્શાવનાર કોઈ ચિહ્ન નથી.

સિન્ધુ સંસ્કૃતિના ખોદકામમાંથી પ્રાપ્ત થયેલાં ઠીંકરાં ઉપરનાં ટૂંકાં લખાણોની લિપિ બ્રાહ્મીનું પ્રાચીનતમ ઉપલબ્ધ સ્વરૂપ લેખાય. ડૉ. સુનીતિકુમાર ચૅટર્જીના મતે 'વેદો' પ્રથમ તો બ્રાહ્મી લિપિમાં લખાયા હતા, પરન્તુ એ પ્રાચીનતમ બ્રાહ્મી લિપિનું ચોક્કસ સ્વરૂપ આપણે જાણતા નથી.

આ લિપિએ પોતાનું પૂર્ણ સ્વરૂપ ઈ. સ. પૂ. ત્રીજા શતક સુધીમાં ધારણ કરી

લીધું હતું એમ લાગે છે. મૌર્ય યુગમાં તે સમગ્ર રાષ્ટ્રમાં વ્યવહારમાં હતી. ઈ. સ. 350 સુધી સર્વત્ર એક જ સ્વરૂપમાં એક જ નામથી તે વ્યાપેલી હતી. તે પછી સ્થાનિક લાક્ષણિકતાઓ સ્પષ્ટ થવા લાગી અને ઉત્તરની લિપિ અને દક્ષિણની લિપિ એવાં બે સ્વરૂપો તેણે ધારણ કર્યાં. ચોથા શતકથી ઉત્તર ભારતમાં તે ગુપ્ત લિપિ તરીકે ઓળખાઈ. આ લિપિ ગુપ્તયુગમાં ઉત્તરમાં પ્રચારમાં રહી. સાતમા સૈકાના મધ્યભાગથી દક્ષિણમાં તે પલ્લવ લિપિ તરીકે ઓળખાવા લાગી.

અહીં એક હકીકત નોંધવા જેવી છે. પિપ્રાવા, બર્લી અને અશોકના લેખોની લિપિ તથા દક્ષિણ ભારતમાંના ભટ્ટિપ્રોલુના સ્તૂપમાંથી મળેલા લેખોની લિપિમાં તફાવત ઘણો છે, જોકે ભટ્ટિપ્રોલુના લેખો અશોકના સમયથી બહુ પાછળના નથી. આથી આપણે એમ કહી શકીએ એમ નથી કે ભટ્ટિપ્રોલુની લિપિ ઉત્તરની લિપિમાંથી ઊતરેલી છે ! ઉત્તરની બ્રાહ્મી લિપિ જેમાંથી ઊતરી આવી હશે તે પ્રાચીનતર લિપિ સ્વરૂપમાંથી દક્ષિણની આ લિપિ ઊતરી આવી હશે અથવા તો ‘લલિતવિસ્તર’ની ‘દ્રાવિડ’ લિપિ તે જ ભટ્ટિપ્રોલુની લિપિ હોય, કેમ કે એ લેખો દ્રવિડ પ્રદેશ અર્થાત્ તમિલનાડુના કૃષ્ણા જિલ્લામાંથી પ્રાપ્ત થયેલા છે.

સમયના વહન સાથે પરિવર્તનો ઊભાં થતાં હોય છે તેમજ લહિયાઓની લેખનની રસવૃત્તિમાં પણ તફાવત પડી જતો હોય છે. બધી અર્વાચીન ભારતીય લિપિઓ બ્રાહ્મીમાંથી જ ઊતરી આવી છે; પરન્તુ વચ્ચેના સદીઓના સમયગાળા દરમિયાન જે ફેરફારો થયા છે તેને પરિણામે અક્ષરોમાં એટલો બધો તફાવત ઊભો થઈ ગયો છે કે જે લોકો પ્રાચીન લિપિઓથી માહિતગાર નથી હોતા તેઓ ભાગ્યે જ માનવા તૈયાર થાય કે તે બ્રાહ્મીમાંથી ઊતરી આવેલી છે.

ઈ. સ. 350 પછી બ્રાહ્મી લિપિ ઉત્તર ભારતીય તથા દક્ષિણ ભારતીય એવા બે પ્રવાહોમાં વહેંચાઈ ગઈ એ હકીકત છે; છતાં ઉત્તરની લેખનપદ્ધતિમાં લખાયેલા લેખો દક્ષિણમાંથી શોધાયા છે અને દક્ષિણની પદ્ધતિમાં લખેલા લેખો ઉત્તરમાંથી મળ્યા છે ! આનું મુખ્ય કારણ આવું હોઈ શકે : સામાન્ય રીતે સુન્દર હસ્તાક્ષરવાળા લહિયાને કે કારીગરને જ લખવાનું કે કોતરવાનું કાર્ય સોંપવામાં આવે છે; અને તે સ્વાભાવિક રીતે પોતાને જે વધારે આવડતી હોય અને ફાવતી હોય તેવી લિપિપદ્ધતિમાં જ લખે કે કોતરે.

કેટલાયે પાશ્ચાત્ય વિદ્વાનોએ એવો મત વ્યક્ત કરેલો કે ભારતની બ્રાહ્મી લિપિ ગ્રીક, ફિનિશિયન, અરમઇક, સેમિટિક અથવા ઇજિપ્શિયનમાંથી અથવા તો આમાંની કેટલીકના મિશ્રણમાંથી ઊતરી આવી છે. પરંતુ રાયબહાદુર ઓઝાએ બ્રાહ્મીના મૂળ સ્રોતના પ્રશ્નની સુન્દર છણાવટ કરી છે અને આવા મતનું પ્રબળ રીતે ખંડન કર્યું છે. બ્રાહ્મી એ તો ભારતીયોએ પોતે જ પોતાની આગવી સૂઝ દ્વારા સર્જેલી

અદભુત લિપિ છે. આદર્શ લિપિ એ ગણાય જેમાં દરેકેદરેક ધ્વનિ માટે અલગ અલગ ચિહન હોય અને એ રીતે જેમાં જે કાંઈ બોલાય તે સઘળું જ ચોકસાઈપૂર્વક લખી શકાય અને જે કાંઈ લખાય એ બધું જ બિલકુલ સ્પષ્ટ રીતે ઉચ્ચારાય. અને બ્રાહ્મી એવી જ લિપિ છે. તેમાં બધા જ સ્વરો તથા વ્યંજનો છે એટલું જ નહિ પણ હ્રસ્વ તેમજ દીર્ઘ સ્વરનાં અલગ અલગ ચિહ્નો પણ છે. અનુસ્વાર અને વિસર્ગનાં ચિહનો પણ તે ધરાવે છે. વ્યંજનોને પણ જે જે સ્થાનમાંથી તેમનાં ઉચ્ચારણો થતાં હોય છે તે પ્રમાણે પૂરી વૈજ્ઞાનિક પદ્ધતિએ ગોઠવી દીધેલા છે. તે તો વ્યંજનો તથા સ્વરોના સંયોજનને પણ 'માત્રાઓ'નાં ચિહનો દ્વારા સ્પષ્ટ રીતે વ્યક્ત કરવાની વિશિષ્ટ પદ્ધતિ ધરાવે છે, જે સગવડ વિશ્વની કોઈ બીજી લિપિમાં મળતી જ નથી.

આવી ઉત્તમ, વરેણ્ય લિપિ સાહિત્ય તેમજ સંસ્કૃતિની ઉચ્ચતમ કક્ષામાંથી જ વિકસી શકે. સેમિટિક લિપિ માત્ર 18 ધ્વનિને વ્યક્ત કરતાં તેનાં 22 ચિહનો દ્વારા વૈદિક તથા પ્રાચીન સંસ્કૃત વાઙમયના 63 કે 64 મૂળભૂત ધ્વનિઓને કેવી રીતે વ્યક્ત કરી શકે ?! સેમિટિક તેમજ તેમાંથી ઉદભવેલી બધી લિપિઓમાં નથી સ્વર-વ્યંજનની અલગતા કે નથી હ્રસ્વ અને દીર્ઘ સ્વરનો ભેદ કે નથી મૂળાક્ષરોનો કોઈ નિશ્ચિત ક્રમ ! તેમનામાં તો એક જ ધ્વનિ અનેક અક્ષરો દ્વારા વ્યક્ત થાય છે એટલું જ નહિ, પણ એક જ અક્ષર દ્વારા અનેક ધ્વનિઓ વ્યક્ત થાય છે ! વ્યંજન અને સ્વરના સંયોજનને વ્યક્ત કરવા માટે કોઈ માત્રાચિહનોયે તેમાં નથી ! તેમાં તો જે વ્યંજન સાથે સ્વર જોડાયો હોય તેની પાસે તે સ્વરને મૂકવામાં આવે છે !

એડવર્ડ થૉમસ (Edward Thomas), પ્રો. ડૉઇસન (Prof. Deussen) અને જનરલ કનિંગહામ (General Cunningham) જેવા યુરોપના વિદ્વાનોએ બ્રાહ્મી લિપિના સ્વતંત્ર વિકાસને ઉચિત રીતે જ જાહેર કરેલો છે. બ્રાહ્મી લિપિ તથા શૂન્ય સાથેના આધુનિક અંકો એ વિશ્વને ભારતની મોટામાં મોટી બૌદ્ધિક દેન છે. વિશ્વની બીજી કોઈ લિપિ આવી રીતે વિકસી નથી. એક જ અક્ષર અનેક ધ્વનિઓ દર્શાવતો હોય છે; તો એક જ ધ્વનિને દર્શાવવા અનેક અક્ષરો યોજવા પડતા હોય છે. એ લિપિઓમાં મૂળાક્ષરોનો કોઈ વૈજ્ઞાનિક ક્રમ નથી. આમ વિશ્વની કોઈ બીજી લિપિ કદી બ્રાહ્મીની તોલે આવી શકે તેમ નથી. બ્રાહ્મી લિપિ તો હજારો વર્ષ પહેલાં જ ઉચ્ચતમ કક્ષાએ પહોંચી ગઈ હતી. તે ખરેખર એક અજોડ-અદ્વિતીય લિપિ છે.

રાય બહાદુર ઓઝાએ પોતાના ઉત્કૃષ્ટ ગ્રન્થના પૃ. 44થી 47 ઉપર બ્રાહ્મી લિપિના મૂળાક્ષરોની સુન્દર ચર્ચા કરી છે. તેની વિગતમાં ઊતર્યા વિના એ મૂળાક્ષરોને તેમના સ્વાભાવિક વિભાગો અનુસાર પ્રચલિત દેવનાગરીમાં જોઈ લઈએ :

વૈદિક યુગમાં :

સ્વર :

હ્રસ્વ : अ, इ, उ, ऋ, ऌ

દીર્ઘ : आ, ई, ऊ, ॠ, [ॡ?]

પ્લુત : आ३, ई३, ऊ३, ऋ३ [ऌ३]

સંયુક્ત : ए, ऐ, ओ, औ

પ્લુત સંયુક્ત : ए३, ऐ३, ओ३, औ३

**અયોગવાહ :**

**અનુસ્વાર :** ँ ꣳ (ग्वम् અથવા गुं)

**વિસર્ગ :** :

જિહ્વા મૂલીય : Xक्, Xख्

ઉપધ્માનીય : ᳶप्, ᳶफ्

**વ્યંજનો :**

સ્પર્શ : क् ख् ग् घ् ङ्

च् छ् ज् झ् ञ्

ट् ठ् ड् ढ् ण्

ळ् ळह्

त् थ् द् ध् न्

प् फ् ब् भ् म्

**અન્તઃસ્થ** : य् र् ल् व्

ઊષ્મન્ : श् ष् स् ह्

યમ : कुं खुं गुं घुं

'ઋગ્વેદ'માં 64 મૂળાક્ષરો છે :

21 સ્વર (દીર્ઘ અને પ્લુત ऌ સિવાય)

4 અયોગવાહ (અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય)

27 સ્પર્શ વ્યંજન (ळ् તથા ळ् ह् સહિત)

4 અન્તઃસ્થ

4 ઊષ્મન્

4 યમ

64

'યજુર્વેદ'માં આમાંથી ळ् અને ळह् બાદ થાય છે જ્યારે અનુસ્વાર ૐ એ રૂપે ઉમેરાય છે તેથી કુલ 63 થાય.

પછીના સમયમાં સામાન્ય પ્રજા તેમજ જેમનું પ્રાથમિક સાહિત્ય પ્રાકૃતમાં હતું તેવા જૈનો તથા બૌદ્ધોમાં માત્ર 46 કે 47 મૂળાક્ષરો વપરાશમાં હતા.

જૈન 'દૃષ્ટિવાદ' (જે હયાત નથી) 46 મૂળાક્ષરો માને છે (Weber : ''Indische Studien' 16,281).

હ્યુંત્સંગ (Heuent Sang) 47 મૂળાક્ષરો આપે છે જેમાં क्ष् અને ज्ञ्નો સમાવેશ થાય છે (Semuel Bill : 'Buddhist Record of the Western World' I, પૃ. 78).

ઈ.સ.ના ચોથા શતક પછી, જ્યારે મૂળાક્ષરોના સ્વરૂપમાં ફેરફારો થવા લાગ્યા ત્યારે જોડાક્ષર क्षએ તદ્દન નવું સ્વરૂપ લીધું 'क्ष्'. બૌદ્ધોએ આ 'क्ष्'ને મૂળાક્ષરોમાં સમાવી દીધો. એ જ પ્રમાણે જોડાક્ષર ज् ञ् 'ज्ञ्' બની ગયો. સામાન્ય પ્રજાની મૂળાક્ષર માળામાં આ બંને સંયુક્તાક્ષરો સમાઈ ગયા !

આપણી આધુનિક લિપિઓમાં પણ 46 કે 47 મૂળાક્ષરો છે :

સ્વર : अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ए, ऐ, ओ, औ, अं, अः

વ્યંજન : क्, ख्, ग्, घ्, ङ्, च्, छ्, ज्, झ्, ञ्, ट्, ठ्, ड्, ढ्, ण्, त्, थ्, द्, ध्, न्, प्, फ्, ब्, भ्, म्, य्, र्, ल्, व्, श्, ष्, स्, ह्, ळ्

क्ष् અને ज्ञ् જોડાક્ષરો હોવાથી તેનો મૂળાક્ષરમાળામાં સમાવેશ કરાય નહિ.

આ ઉત્કૃષ્ટ લિપિ 'બ્રાહ્મી' એ ભારતનો અમૂલ્ય વારસો છે; બીજી બધી લિપિઓ, પ્રાચીન તેમજ અર્વાચીન, તેને જ અનુસરે છે.

## [2] ખરોષ્ઠી લિપિ : (પટ્ટ 10, 11, 11 ॐ)

બીજી પ્રાચીન ભારતીય લિપિ તે 'ખરોષ્ઠી'. જમણેથી ડાબે લખાતી હોઈ તે 'સેમિટિક' વર્ગની હોવાનું સ્પષ્ટ જણાય છે. શ્રી ઓઝા જણાવે છે તેમ, ભારતીયોના વેપારી સંબંધો ઈરાનના લોકો સાથે હતા. વળી ઈ. સ. પૂ. છઠ્ઠા શતકથી ચોથા શતક સુધી એ લોકોનું શાસન પંજાબ ઉપર હતું. તે દરમિયાન તેમની રાજકીય લિપિ 'અરમઈક' (Aramaic) ભારતમાં ખાસ કરીને પંજાબના ગાન્ધાર પ્રદેશ(હવે પાકિસ્તાન)માં પ્રવેશી ગઈ. તેમાં 22 મૂળાક્ષરો જ છે, જે માત્ર 18 આર્ય ધ્વનિ વ્યક્ત કરી શકે છે. અને એમાં હ્રસ્વ તથા દીર્ઘના ભેદ પણ નથી. આથી એ લિપિ ભારતીય ભાષાઓ માટે અનુકૂળ નથી જ, સંસ્કૃત માટે તો નહિ જ. આથી ખરોષ્ઠ નામના કોઈ પંડિત કે વિદ્વાને તેમાં આમતેમ થોડા ઉમેરા તથા ફેરફાર કરીને સામાન્ય પ્રજા માટે નવી કામચલાઉ લિપિ તૈયાર કરી, જે તેના નામ ઉપરથી

'ખરોષ્ઠી' કહેવાઈ. જેવી રીતે મુસ્લિમ શાસન દરમિયાન ફારસી લિપિમાં થોડા સુધારા-વધારા કરીને સામાન્ય લોકો માટે 'ઉર્દૂ'ની રચના કરાઈ તેવી જ આ વાત છે. એ સંભવી શકે કે ગાન્ધારની તક્ષશિલા જેવી કોઈ પ્રાચીન વિદ્યાપીઠમાં કોઈ પ્રાધ્યાપકે આ 'ખરોષ્ઠી'ની રચના કરી હોય. ગાન્ધાર પ્રદેશ અને આજુબાજુના થોડા પ્રદેશમાં તે લિપિ ઈ. સ.ના ત્રીજા શતક સુધી પ્રચારમાં રહી અને પછી તેણે ભારતથી કાયમની વિદાય લીધી અને તેનું સ્થાન ભારતીય લિપિ બ્રાહ્મીએ લઈ લીધું હશે.

આ લિપિમાં અશોક પૂર્વેનો કોઈ લેખ મળતો નથી. અશોકના શહબાજગઢી અને માન્સેરાના લેખોમાં, ઈરાનીઓના ચાંદીના સિક્કાઓમાં તથા શક, ક્ષત્રપ, પાર્થિયન અને કુશાન વંશના શાસન દરમિયાનનાં બૌદ્ધ લખાણોમાં ખરોષ્ઠી લિપિ મળે છે. મૈસૂર પાસેના સિદ્ધાપુરમાંના અશોકના લેખની અંતિમ અર્થાત્ 13મી પંક્તિમાં 'પડેન લિખિતં' એ શબ્દો બ્રાહ્મીમાં કોતરાયેલા છે, પરન્તુ તે પછી 'લિપિકરેણ' એ શબ્દ ખરોષ્ઠીમાં કોતરેલો છે. આ ઉપરથી એવું લાગે છે કે લહિયાનું અર્થાત્ કોતરનારનું નામ 'પડ' એટલે કે 'પંડ' હશે જે પંજાબ કે આસપાસના પ્રદેશમાંથી ત્યાં ગયો હશે અને તેના ખરોષ્ઠીના થોડાઘણા જ્ઞાનને પ્રદર્શિત કરવાના હેતુથી તેણે આ અંતિમ પાંચ અક્ષરો ખરોષ્ઠીમાં કોતર્યા હશે.

ભર્હુતના સ્તૂપના દ્વાર ઉપર કેવળ ખરોષ્ઠી અક્ષરો કોતરેલા છે, જે લખાણ પણ પંજાબ બાજુથી આવેલા કારીગરોએ કોતરેલ હશે.

ખરોષ્ઠી લખાણોમાં જોડાક્ષરો બહુ ઓછા મળે છે અને એના અક્ષરો જુદા પાડવા બહુ મુશ્કેલ છે. આવા જોડાક્ષરોનો ઉકેલ હજીયે સંદિગ્ધ જ રહ્યો છે. બૌદ્ધ પાલિ ગ્રન્થો આ લિપિમાં લખાયેલા મળે છે; કેમ કે પાલિ ભાષામાં હ્રસ્વ-દીર્ઘનો તફાવત બહુ હોતો નથી અને જોડાક્ષરોનો ઉપયોગ પણ ભાગ્યે જ થાય છે. અફઘાનિસ્તાનમાં જલાલાબાદથી દક્ષિણે પાંચ માઈલ દૂર આવેલા હિડ્ડામાંના સ્તૂપની અંદરથી એક પથ્થરનું પાત્ર મળી આવેલું જેમાંથી એક પથ્થર ઉપર વીંટેલા કેટલાક ભૂર્જપત્રો મળેલા, પણ અત્યન્ત પ્રાચીન હોઈ તેના ટુકડેટુકડા થઈ ગયા. એ ભૂર્જપત્રો ઉપર ખરોષ્ઠી લખાણો હતાં. આ ભૂર્જપત્રો પ્રાચીનતમ ભોજપત્રો હતાં. આ ઉપરાન્ત આશરે ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકાની 'ધમ્મપદ'ની ખરોષ્ઠીમાં લખેલી હસ્તપ્રત ખોતાનમાંથી પ્રાપ્ત થયેલી છે. આ હસ્તપ્રતના લખાણમાં સ્વરોની માત્રાઓમાં કેટલાક સુધારા કરાયા હોવાનું જોઈ શકાય છે.

## [3] ગુપ્ત લિપિ : (પટ્ટ 12, 13)

પ્રદેશની ભિન્નતા તથા સમયના વહેણનો પ્રભાવ અક્ષરોના આકારમાં થતા ફેરફારમાં જોવા મળે છે. ઈ. સ.ના ચોથા તથા પાંચમા શતક દરમિયાન ઉત્તર

ભારતમાં બ્રાહ્મીની જે પદ્ધતિ પ્રચલિત હતી તે ગુપ્ત વંશના રાજાઓનું ત્યારે શાસન હોવાથી 'ગુપ્ત' લિપિ તરીકે ઓળખાય છે.

ગુપ્ત વંશના રાજાઓ, બીજા સમકાલીન રાજાઓ તથા ઉચ્છકલ્પના સાધુઓના શિલાલેખો, દાનનાં તામ્રપત્રો, સિક્કાઓ તથા મુદ્રાઓમાં તેમજ રાજવંશના અન્ય સભ્યો અને સામાન્ય પ્રજાજનોનાં લખાણોમાં આ લિપિ યોજાયેલી છે. આ રાજાઓનાં તામ્રપત્રો મોટે ભાગે મધ્ય ભારતમાંથી મળી આવ્યાં છે.

ઉદયગિરિમાંથી પ્રાપ્ત થયેલા એક શિલાલેખમાં જિહવામૂલીય (Xक्, Xख्) તથા ઉપધ્માનીય (ᳶप्, ᳶफ्) અક્ષરોનાં ચિહનો સૌપ્રથમ વાર જોવા મળે છે. આ શિલાલેખ શ્રી ઓઝાના ગ્રન્થમાં પટ્ટ 17માં આપેલો છે.

અક્ષરોની આકૃતિ નાગરી લિપિના આકાર તરફ ઢળવાની શરૂઆત આ ગુપ્ત લિપિથી થાય છે ! અક્ષરોની શિરોરેખા પહેલાં તો ખૂબ જ ટૂંકી રહેતી, પરન્તુ હવે તે વધારે લાંબી થવાનો આરંભ થાય છે. સ્વરોની માત્રાઓનાં ચિહનો અદશ્ય થવા લાગે છે અને નવાં જ રૂપો ઊભાં થવા લાગે છે.

## [4] 'કુટિલ' લિપિ (પટ્ટ 14, 15)

'ગુપ્ત' લિપિમાંથી ઊભી થઈ 'કુટિલ' લિપિ. આશરે ઈ. સ.ના છઠ્ઠાથી નવમા શતક દરમિયાન ઉત્તર ભારતમાં તે પ્રચારમાં હતી. તેના અક્ષરો અને ખાસ કરીને સ્વરોની માત્રાઓના આકાર વક્ર થવા લાગ્યા હોવાથી આ લિપિનું 'કુટિલ' એવું નામ સાર્થક છે. ઉત્તરપ્રદેશના દેવલ ગામમાંથી મળેલ વિ. સં. 1049 અર્થાત્ આશરે ઈ. સ. 993માં લખાયેલી એક 'પ્રશસ્તિ'માં 'કુટિલાક્ષરાણિ' એવું વચન યોજાયું છે. એ જ રીતે 'વિક્રમાંકદેવચરિત'માં પણ 'કુટિલલિપિભિઃ'' ('વાંકા અક્ષરો વડે') એવો પ્રયોગ કરેલો છે. વળી વિ.સં. 718 અર્થાત્ આશરે ઈ. સ. 662માં રચાયેલી બીજી એક 'પ્રશસ્તિ'માં 'વિકટાક્ષર' એવી સંજ્ઞા તેની લિપિ માટે આપેલી છે, અને આપણે જાણીએ છીએ કે 'વિકટ' એટલે 'કુટિલ'.

આ લિપિમાં અક્ષરોની ઊભી રેખા ડાબી બાજુએ નમેલી રહે છે. સ્વરોની માત્રાઓ પણ વધારે વાંકી વળે છે અને વધારે લાંબી થાય છે. અક્ષરોની શિરોરેખાઓ બહુધા ∇ આવો ત્રિકોણાકાર ધારણ કરે છે. કેટલીક વાર શિરોરેખા માત્ર ટૂંકી આડી રેખા દોરીને પણ દર્શાવી હોય છે. કેટલાક અક્ષરોનો ઉપરનો અંશ બે ભાગમાં લખાય છે અને બંનેની શિરોરેખા અલગ પડી જાય છે.

'ઔ' દર્શાવતું ચિહન વિ. સં. 589 અર્થાત્ આશરે ઈ. સ. 533માં લખાયેલ શિલાલેખમાં પ્રથમ વખત જોવા મળે છે. આ શિલાલેખમાં જોડાક્ષરો 'ક્ષ' અને 'જ્ઞ' એવી રીતે લખેલા છે કે જેથી તે બંનેમાં જોડાયેલા અક્ષરો સ્પષ્ટ થઈ શકે છે.

જાપાનના એક બૌદ્ધ મઠમાં સચવાયેલી ‘પ્રજ્ઞાપારમિતાહૃદયસૂત્ર’ તથા ‘ઉષ્ણીષવિજયધારણી’ની હસ્તપ્રતો આ લિપિમાં લખાયેલી છે.

‘ઉષ્ણીષવિજયધારણી’ની એક તાડપત્રની હસ્તપ્રતના અન્તે ‘કુટિલ’ લિપિની આખી મૂળાક્ષરમાળા આપેલી છે.

રાજા યશોવર્માનો ઈ. સ. 532માં લખાયેલો મંદસોરનો લેખ એ ‘કુટિલ’ લિપિનું પ્રાચીનતમ ઉપલબ્ધ લખાણ છે. મેવાડના ગુહિલોત વંશના રાજા શિલાદિત્યના સમયનો ઈ. 646માં લખાયેલો બીજો એક લેખ અને ત્રીજો એક પ્રતીહાર રાજાનો નવમા સૈકાનો લેખ પણ કુટિલ લિપિમાં લખાયેલ છે.

શ્રી ઓઝાએ તેમના ગ્રન્થના પટ્ટ 21માં બંસખેડામાંથી પ્રાપ્ત થયેલ રાજા હર્ષવર્ધનનું તામ્રપત્ર આપ્યું છે. આ તામ્રપત્રમાં રાજાની સહીમાંથી ‘ધ’, ‘મ’, ‘રા’, ‘હા’ અને ‘શ્રી’ એ અક્ષરો ઉતારેલા છે, જેમાંથી સ્પષ્ટ થાય છે કે રાજા હર્ષવર્ધન ‘ચિત્ર-વિદ્યા’માં નિપુણ હતા. આ ‘ચિત્રલિપિ’નું એક સુન્દર ઉદાહરણ છે.

આ ‘કુટિલ’ લિપિમાંથી ‘નાગરી’ તથા ‘શારદા’ લિપિઓ ઉદભવી.

### [5] નાગરી–દેવનાગરી–નન્દિનાગરી લિપિ : (પટ્ટ 16, 17, 18, 19)

ઈ. સ.ના નવમા શતકના અન્તભાગમાં ‘કુટિલ’ લિપિમાંથી આ લિપિ વિકસી. દક્ષિણ ભારતમાં તે થોડી વહેલી –આઠમા શતકમાં પ્રચલિત થઈ. જેમ આજે નાગરી લિપિ સમસ્ત ભારતમાં સંમાન પામતી સૌથી વધારે પ્રચલિત લિપિ છે, તેવી રીતે પ્રાચીન નાગરી પણ સમસ્ત રાષ્ટ્રમાં પ્રચલિત અને સંમાનિત લિપિ હતી. ઉત્તર ભારતમાં તે ‘દેવનાગરી’ કે કેવળ ‘નાગરી’ તરીકે ઓળખાય છે; જ્યારે દક્ષિણમાં તે ‘નન્દિનાગરી’ કહેવાય છે. દક્ષિણના પ્રદેશોમાં ‘તેલુગુ-કન્નડ’, ‘ગ્રન્થ’ અને ‘તમિળ’ જેવી દક્ષિણની લિપિઓની સાથે તે ઉચિત રીતે જ સંમાનિત રહી છે. આથી જ ઉત્તર અને દક્ષિણ કોંકણ તથા કોલ્હાપુરના શિલાર રાજાઓના શિલાલેખો તથા તામ્રપત્રો, માન્યખેટના રાષ્ટ્રકૂટ અર્થાત્ રાઠૌડ રાજાઓનાં કેટલાંય તામ્રપત્રો, ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાઓનાં કેટલાંક તામ્રપત્રો, સિઉણદેશ તથા દેવગિરિના પાશ્ચાત્ય ચાલુક્યો અને યાદવોના શિલાલેખો તેમજ વિજયનગરના ત્રણેય વંશના રાજાઓનાં ઘણાં તામ્રપત્રો આ ‘નાગરી’ અર્થાત્ ‘નન્દિનાગરી’ લિપિમાં લખાયેલાં મળે છે; એટલું જ નહિ, પણ આજે પણ દક્ષિણ ભારતમાં સંસ્કૃત ગ્રન્થો લખવા માટે આ લિપિ યોજાય છે.

દિઘવાદબૌલીમાંથી શોધી કઢાયેલ કન્નોજના પ્રતિહાર વંશના રાજા મહેન્દ્રપાલ 1ના વિક્રમ સંવત 955 અર્થાત્ આશરે ઈ. સ. 898ના તામ્રપત્રમાં પ્રથમ ઉપલબ્ધ નાગરી લખાણ પ્રાપ્ત થાય છે. પ્રતિહાર, ગુહિલ, ચાહમાન, ગાહડવાલ, ચૌલુક્ય, પરમાર, કછવાહ, ચન્દેલ, કલચુરિ અને અન્ય વંશોના રાજાઓના લેખો

તથા તામ્રપત્રો આ 'નાગરી' લિપિમાં લખાયેલાં છે. ઉત્તર ભારતમાં 10મા શતકની 'નાગરી' લિપિમાં 'અ', 'આ', 'ઘ', 'પ', 'મ', 'ય', 'ષ' અને 'સ'ની શિરોરેખાઓ 'કુટિલ' લિપિની જેમ બે ભાગમાં લખાયેલી છે; પરન્તુ તે પછી 11મા શતકથી આ બે ભાગ ભેગા થઈને એક શિરોરેખા બની જાય છે અને આ શિરોરેખા જે તે અક્ષરની પહોળાઈ જેટલી લાંબી બની જાય છે. આ લિપિ વૈજ્ઞાનિક છે એટલું જ નહિ પણ ભાષાશાસ્ત્ર તેમજ ધ્વનિવિદ્યા અનુસારની એક આદર્શ લિપિ બની ગઈ છે. 'બ્રાહ્મી' લિપિમાં શિરોરેખા નહોતી. પરન્તુ સમય વીતતાં તેના અક્ષરોમાં અધિકાધિક આકર્ષક બનવા માટે ફેરફારો – સુધારા થતા ગયા. આ સુધારાઓમાંનો એક એટલે આ શિરોરેખાઓ. આખી શિરોરેખાઓ એ 'નાગરી' લિપિની આગવી વિશિષ્ટતા છે, કેમ કે ભારતની બીજી કોઈ પણ લિપિમાં તે નથી. આ લિપિનો વિકાસક્રમ દર્શાવતું કોષ્ટક શ્રી ઓઝાએ આપ્યું છે એટલું જ નહિ, પણ નાગરી લિપિના અક્ષરોનો ક્રમિક વિકાસ દર્શાવતો એક પટ્ટ (plate) પણ ઉમેરેલો છે.

'નાગરી'નો ઉપયોગ છેક 8મી સદીના ઉત્તરાર્ધથી થતો જોવા મળે છે. એ પહેલાં પણ તેના કેટલાક અક્ષરો વપરાશમાં આવી ગયા હતા. દા. ત., ગુજરાતના ગુર્જર વંશના રાજા જયભટ્ટ ત્રીજાનું એક દાનનું તામ્રપત્ર કલચુરિ સંવત 456 (આશરે ઈ. સ. 706)માં લખાયેલું છે. તે દાક્ષિણાત્ય પદ્ધતિની 'પશ્ચિમી' લિપિમાં કોતરેલું છે. તેમાં આ રાજાની સહી નાગરી અક્ષરોમાં કરેલી છે : ''સ્વહસ્તો મમ શ્રીજયભટસ્ય''.

દક્ષિણ ભારતના પ્રદેશોમાં ગુપ્ત સમયની 'બ્રાહ્મી' લિપિની એક જુદી જ શૈલીની લિપિ પ્રચલિત હતી જે 'પલ્લવ' લિપિ તરીકે ઓળખાતી. 'નાગરી' લિપિનું દાક્ષિણાત્ય સ્વરૂપ આ 'પલ્લવ'માંથી 8મા શતકમાં વિકસ્યું જેનું નામ હતું 'નન્દિનાગરી'. આ 'નન્દિનાગરી'નું લખાણ પહેલવહેલું રાષ્ટ્રકૂટ વંશના રાજા દન્તિદુર્ગના શક સંવત 675 (આશરે ઈ. સ. 754)ના સામણગઢમાંથી મળેલા તામ્રપત્રમાં જોવા મળે છે. 'નન્દિનાગરી'માં લખાયેલાં તામ્રપત્રોમાં (1) ધુળિયામાંથી શોધી કઢાયેલ તે જ વંશના ગોવિન્દરાજ બીજાનું શક સંવત 701 (આશરે ઈ. સ. 780)નું તામ્રપત્ર, (2) રાષ્ટ્રકૂટ ગોવિન્દ તૃતીયનું શક સંવત 716 (આશરે ઈ. સ. 794)નું તામ્રપત્ર જે પૈઠણમાંથી મળેલું, (3) આ ગોવિન્દ તૃતીયનું જ વણીગાંવમાંથી પ્રાપ્ત થયેલ શક સંવત 730 (આશરે ઈ. સ. 808)નું તામ્રપત્ર, (4) વડોદરામાંથી પ્રાપ્ત થયેલું 'ગુજરાતના રાષ્ટ્રકૂટ ધ્રુવરાજ ઉર્ફે ધારાવર્ષનું શક સંવત 757 (આશરે ઈ. સ. 835)નું તામ્રપત્ર, (5-6) મુંબઈ પાસેની કૅનેરી (Kanheri)ની ગુફાઓમાંથી મળી આવેલા શક સંવત 765 (?) (આશરે ઈ. સ. 843) અને શક સંવત 773 (આશરે ઈ.સ. 851)ના બે શિલાલેખો જે રાષ્ટ્રકૂટ અમોઘવર્ષ અને તેના ખંડિયા રાજાઓ સિલારવંશના પુલ્લશક્તિ પ્રથમ અને દ્વિતીય વગેરેના સમયના છે તેનો

સમાવેશ થાય છે. ત્યારબાદ પણ આ લિપિ દક્ષિણની અન્ય લિપિઓની સાથે વપરાશમાં ચાલુ રહી હતી.

દક્ષિણ ભારતના હસ્તપ્રતસંગ્રહોમાં 'નન્દિનાગરી' લિપિમાં લખાયેલી પુષ્કળ હસ્તપ્રતો સચવાયેલી છે. એક કન્નડ ભક્તજને એક મઠ બંધાવેલો તેનો લેખ 'કન્નડ' ભાષામાં અને 'નન્દિનાગરી' લિપિમાં લખાયેલો છે. રાજા કૃષ્ણરાજનું 18-4-1554નું તામ્રપત્ર સંસ્કૃત ભાષા અને 'નન્દિનાગરી' લિપિમાં કોતરેલું છે. વેંકટપતિદેવ પ્રથમનું 21-4-1613નું તામ્રપત્ર પણ સંસ્કૃત તથા 'નન્દિનાગરી'માં કોતરેલું છે.

11મા શતકની નાગરી લિપિ આજની નાગરીને મળતી આવે છે; તેમાંથી જ આજની નાગરી 12મા શતકમાં વિકસેલી છે. 12મા શતકથી આ લિપિએ પોતાનું સ્વરૂપ જાળવી રાખ્યું છે, છતાં લેખન-પદ્ધતિ અને પ્રદેશોની ભિન્નતાને કારણે કેટલાક ફેરફાર તો અનિવાર્ય જ હોય છે. એ રીતે જોતાં આધુનિક 'નાગરી'માં માત્ર 'ઇ' અને 'ધ' એ બે અક્ષરોનું જ અસલ બંધારણ જળવાયું છે. 'એ'ની માત્રા જેની સાથે તે જોડાયેલી હોય તે વ્યંજનની આગળ–પહેલાં–શિરોરેખાને અડીને સહેજ વળાંકવાળી ઊભી રેખા વડે પહેલાંની જેમ સૂચવાય છે. 'ઐ'માં બીજી માત્રા અક્ષરની ઉપર–શિરોરેખાની ઉપર–ત્રાંસી લીટીથી દર્શાવાય છે. 'ઓ'ની માત્રામાં બે ઊભી લીટી હોય છે – એક વ્યંજનની પહેલાં અને બીજી વ્યંજનની પછી; જ્યારે 'ઔ'માં ત્રીજી માત્રા વ્યંજનની શિરોરેખાની ઉપર ત્રાંસી લીટી રૂપે રહે છે. 'એ', 'ઐ', 'ઓ' અને 'ઔ' એ ચારે સ્વરની માત્રાઓ આ પ્રમાણે શિલાલેખો–દસ્તાવેજોમાં 15મા શતક સુધી અને તે પછી પણ થોડો સમય ચાલુ રહી. આવી વ્યંજનની પહેલાં મુકાયેલી માત્રા 'પુષ્ઠિમાત્રા' કે 'પડિમાત્રા' તરીકે ઓળખાય છે.

આ વિધાન આપણને સ્વરની માત્રાઓ દર્શાવવાની પદ્ધતિ વિષેની એક મહત્વની બાબત તરફ લઈ જાય છે. ગુજરાતીમાં આવી રીતે વ્યંજનના પહેલાં મુકાતી માત્રાને 'પડિમાત્રા' કહે છે. આપણે ઉપર નોંધ્યું તેમ 'એ'ની માત્રાનું ચિહન આજની જેમ વ્યંજનની ઉપર નહિ પણ તેની પહેલાં મુકાય છે. તે સહેજ વળેલી ઊભી લીટી છે, જેનો ઉપરનો છેડો શિરોરેખાને અડે છે. એ જ રીતે 'ઓ'ની માત્રાનું ચિહન પણ વ્યંજનની ઉપર નહિ પણ પહેલાં આવે છે. 'ઐ' અને 'ઔ'માં બબ્બે માત્રા છે. તેમાંની પહેલી માત્રા તો અક્ષરની આગળપહેલાં જ દર્શાવાય છે, જ્યારે બીજી માત્રા આજની પદ્ધતિ પ્રમાણે જ અક્ષરની ઉપર ત્રાંસી રેખાથી દર્શાવાય છે. અક્ષરની આગળ પહેલાં માત્રા મૂકવાની આ પદ્ધતિ ગુજરાતીમાં 'પડિમાત્રા' તરીકે ઓળખાય છે.

આ 'પડિમાત્રા' શબ્દને સંસ્કૃત 'પ્રતિમાત્રા'માંથી ઊતરી આવેલો ગણવા આપણે લલચાઈએ, પરન્તુ એ બરાબર નથી. મુનિ પુણ્યવિજયજી એને માટે 'પૃષ્ઠિમાત્રા' એ

શબ્દ આપે છે, અને તેમાંથી સરળતાથી વ્યુત્પત્તિ દર્શાવી શકાય એમ છે.

સંસ્કૃત 'पृष्ठिमात्रा' > પ્રાકૃત 'पट्ठिमात्रा' > ગુજરાતી 'पडिमात्रा'. અહીં એ ધ્યાનમાં રાખવાનું છે કે 'પડિમાત્રા' એ શબ્દમાં 'ડિ'માં 'ઇ' દીર્ઘ નથી પણ હ્રસ્વ છે. 'पृष्ठि' એટલે 'પીઠ' જે ગુજરાતીમાં પણ સ્ત્રીલિંગી શબ્દ છે.

'પડિમાત્રા' શબ્દનો અર્થ બરાબર સમજાવવા માટે મુનિશ્રી પુણ્યવિજયજીએ તેનો વિરોધી શબ્દ 'अग्रमात्रा' ઉપજાવ્યો છે, જેનો અર્થ અક્ષરની આગળ એટલે કે અક્ષર લખ્યા પછી કાના 'ा'ની જેમ મૂકેલી માત્રા. પહેલાં 'उ(ઉ) એ સ્વરની હ્રસ્વ અને દીર્ઘ માત્રા अग्रमात्रा રૂપે એટલે કે અક્ષર લખ્યા પછી લખાતી; દા.ત., 'रु' અને 'रू'. આ પદ્ધતિ 'र्'ની બાબતમાં હજીયે ચાલુ જ છે, પણ તે સિવાય બીજા વ્યંજનોની બાબતમાં अग्रमात्राને બદલે अधोमात्रा અર્થાત્ અક્ષરની નીચે લખવાની પદ્ધતિ વિકસી છે; દા.ત., क् + उ = कु અને क् + ऊ = कू अधोमात्रा એટલે अधः + मात्रा = નીચે અક્ષરની નીચે (अधः) મૂકેલી માત્રા. 'એ (ए)', 'ઐ (ऐ)', 'ઓ (ओ)', 'ઔ (औ)' એ ચાર સ્વરમાં માત્રા વ્યંજનની ઉપર લખાય છે, જે પ્રથા 'ऊर्ध्वमात्रा' છે, એટલે કે 'ऊर्ध्व = ઊંચે. ઉદાહરણથી આ પદ્ધતિની સ્પષ્ટતા થશે :

: આ રીતે પડિમાત્રા અને ઊર્ધ્વમાત્રામાં લખાય. कु અને कूમાં અધોમાત્રા છે, જ્યારે रु અને रू એ અગ્રમાત્રામાં લખાયા છે.

पृष्ठिमात्रा અર્થાત્ પડિમાત્રા એ ખરેખર લિપિનો વિશિષ્ટ વારસો ગણાય; જ્યારે अग्रमात्रा તો લેખનની સરળતા તથા સુઘડતા માટે છે.

'દેવનાગરી' લિપિમાં 'પૃષ્ઠિમાત્રા'ની પદ્ધતિ પ્રાચીન કાળમાં પ્રચલિત હતી. આ પ્રણાલી 10મા શતકથી આથમવા લાગી હતી એમ જણાય છે અને આજે તો તે અદૃશ્ય જ થઈ ગઈ છે. અલબત્ત, 'બાંગ્લા' લિપિમાં તો તે અનિવાર્ય રૂપે જળવાઈ છે જ; જ્યારે 'દેવનાગરી'માં 'અગ્રમાત્રા'નું સ્થાન 'અધોમાત્રા'એ લઈ લીધું છે અને 'પૃષ્ઠિમાત્રા' 'ઊર્ધ્વમાત્રા'માં ફેરવાઈ ગઈ છે. 'પૃષ્ઠિમાત્રા'વાળું લખાણ ખરેખર વધારે સુંદર તથા આકર્ષક છે.

જૂના વખતના લહિયાઓ સામાન્ય રીતે દરેક અક્ષરનું માપ મોટું રાખતા અને આશરે બે શબ્દો વચ્ચેની જગ્યાના 1/3 ભાગ જેટલું અંતર બે પંક્તિઓ વચ્ચે રાખતા. આથી સ્વચ્છતા તથા સુઘડતા ખાતર તેઓ 'પૃષ્ઠિમાત્રા' તેમજ 'અગ્રમાત્રા'નો જ ઉપયોગ કરતા. બે લીટી વચ્ચેની જગા બહુ ઓછી રખાતી હોવાથી 'ઊર્ધ્વમાત્રા' અને 'અધોમાત્રા'ની લેખનપદ્ધતિ ગૂંચવાડો ઊભો કરે. આધુનિક લહિયાઓ, અને કેટલાક જૂના લહિયાઓ પણ, અક્ષરોનું માપ એકસરખું રાખે છે તથા પંક્તિઓ વચ્ચેનું અંતર પણ સર્વત્ર સમાન જાળવે છે. આથી જૂની હસ્તપ્રતોમાં અક્ષરો કંઈક મોટા લાગે, જ્યારે આધુનિક હસ્તપ્રતોમાં પ્રમાણમાં નાના લાગે એ સ્વાભાવિક છે.

ટૂંકમાં, પ્રાચીન 'અગ્રમાત્રા'ઓ અને 'પૃષ્ઠિમાત્રા'ઓ પછીથી 'અધોમાત્રાઓ અને 'ઊર્ધ્વમાત્રાઓ'માં પરિવર્તિત થઈ ગઈ છે. આ હકીકત ઉપરથી લેખનની સરળતા તેમજ લિપિનું ગૌરવ સાચવવા માટે આપણા પૂર્વજોએ કેવી પદ્ધતિ અપનાવી હતી તેનો સહેજે ખ્યાલ આવી શકશે. 'અગ્રમાત્રા'—'પૃષ્ઠિમાત્રા'નું સ્થાન 'અગ્રમાત્રા'—'ઊર્ધ્વમાત્રા'એ લેતાં લિપિનું માપ એના કરતાં ટૂંકું અને માત્રાઓ પહેલાં કરતાં મોટી બની ગઈ. આનું પરિણામ આપણે આજની લિપિમાં જોઈ શકીએ છીએ.

હવે આ 'દેવનાગરી' લિપિની દક્ષિણની આવૃત્તિ 'નન્દિનાગરી' વિષે થોડી વધારે માહિતી જોઈએ.

આ લિપિ 17મા શતક સુધી લેખનમાં ચાલુ રહી. 'દેવનાગરી'થી તેની ભિન્નતા આ પ્રમાણે ચાર મુદ્દામાં દર્શાવી શકાય :

(1) ઓષ્ઠ્ય સ્પર્શ વ્યંજનો 'ब' અને 'भ' તેમજ તાલવ્ય ઊષ્મ વ્યંજન 'स' 'દેવનાગરી'થી જુદા પડે છે.

(2) અન્ત્ય 'म्' હંમેશાં 'અનુસ્વાર' રૂપે લખાય છે.

(3) અનુનાસિક વ્યંજનો અનુનાસિક રૂપે જ લખાય છે અને કોઈ સ્થળે તેનો અનુસ્વાર થતો નથી.

(4) બે વ્યંજનોની વચ્ચે આવતો પરસવર્ણ અનુસ્વાર બની જાય છે.

અહીં એ નોંધવું રસપ્રદ થશે કે 'તેલુગુ' – 'કન્નડ' લિપિઓમાં પણ આ જ પદ્ધતિનો અનુસ્વાર આવે છે; આ કદાચ પરસ્પરના સંપર્કને કારણે પણ હોઈ શકે.

'નન્દિનાગરી'માં લખાણો કેટલીક વાર ઉત્તરમાંથી પણ મળી આવે છે; દા. ત., એક 'નન્દિનાગરી' લેખ ગયામાંથી મળ્યો છે. પોતાના પતિના ગયા-શ્રાદ્ધ વખતે ગૌરી નામનાં સન્નારીએ તે કોતરાવ્યો હતો.

હવે 'નાગરી', 'દેવનાગરી' અને 'નન્દિનાગરી' એ ત્રણે નામોની સાર્થકતા વિષે વિચાર કરીએ.

'નાગરી' એ નામ ત્રણ રીતે સમજાવવામાં આવે છે :

(1) ગુજરાતના નાગર બ્રાહ્મણો સાથે સંબદ્ધ લિપિ.

(2) ગુજરાતના નાગર બ્રાહ્મણો વડે વપરાતી લિપિ.

(3) નાગવંશના રાજાઓથી પ્રભાવિત લિપિ.

આ લખનાર એક નવી જ, અને કદાચ સૌથી વધારે સંભવિત, વ્યુત્પત્તિ અહીં રજૂ કરે છે : 'નગર' એટલે 'શહેર'. આથી 'નાગર' એટલે 'નગરવાસી', 'શહેરમાં વસનાર'. 'નાગર' એ જ્ઞાતિસંજ્ઞા પણ સંભવતઃ 'નગર'માંથી ઉદભવી હોય. નાગરો

એટલે કે શહેરમાં રહેનારાઓ બીજા લોકો કરતાં વધારે શિષ્ટ-સંસ્કારી-સુધરેલા ગણાય છે. ગુજરાતના નાગર બ્રાહ્મણોની રહેણીકરણી, વૃત્તિ અને વાણી આજે પણ વધારે સંસ્કારી-સુધરેલી જણાય છે. આ રીતે જોઈએ તો 'નાગરી' એ લિપિસંજ્ઞાનો અર્થ 'નાગરિકો–સુધરેલા સંસ્કારી લોકોની લિપિ'. ગુજરાતીમાં એક સુંદર કાવ્ય છે જેમાં ગોપી કૃષ્ણ વિરુદ્ધ ફરિયાદ કરે છે અને તે કૃષ્ણને જ કરતી જણાય છે :

'નાગર નંદજીના લાલ, નાગર નંદજીના લાલ !'

રાસ રમંતાં મારી નથડી ખોવાણી.

... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

મારી નથડીનો શામળિયો છે ચોર ચોર ચોર !''

કૃષ્ણ અંગેનાં બીજાં ગીતોમાં પણ 'નાગર' શબ્દ આવે છે. રાજધાની જ્યાં હોય તે 'નગર', 'શહેર'. એ રીતે 'નાગર' શબ્દ કૃષ્ણ માટે પણ વપરાય અને તેમના પાલક પિતાશ્રી 'નન્દ'ને માટે પણ વપરાય.

'દેવનાગરી' સંજ્ઞાને પણ ચાર રીતે સમજી શકાય :

(1) સંસ્કૃત ભાષાને 'દેવભાષા', 'ગીર્વાણગિરા' અર્થાત્ દેવોની ભાષા કહે છે. આ ભાષા આ લિપિમાં લખાય છે. આથી 'દેવભાષાની લિપિ', 'દેવોની લિપિ', 'શિષ્ટ સંસ્કારી લિપિ'ના અર્થમાં 'દેવનાગરી' શબ્દ પ્રયોજાયો હોય.

(2) ધાર્મિક અને તાંત્રિક ગુહ્ય યન્ત્રો પ્રાચીન કાળથી દેવ-દેવીઓની પૂજામાં વપરાતાં આવ્યાં છે. આવાં ગૂઢ યન્ત્રો પ્રાચીન કાળમાં 'દેવનગર' કહેવાતાં. આ યન્ત્રોમાં જે પ્રતીકોનો ઉપયોગ કરાતો તે સમય જતાં આ 'નાગરી' લિપિના અક્ષરો ગણાવા લાગ્યા. આ રીતે જોતાં 'દેવનાગરી'નો અર્થ 'દેવનગરોની લિપિ'.

(3) કાશી-વારાણસી અધ્યયન–અધ્યાપન–વિદ્વત્તા–પાંડિત્યનું કેન્દ્ર ગણાતું. તેને પૂર્વે 'દેવનગર' – દેવોની નગરી કહેતા. આથી જે લિપિમાં આવાં અધ્યયન-અધ્યાપન થતાં તે લિપિનું નામ 'દેવનાગરી'.

'દેવનાગરી' સંજ્ઞાની યથાર્થતા આ ત્રણે રીતે શ્રી શામશાસ્ત્રી જેવા મહાવિદ્વાને સમજાવી છે અને શ્રી ઓઝાએ પણ તે સમજૂતીઓ પ્રસ્તુત કરી છે.

(4) પ્રસિદ્ધ રાજા ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યનું એક નામ 'દેવ' હતું. આ રાજાનું 'નગર' અર્થાત્ પાટનગર પાટલિપુત્ર હતું. પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલના મત પ્રમાણે આ રાજા 'દેવ' અને તેના 'નગર' અર્થાત્ રાજનગર પાટલિપુત્ર સાથે સંબદ્ધ લિપિનું નામ 'દેવનાગરી' પડ્યું. હવે આપણે 'નન્દિનાગરી' એ સંજ્ઞા વિષે વિચારીએ. વાકાટક અને રાષ્ટ્રકૂટ વંશના રાજાઓના રાજ્યમાં 'નન્દિન' નામનું એક શહેર હતું, જે આજનું 'નાન્દેડ' છે. ડૉ. વાસુદેવ શરણ

અગ્રવાલ અનુમાન કરે છે કે આ પરિસ્થિતિએ લિપિને ‘નન્દિનાગરી’ નામ આપ્યું.

અહીં એ નોંધવું રસપ્રદ થશે કે આ ‘નાગરી’ લિપિના કેટલાક અક્ષરો મહમૂદ ગઝની, અલાઉદ્દીન ખિલજી, શેરશાહ સૂર તથા બાદશાહ અકબરના સિક્કાઓમાં જોવા મળે છે !

‘કૈથી’, ‘મહાજની’, ‘રાજસ્થાની’ તથા ‘ગુજરાતી’ લિપિઓ ‘નાગરી’ લિપિમાંથી વિકસી. ‘બાંગ્લા’ લિપિ જૂની ‘નાગરી’ની પૂર્વની શૈલીમાંથી 10મા શતકમાં વિકસી. 11મા શતક બાદ ‘નેવારી’, અર્વાચીન બાંગ્લા, મૈથિલી અને ઊડિયા લિપિઓ પણ ‘નાગરી’માંથી જ વિકસી.

## [6] શારદા લિપિ : (પટ્ટ 20, 21)

‘કુટિલ’ લિપિ પશ્ચિમોત્તર ભારતમાં અર્થાત્ ભારતના વાયવ્ય પ્રદેશમાં એટલે કે કાશ્મીર અને પંજાબમાં પણ 8મા શતક સુધી પ્રચારમાં રહેલી. ત્યાર પછી તેમાંથી ‘શારદા’ લિપિ ત્યાં વિકસી. 8મા શતકમાં થઈ ગયેલ રાજા મેરુવર્મનના શિલાલેખો ‘શારદા’માં લખેલા પ્રાપ્ત થયા છે.

‘શારદા’ લિપિમાં લખાયેલ શિલાલેખોમાં પ્રાચીનતમ ઉપલબ્ધ છે 10મા શતકમાં લખાયેલ તે સમયના ચમ્બા રાજ્યમાં આવેલ સરાહાંની પ્રશસ્તિ.

આ ‘શારદા’માંથી આજની ‘કાશ્મીરી’ અને ‘ટાકરી’ લિપિઓ તથા ‘ગુરુમુખી’ કે ‘પંજાબી’ લિપિના મોટા ભાગના અક્ષરો ઊતરી આવ્યા.

1904 સુધી તો ‘શારદા’નું કોઈ લખાણ પ્રકાશિત થયું ન હતું. 1911માં પોતાનો ઉત્કૃષ્ટ કોટિનો ગ્રન્થ ‘ઍન્ટિક્વિટીઝ ઑફ્ ચમ્બા સ્ટેટ’ ડૉ. ફોજેલે (Fogel) બહાર પાડ્યો, જેમાં ચમ્બા રાજ્યમાંથી શોધી કઢાયેલ શિલાલેખો તેમજ તામ્રપત્રોનો વિપુલ સંગ્રહ પ્રકાશિત થયો. તેમાં ‘શારદા’ લિપિનાં લખાણોની અત્યન્ત કીમતી સામગ્રી મળે છે, જે પ્રાચીન લિપિઓના અભ્યાસમાં રસ ધરાવતા વિદ્વાનો માટે ખૂબ મદદરૂપ થાય તેમ છે.

## [7] ’બાંગ્લા’ લિપિ : (પટ્ટ 22, 23)

‘નાગરી’ લિપિની પૂર્વશાખામાંથી 10મા શતકમાં ‘બાંગ્લા’ લિપિ વિકસી. રાજા નારાયણ પાલના 10મા શતકના શિલાલેખમાં ‘બાંગ્લા’ તરફનો ઝોક અનુભવાય છે. આ લેખ બડાલના સ્તમ્ભ ઉપર કોતરેલો છે. 11મા શતકના રાજા વિજય પાલના દેવપારાના લેખમાં ‘એ’, ‘ખ’, ‘ઞ’, ‘ત’, ‘મ્’ ‘ર’, ‘લ’ અને ‘સ’ ‘દેવનાગરી’થી જુદા પડતા જણાય છે. આ લેખ તેમજ આસામમાંથી પ્રાપ્ત થયેલા વલ્લભેન્દ્રના તામ્રપત્ર અને હસ્નાકોલના શિલાલેખના અભ્યાસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ‘નાગરી’માંથી ધીમા રૂપાન્તર દ્વારા ‘બાંગ્લા’ લિપિ ઉદભવી.

આ લિપિમાં પણ 14 સ્વર અને 33 વ્યંજન છે. ‘બાંગ્લા’ લિપિની પૂરેપૂરી વર્ણમાલા હસ્રાકોલમાંથી પ્રાપ્ત થયેલ 12મા શતકમાં લખાયેલ એક જૈન તાંત્રિક લેખમાં પ્રાપ્ત થાય છે, જેમાં પ્રત્યેક વર્ણને અનુસ્વાર ઉપર જોડેલું છે. શ્રી ઓઝાએ આ સંપૂર્ણ વર્ણમાળા પોતાના ગ્રન્થના 35મા પટ્ટમાં અનુસ્વાર કાઢી નાખીને આપી છે. આ લિપિ બિહાર, બંગાળ (જેનો એક ભાગ હવે બાંગ્લાદેશ બની ગયો છે), મિથિલા ઓરિસા, આસામ અને નેપાલમાંથી મળેલા પુષ્કળ શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ અને હસ્તપ્રતોમાં જોવા મળે છે.

આ ‘બાંગ્લા’ લિપિમાંથી આજની ‘બાંગ્લા’, ‘મૈથિલી’, ‘ઊડિયા’ અને નેપાલની ‘નેવારી’ લિપિ (12મી સદી પછીની આ લિપિઓ) ઊભી થઈ.

## [8] દાક્ષિણાત્ય શૈલીની લિપિઓ

હવે આપણે દાક્ષિણાત્ય શૈલીની લિપિઓનો વિચાર કરવાનો આવે છે. આ પ્રકારની લિપિઓમાં ખાસ કરીને ‘ઘ’, ‘પ’, ‘ફ’, ‘ષ’ અને ‘સ’ એ પાંચ અક્ષરો તેમનાં પહેલાંનાં રૂપોની જેમ ઉપરના ભાગે ખુલ્લા છે. ‘લ’ની ઊભી લીટી ઉપરથી મોટા ભાગે ડાબી બાજુ વળીને પછી નીચે તરફ ફંટાય છે. ‘અ’, ‘આ’, ‘ઈ’, ‘ક’, ‘ઞ’ અને ‘ર’ની ઊભી લીટી ઉપરાન્ત ‘ઉ’, ‘ઊ’ તથા ‘ઋ’ની માત્રાઓનો નીચેનો ભાગ ડાબી બાજુ વળીને ઉપર તરફ વળાંક લે છે. સમય જતાં આ ઉપર તરફ વળાંક લેતો ભાગ આગળ લંબાય છે તે છેક શિરોરેખાને પણ સ્પર્શવા લાગ્યો. આને પરિણામે ‘અ’, ‘આ’, ‘ઈ’, ‘ક’, ‘ઞ’ અને ‘ર’ની આકૃતિઓ ‘તેલુગુ’ -‘કન્નડ’ તથા ‘ગ્રન્થ’ લિપિઓમાં તો પોતાના મૂળ સ્વરૂપથી સાવ જુદી પડી જાય છે.

દક્ષિણના લહિયાઓ પોતાનાં લખાણોને વધારે આકર્ષક બનાવવા માટે જ ઊભી તથા આડી લીટીઓને વળાંક આપવા લાગ્યા, જેને પરિણામે ઉપરની આડી લીટીઓની આકૃતિ કંઈક ‘’ આવી બની ગઈ છે અને નીચેની આડી લીટીઓનો દેખાવ ‘’ કંઈક આવો થઈ ગયો. એ જ રીતે ઊભી લીટીનો આકાર ‘’ આવો બની ગયો. કેટલીક વાર તો આવી નવી જ આકૃતિઓના આદિ, મધ્ય અને અન્તે ગાંઠો સંયોજેલી હોય છે !

આવી પરિસ્થિતિને કારણે અને વળી અસ્ખલિત તથા ત્વરિત રીતે લખવાને લીધે દક્ષિણની લિપિઓના અર્વાચીન અક્ષરો મૂળ ‘બ્રાહ્મી’ અક્ષરોથી તદ્દન અલગ પડી જાય છે.

## [9] પશ્ચિમી લિપિ : (પટ્ટ 24, 25)

‘પશ્ચિમી’ લિપિ દાક્ષિણાત્ય લિપિઓમાં પ્રથમ છે. તે પમાથી 9મા શતક સુધી પશ્ચિમ ભારતમાં – વિશેષતઃ ગુજરાત–સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્રનો કેટલોક ભાગ, આન્ધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં અને કેટલેક અંશે રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં ખાસ કરીને

5મા શતકમાં પ્રચલિત હતી.

ગુપ્ત રાજાઓ, વલભીના રાજાઓ, ભરૂચના ગુર્જર વંશના રાજાઓ, બદામી તથા ગુજરાતના ચૌલુક્ય રાજાઓ તેમજ ગુજરાતના ત્રૈકૂટક, રાષ્ટ્રકૂટ અને કલચુરિ રાજાઓના કેટલાયે શિલાલેખો તેમજ તામ્રપત્રોમાં તથા સામાન્ય જનસમાજનાં લખાણોમાં પણ આ પશ્ચિમી લિપિ જોવા મળે છે.

ઉત્તરની શૈલીની લિપિઓના પડોશમાં જ હોવાથી તે તેમનાથી સારા પ્રમાણમાં પ્રભાવિત થયેલી છે.

## [10] 'મધ્યપ્રદેશી' લિપિ : (પટ્ટ 26)

દાક્ષિણાત્ય શૈલીની લિપિઓમાં 'મધ્યપ્રદેશી' બીજા ક્રમે આવે છે. 5મા શતકથી આશરે 9મા શતક સુધીના ગાળામાં મધ્યપ્રદેશ, બુંદેલખંડ, આન્ધ્ર પ્રદેશનો ઉત્તરીય ભાગ તથા કર્ણાટકનો કેટલોક ભાગ – આ પ્રદેશોમાં તે પ્રચારમાં હતી. ગુપ્ત રાજાઓ, વાકાટક રાજાઓ, શરભપુરના રાજાઓ, મહાકોસલના કેટલાક સોમવંશીય રાજાઓ તથા કેટલાક કદમ્બ વંશના રાજાઓનાં તામ્રપત્રો તેમજ શિલાલેખોમાં આ લિપિનાં દર્શન થાય છે. આ લિપિમાં તામ્રપત્રો વધારે મળે છે; શિલાલેખો તો જૂજ છે અને તેય બહુ ટૂંકા.

આ લિપિના અક્ષરોની લંબાઈ વધારે છે પણ પહોળાઈ ઓછી છે. તેની શિરોરેખાઓ બહુધા ચોરસ અને પેટી આકારની ઘણુંખરું અંદરથી ખાલી અને ભાગ્યે જ ભરેલી હોય છે. સામાન્યતઃ શિરોરેખાઓનો આકાર સમકોણ ચોરસ હોય છે, એટલે કે આડી અને ઊભી રેખાઓથી બનેલ હોય છે, વર્તુલાકાર નહિ. આ ખાસિયતને કારણે સામાન્ય વાચકને તો આ લિપિના અક્ષરો તદ્દન જુદા જ લાગે છે. પરન્તુ આ બે ખાસિયતો સિવાય તો આ લિપિ ઘણી બાબતોમાં 'પશ્ચિમી' લિપિને મળતી જ છે. એના ઉપર પણ ઉત્તરની શૈલીનો સારો એવો પ્રભાવ પડેલો છે.

## [11] તેલુગુ-કન્નડ લિપિ : (પટ્ટ 27, 28)

દક્ષિણ ભારતમાં 5 (પાંચ) દ્રવિડ ભાષાઓ છે જે 'પંચ દ્રાવિડભાષા' તરીકે ઓળખાય છે. આ પાંચ ભાષાઓનાં નામ છે તમિળ, તેલુગુ, મલયાળમ, કન્નડ અને તુળુ. આમાંથી તુળુ સિવાયની બાકીની ચાર ભાષાઓને તેમની પોતાની લિપિઓ છે, જ્યારે તુળુ તો કન્નડ ભાષાની બોલી જ છે. તેલુગુ ભાષામાં બધા શબ્દો સ્વરાન્ત હોવાથી તે સંગીત માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ છે.

'તેલુગુ' લિપિ વૈજ્ઞાનિક અને સંપૂર્ણ છે. તેમાં એકેએક ધ્વનિ માટે અલગ અલગ વર્ણ છે તેથી તેમાં કુલ 56 વર્ણો છે. 'એ' અને 'ઓ' એ બંને સ્વરનાં હ્રસ્વ અને દીર્ઘ એમ બે સ્વરૂપ છે. અર્ધાનુસ્વાર માટે પણ અલગ સંજ્ઞા છે. 'ર' પણ બે

પ્રકારનો છે. પહેલા ‘ર’ને ‘રેફ’ કહે છે, જ્યારે બીજા ‘ર.’ને ‘શકટરેફ’ નામ અપાયું છે. ‘ચ’ અને ‘જ’ એ બે વ્યંજનોના ઉચ્ચાર પણ મરાઠીની જેમ બે પ્રકારના છે–એક દન્ત્ય અને બીજો તાલવ્ય.

છેક 7મા શતક સુધી તો ‘તેલુગુ’ લિપિ ‘બ્રાહ્મી’ જેવી જ હતી. ત્યાર પછી 7મા શતકના મધ્ય ભાગથી તેમાં પરિવર્તનો આવવા લાગ્યાં. આ લિપિ ઠીક ઠીક લાંબા સમય સુધી પ્રચારમાં રહી – 5મી સદીથી તે છેક આશરે 14મી સદી સુધી. તેનું પ્રચલન ખાસ કરીને આન્ધ્રપ્રદેશ અને કર્ણાટકમાં રહ્યું.

‘તેલુગુ’ લિપિ અને ‘કન્નડ’ લિપિમાં ઘણું સામ્ય છે. 13મી સદી પહેલાંના એક તેલુગુ શિલાલેખ દ્વારા જાણવા મળે છે કે ત્યાર સુધી અર્થાત્ 13મા શતક સુધી તો ‘તેલુગુ’ અને ‘કન્નડ’ એ એક જ લિપિ હતી. 13મા શતકમાં તે બંને લિપિઓ જુદી થઈ એવું જણાય છે.

‘કન્નડ’ લિપિમાં ‘તેલુગુ’ના ‘એ’ અને ‘ઓ’નાં બે સ્વરૂપો ઉપરાન્ત ‘લ’ પણ બે છે જેમાં એક મૂર્ધન્ય ઉમેરાય છે. જૂની ‘કન્નડ’ લિપિમાં ‘ર’ તથા ‘લ’ બંનેનું એક વધારાનું મૂર્ધન્ય સ્વરૂપ હતું (જેમાં ‘લ’નું મૂર્ધન્ય રૂપ ‘ળ’), પરન્તુ આ વધારાનું સ્વરૂપ નવી ‘કન્નડ’માં અદશ્ય થઈ ગયું. ‘કન્નડ’ લિપિના જૂના મૂળાક્ષરો 47 હતા, જ્યારે અર્વાચીન ‘કન્નડ’માં 52 (બાવન) છે. અર્વાચીન ‘કન્નડ’ ‘દેવનાગરી’થી ભિન્ન જણાય છે, પરન્તુ એ ભિન્નતા લખવામાં જ છે; એ બંનેના ધ્વનિમાં એવી ભિન્નતા નથી.

સમય જતાં વળાંકો વધ્યા અને લખાણમાં પણ ઉતાવળ પ્રવેશી, આને પરિણામે કેટલાક અક્ષરો આજની ‘તેલુગુ’ અને ‘કન્નડ’ લિપિઓ તરફ ઢળવા લાગ્યા.

આ 11મી સદીની આસપાસમાં બન્યું અને આશરે 14મા શતકમાં વળી વધારે ને વધારે એ તરફનો ઝોક થયો. તે પછી વળી વધારે ફેરફારો થતાં આજની ‘તેલુગુ’ અને ‘કન્નડ’ લિપિઓ અસ્તિત્વમાં આવી, જોકે આ બન્ને લિપિઓ આજે પણ પરસ્પરમાં ખૂબ જ સામ્ય ધરાવે છે.

‘તેલુગુ’ લિપિમાં લખાયેલા ઘણા શિલાલેખો સંસ્કૃત ભાષાના છે અને બીજા પણ કેટલાયે તેલુગુ ભાષાના છે.

પલ્લવ, કદમ્બ, પાશ્ચાત્ય તથા પૌરસ્ત્ય ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, ગંગા તેમજ કાકટીય વંશના રાજાઓના તથા કેટલાયે સામન્ત કુટુંબોના લેખો અને તામ્રપત્રોમાં તેમજ સામાન્ય પ્રજાજનોનાં લખાણોમાં પણ આ બંને લિપિઓ વપરાઈ છે. આ બંને લિપિઓનાં આ લખાણો હજારોની સંખ્યામાં મળે છે, જે ‘એપિગ્રાફિયા ઇંડિકા’, ‘એપિગ્રાફિયા કર્ણાટિકા’ અને ‘ઇંડિયન ઍન્ટિક્વરી’ જેવા કેટલાય પ્રાચીન સંશોધનોના ગ્રન્થોમાં પ્રકાશિત થયાં છે.

ચાલુક્ય વંશના રાજા પુલકેશી દ્વિતીયનું શક સંવત્ 534 (આશરે ઈ. સ. 612)નું તામ્રપત્ર હૈદરાબાદમાંથી શોધાયેલું છે, જે 'ल' અક્ષર પ્રથમ વાર દર્શાવે છે. આ 'ल' દક્ષિણ ભારતની ભાષાઓમાં પ્રચલિત છે. એ જ પ્રમાણે, કડવ નામના ગામમાંથી મળેલ રાષ્ટ્રકૂટ વંશના રાજા પ્રભૂતવર્ષ અર્થાત્ ગોવિન્દરાજ તૃતીયના શક સં. 735 (આશરે ઈ.સ. 813)ના તામ્રપત્રમાં ઋગ્વેદના 'ळ्ह'ના પ્રતિનિધિરૂપ 'ळ्' પ્રથમ વાર મળે છે. આ 'ळ'ની મધ્યમાં આડી રેખા ઉમેરવાથી દક્ષિણની લિપિઓમાંનો 'ल' બની જતો જણાય છે !

13મા શતકના મંચના નામના એક તેલુગુ કવિએ 'તેલુગુ' લિપિને 'આન્ધ્રલિપિ' કહી છે.

## [12] 'ગ્રન્થ' લિપિ : (પટ્ટ 29, 30)

'ગ્રન્થ' પણ દાક્ષિણાત્ય શૈલીની લિપિ છે. તે 7મા શતકથી આશરે 15મા શતક સુધી વિશેષતઃ તમિળનાડુમાં પ્રચલિત હતી એમ સમજાય છે. કેટલાંયે પરિવર્તનો પછી તેમાંથી અર્વાચીન 'ગ્રન્થ' લિપિ ઉદભવી અને તેમાંથી વળી આજની 'મલયાળમ્' તથા 'તુળુ' લિપિઓ ઊભી થઈ.

'તમિળ' લિપિમાં પૂરતા વર્ણો ન હોવાથી સંસ્કૃત ગ્રન્થો તેમાં લખી શકાતા નથી. આથી જ્યાં 'તમિળ' લિપિ વપરાય છે એવા પ્રદેશોમાં સંસ્કૃત ગ્રન્થો આ 'ગ્રન્થ' લિપિમાં લખાય છે. તે લિપિની રચના ખાસ સંસ્કૃત ગ્રન્થો લખવા માટે જ થઈ છે. તેથી જ તેનું નામ 'ગ્રન્થ' યથાર્થ છે.

શરૂઆતમાં તો આ લિપિ 'તેલુગુ-કન્નડ'ને મળતી લિપિ હતી, પણ પછીથી તે તેનાથી તદ્દન જુદી જ થઈ ગઈ; કેમ કે અસ્ખલિત અટક્યા વિનાનું લેખન તથા ઊભી અને આડી રેખાઓના વધારે ને વધારે વળાંકો અને તેમાં વળી પ્રારંભે, મધ્યમાં અને અન્તે મુકાતી ગ્રંથિઓ – આ બધાંએ લિપિને તદ્દન નવો જ આકાર આપ્યો.

પલ્લવ, પાંડ્ય અને ચોલ રાજાઓ, વેંગીના પૌરસ્ત્ય ચાલુક્ય રાજા રાજેન્દ્રચોડના વંશજો, ગંગા અને બાણ વંશોના રાજવીઓ, વિજયનગરના યાદવ રાજાઓ વગેરેનાં લેખો તથા તામ્રપત્રોમાં આ લિપિનો ઉપયોગ થયેલો છે.

## [13] 'કલિંગ' લિપિ : (પટ્ટ 31, 32)

પ્રાચીન કલિંગ અર્થાત્ આજના ઓરિસામાં 7માથી 11મા શતક સુધી અને તે પછી પણ આ 'કલિંગ' લિપિ પ્રચલિત હતી.

તે 'મધ્યપ્રદેશી' લિપિને મળતી આવે છે. તેના અક્ષરોની શિરોરેખાઓ પેટી આકારની, અંદરથી ભરેલી અને કાટખૂણાવાળી હોય છે. પછીના સમયમાં

કોતરાયેલ તામ્રપત્રોમાં તો અક્ષરો ગોળાકાર બની ગયા, એટલું જ નહિ, પણ ‘નાગરી’, ‘તેલુગુ-કન્નડ’, ‘પશ્ચિમી’ અને ‘ગ્રન્થ’ લિપિઓનો શંભુમેળો થયો છે એવું સ્પષ્ટ જણાય છે.

શરૂઆતમાં તાડપત્ર ઉપર લોઢાની કલમ ‘સ્ટાઇલસ : Stylus’ દ્વારા લખવામાં એટલે કે કોતરવામાં આવતું –કોતરીને જ લખાતું. હવે જો એ સંજોગોમાં અક્ષરોની શિરોરેખા સીધી લીટીમાં હોય, તો તો તાડપત્રો ફાટી જ જાય. આવું ન બને એટલા માટે શિરોરેખાઓ સીધીને બદલે વર્તુલાકાર રાખવાનું શરૂ કરવામાં આવ્યું હોય એવી પૂરી સંભાવના છે. પછી તો સમય જતાં આ ગોળાકાર શિરોરેખાઓ અક્ષરના મુખ્ય ભાગે રોકેલી જગાથી પણ બહાર સુધી વિસ્તરવા લાગી !

આ ‘કલિંગ’ લિપિમાંથી ઓરિસાની ‘ઊડિયા’ લિપિ ઉદભવી.

ગંગા વંશના રાજાઓનાં તામ્રપત્રો ‘કલિંગ’ લિપિમાં કોતરાયેલાં છે. આમાંનું પ્રથમ તામ્રપત્ર છે પૌરસ્ત્ય ગંગા વંશના રાજા દેવેન્દ્રવર્માનું ગાંગેય સંવત્ 87નું. વજહસ્ત રાજાના પર્લાકિમેડી તામ્રપત્રનો લહિયો કે કોતરનારો ઉત્તરની તેમજ દક્ષિણની લિપિઓના પોતાના જ્ઞાનને પ્રદર્શિત કરતો હોય એવું જણાય છે !

## [14] ’તમિળ’ લિપિ : (પટ્ટ 33, 34)

‘તમિળ’ લિપિ ‘બ્રાહ્મી’ લિપિની દાક્ષિણાત્ય શૈલીમાંથી છેક 7મા શતકમાં વિકસી છે. તેનાં બે સ્વરૂપો છે : (1) ‘કોળ એળુત્તુ’ અને (2) ‘વટ્ટેળુત્તુ’. ‘કોળ’ એટલે ‘લાકડી’ અને ‘વટ્ટુ’ એટલે ‘વર્તુલ’.

### (1) ‘કોળ એળુત્તુ તમિળ’ લિપિ :

જેમાં રેખાઓ લાકડી જેવી સીધી હોય છે તે લિપિ ‘કોળ એળુત્તુ’ લિપિ કહેવાય છે. પથ્થર ઉપર કોતરવા માટે ખાસ આ લિપિ બનાવાઈ લાગે છે; કેમ કે પથ્થર ઉપર કોતરવા માટે ગોળાકાર વળાંકો અનુકૂળ નથી. એના કરતાં સીધી રેખાઓ કોતરવી વધારે સરળ પડે છે. ‘ગ્રન્થ’ અને ‘મલયાળમ્’ લિપિઓ સાથે આ લિપિને ગાઢ સંબંધ છે. ચોલ તથા પલ્લવ રાજાઓએ તેને પ્રોત્સાહન આપ્યું જણાય છે.

### (2) ‘વટ્ટેળુત્તુ તમિળ’ લિપિ :

‘તમિળ’ લિપિનો આ બીજો પ્રકાર ગોળાકાર વળાંકોની લિપિનો છે અને એ રીતે તે મહારાષ્ટ્રની ‘મોડી’ લિપિને મળતી આવે છે. આ ‘વટ્ટેળુત્તુ’ લિપિ તાડપત્રો ઉપર લોખંડની કલમ ‘સ્ટાઇલસ’થી લખવા માટે ખાસ રચાઈ હોય એમ લાગે છે. જો સ્ટાઇલસથી તાડપત્રો ઉપર સીધી રેખાનું લખાણ કરાય તો તાડપત્રો તૂટી જાય, ચિરાઈ જાય. આથી આવા લખાણ માટે ખાસ આ ગોળ વળાંકોની લિપિ

રચાઈ લાગે છે ! ચેર અને પાંડ્ય રાજાઓએ તેને પ્રોત્સાહન આપ્યું જણાય છે. આ લિપિમાં લખાયેલી પુષ્કળ હસ્તપ્રતો પ્રાપ્ત થઈ છે.

'તમિળ' લિપિ એક વિશિષ્ટ પ્રકારની લિપિ છે. તેમાં 'અ'થી 'ઔ' સુધીના સ્વરો તો છે જ નહિ અને માત્ર નીચે પ્રમાણે 18 વ્યંજનો જ છે !

'ક', 'ઙ', 'ચ', 'ઞ', 'ટ', 'ણ', 'ત', 'ન', 'પ', 'મ', 'ય', 'ર', 'લ', 'વ', 'ળ', 'ળ઼', 'ર઼' અને 'ણ઼'. આ રીતે એ લિપિમાં દરેક વર્ગનો પહેલો અને છેલ્લો વ્યંજન, પહેલા પાંચ અન્તઃસ્થો તથા વધારાના 'ળ઼', 'ર઼' અને 'ણ઼' –આમાંના છેલ્લા ચાર સંસ્કૃતની વર્ણમાળામાં છે જ નહિ. આમ 'તમિળ'માં સંસ્કૃત ભાષાના 14 અક્ષરો જ છે. તમિળ ભાષામાં પાંચ વર્ગોના ત્રીજા વર્ણનાં તેમજ 'શ'નાં ઉચ્ચારણો છે, પરન્તુ 'તમિળ' લિપિમાં એ દર્શાવતાં કોઈ ચિહનો કે પ્રતીકો છે જ નહિ ! દરેક વર્ગના પ્રથમ વ્યંજને તેના વર્ગના ત્રીજા વ્યંજનનો પણ નિર્દેશ કરવાનો હોય છે ! અને તેને માટે ખાસ નિયમો છે ! તેમાં જોડાક્ષરો પણ નથી, તેથી જે વ્યંજનોને જોડવાના હોય છે તેને એકબીજાની પાસે જ લખવાના રહે છે. ઘણાં લખાણોમાં તો હલન્ત વ્યંજનો અને સ્વર સાથે જોડાયેલા વ્યંજનો વચ્ચે કોઈ ભેદ જ દેખાતો નથી. કોઈક વાર એ બે વચ્ચેનો તફાવત દર્શાવવા માટે પહેલા વ્યંજનના ઉપર એક ટપકું અથવા એક વક્ર કે ત્રાંસી રેખા મૂકીને દર્શાવવામાં આવે છે કે તે વ્યંજન હલન્ત છે. સર્વત્ર અનુસ્વારને બદલે અનુનાસિક જ લખાય છે.

વ્યંજનો પૂરતા ન હોવાથી આ તમિળ લિપિ સંસ્કૃત ભાષાના લખાણ માટે અયોગ્ય ઠરે છે. આથી જ આ પ્રદેશમાં સંસ્કૃત ગ્રન્થો લખવા માટે નવી લિપિ બનાવવી પડી છે, જેને આગળ જોયું તેમ, 'ગ્રન્થ' લિપિ એવું નામ અપાયું છે !

સમયના વહન સાથે, બીજી લિપિઓમાં બને છે તેમ, ફેરફારો થતાં થતાં અર્વાચીન તમિળ લિપિના કેટલાક અક્ષરો બની ગયા છે. આ નવું સ્વરૂપ પ્રથમ દસમા શતક સુધીમાં ઊભું થયું અને તે પછી બીજા કેટલાક વ્યંજનોનાં નવાં સ્વરૂપો પણ 14મા શતક સુધીમાં ઉદભવ્યાં.

કોટ્ટાયમમાંથી પ્રાપ્ત થયેલા વીરરાઘવના એક તામ્રપત્રમાં 'એ' અને 'ઓ'નાં હ્રસ્વ અને દીર્ઘ એવાં બે સ્વરૂપો જોવા મળે છે. આ તામ્રપત્ર આશરે 14મા શતકનું હોવાનું માનવામાં આવે છે. આવો તફાવત તે પહેલાં ન તો 'તમિળ' લિપિમાં કે ન 'તેલુગુ-કન્નડ'માં કે ન 'ગ્રન્થ' લિપિમાં જોવા મળે છે. આથી એવું અનુમાન કરી શકાય કે આવો હ્રસ્વદીર્ઘનો તફાવત આશરે 14મા શતકમાં 'તમિળ' લિપિમાં શરૂ થયો અને ત્યાર બાદ જ, 'તમિળ'ના અનુકરણમાં, બીજી દક્ષિણ ભારતીય લિપિઓમાં પણ એ પ્રવેશ્યો.

❐

# 3. ભારતીય અંકો

અંકો વાસ્તવિક રીતે લિપિનો જ એક અંશ ગણાય. આથી હવે આપણા અંકોનો પરિચય મેળવીએ.

## 1. બીજા દેશોના અંકો :

પ્રાચીન મિસર (ઇજિપ્ત)માં 1, 10 અને 100 એ ત્રણનાં જ ચિહનો હતાં. આ ત્રણ અંકોને અનેક વાર પ્રયોજી ત્યાંના લોકો 999ના અંક સુધી જ આગળ વધી શક્યા. પછી 1000 સૂચવતું એક ચિત્ર યોજાયું; બીજું વળી 10,000 માટે યોજાયું. 1,00,000 દર્શાવવા માટે ઘેટાનું ચિત્ર તથા 10,00,000 સૂચવવા માટે હાથ પહોળા કરેલા માણસની આકૃતિ યોજાઈ. ફિનિશિયનો પાસે 20ના અંકને દર્શાવવા માટેનું ચિહન હતું જેથી 10ના પ્રતીકનું પુનરાવર્તન કરવાની જરૂર રહે નહિ. બાદમાં સરળતા ખાતર તેમણે થોડા ફેરફારો કર્યા. 1થી 9 સુધીના એકમોને માટે તેમણે નવાં પ્રતીકો યોજ્યાં. નવ દશકો (10થી 90) માટે બીજાં નવ પ્રતીકો રાખ્યાં અને 100 અને 1000 માટે વળી બે અલગ ચિહનો ઉમેર્યાં. આ નવા માળખાને તેઓ ‘હાયરેટિક (Hieretic)’ કહેવા લાગ્યા. આ ‘હાયરેટિક’માંથી જ ‘ડિમોટિક (Demotic)’ પદ્ધતિ ઊભી થઈ છે અને એ બે વચ્ચે કોઈ ખાસ તફાવત નથી.

## 2. ભારતના બ્રાહ્મી અંકો : (પટ્ટ 35, 36, 37, 38, 38 અ)

### આંકડા :

પ્રાચીન ભારતમાં પણ સંખ્યાદર્શક માત્ર 20 ચિહનો હતાં : 1થી 9 અંકોનાં નવ ચિહનો + 10, 20 આદિ 90 સુધીના દશક અંકો માટેનાં નવ + 100ની સંખ્યા સૂચવતું એક અને 1000ની સંખ્યા દર્શાવનાર એક ચિહનો. આ 20 ચિહનોની મદદથી 99999 સુધીની ગણતરી થઈ શકતી. લાખ, કરોડ વગેરે દર્શાવનાર કોઈ ચિહનો ન હતાં. આ સર્વ ચિહનો પોતપોતાનાં નિશ્ચિત મૂલ્ય જ સૂચવતાં.

સંખ્યાક્રમની આ ગૂંચ અને અપૂર્ણતાને કારણે આગળની ગણતરીનો વિકાસ અટકી જતો હતો.

11થી 99 સુધીની સંખ્યા આ રીતે લખતા : પહેલાં દશકનું ચિહન લખી તેની જમણી બાજુએ એકમનું ચિહન લખાતું. દા. ત., 15ની સંખ્યા દર્શાવવા માટે પહેલાં '10'નું ચિહન લખીને તેની જમણી બાજુએ '૫'નું પ્રતીક મૂકતા : 'αh' . તે જ પ્રમાણે '93'ની સંખ્યા લખવામાં પ્રથમ '90'નું ચિહન મૂકીને તેની જમણી બાજુએ '3'નું ચિહન લખાતું : '⊕≡'. '200'ની સંખ્યા દર્શાવવા માટે પહેલાં '100' દર્શાવતું પ્રતીક લખીને '1' સૂચવનાર આડી લીટી તેને જમણી બાજુએ સ્પર્શે એ રીતે મૂકતા : 'स'. આ આડી લીટી તેને ઉપરના ભાગે, વચ્ચે કે નીચેના ભાગે સ્પર્શતી દોરાતી. તે શરૂઆતમાં તો સીધી જ રહેતી પણ સમય જતાં ત્રાંસી બની અને વાંકી પણ બની ગઈ.

બ્રાહ્મી લિપિમાં '1', '2' અને '3'ની સંખ્યા દર્શાવવા માટે એક, બે કે ત્રણ આડી લીટી દોરાતી જે નાની અને ક્વચિત્ સહેજ મોટી થતી, જે સમય જતાં સહેજ ત્રાંસી અને પછી તો વાંકી પણ બની જતી. આ રીતે '100'ના પ્રતીકની પાસે એક લીટી દોરતાં '200'ની સંખ્યા સૂચવાય, બે લીટીથી '300'ની સંખ્યા થાય, વગેરે. એ જ પદ્ધતિએ '955'ની સંખ્યા લખવા માટે પહેલાં '900'નું ચિહન મૂકીને તેની જમણી બાજુએ '50'નું પ્રતીક અને છેલ્લે '૫'નું ચિહન મુકાતું : 'उध h'. આવી સંખ્યામાં દશકનો આંકડો ન હોય ત્યારે શતકનું ચિહન મૂકીને તેની જમણી બાજુએ તરત જ એકમનું ચિહન મુકાતું. જેમ કે '507' લખવા માટે '500 + 7' લખાતું : 'h7'.

1, 2 અને 3 દર્શાવતી એક, બે અને ત્રણ આડી લીટીઓના અનુસંધાનમાં એ નોંધવું રસપ્રદ થશે કે ભારતમાં જ્યારે અંગ્રેજ સરકારનું શાસન હતું ત્યારે અને તે પછી પણ દશાંશ પદ્ધતિ અપનાવાઈ ત્યાં સુધી રૂપિયા, આના અને પાઈનું ચલણ હતું. તેમાં 12 પાઈ = 1 આનો અને 16 આના = 1 રૂપિયો થતો. તે વખતે વેપારીઓ પોતાના હિસાબના ચોપડામાં એક, બે અને ત્રણ આનાનો નિર્દેશ રૂપિયાના આંકડાની જમણી બાજુએ એક, બે અને ત્રણ આડી નાની લીટીથી કરતા. ચાર આના એટલે પા રૂપિયા, જે હકીકતને રૂપિયાના આંકડા અને આનાના આંકડાની વચ્ચે ઊભી લીટી દ્વારા વ્યક્ત કરતા. દા. ત., ૭ રૂપિયા અને ૭ આના દર્શાવતો આંકડો આ પ્રમાણે લખાતો : '૬।='.

સમય જતાં સીધી આડી લીટીએ વક્રતા ધારણ કરી. આ વાંકી આડી લીટીઓમાંથી આજની નાગરી (= દેવનાગરી) લિપિના '1', '2' અને '3'ના આંકડા બની ગયા. વધારે ચોકસાઈપૂર્વક કહીએ તો નાગરીના અંકો '2' અને '3' બ્રાહ્મીના '2' અને '3'ની આ વાંકી થઈ ગયેલી આડી લીટીઓ જોડાઈ જતાં બન્યા છે.

બ્રાહ્મી લિપિમાં 2000નો અંક 1000ના ચિહ્નને જમણી બાજુએ અડતી નાની આડી લીટી દ્વારા દર્શાવાતો, જેમાં આ આડી લીટી સામાન્ય રીતે સીધી પણ કોઈક વાર નીચે તરફ સહેજ વળેલી રહેતી : 'F'. શ્રી ઓઝાએ પોતાના અમૂલ્ય ગ્રન્થના પટ્ટ 71થી 75માં જુદા જુદા સમયે લખાતા આંકડાઓ આપેલા છે. તેઓ એ અંગે સ્પષ્ટતા કરે છે કે 1થી 1000ની સંખ્યાઓ દર્શાવતાં ચિહ્નો એ વર્ણો કે અક્ષરો નહિ પણ અંકો જ હતા અને તે પદ્ધતિ પ્રથમથી જ અપનાવાયેલી હતી. હા, કોઈક વાર આ આંકડા અકસ્માત્ કોઈ વર્ણના જેવા બની ગયા હોય ! કેટલીક વાર આ અંકોને શિરોરેખા અપાતી, જેને કારણે તે વર્ણ જેવા જણાતા. પછીથી કેટલાક લેખકો અને વિશેષતઃ તો હસ્તપ્રતો તૈયાર કરનારા લહિયાઓએ અંકોને શિરોરેખાઓ સાથે લખતાં વર્ણોનો આકાર આપી દીધો. દા. ત., મહાનામન્ રાજાના બુદ્ધગયામાંથી મળેલા લેખો, નેપાલમાંથી પ્રાપ્ત કેટલાંક લખાણો અને પ્રતિહાર રાજાઓનાં તામ્રપત્રો. આમ છતાં 1, 2, 3, 50, 80 અને 90ના અંકો આ બદલાયેલી પરિસ્થિતિમાંયે પોતાના મૂળ આકારને વળગી રહ્યા છે અને કોઈ વર્ણોમાં પરિવર્તિત થયા નથી.

શિલાલેખો અને તામ્રપત્રોમાં લખાણ કોતરનારા કલાકારો પોતાના જ્ઞાન અનુસાર લખતા. એથી ઊલટું, હસ્તપ્રતો તૈયાર કરનાર લહિયાઓને તો મૂળમાં હોય તે બધાને ઉતારવાનું હોય છે. આથી જ્યારે કોઈ અક્ષર કે આંકડો ઊકલે નહિ કે સમજાય નહિ ત્યારે પોતાના લખાણમાં ભૂલો કરી બેસે. આને કારણે આવી રીતે ઉતારેલી હસ્તપ્રતોમાં આંકડા દર્શાવનારા વર્ણો-અક્ષરો વધારે પ્રમાણમાં જોવા મળે છે અને તેમાં અશુદ્ધિઓ વધારે જણાય છે. શ્રી ઓઝાએ તેમના ઉક્ત ગ્રંથના પૃ. 107-108 ઉપર આંકડા માટે લખાયેલા આવા અક્ષરોની સૂચિ આપી છે. '20'ના અંકને ખોટી રીતે ઉકેલવાનો દાખલો નમૂનારૂપ છે : '20'ના અંકનું સ્વરૂપ 'थ'ને મળતું આવતું હતું અને આ 'थ' પછીથી 'घ' જેવો થઈ ગયો; કેમ કે લહિયાઓએ 'थ'ને 'घ' તરીકે વાંચ્યો અને વળી 'घ'ને 'प्व' અને 'प' પણ ગણી લીધો !

'1', '2' અને '3'ના અંકો માટે 'ए', 'द्वि' અને 'त्रि' લખાતા, જે આ આંકડાઓને વ્યક્ત કરનાર સંસ્કૃત શબ્દોના પ્રથમાક્ષરો છે. વળી કોઈ પણ લખાણનો પ્રારંભ 'स्वस्तिश्री'થી થતો હોઈ એકડા, બગડા અને ત્રગડા માટે અનુક્રમે 'स्व', 'स्ति' અને 'श्री' લખાતાં. આ ઉપરાન્ત મંગલ તેમજ દેવતાને નમસ્કાર માટે પ્રારંભે 'ओं नमः' લખાતું હોવાથી આ ત્રણ આંકડા માટે અનુક્રમે 'ओं', 'न' અને 'मः' પણ લખાતા. આ પરિસ્થિતિથી એ સ્પષ્ટ થાય છે કે આંકડા માટે યોજાયેલા આ અક્ષરો એ કોઈ પ્રાચીન વર્ણમાળાના વર્ણોનાં સ્વરૂપો નથી પરન્તુ તે તો પાછળના લહિયાઓની કલ્પનામાંથી જ નિષ્પન્ન થયેલા છે !

## (અ) આંકડા માટે યોજાયેલા શબ્દો :

વૈદિક સાહિત્યમાં એવો નિર્દેશ થયેલો છે કે વેદના મંત્રોનાં ખોટાં ઉચ્ચારણો અને સ્વરો (accents) યજ્ઞના યજમાનનો નાશ નોતરે છે. આથી વેદોને સાચા અને ચોકસાઈપૂર્વકના સ્વરો સાથે કંઠસ્થ કરવામાં આવતા. પરિણામે સઘળા મંત્રો બ્રાહ્મણોએ મોઢે કરેલા જ રહેતા. બીજાં શાસ્ત્રોમાં પણ કંઠસ્થ કરવાની આ પ્રથા અનુસરવામાં આવી હતી. આના પરિણામે જ્ઞાનની વિવિધ શાખાઓમાં સૂત્ર-ગ્રન્થો રચાયા. 'સૂત્ર' એટલે અતિ સંક્ષિપ્ત માર્મિક વાક્ય. આવાં 'સૂત્રો' મોઢે કરવામાં, કંઠસ્થ કરવામાં સરળ પડે. આ જ રીતે ગદ્ય કરતાં પદ્ય સરળતાથી કંઠસ્થ થઈ શકે. આથી જ્યોતિષ, ગણિત, આયુર્વેદ, ઔદ્યોગિક કલાશાસ્ત્ર (Technology) વગેરેના ગ્રન્થો પદ્યમાં જ રચાયા. અરે ! શબ્દકોશો પણ છન્દોબદ્ધ પદ્યમાં છે ! હવે જ્યોતિષ અને ગણિતમાં તો લાંબી લાંબી સંખ્યાઓ આવે, જેને પદ્યમાં મૂકવાનું અઘરું થાય. સંભવતઃ આ કારણે જ આ શાસ્ત્રોના આચાર્યોએ અમુક સંખ્યાઓ માટે સાંકેતિક શબ્દો સ્વીકાર્યા. આ સાંકેતિક શબ્દો તેમણે માનવશરીરના અવયવો, છન્દોના દરેક ચરણમાં આવતી અક્ષરોની સંખ્યા, દેવતાઓ, ગ્રહો, નક્ષત્રો વગેરેમાંથી કલ્પ્યા. કેટલીક વસ્તુઓની નિશ્ચિત સંખ્યાઓએ પણ આવા શબ્દ આપ્યા. દરેક નામને માટે અનેક શબ્દો સંસ્કૃતમાં યોજાતા હોય છે. આથી દરેક સંખ્યા દર્શાવવા માટે અનેક શબ્દો ઉપલબ્ધ હતા. દા. ત., '0' (શૂન્ય) દર્શાવવા માટે 'આકાશ'ના અર્થમાં યોજાતો કોઈ પણ શબ્દ મૂકી શકાય : 'શૂન્ય', 'ગગન', 'ખ', 'આકાશ', 'અમ્બર', 'અભ્ર' વગેરેમાંથી કોઈ પણ શબ્દ યોજી શકાય. વળી શૂન્ય એ પૂર્ણવર્તુલ હોઈ તે 'પૂર્ણ' છે. તે 'કાણું' હોઈ 'રન્ધ્ર' અને તેના પર્યાયોમાંથી કોઈ પણ '0' માટે વપરાય. 'ચન્દ્ર' એક જ છે, 'પૃથ્વી' પણ એક જ છે, 'બ્રહ્મા' પણ એક છે. સંખ્યાઓમાં પ્રથમ અંક છે 'એક' (1). આથી ચન્દ્ર, પૃથ્વી અને બ્રહ્મા માટે યોજાતી કોઈ પણ સંજ્ઞા એકડો ('1') સૂચવે છે. એ જ રીતે બગડો ('2') સૂચવવા માટે સંખ્યા 'બે'નો અર્થ આપનાર કોઈ પણ શબ્દ યોજાય. આંખો બે હોવાથી 'નેત્ર' અને તેના પર્યાયોમાંથી કોઈ યોજાય. અશ્વિનીકુમાર દેવો બે હોય છે, તેથી 'अश्विनौ' અને એ અર્થના શબ્દો યોજાય. દાંત 32 હોય છે, તેથી '32'ની સંખ્યા દર્શાવવા 'दन्त' અને એ અર્થના શબ્દોમાંથી કોઈને પ્રયોજાય. ગાયત્રીમંત્રના 24 અક્ષર હોય છે તેથી 'गायत्री' શબ્દ '24'નો આંકડો દર્શાવે. યુગો 4 છે. આથી 'युग' શબ્દનો અર્થ થાય '4'. સમુદ્રો સાત ગણાય છે; તેથી તે અર્થના સર્વ શબ્દો '7'ના અંકના સૂચક ગણાય. આમ આંકડાઓ માટે શબ્દો યોજાવા લાગ્યા.

આ પ્રથા બહુ પ્રાચીન છે, કેમ કે વૈદિક સાહિત્યમાં પણ તેનો ઉપયોગ થયેલો છે. દા. ત., 'શતપથ બ્રાહ્મણ' (13.3.2.1) તથા 'તૈત્તિરીય બ્રાહ્મણ' (1.5.11.1)માં 'कृत' શબ્દ '4'ના અર્થમાં પ્રયોજાયો છે. એ જ રીતે 'કાત્યાયન શ્રૌતસૂત્ર' (વેબરની

આવૃત્તિ પૃ. 1015) અને 'લાટ્યાયન શ્રૌતસૂત્ર' (9.4.31) '24'ના અંક માટે 'गायत्री' શબ્દ અને '48' માટે 'जगती' શબ્દ યોજે છે. 'વેદાંગ જ્યોતિષ' '1' માટે 'रूप', '4' માટે 'अय', '8' માટે 'गुण', '12' માટે 'युग' અને '27' માટે 'भसमूह' યોજે છે.

પિંગલનું 'છન્દઃસૂત્ર', 'મૂલપુલિશસિદ્ધાન્ત', વરાહમિહિરનું 'પંચસિદ્ધાન્તિકા' (ઈ. સ. 505), બ્રહ્મગુપ્તનું 'બ્રહ્મસ્ફુટ સિદ્ધાન્ત' (ઈ. સ. 628), લલ્લકૃત 'શિષ્ય-ધી-વૃદ્ધિદ' (ઈ. સ. 638) અને તે પછી રચાયેલા જ્યોતિષના ગ્રન્થોમાં આવા પ્રયોગો હજારોની સંખ્યામાં મળશે. આજે પણ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાઓના કવિઓ રચનાસંવત્ દર્શાવવા માટે કેટલીક વાર આવા પ્રયોગનો આશ્રય લેતા હોય છે. કેટલાક પ્રાચીન શિલાલેખો અને તામ્રપત્રોમાં પણ કેટલીક વાર આવા પ્રયોગો થયા છે. દા. ત. ચાહમાન ચન્દમહાસેનનો ધૌલપુરમાંથી મળેલો વિ. સં. 896 (ઈ. સ. 840)નો શિલાલેખ તથા પૂર્વના ચૌલુક્ય વંશના અમ્ભ દ્વિતીયનું શક સંવત્ 867 (ઈ. સ. 945)નું તામ્રપત્ર.

## (આ) આંકડા માટે યોજાયેલા અક્ષરો :

સમય જતાં પદ્યમાં તો અંક દર્શાવનારા શબ્દો પણ લાંબા લાગવા માંડ્યા. આથી વધારે સંક્ષેપ કરવા માટે અક્ષરો યોજાવા લાગ્યા ! જ્યોતિષના ગ્રન્થોમાં આર્યભટ્ટ પ્રથમના ઈ. સ. 499માં રચાયેલ 'આર્યભટીય' કે 'આર્યસિદ્ધાન્ત'માં આ પદ્ધતિનાં પ્રથમ દર્શન છે. આ પદ્ધતિમાં 'ક્'થી 'મ્' સુધીના પચીસ વર્ગીય વ્યંજનો અનુક્રમે પહેલા 25 અંક માટે યોજાયા. દા. ત., क् = 1, च् = 6, म् = 25. બાકીના વ્યંજનોમાં દરેકનું મૂલ્ય નિશ્ચિત કરેલું છે. દા. ત., य् = 30, र् = 40, ल् = 50, व् = 60, श् = 70, ष् = 80, स् = 90 અને ह् = 100, [પાશ્ચાત્ય પદ્ધતિમાં પણ આવી યોજના છે જ; જેમ કે I = 1, V = 5, X = 10, L = 50, C = 100 વગેરે.]

વ્યંજનોની જેમ સ્વરોની પણ નિશ્ચિત કિંમત ગોઠવેલી છે; જેમ કે अ = 1; इ = 100; ऊ = 10,000; ऋ = 10,00,000; लृ = 10,00,00,000; ए = 10,00,00,00,000; ऐ = 10,00,00,00,00,000; ओ = 10,00,00,00,00,00,000 અને औ = 10,00,00,00,00,00,000. આ પદ્ધતિમાં હ્રસ્વ અને દીર્ઘ સ્વરની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી. ×

વ્યંજન સાથે સ્વર જોડાયેલો હોય ત્યારે તે બંનેનાં મૂલ્યનો ગુણાકાર એ એની કિંમત બની જાય છે; જેમ કે चि = च् × इ = 6 × 100 = 600. જો કોઈ સંયુક્ત વ્યંજન સાથે સ્વર જોડાયેલો હોય તો દરેક વ્યંજનને સ્વર સાથે જોડી તે દરેકના મૂલ્યનો સરવાળો કરીને તે અક્ષરનું મૂલ્ય કાઢવું પડે; જેમ કે ख्यु = ख् × उ + य् × उ = 2 × 10,000 + 30 × 10,000 = 20,000 + 3,00,000 = 3,20,000.

એકની એક સંખ્યા અનેક અક્ષરો પણ દર્શાવતા હોય છે; દા. ત., ङ्म = ङ् x

अ + म् × अ = 5 × 1 + 25 x 1 = 5 + 25 = 30. આ 30ની સંખ્યાનો નિર્દેશક य् પણ છે એવું ઉપર નોંધ્યું છે જ. (જુઓ 'ङ्मौ यः' – 'આર્યભટીય, આર્યા 1). > એ જ પ્રમાણે कि = क् × इ = 1 x 100 = 100. ઉપર નોંધ્યા પ્રમાણે ह् પણ 100ની સંખ્યા નિર્દેશે છે.

આ પદ્ધતિ જ્યોતિષના આચાર્યો માટે સંક્ષિપ્ત પદ્ધતિ હતી. પરન્તુ પાછળના ગ્રન્થકારો તેને અનુસર્યા નથી એટલું જ નહિ, પણ પ્રાચીન શિલાલેખો તેમજ તામ્રપત્રોમાં પણ તે જોવા મળતી નથી. આ માટે બે સંભવિત કારણો હોઈ શકે :

(1) કર્કશ ઉચ્ચારણ;

(2) ભૂભ્રમણવાદી હોવાથી આર્યભટનો રૂઢિચુસ્તોએ બહિષ્કાર કર્યો હોય !

'1' થી '9'ના અંક તથા શૂન્ય ('0') માટે 11મા શતકમાં થઈ ગયેલા આર્યભટ દ્વિતીય નીચે પ્રમાણે અક્ષરો આપે છે :

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 0 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| क् | ख् | ग् | घ् | ङ् | च् | छ् | ज् | झ् | ञ् |
| ट् | ठ् | ड् | ढ् | ण् | त् | थ् | द् | ध् | न् |
| प् | फ् | ब् | भ् | म् | | | | | |
| य् | र् | ल् | व् | श् | ष् | स् | ह् | [ळ्] | |

અહીં 'ळ्'નો નિર્દેશ આર્યભટે કરેલો નથી, પણ તેને દક્ષિણ ભારતમાં આ પદ્ધતિનાં લખાણોમાં યોજવામાં આવ્યો હોવાથી આ કોષ્ટકમાં કૌંસમાં આપણે મૂક્યો છે.

આમાં સ્વરનો ઉપયોગ કરેલો નથી, કેમ કે તેમની કોઈ કિંમત ગણેલી નથી (જુઓ 'આર્યસિદ્ધાન્ત' 2.9). સંયુક્તાક્ષરમાંના પ્રત્યેક વ્યંજનનું મૂલ્ય અલગ અલગ છે.

સંસ્કૃત રચનાઓમાં પ્રચલિત પ્રણાલિકા 'अङ्कानां वामतो गतिः' છે. આથી આવાં લખાણોમાં પ્રથમ અક્ષર કે શબ્દ સંખ્યામાંના છેલ્લા આંકડાનો નિર્દેશ કરે છે : જમણી બાજુથી ડાબી બાજુ તરફ : એકમ, દશક, શતક ઇત્યાદિ આમ કરતાં અન્તિમ અક્ષર અગર શબ્દ એકમનો આંકડો દર્શાવશે. અલબત્ત, આર્યભટ પોતે આ પ્રણાલિકાને અનુસર્યા નથી.

આ વ્યવસ્થામાં '1'નો નિર્દેશ क्, ट्, प् અને य् કરે છે તેથી તેને 'कटपयादिक्रम' કહે છે. આ ક્રમ શિલાલેખો તેમજ તામ્રપત્રો તથા ગ્રન્થોમાં ઘણી વાર પ્રયોજાયો છે અને તેમાં 'अङ्कानां वामतो गतिः'ના સિદ્ધાન્તને બરાબર પાળવામાં આવ્યો છે. પરન્તુ આવાં સ્થળોએ સંયુક્તાક્ષરમાંના છેલ્લા વ્યંજનનું મૂલ્ય જ લક્ષ્યમાં લેવાય છે, સંયુક્તના અન્ય વ્યંજનોની કોઈ કિંમત ગણવામાં આવતી નથી.

કેરલ અને આન્ધ્રપ્રદેશમાં ગ્રન્થોમાં પૃષ્ઠસંખ્યા લખવામાં તદ્દન જુદી જ પદ્ધતિ જોવા મળે છે. તે પ્રમાણે વ્યંજન 'क्'થી 'ळ्' '1'થી '34'નો નિર્દેશ કરે છે. 'का'થી 'ळा' '35'થી '68' દર્શાવે છે, 'कि'થી 'ळि' '69'થી '102' દર્શાવે છે અને 'की'થી 'ळी' તથા 'कु'થી 'ळु' વગેરે ક્રમમાં આગળના આંકડા સૂચવે છે. પરન્તુ આ પ્રથા શિલાલેખો તેમજ તામ્રપત્રોમાં જોવા મળતી નથી.

અહીં આપણે એ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે અક્ષરો દ્વારા અંકોનો નિર્દેશ કરવાની આ પ્રથા કંઈ આર્યભટ્ટ પ્રથમે શરૂ કરી ન હતી. તે પૂર્વે ઘણા સમયથી તે પ્રચલિત હતી જ. પાણિનિની 'અષ્ટાધ્યાયી'ના 1.3.11 ઉપરના કાત્યાયનના 'વાર્તિક' અને તે પરનાં કૈયટનાં ઉદાહરણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે 'અષ્ટાધ્યાયી'માં 'અધિકારો'નો નિર્દેશ 'સ્વરિત' નામથી ઓળખાતાં અક્ષરચિહનો વડે કરાયેલો છે એટલું જ નહિ, પણ 'શિવસૂત્રો'ના અક્ષરોના ક્રમમાં જ આ અક્ષરો સૂત્રોના અંકો નિર્દેશે છે; દા.ત., 'अ' = 1, 'इ' = 2, 'उ' = 3 ઇત્યાદિ.

## 3. પ્રાચીન પદ્ધતિના અંકોનો ઉદભવ :

સંખ્યા લખવાની પ્રાચીન પદ્ધતિ ક્યારે શરૂ થઈ એ વિષે આપણને કશી માહિતી મળતી નથી. છતાં સમ્રાટ્ અશોકના સિદ્ધાપુર, સહસ્રામ અને રૂપનાથના શિલાલેખોમાં '200', '50' અને '6'ની સંખ્યા અક્ષરોમાં દર્શાવેલી જોવા મળે છે એટલું જ નહિ, પણ આ ત્રણે શિલાલેખોમાં '200'ની સંખ્યા ત્રણ જુદી જુદી રીતે દર્શાવાઈ છે જ્યારે '50' અને '6'નાં બે સ્વરૂપો મળે છે. આ હકીકત ઉપરથી એટલું નક્કી કહી શકાય એમ છે કે સંખ્યાઓ લખવાની આ પદ્ધતિ ઈ. સ.પૂર્વે ત્રીજા શતકમાં કોઈ નવી વાત ન હતી એટલું જ નહિ, પણ આ પ્રણાલી ઠીક ઠીક લાંબી પરમ્પરાથી ચાલતી આવેલી હોય. આમ ન હોય તો અશોકના શિલાલેખોમાં '200'ની સંખ્યાનાં ત્રણ સ્વરૂપો યોજાયાં છે એ હકીકત કેવી રીતે સમજી શકાય ? અશોકના સમય પહેલાં આ સંખ્યાઓ કેવી રીતે દર્શાવાતી અને કેટલી વાર પરિવર્તન પામીને તે આ સ્વરૂપો પામી એ જાણવાનું શક્ય નથી.

ઘણા પાશ્ચાત્ય વિદ્વાનોના બ્રાહ્મી અંકોના વિદેશી મૂળના સિદ્ધાન્તનું શ્રી ઓઝાએ પ્રબળ રીતે નિરસન કર્યું છે. તેમના ગ્રન્થના પૃ. 113 ઉપર વિવિધ લિપિઓનો તુલનાત્મક કોઠો આપીને તેમણે આ અંકો ભારતીયોના ભેજાની જ નીપજ છે એવું સાબિત કર્યું છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું છે કે મિસર(ઇજિપ્ત)ના લોકોએ ભારતીયો પાસેથી આ અંકો લીધા હોય એવી શક્યતા હોઈ શકે. 2, 3, 4, 7, 8, 9, 20, 30, 40, 50, 60, 70, 80 અને 90ના અંકો તેઓ ભારતીયોની જેમ ડાબી બાજુથી જમણી બાજુ તરફ લખે છે – જે એમની જમણેથી ડાબે લખવાની પદ્ધતિથી તદ્દન ઊલટું છે એ સત્ય પણ આ અનુમાનને ટેકો આપે એમ છે !

## 4. ભારતના અર્વાચીન સંખ્યાવાચકો અને તેમનું મૂળ :

શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ અને હસ્તપ્રતોનાં લખાણો ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે પ્રાચીન અને અર્વાચીન લિપિઓ વચ્ચે ઘણું અન્તર પડી ગયું છે. એ જ પ્રમાણે પ્રાચીન અને અર્વાચીન અંકો – સંખ્યાવાચકો – વચ્ચે માત્ર આકારમાં નહિ પણ લેખનપદ્ધતિમાં પણ ઘણું અંતર પડી ગયું છે.

આપણા 1થી 9ના અંકો અને 'શૂન્ય' ભારતીયોની આગવી શોધ છે. તેમાંયે 'શૂન્ય'ની શોધ તો અન્યન્ત મહત્વપૂર્ણ છે, કેમ કે તેને કારણે સર્વ ગણત્રીઓ સરળ બની ગઈ છે. બ્રાહ્મી લિપિ તેમજ પ્રથમ 9 અંકો અને શૂન્ય આ બંનેની શોધ એ સમગ્ર વિશ્વને ભારતનું બહુ મોટું પ્રદાન છે.

આપણા અર્વાચીન ક્રમબદ્ધ અંકો ક્યારે શોધાયા તે જાણવા માટે કોઈ સાધન નથી. ગુજરાતના સંખેડા નામના ગામમાંથી પ્રાપ્ત થયેલ કલચુરિ સંવત્ 346 (આશરે ઈ. સ. 695)નું કોઈક રાજાનું તામ્રપત્ર એ પ્રથમ પ્રાપ્ત લખાણ છે જેમાં નવી પદ્ધતિના આ અંકો મળે છે. જ્યોતિષના ગ્રન્થોમાં તો તેમનો પ્રયોગ આથી પણ પ્રાચીન છે. વરાહમિહિરની શક સંવત્ 427 (ઈ. સ. 505)ની 'પંચસિદ્ધાન્તિકા' સર્વત્ર આ સંખ્યાઓ આંકડામાં જ આપે છે. જો તે સમયે આ નવી પદ્ધતિ સામાન્ય વપરાશમાં ન હોત તો વરાહમિહિરે તેનો ઉપયોગ કર્યો જ ન હોત. આથી આપણે એવું તારણ કાઢી શકીએ કે શિલાલેખો અને તામ્રપત્રોમાં ભલે જૂની પદ્ધતિમાં સંખ્યાઓ લખાતી, તોપણ ઈ. સ.ના પાંચમા શતકના અંતમાં તો સામાન્ય લોકો આ નવી પદ્ધતિમાં જ સંખ્યાઓ લખતા. અને આ વાત તો ભારતમાં દરેક બાબતમાં જોવા મળે છે.

વરાહમિહિરે પોતાની 'બૃહત્સંહિતા'ના પાયામાં જે પાંચ સિદ્ધાન્તગ્રન્થોનો ઉલ્લેખ કર્યો છે તેમાંનો એક છે 'પુલિશસિદ્ધાન્ત'. 'બૃહત્સંહિતા' ઉપરની પોતાની ટીકામાં ભટ્ટોત્પલે આ 'પુલિશસિદ્ધાન્ત'માંથી અનેક વાર ઉદ્ધરણો આપ્યાં છે. તેમાં એક સ્થળે તો 'મૂલપુલિશસિદ્ધાન્ત'માંથી પણ ઉદ્ધરણ આપ્યું છે. આ દરેક સ્થળે સંખ્યાઓ આંકડામાં જ આપેલી છે. આથી એ સ્પષ્ટ થાય છે કે આ પદ્ધતિ વરાહમિહિરના પહેલાં પણ વપરાશમાં હતી જ.

પંજાબના બક્ષાલી ગામની ભૂમિમાંથી એક અંકગણિતની ભૂર્જપત્ર પર લખાયેલી હસ્તપ્રત મળેલી તેમાં પણ સંખ્યાઓ આંકડામાં જ આપેલી છે. ડૉ. હોર્નલીના અનુમાન અનુસાર આનો સમય ત્રીજી-ચોથી શતાબ્દીનો ગણાય. ડૉ. બ્યુલર આવા સંખ્યાદર્શક આંકડાઓની પદ્ધતિનો પ્રારંભ ઈ. સ.ના પ્રારંભમાં કે તે પહેલાં જ થયેલો માને છે.

ટૂંકમાં, અંકગણિતના વિજ્ઞાનને અતિ સરળ બનાવી દેનાર આ 1થી 9 અને

શૂન્યનો ઉપયોગ કોણે શરૂ કર્યો એની તો આપણને ખબર નથી. પરન્તુ એટલું જરૂર કહી શકાય એમ છે કે તેની શોધ ભારતીયોએ જ કરેલી, ભારતીયો પાસેથી આરબો તે શીખ્યા અને આ આરબો દ્વારા જ યુરોપમાં તેનો પ્રવેશ થયો. અલિફ વલીદના સમય (ઈ. સ. 705-715) સુધી તો આરબો આ પદ્ધતિનો ઉપયોગ કરતા ન હતા અને ત્યાર બાદ તે તેમણે ભારતીયો પાસેથી સ્વીકારી. ત્યાં સુધી તો તેમની પાસે 1થી 9 માટેના નવ અક્ષરો, 10, 20, 30, 40, 50, 60, 70, 80 અને 90 એ દશકો માટે પણ બીજા અક્ષરો હતા અને બાકીના મૂળાક્ષરો દ્વારા તેઓ 100, 1000 ઇત્યાદિ સંખ્યાઓ નિર્દેશતા. જ્યારે મૂળાક્ષરો ખૂટ્યા ત્યારે તેમના ઉપર અમુક ચિહનો મૂકીને 1000ની સંખ્યા સુધી પહોંચ્યા. ગ્રીક લોકો પાસે 10,000 સુધીની સંખ્યા દર્શાવનારાં ચિહન હતાં. રોમનો પાસે પણ 1000 સુધીનાં જ હતાં. રોમનોના આંકડા દર્શાવનારા મૂળાક્ષરો આજે પણ યુરોપમાં અહીંતહીં અને ભારતમાં પણ ખાસ કરીને ઘડિયાળોમાં કલાક દર્શાવનારા આંકડાઓને સ્થાને પ્રયોજાય છે; પુસ્તકોમાં પણ સાલ દર્શાવવા તથા પટ્ટો(plates)ના અંક માટે તેનો પ્રયોગ થાય છે. આરબો પણ ભારતીયો પાસેથી આ અંકો શીખ્યા તે પહેલાં મૂળાક્ષરો જ પ્રયોજતા, જેને તેઓ હિબ્રૂ લોકોના મૂળાક્ષરોમાંના પ્રથમ ચારનાં ઉચ્ચારણો અનુસાર ‘અબજદ’ કહેતા. એ તેઓ ગ્રીક લોકો પાસેથી શીખેલા. અરબી ભાષામાંથી એ ફારસી ભાષામાં આવ્યા. ભારતમાં અક્ષરોના બનેલા શબ્દો વડે દર્શાવાતા આંકડા જોવા મળે છે, પણ તે માત્ર ફારસી લખાણોમાં અને મુસ્લિમ શાસનના યુગના ગ્રન્થોમાં જ. અને તે પણ ખાસ કરીને વર્ષ નિર્દેશતા જ.

આશરે ઈ. સ.ના ચોથા શતકમાં ‘વિઓ પિથાગોરિયન’ (Veo Pithagoreon) નામના એક ધર્માચાર્ય ઇજિપ્તના અલેક્ઝાંડ્રિયા કે તેની આસપાસમાં ભારતીય અંકો શીખ્યા અને યુરોપમાં લઈ ગયા; પરન્તુ ત્યાં ભારતીય અંકોનો ખરો પ્રચાર તો આરબોએ સ્પેન જીત્યું ત્યાર પછી થયો. અને આ જ કારણે યુરોપમાં પ્રચલિત આધુનિક અંકોને ‘અરબી’ (Arabic) કહે છે ! શ્રી ઓઝાએ ‘એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા’ (Encyclopaedia Britannica)ના પુસ્તક 17 (XVII)માંથી આ વિષેની કેટલીક વિગતો આપી છે (પૃ. 625, પાદટીપ 2), જેનો સાર આ રહ્યો.

“આપણા આધુનિક દશાંશ અંકો ભારતમાં જ ઉદભવ્યા છે એ બાબત નિઃસંદેહ છે. સંભવતઃ ભારતીય દૂત 773માં પોતાની સાથે ખગોળીય કોષ્ઠકો બગદાદ લઈ ગયેલા ત્યારે આપણા આ અંકો અરબસ્તાનમાં પ્રવેશ્યા. 9મા શતકના પ્રારંભમાં પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી અબુ ઝફર મુહમ્મદ અલ ખરેઝમીએ પ્રથમ વાર અરબી ભાષામાં આ આંકડાઓ વિષે ચર્ચા કરેલી અને ત્યારથી એનો પ્રચાર વધવા લાગ્યો.”

‘એન્સાઇક્લોપીડિયા’ આના પછીના જ પૃષ્ઠ ઉપર જણાવે છે કે

યુરોપવાસીઓએ શૂન્ય સાથે આ સંપૂર્ણ અંકક્રમ આરબો પાસેથી 12મા શતકમાં અપનાવેલો અને આ અંકોની મદદથી તૈયાર કરાયેલ અંકગણિત 'અલ્ગોરિટ્મસ' (Algorytmus) એ નામથી પ્રસિદ્ધિ પામ્યું. આ નામ એ અરબીમાં પ્રથમ વાર આ ભારતીય આંકડાઓની ચર્ચા કરનાર આરબ ગણિતશાસ્ત્રી અલ્ ખરિઝિમ (Al Kharizmi)નું જ બીજું નામ છે. આ આરબ ગણિતશાસ્ત્રીના અંકગણિત ઉપરના એક અપ્રાપ્ય પુસ્તકના લૅટિન ભાષામાં કરાયેલા અનુવાદની હસ્તપ્રત કેમ્બ્રિજમાંથી મળી આવેલી તેને લીધે આ હકીકત સિદ્ધ થઈ ગઈ. પછીથી થયેલા પૌરસ્ત્ય વિદ્વાનો દ્વારા ખરિઝિમના આ ગ્રન્થને સરળ બનાવ્યો અને આ વિદ્વાનોના ગ્રન્થો યુરોપમાં પ્રચાર પામ્યા.

આશરે ઈ. સ. 1030માં અલ્બેરુનિએ કહ્યું છે કે ('અલ્બેરુનિઝ ઇંડિયા' પુસ્તક 1, પૃ. 174, 177) :

''આપણે અંકો દર્શાવવા હિબ્રૂ મૂળાક્ષરોમાંથી લીધેલા અરબી અક્ષરો વાપરીએ છીએ એવી રીતે ભારતીયો આંકડાની જગ્યાએ અક્ષરો યોજતા નથી. ભારતમાં જુદા જુદા પ્રદેશોમાં જેમ અક્ષરોનાં રૂપો અલગ અલગ હોય છે તેમ સંખ્યાદર્શક ચિહનો પણ અલગ અલગ છે. તેને એ લોકો 'અંક' કહે છે. આપણે જે આંકડા વાપરીએ છીએ તે ભારતના સુંદરતમ અંકોમાંથી જ લીધેલા છે... જે જે માનવજાતિઓના સંપર્કમાં હું આવ્યો છું તે બધીની ભાષાઓના સંખ્યાદર્શકોનાં નામોનો અભ્યાસ મેં કર્યો છે. અને મેં જોયું છે કે તેમાંના કોઈ 1000થી આગળ જતા નથી. એક માત્ર હિન્દુઓ જ એવા છે જે 1000થી આગળની સંખ્યાઓનાં નામ જાણે છે. તે લોકો તો સંખ્યાદર્શકોને 18મા સ્થાન સુધી લઈ જાય છે જેને તેઓ 'પરાર્ધ' કહે છે... આપણી જેમ હિન્દુઓ અંકગણિતમાં આંકડા પ્રયોજે છે. આ બાબતમાં આપણા કરતાં હિન્દુઓ કેટલા આગળ છે તે મેં એક અલગ પુસ્તકમાં દર્શાવ્યું છે.''

'એન્સાઇક્લોપીડિયા'ના આ જ પૃષ્ઠ ઉપર પ્રસિદ્ધ નાનાઘાટના શિલાલેખ, ભારતીય ગુફાઓમાંથી મળેલા શિલાલેખો અને 10મા શતકમાં યોજાતા નાગરી અંકો દર્શાવ્યા છે અને તેમની નીચે શિરાઝ(Sheraz)ના 10મા શતકના અરબી પુસ્તકમાંના અંકો મૂક્યા છે, જે વસ્તુતઃ નાગરી લિપિના જ છે; હા, તેમાં બે અપવાદ છે : ચોગડો ત્રાંસો છે અને સાતડો ઊંધો છે.

અહીં એ પણ નોંધવું રસપ્રદ થશે કે અરબી ફારસી અને ઉર્દૂ લિપિઓ અને સેમિટિક (Semitic) લિપિઓ જમણી બાજુથી ડાબી બાજુ તરફ લખાય-વંચાય છે; જ્યારે તેમાંના સંખ્યાદર્શકો એવી રીતે દર્શાવાતા નથી. તે તો હિન્દુઓમાં આજે પણ જે પદ્ધતિ પ્રચલિત છે તે રીતે જ ડાબી બાજુથી જમણી બાજુએ જ લખાય છે. અને આ હકીકત તેમને ભારતમાંથી લેવામાં આવ્યા છે એ વિધાનને પુષ્ટિ આપે છે.

શિલાલેખો તેમજ તામ્રપત્રોમાં સંખ્યાઓ સીધી લીટીમાં જ લખાતી. પરન્તુ હસ્તપ્રતોમાં પત્રાંકો એકબીજાની નીચે પણ લખાયેલા જોવાય છે. આ પદ્ધતિ છઠ્ઠી શતાબ્દીની હસ્તપ્રતોમાં જોવા મળે છે. તે પછીની હસ્તપ્રતોમાં અક્ષરોમાં તથા આંકડામાં એમ બેઉ પ્રકારની સંખ્યાઓ એક જ પૃષ્ઠ ઉપર અંકિત થઈ હોય adffછે. પાનના પાછળના પૃષ્ઠ ઉપર જમણી બાજુના હાંસિયામાં પત્રાંક અક્ષરોમાં ઉપરના ભાગે લખાયો હોય છે જે પદ્ધતિને 'અક્ષરપલ્લી' કહે છે. આ જ હાંસિયામાં નીચેના ભાગે તે જ પત્રાંક આંકડામાં લખાય છે, જે પદ્ધતિને 'અંકપલ્લી' કહે છે. પત્રાંક નોંધવાની આ પ્રણાલી નેપાલ, પાટણ, ખંભાત, ઉદેપુર વગેરે સ્થળોએ સચવાયેલી હસ્તપ્રતોમાં જોવા મળે છે.

પછીની હસ્તપ્રતોમાં કેટલીક વાર અક્ષરો અને અંકોનો ઉપયોગ સાથે સાથે જ થયો છે, જેમાં ખાલી સ્થાન સૂચવવા શૂન્ય પ્રયોજાયેલ છે. દા. ત. :

| | | | |
|---|---|---|---|
| 1. | 33 | = | ला (ला = 30) |
| | | | 3 |
| 2. | 100 | = | सु (सु = 100) |
| | | | 0 |
| | | | 0 |
| 3. | 102 | = | सु |
| | | | 0 |
| | | | 2 |
| 4. | 131 | = | सु |
| | | | ला |
| | | | 1 |
| 5. | 150 | = | सु ([illegible] = 50) |
| | | | [illegible] |
| | | | 0 |
| 6. | 209 | = | सू (सू = 200 અને उँ = 9). |
| | | | 0 |
| | | | उँ |

નેપાલમાંથી મળેલી બૌદ્ધ હસ્તપ્રતોમાં અને ગુજરાત, રાજસ્થાન આદિમાંથી મળેલ જૈન હસ્તપ્રતોમાં આ પદ્ધતિ 16મા શતક સુધી ચાલુ રહી.

મલયાળમ હસ્તપ્રતો તરફ શ્રી ઓઝા આપણું ધ્યાન દોરે છે. જેમાં આથી તદ્દન જુદાં જ મૂલ્યો અક્ષરોનાં છે. અને આજે પણ આ પદ્ધતિ ત્યાં ચાલુ છે. ત્યાંનાં મૂલ્યો આ પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| 1 | = | न; |
| 2 | = | न्न; |
| 3 | = | न्य; |
| 4 | = | ष्क; |
| 5 | = | झ; |
| 6 | = | हा, ह; |
| 7 | = | ग्र; |
| 8 | = | प्र; |
| 9 | = | द्रे ?; |
| 10 | = | म; |
| 20 | = | थ; |
| 30 | = | ल; |
| 40 | = | प्त; |
| 50 | = | ब; |
| 60 | = | त्र; |
| 70 | = | रू, त्रु; |
| 80 | = | च; |
| 90 | = | ण; |
| 100 | = | ञ |

આમાં પણ અક્ષરો ઉકેલવામાં ભૂલ થઈ જતી હોય છે : દા. ત.; '6' માટે પ્રયોજાયેલ 'हा' એ તો ખરેખર 'फ'ને ખોટી રીતે 'ह' તરીકે ઉકેલવામાંથી ઊભો થયો છે !

તમિળ લિપિમાં પણ આંકડા માટે અક્ષરો લખવાની આ પદ્ધતિ 20મી સદીના પ્રારંભ સુધી ચાલુ હતી.

સંખ્યાઓ અક્ષરોથી દર્શાવવાની આ પદ્ધતિ છઠ્ઠા શતક પર્યન્ત માત્ર શિલાલેખો અને તામ્રપત્રોમાં ઉપયોગમાં લેવાયેલી લાગે છે. અને આપણે ઉપર નોંધ્યું છે તેમ, સંખ્યાઓ અંકોમાં દર્શાવવાની પ્રણાલી ગુર્જર વંશના કોઈક રાજાના કલચુરિ સંવત્ 346 (આશરે ઈ. સ. 595)ના તામ્રપત્રમાં પહેલી વાર જોવા મળે છે. આ પછી પણ કોઈક કોઈક વાર અક્ષરો મૂકવાની જૂની પદ્ધતિનો પ્રયોગ 10મા શતકના મધ્યભાગ પર્યન્ત થતો રહ્યો છે.

તામ્રપત્રોમાં લખનાર એટલે કે કોતરનારની ભૂલો 8મી સદીથી થવા લાગી જણાય છે. દા. ત., (1) વલભીના શિલાદિત્ય છઠ્ઠાના ગુપ્ત સં. 441 (આશરે ઈ. સ. 760)ના તામ્રપત્રમાં ‘100’ની સંખ્યા દર્શાવનાર અક્ષર સાથે ‘4’ને બદલે ‘40’ માટેનું ચિહન મૂકી દીધું છે.

(2) પૌરસ્ત્ય ગંગા વંશના રાજા દૈવેન્દ્રવર્મન્ના ગાંગેય સંવત્ 183 (આશરે ઈ.સ. 753)ના તામ્રપત્રમાં ‘80’ને બદલે ‘8’ સૂચવતું ચિહન મૂકી દીધું છે. એમાં જ ‘3’ની જગાએ ‘30’નું ચિહન દર્શાવ્યું છે ! વળી ‘2’ની સંખ્યા દર્શાવનાર અક્ષરની પાસે એક ટપકું મૂક્યું છે જેથી એ આંકડો ‘20’નો થાય ! આ રીતે આ તામ્રપત્રમાં કોતરનારે બંને પ્રણાલીનો પ્રયોગ એક જ તામ્રપત્રમાં કરી દીધો છે !

આ સમય પછી તો સંખ્યાઓ નવી પદ્ધતિમાં જ એટલે કે આંકડામાં જ દર્શાવાતી રહી છે. એમાં માત્ર એક અપવાદ છે : નેપાલનરેશ માનદેવના સમયના નેવારી સંવત 259 (આશરે ઈ. સ. 1139)ના લખાણમાં જૂની પદ્ધતિ દૃષ્ટિગોચર થાય છે.

નાગરી લિપિની હસ્તપ્રતોમાં લહિયાઓ એકસાથે બંને પ્રણાલી પ્રમાણે પત્રાંક નોંધે છે. મુનિશ્રી પુણ્યવિજયજીએ દર્શાવ્યું છે તેમ, જૈનોની પ્રેરણાથી લખાયેલી તાડપત્રીય હસ્તપ્રતોમાં આ બંને પદ્ધતિ અનિવાર્ય રીતે પ્રયોજાયેલી છે – અક્ષરો જમણી બાજુએ અને આંકડાઓ ડાબી બાજુએ.

વળી ગ્રન્થના સળંગ લખાણમાં દરેક સૂત્ર કે તેના ભાષ્યને અન્તે ગાથાંક એટલે કે મૂળ સૂત્રની ગાથાનો ક્રમાંક અક્ષરોમાં લખે છે. સામાન્ય સંખ્યાઓ સીધી લીટીમાં જ લખાય છે. પરન્તુ પત્રાંક દર્શાવનાર અક્ષરો બે હારમાં ઉપર-નીચે લખાય છે. આ પદ્ધતિ તાડપત્રીય પ્રતો તેમજ કાગળની પ્રતો બંનેમાં જોવા મળે છે. આમ છતાં ભાષ્ય, ચૂર્ણિ વગેરેની હસ્તપ્રતોમાં અક્ષરોમાં લખેલ ગાથાંક એક સીધી લીટીમાં જ લખાય છે. કાગળની હસ્તપ્રતોમાં ઘણી વાર અક્ષરોમાં મૂકેલી સંખ્યાઓ એકમ, દશક, શતક એવા ક્રમમાં નથી હોતી પણ માત્ર એકમમાં જ હોય છે. દા. ત.,

| | | | |
|---|---|---|---|
| 1. | स्व | = | 10; |
| | 0 | | |
| 2. | स्ति | = | 20; |
| | 0 | | |
| 3. | एक | = | 40; |
| | 0 | | |
| 4. | स्व | = | 100; |
| | 0 | | |
| | 0 | | |
| 5. | स्व | = | 115; |
| | स्व | | |
| | ऌ | | |
| 6. | एक | = | 400; |
| | 0 | | |
| | 0 | | |
| 7. | स्व | = | 1240. |
| | स्ति | | |
| | एक | | |
| | 0 | | |

❒

# 4. ખરોષ્ઠી સંખ્યાઓ અને આધુનિક લિપિઓ

## (અ) ખરોષ્ઠી સંખ્યાદર્શકો : (ફલક 39)

અગાઉ નોંધ્યું છે તેમ ભારતમાં બે મુખ્ય પ્રાચીન લિપિઓ હતી : 'બ્રાહ્મી' અને 'ખરોષ્ઠી'. 'બ્રાહ્મી' અને તેમાંથી ઊતરી આવેલી લિપિઓના સંખ્યાવાચકોની વાત કરી. હવે 'ખરોષ્ઠી'ના સંખ્યાવાચકો અંગે વિચારીએ.

આપણે જાણીએ છીએ કે ભારતની 'બ્રાહ્મી' લિપિ ડાબી બાજુથી જમણી તરફ લખાય-વંચાય છે, જ્યારે 'અરબી' અને 'ફારસી'માં એથી ઊલટું છે – તે જમણી બાજુથી ડાબી બાજુ તરફ લખાય-વંચાય છે. પરંતુ આ લિપિઓના સંખ્યાદર્શકો 'બ્રાહ્મી'ની જેમ જ ડાબી બાજુથી જમણી બાજુ તરફ લખાય-વંચાય છે. આનું કારણ સ્પષ્ટ છે કે તે સંખ્યાદર્શકો ભારતમાંથી લેવાયેલા છે. આપણે ઉપર નોંધ્યું છે કે ભારતની 'ખરોષ્ઠી' લિપિ તેના વિદેશી મૂળને કારણે 'અરબી-ફારસી'ની જેમ જમણી બાજુથી ડાબી બાજુ તરફ લખાય-વંચાય છે. તેના સંખ્યા-વાચકો પણ જમણેથી ડાબી તરફ લખાય છે. આ હકીકત દર્શાવે છે કે તેમનું મૂળ 'સેમિટિક ફિનિશિયન' (Semitic Phoenician) કે તેમાંથી ઉદભવેલ 'અરમઇક' (Aramaic) લિપિના સંખ્યાવાચકો છે. ટૂંકમાં, 'ખરોષ્ઠી' લિપિ અને તેના સંખ્યાદર્શકો વિદેશી મૂળનાં છે.

ભારતમાં 'ખરોષ્ઠી' સંખ્યાઓ ઈ. સ. પૂ. ત્રીજા શતકથી કોઈક વાર જોવા મળે છે. અશોકના શહબાજગઢી તેમજ માનસેરાના શિલાલેખોમાં 1, 2, 4 અને 5ના અંકો દર્શાવવા માટે અનુક્રમે એક, બે, ચાર અને પાંચ ઊભી લીટીઓ દોરેલી છે. આ પ્રથા ફિનિશિયન (Phoenician) લિપિમાં જોવા મળે છે. આવી ઊભી લીટીઓ તે કાળ સુધી વપરાશમાં હતી એવું સમજાય છે.

આપણે ઉપર જોયું છે કે 'બ્રાહ્મી' લિપિમાં 1, 2 અને 3ની સંખ્યાઓ દર્શાવવા માટે અનુક્રમે એક, બે અને ત્રણ આડી લીટીઓ દોરાતી.

અશોક પછીના સમયના શક, પાર્થિયન અને કુશાન રાજાઓના ખરોષ્ઠીમાં કોતરાયેલા શિલાલેખોમાં આવા સંખ્યાદર્શકો સારા પ્રમાણમાં જોવા મળે છે. તેમાં 1, 2, 3, 4, 10, 20 અને 100 એ આંકડાઓ માટે સાત અલગ અલગ ચિહનો આપેલાં છે. આ સાત ચિહનોની મદદથી 399 સુધીની સંખ્યાઓ લખાય છે. અત્યાર સુધી તો 374 સુધીની સંખ્યાઓ જ પ્રાપ્ત થઈ છે, બધી જ જમણી બાજુથી ડાબી તરફ લખાયેલી.

1, 2 અને 3 એ અંકો માટે અહીં અનુક્રમે એક, બે અને ત્રણ ઊભી લીટીઓ – 'ફિનિશિયન'માં હોય છે તેમ દોરાયેલી છે; પરંતુ '4'ની સંખ્યા દર્શાવવા માટે '×' (ચોકડી) મૂકેલી છે. તે ઈ. સ. પૂર્વેના સેમિટિક લિપિઓના કોઈ શિલાલેખમાં જોવા મળતી નથી. સંભવતઃ બ્રાહ્મી લિપિમાં ''4'ને માટે '+' (વત્તાનું ચિહન) હોય છે તેને જ ત્રાંસું કરીને મૂક્યું હોય. ખરોષ્ઠીમાં '10' માટેનું જે ચિહન છે તે ફિનિશિયન ચિહન ઊભું કરી દીધેલું લાગે છે. એ જ પ્રમાણે '20'નું જે ચિહન છે તે ફિનિશિયન લખાણોમાં આવતાં '20' માટેનાં ચાર ચિહનોમાંનું ત્રીજું છે; અને '100' દર્શાવતું ચિહન ફિનિશિયન સંખ્યાદર્શકોમાંનાં આ સંખ્યા દર્શાવનારાં ચાર સ્વરૂપોમાંના ચોથાના જેવું જ છે, માત્ર '1' સૂચવતી નાની ઊભી લીટી તેની આગળ મૂકેલી છે.

આમ જોતાં એ સ્પષ્ટ થાય છે કે '4' સિવાયના ખરોષ્ઠીના બધા સંખ્યાવાચકો ફિનિશિયનમાંથી જ લીધેલા છે.

## (આ) ભારતની અર્વાચીન લિપિઓ

અર્વાચીન લિપિઓમાં લખાયેલી હસ્તપ્રતો સારા પ્રમાણમાં મળે છે અને એમાં કેટલીક લિપિઓ તો પ્રાચીન લિપિઓમાંથી નવા સ્વરૂપે ઊભી થઈ છે, દા. ત., 'ગુજરાતી'. જે લિપિઓમાં પ્રાચીન લિપિઓનાં નામ સચવાયાં છે તેમાં પણ વિકાસની પ્રક્રિયા દરમિયાન ઘણાં પરિવર્તનો થયાં છે. આથી અર્વાચીન લિપિઓ વિષે વાત કરવી એ પુનરુક્તિ છે એમ માનવાની જરૂર નથી. આ પહેલાં કહ્યું છે તેમ આ બધી લિપિઓ મૂળ 'બ્રાહ્મી' લિપિમાંથી જ વિકસી છે. પરંતુ આ લિપિઓએ તેનાથી અલગ અલગ સ્વરૂપો એવાં લીધાં છે કે જેને પ્રાચીન લિપિઓનો પરિચય ન હોય તેવા લોકો તો આ તથ્યને ભાગ્યે જ માની શકે ! શ્રી ઓઝાએ તેમના ગ્રન્થમાં જે પટ્ટો (plates) આપેલા છે તેમાંના 1થી 64 આ પ્રક્રિયા દરમિયાન કેવા કેવા ફેરફારો થયા છે તે દર્શાવે છે. આ ફેરફાર માટે મુખ્ય ત્રણ કારણો દર્શાવી શકાય : (1) અક્ષરોને વિવિધ રીતે અધિકાધિક કલાત્મક અને આકર્ષક બનાવવાના પ્રયત્નો; (2) શિરોરેખાઓ ઉમેરવી અને તેને દૂર કરવી; અને (3) આખો શબ્દ લખાઈ રહે અથવા આખી પંક્તિ પૂરી થાય ત્યાં સુધી અટક્યા વિના ઉતાવળે લખી નાખવું.

હવે આપણે આ અર્વાચીન લિપિઓનું વિહંગાવલોકન કરી લઈએ. કેટલીકનાં

તો નામ પણ તદ્દન નવાં છે.

## 1. અર્વાચીન નાગરી કે દેવનાગરી લિપિ : (પટ્ટ 40, 40 अ)

બીજી બધી અર્વાચીન લિપિઓ પોતપોતાના પ્રદેશમાં જ યોજાય છે; જ્યારે 'નાગરી' લિપિ તો લગભગ ભારતના આખા રાષ્ટ્રમાં પ્રચલિત છે. હિન્દી, મરાઠી અને સંસ્કૃત તથા પાલિ અને પ્રાકૃત જેવી તેની સાથે સમ્બદ્ધ ભાષાઓમાં રચાયેલા ગ્રન્થો આ લિપિમાં જ મુદ્રિત થાય છે. સંસ્કૃતના વિદેશી વિદ્વાનો વડે પણ તે સમ્માનિત થયેલી છે. આ લિપિનું દીર્ઘ ઈ ईનું સ્વરૂપ સર્વપ્રથમ છઠ્ઠા શતકમાં જોવા મળે છે, જ્યાં ખ્ના ઉપર એક ટપકું મૂકીને તેને દર્શાવેલું છે; દા. ત., શ્રી ઓઝાએ પટ્ટ 9માં "उष्णीषविजयधारिणी"ની હસ્તપ્રતના અન્તમાં દર્શાવેલ મૂળાક્ષરોમાં. પટ્ટ 25માં આપેલ ભોજકૃત "कूर्मशतक"ના અંશમાં इના ઉપર રેફ જેવું ચિહ્‌ન મૂક્યું છે. પટ્ટ 18, 19, 21 અને 35માં જોવા મળે છે તેમ સ્વર ओનું 'ऊ' આવું સ્વરૂપ તો પ્રાચીન औનું રૂપાન્તર જ છે. છતાં પટ્ટ 25માં દર્શાવ્યા પ્રમાણે ઉજ્જયિનીમાંથી પ્રાપ્ત શિલાલેખના અન્તે આપેલ મૂળાક્ષરોમાં તો ओ 'ओ' રૂપે જ છે.

આ હકીકત ઉપરથી એવું તારણ કાઢી શકાય છે કે 11મા શતકના ઉત્તરાર્ધમાં નાગરી લિપિના લહિયાઓ 'ओ' માટે औનું પ્રાચીન રૂપ 'ऊ' પ્રયોજતા થઈ ગયેલા હતા. અને औ માટે નવું સ્વરૂપ પણ યોજતા હતા. ज्ञ અક્ષર પ્રાચીન નાગરીમાંથી વિકસ્યો હોય એમ નથી લાગતું; તે તો કોઈ અલગ સ્વરૂપ જ જણાય છે.

ભારત સરકારે નાગરી લિપિને રાષ્ટ્રીય લિપિ તરીકે સ્વીકારેલી હોવાથી તેનો ઉપયોગ સર્વત્ર વધી ગયો છે.

અહીં એક રસપ્રદ વાતની નોંધ લેવાનું હું રોકી શકતો નથી. સ્વાતંત્ર્ય પૂર્વે દેશમાં સેંકડો નાનાંમોટાં દેશી રજવાડાં હતાં. ગુજરાતના વડોદરા રાજ્યમાં રાજભાષા ગુજરાતી અને લિપિ દેવનાગરી અર્થાત્ અર્વાચીન નાગરી હતી. આથી સરકારના સર્વ ઠરાવો તેમજ વિવિધ વિભાગોના કાયદાકાનૂનો ગુજરાતી ભાષા અને દેવનાગરી લિપિમાં જ મુદ્રિત-પ્રકાશિત થતા. 'આજ્ઞાપત્રિકા' નામક સરકારનું ગૅઝેટ (Gazette) પણ આ રાષ્ટ્રીય લિપિમાં જ પ્રકાશિત થતું. મેં વડોદરા રાજ્યનાં કેટલાંય અધિકૃત પ્રકાશનો દેવનાગરીમાં જ પ્રસિદ્ધ થયેલાં જોયાં છે, વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની સ્થાપના થયા પછીની એક રસપ્રદ હકીકત પણ આ સંદર્ભમાં નોંધપાત્ર ગણાશે. ફૅકલ્ટી ઑફ આર્ટ્સના ગુજરાતી વિભાગની 'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા'માં પ્રકાશિત થતા ગ્રન્થો આ માળાના પ્રારંભથી જ આ રાષ્ટ્રીય લિપિમાં જ છપાતા — માત્ર પ્રાચીન ગ્રન્થનો પાઠ જ નહિ પણ પ્રસ્તાવના, ટિપ્પણી આદિ પણ દેવનાગરીમાં જ મુદ્રિત થતાં. તત્કાલીન વિભાગાધ્યક્ષ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાની આવી રાષ્ટ્રભક્તિની ભાવના સર્વત્ર પ્રશંસા પામી હતી.

## 2. અર્વાચીન શારદા લિપિ : (પટ્ટ 41, 42)

કાશ્મીર ‘શારદાદેશ’ કે ‘શારદામંડલ’ તરીકે પણ ઓળખાય છે; આથી તે પ્રદેશની લિપિનું નામ પણ ‘શારદા’ યથાર્થ જ છે. પછીથી તો તે ‘દેવાદેશ’ (= દેવોની આજ્ઞા) નામથી પણ ઓળખાવા લાગેલી. ‘કુટિલ’ લિપિમાંથી 10મા શતકના અરસામાં ઉદભવેલી પ્રાચીન શારદા લિપિ કાશ્મીર અને પંજાબમાં પ્રચલિત હતી. તેમાંથી રૂપાન્તર પામી આજની ‘શારદા’ બની છે. આ રૂપાન્તરમાં કેટલાંક રૂપો નાગરી જેવાં જ છે. હાલ તો આ લિપિ કાશ્મીરમાં ભાગ્યે જ વપરાય છે. મોટા ભાગે તેનું સ્થાન ‘નાગરી’, ‘ગુરુમુખી’ અને ‘ટાકરી’ લિપિઓએ લઈ લીધું છે.

## 3. ટાકરી લિપિ : (પટ્ટ 43)

‘ટાકરી’ નામનું મહત્વ સમજાતું નથી. કદાચ ‘ઠાકુરી’ (‘ઠાકુરો અર્થાત્ રજપૂત રાજાઓની’) સંજ્ઞામાંથી આ નામ બન્યું હોય; અથવા તો ‘ટાંક અર્થાત્ લુહાણા વેપારીઓની લિપિ’ એવો અર્થ પણ હોય. હકીકતમાં તે ઉતાવળથી લખાયેલું ‘શારદા’નું જ સ્વરૂપ છે. 21 અક્ષરો તો શારદા જેવા જ છે અને બાકીનામાં જે ફેરફાર થયો છે તે અટક્યા વિના ઉતાવળથી લખવાને કારણે થયો છે. આ લિપિમાં વ્યંજન ‘ख’નું સ્થાન ‘ष’એ લીધું છે. તેનું પ્રચલન મોટે ભાગે જમ્મુમાં તેમજ પંજાબના ઉત્તરીય પહાડી પ્રદેશમાં છે. આ લિપિના જુદા જુદા પ્રદેશોમાંના લખાણમાં અહીંતહીં સહેજ ફેરફારો જોવા મળે છે. જમ્મુ પ્રદેશમાં લખાતી ‘ટાકરી’ ‘ડોગરા’ લિપિ તરીકે ઓળખાય છે, જ્યારે ચમ્બા પ્રદેશની ‘ટાકરી’ ‘ચમિયાલી’ કહેવાય છે.

વેપારીઓ જેવા અલ્પશિક્ષિત માણસો દ્વારા લખાતી ‘ટાકરી’માં કાં તો સ્વરની માત્રાઓનો અભાવ જ હોય છે અથવા તો તેને બદલે જે તે સ્વરને જ મૂકવામાં આવ્યા હોય છે. પરિણામે ‘ટાકરી’નાં લખાણો અને શિલાલેખો પણ ઉકેલવા એ ખાસ કરીને બહારનાઓ માટે તો મહામુશ્કેલ કામ બની જાય છે.

## 4. ગુરુમુખી લિપિ : (પટ્ટ 44)

આનું બીજું નામ છે ‘પંજાબી’. એક મહાજની લિપિ વેપારીઓ અને અન્ય ઓછું ભણેલાઓની લિપિ – પંજાબમાં વપરાતી, જેને ‘લંડા’ કહેતા. તેમાં ‘સિન્ધી’ની જેમ સ્વરમાત્રાઓ જ ન હતી. આજે પણ કોઈ કોઈ સ્થળે તે યોજાય છે. શીખોના ‘ગુરુગ્રન્થસાહેબ’ અને અન્ય ધાર્મિક ગ્રન્થો અસલ આ ‘લંડા’ લિપિમાં લખાયેલા એવી માન્યતા છે. પરન્તુ સ્વરના અભાવે તે સાચાં ઉચ્ચારણો સાથે બરાબર વાંચી શકાતા નહિ. આથી ગુરુ અંગદે (1538-1552) ધર્મગ્રન્થોનાં સાચાં ઉચ્ચારણો અર્થે સૌથી વધારે પ્રચલિત નાગરી લિપિના આધારે સ્વર સાથેની નવી લિપિ તૈયાર કરી. તેમાં 24 અક્ષરો તો શારદા, ટાકરી તથા મધ્યપ્રદેશની નાગરીમાંથી લીધા છે.

એમાંના 21 શારદાની સાથે સામ્ય ધરાવે છે. આ નવી લિપિમાં મૂળાક્ષર ‘ડ’નું એક વધારાનું સ્વરૂપ યોજાયું છે.

ગુરુ અંગદના મુખમાંથી ઉદભવેલી હોવાથી આ લિપિને ‘ગુરુમુખી’ એવું નામ મળ્યું. તે પછી શીખ ધર્મના પાંચમા ગુરુ અર્જુનદેવે ‘આદિગ્રન્થ’ અર્થાત્ ‘ગુરુગ્રન્થ સાહિબ’ને નવેસરથી આ નવી લિપિમાં લખી નાખ્યા અને તે લિપિને શીખોની ધાર્મિક લિપિ ઘોષિત કરી. ત્યારથી શીખોના ધાર્મિક ગ્રન્થો આ ‘ગુરુમુખી’માં જ લખાય તેમજ છપાય છે.

આ લિપિમાં 32 વ્યંજનો અને 3 સ્વર છે. આ મૂળ સ્વરોમાં અમુક ચિહનો ઉમેરતાં બીજા સ્વરો બને છે. આ લિપિમાં સંયુક્ત વ્યંજનો (જોડાક્ષરો) છે જ નહિ. હા, સંયુક્ત સૂર છે. દા. ત., ‘सरिता’નો ઉચ્ચાર ‘स्रिता’ થાય છે. મોટે ભાગે અન્તિમ અનો ઉચ્ચાર કરતા નથી. દા. ત., ‘पाप’ ‘पाप्’ બની જાય છે અને ‘पुन’ ‘पुन्’ થઈ જાય છે. શબ્દના પ્રારંભમાં આવતો મહાપ્રાણ વ્યંજન ઘોષ વ્યંજન ઉચ્ચારણમાં અલ્પપ્રાણઅઘોષ વ્યંજન બની જાય છે. દા. ત., ‘भगवान’નું ઉચ્ચારણ ‘ ’ એવું થાય છે. તે જ રીતે સંયુક્ત વ્યંજનના બન્ને અક્ષરોનું અલગ અલગ ઉચ્ચારણ છે. દા. ત., ‘प्रलय’ ઉચ્ચારણમાં ‘ ’ બની જાય છે. તે જ પ્રમાણે ‘प्रताप’ થાય છે ‘ ’ અને ‘कृष्ण’ બને છે ‘ ’.

5. કૈથી લિપિ : (પટ્ટ 45)

કૈથી લિપિ એ ‘નાગરી’નું પરિવર્તિત રૂપ જ છે. કાયસ્થો કે કાયથોની ઉતાવળે લખાયેલી લિપિ તે ‘કાયથી’ કે ‘કૈથી’. સંસ્કૃત મૂળાક્ષરોમાંના દીર્ઘ ‘ॠ’, ‘ङ्’ અને ‘ञ्’ એમાં નથી. ‘व’ અને ‘ब’ લખવામાં સ્પષ્ટ જુદાઈ જણાતી નથી. ‘व’ને ‘ब’થી જુદો પાડવા માટે તેની નીચે ટપકું કરાય છે; ‘व़’. ‘अ’ ‘प्र’ ‘ख’ અને ‘ज्ञ’ નાગરીથી જુદા પડે છે. નાગરીનો ‘त्र’ ઝડપથી લખાતાં તેમાં ઉપરના ભાગમાં ગાંઠ પડી જાય છે અને તેથી તેનો આકાર ‘श्र’ જેવો થઈ જાય છે ! ‘ख’ તો નાગરી ‘ष’નું જ પરિવર્તિત સ્વરૂપ છે ! પહેલાં આ લિપિ શિરોરેખા લાંબી દોરીને પછી તેની નીચે લખાતી, ગુજરાતીના પ્રારંભિક સ્વરૂપની જેમ. પણ પાછળથી, મુખ્યત્વે મુદ્રણમાં સગવડ ખાતર, આ શિરોરેખા દૂર કરાઈ. શ્રી ઓઝા કહે છે કે બિહારમાં શાળાના પ્રાથમિક વર્ગોમાં આ લિપિમાં છપાયેલાં પુસ્તકો શિખવાય છે. (આજે ત્યાં શું સ્થિતિ છે તેની ખબર નથી.)

પ્રાદેશિક ભિન્નતા અનુસાર કૈથી લિપિના ત્રણ પ્રકાર થયા છે : (1) મિથિલાની કૈથી; (2) મગધની કૈથી અને (3) ભોજપુરની કૈથી.

## 6. અર્વાચીન બાંગ્લા લિપિ : (પટ્ટ 46, 46ॐ)

સ્વાતંત્ર્ય પૂર્વનું બંગાળ બાંગ્લા એ આ લિપિનો મુખ્ય પ્રદેશ હોઈ તેનું આવું

'બાંગ્લા' નામ પડ્યું છે. હાલ આ પ્રદેશ બે ભાગમાં વહેંચાયેલો છે. ભારતનું 'પશ્ચિમ બંગાળ' અને સ્વતંત્ર 'બાંગ્લા દેશ'. અર્વાચીન 'બાંગ્લા' લિપિ આ બંનેમાં પ્રયોજાય છે. આ લિપિ આસામ તેમજ ઈશાન ભારતનાં મોટા ભાગનાં નાનાં રાજ્યોમાં પણ વપરાય છે.

પ્રાચીન નાગરી લિપિની પૌરસ્ત્ય શાખામાંથી પ્રાચીન બાંગ્લા લિપિ વિકસી. સમય જતાં તેમાં ફેરફારો થતાં તેના મૂળાક્ષરોના સ્વરૂપમાં પરિવર્તનો થતાં આજની બાંગ્લા અસ્તિત્વમાં આવી. નાગરીની જેમ આ લિપિ પણ બધા જ મૂળાક્ષરો ધરાવે છે. બાંગ્લા ભાષામાં રચાયેલું આ લિપિનું સાહિત્ય ભારતની બધી ભાષાઓના સાહિત્ય કરતાં ગુણવત્તા તથા સંખ્યામાં ચઢી જાય છે. આનું એક કારણ એ પણ ખરું કે ભારતમાં બ્રિટિશ રાજ્યનો પ્રારંભ બંગાળમાંથી થયો, જેનું પાટનગર કલકત્તા (હાલનું કોલકાતા) હતું અને તેથી અર્વાચીન શિક્ષણનો સૂર્ય પણ ત્યાં જ પ્રથમ ઊગ્યો !

પહેલાં કલકત્તાથી પ્રકાશિત થતા સંસ્કૃત ગ્રન્થો આ લિપિમાં જ છપાતા. હવે તો તે પ્રાયઃ નાગરીમાં છપાય છે.

## 7. મૈથિલી લિપિ : (પટ્ટ 47)

'મૈથિલી' એ બિહારના બ્રાહ્મણોની અને વિશેષતઃ તેના મિથિલા પ્રદેશની લિપિ છે અને સંસ્કૃત ગ્રન્થો આ લિપિમાં લખાય છે. આ લિપિને બાંગ્લા લિપિનું સહેજ પરિવર્તિત સ્વરૂપ ગણી શકાય. કૈથી લિપિનો નાગરી સાથે જેવો સંબંધ છે તેવો જ સંબંધ 'મૈથિલી'નો બાંગ્લા લિપિ સાથે છે. આ પ્રદેશના બ્રાહ્મણેતર લોકો સામાન્યતઃ નાગરી કે કૈથી વાપરે છે.

## 8. ઊડિયા કે ઓડિયા લિપિ : (પટ્ટ 48)

પ્રાચીન કલિંગદેશ એ જ આજનું ઓરિસા. આથી આ લિપિ પ્રાચીન કલિંગ લિપિમાંથી વિકસી છે. કલિંગ દેશનાં બીજાં નામો 'ઉત્કલ' તથા 'ઉડ્ર' છે. ઉડ્ર અર્થાત્ ઉડિય કે ઉડીસાની લિપિ હોઈ તેને 'ઊડિયા' કહે છે. તે પ્રાચીન નાગરી તથા બાંગ્લાથી ઠીક ઠીક પ્રભાવિત થઈ છે. તેના મોટા ભાગના મૂળાક્ષરો પ્રાચીન બાંગ્લામાં કોતરાયેલ હસ્રાકોલના શિલાલેખના અક્ષરોને મળતા છે. તેના સ્વર 'ए', 'ऐ', 'ओ' અને 'औ' અર્વાચીન બાંગ્લાના છે.

આ લિપિના અક્ષરો બીજી મોટાભાગની લિપિઓના અક્ષરોથી વિશિષ્ટ રીતે અલગ તરી આવતા લાગે છે જે માટે બે કારણો આપી શકાય :

(1) અટક્યા વિના એકધારું લખાણ; અને (2) લાંબો વાંકો વળેલો ઉપરનો ભાગ જેની જમણી બાજુ નીચે વળેલી હોય છે. શ્રી ઓઝાના નિરીક્ષણ અનુસાર

આ ઉપરનો ભાગ વાંકો વળેલો છે તે ખરેખર તો બંગાળના રાજા લક્ષ્મણસેનના તર્પંડિઘીના શિલાલેખ તેમજ કામરૂપના રાજા વૈદ્યદેવનાં તામ્રપત્રોમાં દૃષ્ટિગોચર થતાં આવાં આઠ શીર્ષોનાં લંબાવેલાં સ્વરૂપો જ છે, જે તેમના ગ્રન્થના પટ્ટ 33માં આપેલ છે. આ અક્ષરોનાં શીર્ષો દૂર થાય તો બાકીના અંશ તો તદ્દન સરળ જ છે.

9. ગુજરાતી લિપિ : (પટ્ટ 49)

સૌરાષ્ટ્ર અને કચ્છ સાથેના સમસ્ત ગુજરાતમાં પ્રચલિત ગુજરાતી ભાષાની લિપિ છે. તે નાગરીમાંથી સીધી ઊતરેલી છે, જાણે નાગરીની એક શાખા જ હોય. કેટલાક અક્ષરો નાગરીથી જુદા પડે છે તે બહુધા ઉતાવળા લખાણને લીધે તેમજ વિશિષ્ટ વળાંકને જ આભારી છે. ખાસ કરીને 'અ' (अ), 'ઇ' (इ), 'ખ' (ख), 'ચ' (च), 'જ' (ज), 'ઝ' (झ), 'ફ' (फ), અને 'બ' (ब)ના ફેરફારો ધ્યાન ખેંચે એવા છે. તેમાં 'ઇ' (इ) અને 'ઝ' (झ) જૈન પદ્ધતિએ લખાતી નાગરીની વધારે નજીક છે. એ કેવી રીતે આ સ્વરૂપ પામ્યા તે શ્રી ઓઝાના ગ્રન્થના પૃ. 131 ઉપર દર્શાવ્યું છે. ગુજરાતી 'ખ' (ख) ને તેમણે નાગરી 'ष'માંથી વિકસેલો દર્શાવ્યો છે, પરન્તુ નાગરી 'ख'ને ઉતાવળથી કલમ ઊંચક્યા વિના લખવા જતાં ગુજરાતી 'ખ' બની જાય !

ગુજરાતી લિપિની મુખ્ય ખાસિયત એ છે કે તેમાં નાગરીની શિરોરેખા કાઢી નાખી છે, જેથી જાણે તે નાગરીની સુધારેલી આવૃત્તિ જેવી બની ગઈ છે ! એવું લાગે છે કે ઉપરિનિર્દિષ્ટ અક્ષરો તેમજ 'ક' (क), 'દ' (द), 'ભ' (भ) અને 'ળ' (ळ) ના વિશિષ્ટ વળાંકોનો ગુજરાતીના અલગ લિપિ તરીકેના વિકાસમાં મુખ્ય ફાળો ગણી શકાય. કેટલાક અક્ષરોએ તો બે કે ત્રણ ભાગમાં લખાવાનું ચાલુ રાખ્યું છે. એવા અક્ષરો છે : 'ક' (क), 'ગ' (ग), 'ઙ' (ङ), 'ઝ' (झ), 'ણ' (ण), 'ત' (त), 'ફ' (फ), 'મ' (म), 'લ' (ल), 'શ' (श), 'ષ' (ष), 'હ' (ह) અને '9' (9)નો અંક. એ જ રીતે નાગરીના 'ए' તથા 'ऐ'નું પરિવર્તન વ્યંજનની જેમ 'એ' અને 'ઐ'માં થયું છે. નાગરીના કેટલાક અક્ષરો ડાબી બાજુને બદલે જમણી બાજુથી શરૂ થાય છે. આવા કેટલાક અક્ષરોએ 'જમણેથી ડાબે'ની આ પદ્ધતિ ગુજરાતીમાં પણ જાળવી રાખી છે. દા. ત., 'ઘ' (घ), 'છ' (छ), 'ડ' (ड), 'દ' (द), 'ધ' (ध), 'બ' (ब) અને 'વ' (व). વળી કેટલાક અક્ષરોમાં તેનો મુખ્ય ભાગ જમણી તરફ બહાર નીકળે છે – લંબાય છે, જેથી વળાંક જમણી બાજુથી ડાબી બાજુ તરફ અપાય છે. દા. ત., 'ઠ' (ठ), 'ફ' (फ) અને 'હ' (ह). આમાં 'દ' (द)નોયે સમાવેશ કરી શકાય.

આ લિપિ પહેલાં તો 'ગુર્જરલિપિ', 'વાણિયાશાઈ લિપિ' (= વેપારીઓની લિપિ) અને 'મહાજનલિપિ' તરીકે ઓળખાતી. 16મા શતકના '' 'विमल-प्रबन्ध' માં 18 લિપિઓનાં નામ આપેલાં છે, જેમાં 'गुर्जरलिपि' પણ છે. આથી સ્પષ્ટ થાય છે કે નાગરીનું આ પ્રાદેશિક સ્વરૂપ તે જમાનામાં સ્વતંત્ર લિપિ તરીકે પ્રસ્થાપિત થઈ ગયેલું હતું. ગુજરાતી ભાષા 13મા-14મા શતકમાં પ્રયોજાવા લાગી હતી. તથાપિ

ગુજરાતી લિપિનું જૂનામાં જૂનું લખાણ અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં સચવાયેલ 'આદિપર્વ' નામના ગુજરાતી ભાષાના ગ્રન્થની વિ. સં. 1648 (ઈ. સ. 1591-92)માં લખાયેલી હસ્તપ્રતમાં જોવા મળે છે. ગુજરાતી અક્ષર 'લ' (ल) 15મા શતકમાં નાગરીમાં –ખાસ કરીને ગુજરાતમાં પ્રચલિત નાગરીમાં – શિરોરેખા સાથે વપરાવા લાગેલો. આથી એમ નિશ્ચિતપણે કહી શકાય કે નાગરીનું આ પ્રાદેશિક રૂપાન્તર 15મા શતકમાં શરૂ થયું. જોકે પ્રારંભમાં તો 'ઇ' (इ) અને 'ઉ' (उ) ના હ્રસ્વ-દીર્ઘના ભેદ દર્શાવતાં ચિહનો નિશ્ચિત થયાં ન હતાં અને લખાણમાં એવા ભેદ રખાતા ન હતા. 17મા શતકના પૂર્વાર્ધ સુધી નાગરી 'इ – ई'નો ઉપયોગ શિરોરેખા દૂર કરીને કરાતો. 'િ' – 'ી'નો ઉપયોગ પણ વ્યંજનની જેમ થતો. અર્વાચીન ચિહનો 'ઇ' – 'ઈ' 17મા શતકના ઉત્તરાર્ધમાં યોજાવા લાગ્યાં. જેમને ગુજરાતી લિપિના વિકાસ વિષે જાણવામાં રસ હોય તેઓ અમદાવાદના ભો. જે. વિદ્યાભવન દ્વારા પ્રકાશિત પ્રો. રસિકલાલ છો. પરીખ તથા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ સંપાદિત કરેલ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ના 1979માં પ્રગટ થયેલ છઠ્ઠા ગ્રન્થ 'મુઘલકાલ'માં મૂકેલ પટ્ટોમાંના પ્રથમ ચાર પટ્ટ જોઈ શકે છે.

શરૂઆતમાં તો નાગરીની શિરોરેખાને બદલે એક લાંબી આડી લીટી દોરી તેની નીચે લખાતું, પણ સમય જતાં એ રેખા પણ નીકળી ગઈ ! હા, આજે પણ કેટલાક વેપારીઓના રોજમેળના ચોપડામાં આવી પદ્ધતિ જોવા મળે છે.

## 10. મોડી લિપિ : (પટ્ટ 50)

મહારાષ્ટ્રમાં સમય બચાવવાના ઉદ્દેશથી ઝડપથી લખવા માટે ખાસ આ લિપિ બનાવવામાં આવેલી. તેના ઉદભવ અંગે બે સિદ્ધાન્તો પ્રચલિત છે : (1) દેવગિરિમાં યાદવ રાજાઓ મહાદેવરાય તથા રામદેવરાયના શાસનકાળમાં હેમાડ પંત નામના મુખ્ય સચિવ હતા. તેમણે ઈ. સ. 1260ના અરસામાં માત્ર સમય બચાવવા માટે આ લિપિ રચી. દેવનાગરી લિપિના લખાણમાં દરેક અક્ષર લખીને કલમ ઊંચકવી પડે છે. આમાં ઘણો સમય બગડે. આથી સચિવાલયનાં સર્વ લખાણો જેના હાથમાં હતાં તે હેમાડ પંતે કલમ ઉપાડ્યા વિના સળંગ ઝડપથી લખવા માટે આ નવી લિપિ તૈયાર કરી. તેમાં દેવનાગરી અક્ષરોને ખાસ વળાંક – મોડ – આપવામાં આવેલા હોવાથી તે લિપિને 'મોડી' – વળાંકવાળી – એવું સૂચક નામ આપવામાં આવ્યું.

(2) છત્રપતિ શિવાજી મહારાજે નાગરીને રાજલિપિ તરીકે માન્યતા આપેલી. શિરોરેખાઓને કારણે તે ઝડપથી લખી શકાતી ન હતી. આથી શિવાજી મહારાજના મુખ્ય સચિવ બાલાજી અબાજીએ ઝડપથી લખવાના હેતુથી આ નવી લિપિ બનાવી. પેશવાઓના સમયમાં બિવલકર નામના એક સદગૃહસ્થે તેમાં અક્ષરોને વધારે ગોળાકાર આપતા કેટલાક ફેરફાર કર્યા.

ફારસી ભાષામાં 'શિકસ્તા' નામની ઝડપથી લખવા માટેની લિપિ છે. 'મોડી' લિપિ બનાવવાનો વિચાર તેના બનાવનાર હમાડ પંત કે બાલાજી અબાજીને આ 'શિકસ્તા' લિપિમાંથી સ્ફુર્યો હોય.

પુણેના બ્રાહ્મણોના એક વર્ગમાં એવી માન્યતા પ્રચલિત છે કે હેમાડ પંત આ 'મોડી' લિપિ શ્રીલંકાથી લાવેલા; પરન્તુ આ માન્યતામાં કંઈ વજૂદ લાગતું નથી, કારણ કે 'મોડી'ના વળાંકો અને શ્રીલંકાની 'સિંહાલી' લિપિના વળાંકોમાં બિલકુલ સામ્ય નથી.

આ લિપિ 20મી સદીના પૂર્વાર્ધ પર્યન્ત પ્રચલનમાં હતી. આજે પણ કેટલાક લોકો તેનો ઉપયોગ ખાસ કરીને સહી કરવામાં કરે છે ! પેશવાઓના શાસનકાળમાં સર્વ અધિકૃત લખાણો આ લિપિમાં લખાતાં. સમય જતાં નવા નવા વળાંકો ઊભા થતાં આ લિપિએ અનેક સ્વરૂપો લીધાં જેમાંનાં મુખ્ય ચાર આ રહ્યાં : (1) ચિટનીસી, (2) મહાદાજી પંતી, (3) બિવલકરી અને (4) રાનડી.

મરાઠાઓના શાસન સમયે આ લિપિ અન્ય પ્રદેશોમાં પણ પ્રસરી હતી. પેશવા સવાઈ માધવરાવના સમયમાં ભારતનાં બધાં મોટાં શહેરોમાં તેનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. 19મા શતકમાં મદ્રાસ (હાલનું ચેન્નાઈ) અને મૈસૂરના શાસકોએ પોતાનાં અધિકૃત લખાણો માટે આ લિપિને અપનાવી લીધી હતી. કર્ણાટકના જૂના વેપારીઓ પોતાના હિસાબી ચોપડાઓ કન્નડ ભાષા અને મોડી લિપિમાં લખતા. મહારાષ્ટ્રમાં પણ સર્વ સરકારી લખાણો માટે 20મી સદીના પ્રારંભ પર્યન્ત આ લિપિ પ્રયોજાતી. સામાન્ય પ્રજામાં પણ તે પ્રચારમાં હતી જ. દેશમાં બ્રિટિશ શાસન આવ્યા પછીયે અધિકૃત દસ્તાવેજોમાં અમલદારો આ લિપિમાં જ સહી કરતા. આવા દસ્તાવેજો સરકારી દફતરખાનામાં સચવાયેલા છે. મુંબઈ રાજ્યનું પ્રથમ ગવર્નમેન્ટ ગૅઝેટ (Government Gazette) આ લિપિમાં જ પ્રગટ થયેલું. ખ્રિસ્તી ધર્મપ્રચારકોએ પણ તેમનાં પ્રારંભનાં મરાઠી પુસ્તકો 'મોડી'માં જ છપાવેલાં. અચોક્કસ હોવાથી તેમજ વાંચવામાં અઘરી પડતી હોવાથી અત્યારે આ લિપિ પ્રયોજાતી નથી.

આ લિપિની કેટલીક વિશિષ્ટતાઓ :

(1) શિરોરેખાને સ્થાને એક લાંબી રેખા દોરીને લખાય છે અને પ્રાયઃ એક આખો શબ્દ કે શબ્દો કે આખી લીટી પણ એકધારી રીતે કલમ ઉપાડ્યા વિના જ લખાય છે.

(2) તેમાં 'ઇ' (इ) તથા 'ઉ' (उ)ના હ્રસ્વ-દીર્ઘના ભેદ નથી હોતા અને તેમાં કોઈ 'હલન્ત' વ્યંજન પણ પ્રયોજાતો નથી.

(3) 'ઇ' (इ) અને 'જ' (ज) અક્ષરો અર્વાચીન 'ગુજરાતી, લિપિના એ અક્ષરોને મળતા આવે છે; જ્યારે 'ખ' (ख), 'પ' (प), 'બ' (ब) અને 'ર' (र) જૂની 'તેલુગુ-

કન્નડ'માંથી લીધા લાગે છે.

(4) 'ટ' (ट) અને 'ઠ' (ठ) સરખા જ લખાય છે, માત્ર 'ટ' (ट)ની વચ્ચે ટપકું મૂકીને 'ઠ' (ठ) એનાથી જુદો દર્શાવાય છે.

(5) 'અ' (अ), 'ઉ' (उ), 'ક' (क), 'ઞ' (ञ), 'ય' (य), 'લ' (ल), 'વ' (व), 'સ' (स) અને 'હ' (ह) એ અક્ષરો 'નાગરી'ના આ અક્ષરોથી જુદા પડે છે, જ્યારે બાકીના અક્ષરો 'નાગરી' જેવા જ છે.

આ લિપિના મરાઠાશાસન સમયના બે શિલાલેખો રાજસ્થાનમાંથી મળ્યા છે.

## 11. અર્વાચીન તેલુગુ-કન્નડ લિપિ : (પટ્ટ 51, 52, 53)

પ્રાચીન 'તુલુગુ-કન્નડ'માંથી આ લિપિઓ વિકસી છે. શ્રી ઓઝાના ગ્રન્થમાં પટ્ટ 43-51માં તે લિપિઓ દર્શાવેલી છે. 'ઉ' (उ), 'ઊ' (ऊ), 'ઋ' (ऋ), 'ક' (क), 'ત' (त), 'સ' (स) અને 'હ' (ह) બંનેમાં અલગ-અલગ છે, જ્યારે બાકીના અક્ષરો બંને લિપિઓમાં સમાન જ છે. અહીં 'એ' (ए) અને 'ઓ' (ओ)ના હ્રસ્વ-દીર્ઘ એવાં બે સ્વરૂપો જોવા મળે છે. 'તેલુગુ' આન્ધ્રપ્રદેશમાં પ્રચલિત છે, જ્યારે 'કન્નડ' કર્ણાટકમાં વપરાય છે. 'તેલુગુ' એ લિપિનામ તેના પ્રચલનના પ્રદેશના નામ ઉપરથી અપાયું હોય એમ લાગે છે : त्रिलिंग > तिलिंग > तिलिंगान > तेलंगण. 'કન્નડ' એ નામ પણ તેના પ્રચલનના પ્રદેશના નામ 'કન્નડ' ઉપરથી આવ્યું હશે.

## 12. અર્વાચીન ગ્રન્થ લિપિ : (પટ્ટ 54, 55)

પ્રાચીન 'ગ્રન્થ'લિપિમાંથી વિકસી છે. શ્રી ઓઝાએ તેમના ગ્રન્થના પટ્ટ 52-56માં તે દર્શાવ્યું છે. પહેલાં તો સંસ્કૃત ગ્રન્થો પણ તેમાં છપાતા. ખરેખર તો 'તમિળ' લિપિમાં સંસ્કૃત શબ્દો લખવાની ક્ષમતા ન હોવાથી તે જ્યાં પ્રચલિત છે તે સમગ્ર પ્રદેશમાં સંસ્કૃત ગ્રન્થો લખવા માટે જ 'ગ્રન્થ'લિપિ રચવામાં આવેલી. હવે તો સંસ્કૃત ગ્રન્થો બહુધા 'નાગરી'માં જ છપાય છે.

## 13. મલયાળમ્ લિપિ : (પટ્ટ 56)

આ લિપિનું બીજું નામ 'કેરલ' લિપિ છે. કેરલ અથવા મલયાળમ્ પ્રદેશની મલયાળમ્ ભાષાની આ લિપિ છે. વસ્તુતઃ 'ગ્રન્થ' લિપિને ઝડપથી લખવાથી જ આ લિપિ બની છે. તમિળભાષી લોકો સંસ્કૃત ગ્રન્થો આ લિપિમાં પણ લખે છે. 'ગ્રન્થ'નું જ રૂપાન્તર હોઈ સંસ્કૃતના બધા જ સૂર તેમાં લખી શકાય છે.

## 14. તુળુ લિપિ : (પટ્ટ 57)

'ગ્રન્થ'માંથી વિકસેલી 'મલયાળમ્' લિપિનું રૂપાન્તર હોઈ દક્ષિણ કર્ણાટકના તુળુભાષી લોકોમાં ખાસ કરીને સંસ્કૃત ગ્રન્થો લખવા માટે યોજાય છે.

15. અર્વાચીન તમિળ લિપિ :

પ્રાચીન ‘તમિળ’માંથી વિકસી છે. શ્રી ઓઝાના પટ્ટ 60-62માં તે દર્શાવી છે. આ લિપિમાં ‘એ’ (ए) તથા ઓ (ओ)નાં હ્રસ્વ અને દીર્ઘ એવાં બે રૂપ છે. તે તમિળનાડુમાં પ્રચલિત છે. તમિળ ભાષા આર્યોની સંસ્કૃત ભાષાથી તદ્દન ભિન્ન હોવા છતાં આ લિપિના અક્ષરો આર્ય લિપિઓમાંથી લીધેલા છે. માત્ર 18 વ્યંજનો ધરાવતી આ લિપિ સંસ્કૃત લખવા માટે સક્ષમ નથી. આથી તેમાં આવતા સંસ્કૃત શબ્દો ‘ગ્રન્થ’માં લખાય છે. ‘તમિળ’ એ સંજ્ઞા આ પ્રજાના પ્રદેશના નામ ‘દમિળ’ કે ‘દ્રવિડ’ ઉપરથી લેવામાં આવી છે.

❒

# 5. પ્રાચીન ભારતીય લેખનસામગ્રી

## વિભાગ 1 : જેના ઉપર લખાતું તે પદાર્થો

### 1. પ્રાસ્તાવિક :

વૈદિક તથા સિન્ધુ સંસ્કૃતિના યુગથી ઘણા સમય પૂર્વે જ ભારતમાં લેખનકલા વિકસેલી હતી તે આપણે જોઈ ગયા. ભારતની પ્રાચીન તથા અર્વાચીન લિપિઓ વિષે પણ આપણે માહિતી મેળવી. આ બંનેના વિકાસના પાયામાં કોઈક સાધનસામગ્રી હોવી જોઈએ. આથી હવે આપણે પ્રાચીન ભારતની લેખનસામગ્રીનો વિચાર કરીએ. તેના ત્રણ વિભાગ યોજી શકાય :

1. જેના ઉપર લખાતું તેવા પદાર્થો;
2. લખવા માટેનાં સાધનો-કલમો ઇત્યાદિ; અને
3. શાહી, રંગ ઇત્યાદિ.

પહેલાં આપણે જેના ઉપર લખાતું તેવા પદાર્થોનો વિચાર કરીએ.

ભારત જ એક એવો દેશ છે જેમાં પ્રાચીન કાળમાં પુષ્કળ પ્રમાણમાં લખવા માટેના પદાર્થો પ્રકૃતિએ બક્ષેલા. તાડનાં વૃક્ષો અને ભૂર્જનાં વૃક્ષો અહીં પુષ્કળ પ્રમાણમાં ઊગતાં. તે માટે બી વાવવા કે બીજા કોઈ પ્રકારનો પરિશ્રમ માનવે લેવાની જરૂર ન હતી. ઇજિપ્તના પેપાઈરસના છોડ(Papyrus plants)નાં તો બી વાવવાં પડતાં. કોઈ પણ જાતના ઝાડના પાંદડા માટે સંસ્કૃતમાં શબ્દ છે ‘પર્ણ’. તેને પાલિમાં ‘પન્ન’ અને પ્રાકૃતમાં ‘પણ્ણ’ કહે છે. પાંદડા માટે સંસ્કૃતમાં બીજો શબ્દ છે ‘પત્ર’, જે પાલિ-પ્રાકૃતમાં ‘પત્ત’ બની જાય છે. આ બંને સંજ્ઞાઓ પુસ્તકના આગળપાછળ લખેલા ‘પાન’ને માટે પણ વપરાય છે. પાનની દરેક બાજુને ‘પૃષ્ઠ’ કહે છે. ગુજરાતી તથા બીજી ઘણી અર્વાચીન ભારતીય ભાષાઓમાં પણ ‘પૃષ્ઠ’ અને ‘પત્ર’ શબ્દો એ જ અર્થમાં પ્રચલિત છે. ગુજરાતી શબ્દો ‘પાન’ અને ‘પત્તું’ પણ અનુક્રમે સંસ્કૃત

‘પર્ણ’ તથા ‘પત્ર’માંથી જ બન્યા છે. એ જ રીતે પુસ્તકના વિભાગો સૂચવતી સાહિત્યમાં પ્રચલિત ‘શાખા’, ‘સ્કન્ધ’, ‘પર્વન્’, ‘કાંડ’ જેવી સંજ્ઞાઓ વાસ્તવમાં વૃક્ષના ભિન્ન ભિન્ન ભાગને જ નિર્દેશે છે. આથી સ્પષ્ટ થાય છે કે લેખનકળા પ્રથમથી જ વૃક્ષો સાથે ગાઢ રીતે સંકળાયેલી હતી. અને આપણે જાણીએ છીએ કે પ્રાચીન કાળમાં કેટલાંક વૃક્ષોનાં પાંદડાં ઉપર અને બીજાં કેટલાંકની છાલ ઉપર લખાતું તે દરેકને હવે આપણે ક્રમશઃ મૂલવીએ.

## (અ) તાડપત્રો :

તાડના ઝાડનાં પાંદડાં સંભવતઃ લખવા માટેનો સર્વપ્રથમ પદાર્થ હતો. ભારતના કાશ્મીર, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને પંજાબ સિવાયના સર્વ પ્રદેશોમાં પુષ્કળ પ્રમાણમાં તાડનાં વૃક્ષો ઊગતાં. હ્યુએન સંગ(Hiouen Tksang)ના તેના શિષ્ય હ્યુલિ(Heuley)એ લખેલા જીવનચરિત્ર ઉપરથી સમજાય છે કે બૌદ્ધ ત્રિપિટકો પ્રથમ વાર તાડપત્રો ઉપર લખાયેલાં.

તાડપત્રોને તેના ઉપર લખી શકાય એવાં કેવી રીતે બનાવાતા તેનો સ્પષ્ટ ખ્યાલ આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીએ આપ્યો છે : તાડનાં પાંદડાંને વૃક્ષ ઉપર જ મોટાં થવા દેવાતાં. પછી તે પરિપક્વ થાય તે પહેલાં તેમને ઉતારી લેવામાં આવતાં. પછી તેમને સપાટ બનાવી દેવાતાં. ત્યાર પછી બધાં પર્ણોને એકસાથે જમીનમાં દાટી દેતા. ત્યાં તે બરાબર સુકાઈ જતાં. આવી રીતે સુકાતાં પાંદડાંનો ભેજ તેમની અંદર જ સમાઈ જતો હોઈ તે વધારે નરમ થઈ જાય છે.

મુનિજી તાલવૃક્ષના ‘ખરતાલ’ અને ‘શ્રીતાલ’ એવા બે પ્રકાર તરફ આપણું ધ્યાન દોરે છે. ‘ખર’ એટલે સખત, કઠણ. ગુજરાત અને આજુબાજુના પ્રદેશમાં થતાં તાલવૃક્ષો પ્રાયઃ બધાં જ આ પ્રકારનાં હોય છે. તેનાં પાંદડાં જાડાં, ટૂંકાં અને સાંકડાં હોય છે. તે બટકણિયાં હોઈ લીલાં હોય ત્યારે પણ સહેજ આંચકો લાગતાં જ બટકી જાય છે. તે સુકાઈ જાય છે પણ બહુ જલદી. આથી ગ્રન્થલેખન માટે તે ઉચિત રહેતાં નથી. તેથી તે કાર્ય માટે તેમનો ઉપયોગ કરાતો નથી.

શ્રીતાલવૃક્ષો દક્ષિણ ભારતમાં, મ્યાનમારમાં તથા શ્રીલંકા વગેરેમાં સારા પ્રમાણમાં ઊગે છે. તેનાં પાંદડાં કોમળ, લીસાં તથા કદમાં પણ 37’’ X 3’’ હોય છે. તે જલદી કોહવાતાં નથી અને વાળવામાં આવે તોપણ એકદમ તૂટી જતાં નથી. તેથી ગ્રન્થલેખન માટે આ શ્રીતાલનાં પાંદડાં વપરાતાં. મ્યાનમારમાં તો તેમને વધારે ટકાઉ કરવા માટે બે, ત્રણ કે વધારે પાંદડાંને ઉપરાઉપરી મૂકી સીવી લેતા.

કત્રે જણાવે છે તેમ, જાણીતી તાલપત્રીય હસ્તપ્રતોનો બરાબર અભ્યાસ કરીને હોર્નલી (Hoernley) એવા નિર્ણય પર આવ્યા છે કે પ્રાચીનતર તાલપત્રીય હસ્તપ્રતો શ્રીતાલમાંથી જ બનાવાયેલી છે. બાવર (Bower) હસ્તપ્રતનાં ભૂજપત્રનાં

પાન તાલપત્રોના કદ અનુસાર કાપેલાં છે અને ઈ. સ.ની પ્રથમ શતાબ્દીથી મોડા નહિ એવા સમયના તક્ષશિલાથી પ્રાપ્ત દાનના તામ્રપત્રને પણ તાલપત્ર પ્રમાણે કાપેલ છે. આથી એટલું નિશ્ચિતપણે કહી શકાય કે તાડપત્રોનો ઉપયોગ તે પહેલાંથી પંજાબમાં થતો હોવો જોઈએ.

તાડપત્રની પુષ્કળ હસ્તપ્રતોના પરીક્ષણ ઉપરથી વિદ્વાનો એવા તારણ ઉપર આવ્યા છે કે પ્રાચીન સમયથી જ ભારતના ઉત્તર, પૂર્વ, મધ્ય અને પશ્ચિમના પ્રદેશોમાં તાડપત્રો ઉપર શાહીથી લખાતું, જ્યારે ઓરિસામાં અને દક્ષિણના દ્રવિડ પ્રદેશોમાં લોખંડની કલમ વડે તેના ઉપર અક્ષરો કોતરવામાં આવતા અને પછી તેમાં કાજળ-મેશ કે કોલસા જેવા પદાર્થો વડે કોતરેલો ભાગ કાળો કરવામાં આવતો. બધાં તાડપત્રોમાં એક કાણું પાડવામાં આવતું જે સામાન્ય રીતે બરાબર મધ્યમાં પડાતું અને કેટલીક હસ્તપ્રતોમાં ડાબી બાજુ પડાતું, અથવા ડાબી અને જમણી બાજુએ એમ બે કાણાં પાડવામાં આવતાં. આ કાણાંમાં દોરી પરોવી દેવામાં આવતી જેથી બધાં તાડપત્રો એકબીજા ઉપર સરખાં વ્યવસ્થિત રહી શકે. અહીં એ નોંધવું જોઈએ કે સંસ્કૃત ધાતુ 'लिख्' જેનો અર્થ આજે 'લખવું' એવો થાય છે તેનો મૂળ અર્થ 'કોતરવું' એવો છે; અને જેના ઉપરથી 'લિપિ' શબ્દ વ્યુત્પન્ન થયો છે તે ધાતુ 'लिप्'નો અર્થ છે 'લીંપવું, ચોપડવું, રંગ કરવો' એટલે કે 'શાહીથી લખવું'.

મુનિજી એ બાબત તરફ ધ્યાન દોરે છે કે તાડપત્રો કાગળ તથા કાપડને ખાઈ જતાં લાગે છે ! કારણ કે તાડપત્રની હસ્તપ્રતોમાં ખૂટતાં કે ખોવાયેલાં પાનની જગાએ પાછળથી મૂકેલાં કાગળનાં પાન ઘસાઈ જતાં જોવા મળે છે, જ્યારે હસ્તપ્રતનાં મૂળ તાડપત્રો સારી સ્થિતિમાં રહ્યાં છે ! કદાચ લાખ જેવા શાહીમાંના પદાર્થો આ માટે કારણભૂત હોઈ શકે. છતાં એ પણ એક અનુભૂત સત્ય છે કે તાડપત્રીય હસ્તપ્રતો ઉપર રક્ષણાર્થે લપેટેલ કાપડના ટુકડા થોડાં વર્ષોમાં જ કાળા પડી જાય છે.

મુનિજીએ એક રસપ્રદ વાત નોંધી છે. પાટણના સુપ્રસિદ્ધ જૈન ભંડારોમાંથી તેમને 14મા શતકનો એક તાડપત્રનો ટુકડો મળી આવ્યો જેના ઉપર તાડપત્રો વિષેનો હિસાબ જોવા મળ્યો. તેમાં એવું જણાવેલું છે કે એક તાડપત્રની કિંમત છ આના એટલે કે હાલના 37 પૈસા હતી !

કાગળ મળવા લાગ્યો ત્યાર પછી લેખન માટે તાડપત્રનો ઉપયોગ બે-ત્રણ શતાબ્દીમાં અટકી ગયો. તાડપત્ર ઉપરનું લેખન 15મા શતકના અન્ત સુધી ચાલુ રહેલું.

પ્રાચીનતમ ઉપલબ્ધ તાડપત્રીય હસ્તપ્રતનો વિચાર કરતાં, જૈન જ્ઞાનભંડારોમાંથી પ્રાપ્ત હસ્તપ્રતોમાં જૂનામાં જૂની વિક્રમના 12મા શતકની જોવા મળી છે. પરંતુ શ્રી ઓઝા જણાવે છે તેમ, બીજી સદીની આસપાસમાં લખાયેલ

મનાતી કોઈક નાટકની અપૂર્ણ અને માત્ર ટુકડાઓમાં જ મળેલી હસ્તપ્રત પ્રાચીનતમ તાડપત્રીય હસ્તપ્રત ગણાય. આ હસ્તપ્રતને ડૉ. લ્યૂડર્સે (Luders) ''ક્લાઇનેરે સંસ્કૃત ટેક્સ્ટે'' (Kleinere Sanskrit Texte)ના પ્રથમ ભાગમાં પ્રકાશિત કરી છે.

## (આ) ભૂર્જપત્રો :

બીજા ક્રમે આવે છે ભૂર્જપત્ર કે ભોજપત્ર અર્થાત્ ભૂર્જવૃક્ષોની છાલમાંથી તૈયાર કરાયેલ પાન. ભૂર્જપત્રો તાડપત્રો જેવાં ટકાઉ નથી હોતાં. તેમાંયે સૂકા હવામાનમાં તો તે વધારે ટકતાં નથી. ભૂર્જનાં ઝાડ વિશેષતઃ હિમાલયના પ્રદેશોમાં પુષ્કળ પ્રમાણમાં ઊગે છે. આથી ભારતના ઉત્તરના ભાગમાં અને વિશેષતઃ પંજાબ, કાશ્મીર, હરિયાણા અને હિમાચલ-પ્રદેશમાં ભોજપત્રો વધારે વપરાતાં. ભૂર્જવૃક્ષોની અંદરની છાલમાંથી તે બનાવાય છે. તાડપત્રીય હસ્તપ્રતોની જેમ ભોજપત્રની હસ્તપ્રતોમાં પણ વચ્ચે છિદ્ર રાખેલું હોય છે.

ભોજપત્ર ઉપરનાં જૂનામાં જૂનાં લખાણો તે ખોતાનમાંથી શોધાયેલ ખરોષ્ઠી લિપિમાં લખાયેલ 'ધમ્મપદ' તેમજ અફઘાનિસ્તાનમાંના સ્તૂપમાંથી મૅસને (Masson) શોધી કાઢેલ દોરાથી બાંધેલા કોતરેલા ભૂર્જપત્રોના વીંટાઓ છે. તે બીજા-ત્રીજા શતકમાં લખાયેલા ગણાય છે. આના પછી કાલક્રમમાં આવે છે ડૉ. સ્ટાઇને (Stein) ખોતાનના ખડલિક નામના ગામમાંથી શોધી કાઢેલ સંસ્કૃતમાં લખેલ બૌદ્ધ સૂત્રગ્રન્થ 'સંયુક્તાગમ'ની હસ્તપ્રત, જે લિપિની દૃષ્ટિએ ચોથા શતકમાં લખાયેલ મનાય છે. તે પછી આવે ગૉડફ્રે(Godfrey)ના સંગ્રહોમાં સચવાયેલ ટુકડાઓ જેનાં પાનને તાડપત્રના કદ પ્રમાણે કાપેલાં છે અને વચ્ચે દોરી પસાર કરવા માટે છિદ્ર પાડેલું છે તે પ્રસિદ્ધ બાવરની હસ્તપ્રત (Bower Manuscript) તેમજ બક્ષાલી હસ્તપ્રત (Bakshali Manuscript). આ પછી તો લાંબા સમયગાળા પછીની કાશ્મીરમાંથી મળેલી અને પુણે, કોલકાતા, લંડન, ઑક્સફર્ડ, વિયેના તથા બર્લિનમાંનાં ગ્રન્થાલયોમાં રાખેલી ભોજપત્રની હસ્તપ્રતો જેમાંની કોઈ સંભવતઃ 15મા શતક પહેલાંની નથી.

ભોજપત્રો બટકણિયાં હોવાથી તેમને સ્પર્શ કરવામાં પણ બહુ કાળજી રાખવી પડે છે.

કર્ટિયસે (Curtius) સિકંદરના આક્રમણ-સમયના લખવાના પદાર્થ રૂપે જેનો ઉલ્લેખ કર્યો છે તે ભૂર્જપત્ર જ હોય; તે પછી ઉત્તર ભારતમાં રચાયેલા બૌદ્ધ તેમજ બ્રાહ્મણધર્મનાં લખાણોમાં એ રીતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે જ.

ભૂર્જવૃક્ષોને પવિત્ર ગણવામાં આવે છે તેથી આજે પણ ભૂર્જપત્રોનો ઉપયોગ ધાર્મિક મંત્રો લખવા માટે તેમજ યંત્રો દોરવા માટે કરવામાં આવે છે.

## (ઇ) અગુરુપત્ર :

અગુરુ(અગર)ના ઝાડની છાલનો ઉપયોગ પણ લખવા માટે કરાતો. વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં અગરની છાલમાંથી બનાવેલ પત્ર ઉપર વિ. સ. 1770 (આશરે ઈ. સ. 1714)માં લખાયેલ 'બ્રહ્મવૈવર્તપુરાણ'ની હસ્તપ્રત સચવાયેલી છે. (હસ્તપ્રત ક્રમાંક 10072).

## (ઈ) તૂલપત્ર તથા કાપડ :

રૂને દબાવીને અને ગાભામાંથી પણ લખવા માટેનો કાગળ બનાવવામાં આવતો જેને 'તૂલપત્ર' કહેતા. સિકંદરના સેનાપતિ નિયરકોસે (Nearchos) 'ઇંડિકા' (Indica) નામનું પુસ્તક લખ્યું છે જેમાં સિકંદરના આક્રમણનું વર્ણન કર્યું છે. તેમાં આ તૂલપત્રનો સ્પષ્ટ નિર્દેશ કરેલો છે. આથી ભારતીયો ઓછામાં ઓછું. ઈ. સ. પૂ. 4થા શતકમાં તો તૂલપત્રનો ઉપયોગ લખવા માટે કરતા એવું સાબિત થાય છે.

કેટલીક 'સ્મૃતિઓમાં' તેમજ સાતવાહન યુગના કેટલાય શિલાલેખોમાં આ માટે વપરાતા રૂના કાપડનો ઉલ્લેખ 'પટ', 'પટિકા' તથા 'કાર્પાસિક પટ' એવી સંજ્ઞાઓથી કરવામાં આવ્યો છે. કપાસના કાપડનાં પત્રો પર લખાયેલ એક હસ્તપ્રત જૈનોના પાટણમાં આવેલા પ્રાચીન જ્ઞાનભંડારોમાંના એક 'સંઘનો જ્ઞાનભંડાર'માં સચવાયેલી છે. તેમાં 25'' x 5''નાં 93 પાન છે અને વિક્રમના 15મા શતકમાં લખાયેલ જણાય છે. આ કપાસના પટની જૂનામાં જૂની ગ્રન્થસ્વરૂપની હસ્તપ્રત છે. મુનિજી જણાવે છે કે તે રૂના કાપડની ગ્રન્થસ્વરૂપની એક જ પ્રાપ્ય હસ્તપ્રત છે. વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં બાંગ્લા લિપિમાં લખાયેલ તૂલપત્રની હસ્તપ્રતનો નમૂનો સચવાયેલો છે.

આ ઉપરાંત કાપડના પટ્ટો-નકશાઓ અને વીંટાઓ પણ સચવાયેલા છે. આવા બે પટ્ટો 15મા શતકના છે.

કત્રે તેમના ગ્રન્થના પૃષ્ઠ 5 ઉપર જણાવે છે કે બર્નેલ (Burnell) તથા રાઈસે (Rice) નોંધ્યું છે કે અદ્યાપિ કન્નડના વેપારીઓ એક પ્રકારના કાપડનો ઉપયોગ કરે છે જેને તેઓ 'કડતમ્' કહે છે. આ કાપડ ઉપર આંબલીના બીજની લાહીનું લેપન કરીને તેને પછી કોલસા વડે કાળું કરે છે. તેના ઉપર અક્ષરો ચાકથી કે સ્ટીલની પેન્સિલથી લખે છે જે શ્યામમાં શ્વેત હોઈ શોભે છે !

મુનિજી જણાવે છે કે કાપડની બન્ને બાજુ પર ઘઉં કે ચોખાની લાહી લગાડવામાં આવે છે જેથી છિદ્રો પુરાઈ જાય છે. તે સુકાય એટલે તરત તેના ઉપર અકીકનો કે કસોટીનો પથ્થર ઘસીને ઓપ આપવામાં આવે છે. પછી તે કાપડ લેખન માટે યોગ્ય બને છે. આને જાડું કરવું હોય તો કાપડના બે ટુકડા એકબીજા ઉપર ચોંટાડવામાં આવે છે.

આરબોએ ઈ. સ. 704માં સમરકંદ જીતી લીધું તે પછી તેઓ પહેલી વાર

જ કપાસ અને ગાભામાંથી કાગળ બનાવવાની કળા શીખ્યા. પછી તો તેઓ દમાસ્કસ(Damascus)માં એવો કાગળ બનાવવા લાગ્યા અને 9મા શતકમાં તો આ રીતે બનાવેલા કાગળ ઉપર અરબી પુસ્તકો લખાવા લાગ્યાં.

### (ઉ) વીંટા :

કાગળના લાંબા ટુકડાને સાંધીને-ચોંટાડીને વીંટા બનાવાતા. તેના ઉપર ઘઉં કે ચોખાની લાહી લગાડ્યા પછી તે લેખન માટે યોગ્ય બને. ચન્દ્રગુપ્ત મૌર્યના દરબારમાં ઈ.સ. પૂ. 306-301 સુધી સીરિયા(Syria)ના રાજદૂત તરીકે રહેલા મૅગેસ્થિનિસે (Magasthenes) બેસતા વર્ષે લોકો વાર્ષિક પંચાંગ સાંભળતા તેમજ જન્મનો ચોક્કસ સમય નોંધીને જાતકના જન્માક્ષર બનાવવામાં આવતા એવો ઉલ્લેખ કરેલો છે. આવાં પંચાંગો તથા જન્માક્ષર સંભવતઃ આવા વીંટાઓમાં લખાતાં હશે. આ પછી પણ આવા વીંટા બનાવવામાં આવતા અને તેના ઉપર ધાર્મિક ગ્રન્થો અત્યન્ત સૂક્ષ્મ અક્ષરોમાં અને વચ્ચે વચ્ચે સુંદર સપ્રમાણ રંગીન ચિત્રો સાથે સુવર્ણ અને રજતની શાહી વડે લખાતા. આવા કેટલાક વીંટા વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં સચવાયેલા છે.

### (ઊ) રેશમ :

રેશમના કાપડ ઉપર પણ લખાતું એવા ઉલ્લેખો પણ મળે છે. કત્રે નીચેના 6 નિર્દેશો આપે છે :

(1) બ્યૂલર(Buhler)ને જેસલમેરના ભંડારમાંથી એક રેશમની પટ્ટી મળેલી, જેમાં જૈન સૂત્રગ્રન્થોની સૂચી શાહીથી લખેલી હતી.

(2) પિટરસન(Peterson)ને વિક્રમ સંવત્ 1418(આશરે ઈ. સ. 1362)માં પાટણમાં રેશમી કાપડ પર લખેલ હસ્તપ્રત મળેલી.

(3) 'યા-મેન'(Ya-men)ના અવશેષોમાંથી સ્ટાઇન(Stein)ને સફેદ રેશમની પટ્ટી ખરોષ્ઠી લિપિના લખાણ સાથેની મળેલી.

(4) મિરાન(Miran)નાં પ્રાચીન મન્દિરોમાંથી સ્ટાઇન(Stein)ને ખરોષ્ઠી લેખવાળા ત્રણ ઝીણા રંગીન રેશમના ટુકડા મળેલા.

(5) સ્ટાઇન(Stein)ને આ જ લિપિમાં લખાયેલ આવો એક નમૂનો 'જેડ ગેટ'(Jade gate)માંથી મળેલો.

(6) વળી સ્ટાઇનને 'ગ્રેટ મૅગેઝિન ઑફ્ ધ લાઇમ્સ'(Great Magazine of The Limes)માં રેશમની એક સાંકડી લાંબી પટ્ટી મળેલી જેના ઉપર ઇન્ડો-સિધિયન કે કુશાન સમ્રાટોના સમયની બ્રાહ્મી લિપિમાં એક લાંબી પંક્તિ લખેલી હતી.

આ છયે શોધો ઉપરથી સ્પષ્ટ થાય છે કે રેશમનો ઉપયોગ લેખન માટે થતો

હતો.

## (એ) લાકડાનાં પાટિયાં :

લાકડાનાં પાટિયાં પણ લખવા માટે વપરાતાં. બૌદ્ધ ‘વિનયપિટક’ તથા ‘જાતકો’માં તેના ઉલ્લેખો થયા છે. પાશ્ચાત્ય ક્ષત્રપ રાજા નાહપાનના એક શિલાલેખમાં મહાજનના કાર્યાલયમાંનાં ‘ફલકો’નો ઉલ્લેખ થયો છે જેના ઉપર ધિરાણના કરારની નોંધ કરવામાં આવતી. મ્યાનમાર(બ્રહ્મદેશ)માં તો સ્નિગ્ધ સુશોભિત ફલકો ઉપર હસ્તપ્રતલેખન પ્રચલિત છે. આ પ્રકારની આસામથી મળેલી એક હસ્તપ્રત ઑક્સફર્ડના ‘બોડલાઇન લાઇબ્રેરી’ (Bodlein Library) નામના ગ્રન્થાલયમાં સચવાયેલી છે.

## (ઐ) ચર્મ :

સુબન્ધુની ‘વાસવદત્તા’માંના એક ઉલ્લેખને આધારે એવું અનુમાન કરાયું છે કે ચામડા ઉપર પણ લખાતું ! [જુઓ બ્યૂલર(Buhler)નો ગ્રન્થ ‘ઇન્ડીશ પૅલિયોગ્રાફી’ (Indiseche Palaeographie) પૃષ્ઠ 78] ધાર્મિક રીતે અપવિત્ર ગણાતા ચામડા માટે આવું અનુમાન કદાચ દુ:સાહસ કહેવાય ! યુરોપમાં કેળવેલા ચામડાનો લખવા માટે ઉપયોગ થતો, કારણ કે ત્યાં કુદરતી લેખનસાધનની અછત હતી. પરન્તુ ભારતમાં તો કુદરતી લેખનસાધનની પ્રચુરતા હતી અને તેથી ચામડાનો ઉપયોગ કરવાની કોઈ જરૂર જ ન હતી. હા, ઘણા જૂના સમયથી હસ્તપ્રતો મૂકવા માટેના દાબડા-પેટીઓ બનાવવામાં ચામડાનો ઉપયોગ થતો આવ્યો છે.

કેટલીક વાર હસ્તપ્રતોનાં ઉપરનાં તથા નીચેનાં પૂંઠાં તેમજ પાનાંના રક્ષણ માટે બાજુઓમાં રખાતી પટ્ટીઓમાં તેનો ઉપયોગ થતો.

આમ છતાં આ બાબતમાં નીચેની હકીકતો ધ્યાનમાં રાખવી જોઈએ :

(1) બૌદ્ધોએ લેખનસાધનોમાં ચામડાનો સમાવેશ કરેલો છે.

(2) ભારતીય લિપિઓમાં લખાયેલા કાશગર(Kashgar)માંથી મળેલા ચામડાના ટુકડા યુરોપના સંગ્રહોમાં છે એવું કહેવાય છે.

(3) સ્ટાઇન(Stein)ને તેની ચીની તુર્કિસ્તાનની યાદગાર સફર દરમિયાન નિયામાંથી લગભગ બે ડઝન જેટલા ખરોષ્ઠી લિપિમાં લખાયેલા ચામડાના દસ્તાવેજો મળેલા જેમાંના મોટા ભાગના લેખનસંવત્ ધરાવતા હતા અને અધિકૃત હતા.

(4) જર્નલ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટી (JRAS)ના 1902ના પુસ્તકના પૃ. 232 વગેરે ઉપર વિન્સન્ટ સ્મિથે (Vincent Smith) જણાવ્યા પ્રમાણે સ્ટ્રેબો(Strabo)એ ઈ. સ. 14માં મૃત્યુ પામેલ ઑગસ્ટસ સીઝર(Augustus Cae-

sar)ને ભારતમાંથી મોકલાયેલ એક અધિકૃત દસ્તાવેજ વિષેની નોંધ સાચવી છે, જે ઘેટાના કમાવેલા ચામડા ઉપર લખેલી હતી. ('એન્શન્ટ ઇંડિયા એઝ ડિસ્ક્રાઇબ્ડ બાય સ્ટ્રૅબો', પૃ. 71).

આ ઉપરથી કત્રે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે ચામડું અપવિત્ર ગણાતું હોવા છતાં ભારતીય લહિયાઓએ એનો બિલકુલ ઉપયોગ કરેલો નહિ એમ કહી શકાય નહિ. શ્રી ઓઝા જણાવે છે કે મોગલ શાસન દરમિયાન લાકડાની પટ્ટીઓને બદલે ચામડાની પટ્ટીઓ હસ્તપ્રતોના પૂંઠા તરીકે વપરાવા લાગી.

## (ઓ) હાથીદાંત :

શ્રીલંકા વગેરે સ્થળોના બૌદ્ધોએ લેખનસાધન તરીકે હાથીદાંતમાંથી બનાવેલ ફલકનો ઉપયોગ સારા પ્રમાણમાં કર્યો છે. અલબત્ત જૈનોએ તેનો ઉપયોગ કદી કર્યો નથી.

## (ઔ) ધાતુનાં પતરાં :

સોનું, ચાંદી, તાંબું, પિત્તળ, લોખંડ, કાંસું તથા પંચધાતુનાં પતરાંનો ઉપયોગ પણ લેખન માટે થયેલો છે, જોકે આમાં સૌથી વધારે તાંબાનો થયો છે. જોકે સંઘદાસગણિકૃત 'વસુદેવહિંડી' (પમું શતક) તામ્રપત્રો પર લખાયેલ પુસ્તકોનો ઉલ્લેખ કરે છે (પૃ. 189), છતાં કોઈ ધાતુ પર લખાયેલ હસ્તપ્રતો મળી નથી. હા, દાનનાં તામ્રપત્રો ઘણાં મળ્યાં છે. આવા તાંબાનાં પતરાં પર લખાયેલા દસ્તાવેજો એકથી 21 પતરાં સુધીના મળ્યા છે. વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં સચવાયેલ આવા એક દસ્તાવેજમાં ત્રણ ભારે પતરાં છે જેમાં છિદ્ર પાડી તેમાંથી એક મોટું જાડું મજબૂત વલય પસાર કરાયેલું છે જેના ઉપર ગરુડની મુદ્રા છે. આવું વલય પતરાંને ક્રમમાં જોડી રાખે છે. ભારતીય સાહિત્યમાં આવા દસ્તાવેજોનો 'તામ્રપટ', 'તામ્રપત્ર', 'તામ્રશાસન' કે 'તામ્ર' તરીકે ઉલ્લેખ કરાયો છે. આવાં તામ્રપત્રોનો ઉપયોગ ભૂમિદાનની નોંધણી ઉપરાન્ત ચિરકાલ પર્યંત સાચવવાના વિવિધ પ્રકારના દસ્તાવેજો લખવા માટે પણ થતો હતો.

ફા-હિયાન (આશરે ઈ. સ. 400) બુદ્ધના સમયથી ચાલી આવેલાં તાંબા ઉપરનાં દાનપત્રોનો ઉલ્લેખ કરે છે. સોઘૌર તામ્રપત્ર ઉપરથી જણાય છે કે મૌર્યયુગમાં રાજાજ્ઞાઓને તામ્રપત્રો પર કોતરાતી : રેતીના બીબામાં અક્ષરો તેમજ તેમના ઉપરનાં ચિહનો લોખંડની કલમ 'સ્ટાઇલસ' (Stylus) અથવા લાકડાના ધારદાર ટુકડા વડે કોતરીને આવું પતરું તેમાં નાખવામાં આવતું જેથી અક્ષરો તથા ચિહનો એના ઉપર ઊપસી આવતાં.

બીજાં બધાં તામ્રપત્રો તો હથોડા મારીને તૈયાર કરાતાં અને તેમાંનાં ઘણાં

ઉપર તો હથોડાના ઘાનાં સ્પષ્ટ નિશાન દેખાતાં હોય છે.

આ પતરાંની જાડાઈ અને કદ જુદાં જુદાં હોય છે. કેટલાંક તામ્રપત્રો તો બેવડાં વાળી શકાય એવાં પાતળાં પતરાંનાં હોય છે જેનું વજન થોડા ગ્રામ જ હોય છે; જ્યારે બીજાં કેટલાંક પતરાં બહુ જાડાં ચાર-પાંચ કિલોગ્રામ કે એથીયે વધારે વજનનાં હોય છે. કદ પણ જે તે પ્રદેશમાં પ્રચલિત હોય તેવું અને એના ઉપર કોતરવાના લખાણના સ્વરૂપ પ્રમાણે રાખવામાં આવતું. કત્રે કહે છે તેમ, કારીગરો હમેશાં તેમને આપવામાં આવેલ અસલ લખાણનું અનુકરણ કરતા હોઈ, તેમને આપેલ લખાણ જો તાડપત્ર ઉપર હોય તો તાડપત્રની જેમ પતરાં સાંકડાં અને લાંબાં બનાવાતાં અને જો ભૂર્જપત્ર પર હોય તો પતરાં ઠીક પહોળાં બનાવાતાં જે ઘણી વાર ચોરસ જેવાં પણ થઈ જતાં. દક્ષિણ ભારતમાં તૈયાર થયેલ તામ્રપત્રો સાંકડાં હોય છે, અને ઉત્તર તરફ જતાં તે પહોળાં થાય છે. જો એક કરતાં વધારે પતરાં હોય તો તેમાં ગોળ કાણાં પાડી તેમાં તાંબાની મજબૂત કડીઓ પરોવવામાં આવતી, જેથી પતરાં તેમના ક્રમમાં જોડાયેલાં રહે. આવી એક જ કડીવાળાં તામ્રપત્રો સામાન્ય રીતે દક્ષિણ ભારતમાં તૈયાર થયેલાં હોય છે.

કેટલીયે તાંબાની પ્રતિમાઓની નીચે પણ પરિચયાત્મક લખાણ કોતરેલું હોય છે.

સોના-ચાંદીનાં પતરાં પર પણ લખાણ થતું. તક્ષશિલા પાસેના ગાંગુમાંના તેમજ ભટ્ટિપ્રોલુના સ્તૂપોમાંથી પરિચયાત્મક અભિલેખો મળ્યા છે. વીસમી સદીના ચોથા દશકામાં બ્રહ્મદેશ અર્થાત્ મ્યાનમારમાં ચાર્લ્સ દુરોઇસેલ્લે(Charles Duroiselle)એ માવઝા(Hmawza)માં કરેલ ખોદકામ દરમિયાન એક 20 સોનાનાં પતરાંનાં પાનની હસ્તપ્રત પ્રાપ્ત થઈ હતી જેમાં પાનની એક બાજુએ જ લખાણ કોતરેલું હતું. આ સુવર્ણપત્રોનું કદ 6 1/2'' X 1 1/4'' હતું અને તેમાં બૌદ્ધ 'અભિધમ્મપિટક' અને 'વિનયપિટક'માંથી સારભૂત ઉતારા આપેલા છે. આમાંના અક્ષરો તે જ કાળના અર્થાત્ છઠ્ઠા શતકના કે સાતમાના પ્રારંભકાળના તે જ સ્થળે શોધાયેલા મોટા ચાંદીના સ્તૂપની ઉપર તથા નીચેની કિનારી પર વર્તુલાકારે કોતરેલા અભિલેખોના અક્ષરો જેવા જ છે.

## (અં) પથ્થર :

હવે આપણે પ્રાચીનકાળના સૌથી વધારે મહત્વના લેખન માટેના પદાર્થ વિષે વાત કરવાની આવી; તે છે પથ્થર. કેટલાક ગ્રન્થો પથ્થર ઉપર કોતરેલા મળ્યા છે; પણ ખાસ તો પથ્થર ઉપર કોતરેલા શિલાલેખો પુષ્કળ મળેલા છે જે પ્રાચીન ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ ફેંકે છે.

પથ્થર પરનાં લખાણો વિવિધ પ્રકારનાં છે : શાસકીય આદેશો, ખાનગી દસ્તાવેજો અને કાવ્યો પણ !

પથ્થર પર કોતરાયેલા શિલાલેખોના ચાર વિભાગ પાડી શકાય : (1) ખડકો ઉપર, (2) સ્તમ્ભો ઉપર, (3) પ્રતિમાઓની નીચેનાં, અને (4) મન્દિરોની દીવાલો ઉપર.

પથ્થર પરના અભિલેખો અર્થાત્ શિલાલેખોમાં જૂનામાં જૂના છે ઈ. સ. પૂ. ત્રીજા શતકના મૌર્ય સમ્રાટ્ અશોકના. દાનના દસ્તાવેજો પણ શિલાઓ તેમજ થાંભલાઓ ઉપર કોતરેલા મળ્યા છે.

પિપરવાના સ્તૂપમાંની બુદ્ધના અવશેષો સાચવતી પેટી ઉપરનો અભિલેખ સ્તમ્ભ પરના અભિલેખોમાં જૂનામાં જૂનો ગણાય, કેમ કે બુદ્ધના અવસાન પછીનાં સો વર્ષની અંદર જ તે લખાયેલ છે.

મૂર્તિઓની નીચે લખાણ કોતરવાની પ્રથા પણ ઘણી જૂની છે. એમાંથી બે અહીં ઉલ્લેખનીય છે : (1) બોધગયામાંની બુદ્ધની વિશાળ પ્રતિમાની નીચેનો અભિલેખ; (2) મથુરામાંની એક જૈન તીર્થંકરની પ્રતિમાની નીચેનો લેખ. આ બંને ઈ. સ.ના પ્રથમ શતકના છે.

કેટલાંક પુસ્તકો પણ શિલાઓ ઉપર કોતરેલાં મળ્યાં છે. દા. ત.,

(1) મેવાડસ્થિત બિજોલ્યા પાસે આવેલ શિલા ઉપર વિક્રમ સં. 1226 (આશરે 1170 ઈ. સ.)માં કોતરેલ દિગમ્બર જૈન ગ્રન્થ ‘ઉન્નત-શિખર-પુરાણ’. તે પ્રાગ્વાટ શેઠ લોલાક કે લોલિંગે કોતરાવેલ હતો. હજી એ ત્યાં જ જૈન દેરાસર પાસે જ પડેલ છે.

(2) વિગ્રહરાજકૃત ‘હરકેલિ-નાટક’.

(3) સોમેશ્વરકૃત ‘લલિત-વિગ્રહરાજ-નાટક’.

(4) ભોજરાજ-વિરચિત પ્રાકૃત કાવ્ય ‘કૂર્મ-શતક’.

(5) રાજકવિ મદનની ‘પારિજાત-મંજરી-વિજયશ્રી-નાટિકા.’’

શ્વેતામ્બર જૈનોએ ગ્રન્થલેખન માટે શિલાઓનો ઉપયોગ કર્યો જણાતો નથી. અલબત્ત, શિલાઓ ઉપર કોતરેલા શ્વેતામ્બરોના વેલાપટો અને પટ્ટકો મળ્યા છે જ.

## (અઃ) ઈંટો :

ઈંટો પણ લેખનપદાર્થ તરીકે વપરાયેલી છે. કત્રે નોંધે છે કે બૌદ્ધ સૂત્રો જેના ઉપર કોતરેલાં એવી કેટલીક ઈંટો તે વખતમાં વાયવ્ય સરહદના પ્રાન્ત(જે હાલ પાકિસ્તાનમાં છે)માંથી મળેલી. ઈંટોની ભીની માટીમાં અક્ષરો અંકિત કરીને પછી તેમને પકવવા મૂકતા હશે.

## (ક) લાકડાની પાટી :

કાષ્ઠપટ્ટિકાઓ અર્થાત્ લાકડાની પાટીઓ પણ લખવા માટે વપરાતી. પથ્થરપાટીઓ કરતાં આ પાટીઓ ઘણી જૂની હતી. ગ્રન્થોનાં કાચાં ટાંચણ કે રૂપરેખા આ કાષ્ઠપટ્ટિકાઓમાં કરાતી. ખરોષ્ઠી લખાણવાળી કાષ્ઠપટ્ટિકાઓ ખોતાનમાંથી મળેલી. કાયમી ચિત્રો તેમજ ધાર્મિક મંત્રો અને યન્ત્રો દોરવા માટે પણ લાકડાની પાટીઓ ઉપયોગમાં લેવાતી.

## (ખ) કાગળ :

જેના ઉપર લખાતું તેવો છેલ્લો પદાર્થ છે કાગળ, જેને હિન્દીમાં 'કાગજ' અને સંસ્કૃતમાં 'કાત્રદ' તથા 'કદગલ' અને અંગ્રેજીમાં 'પેપર' (Paper) કહે છે. સામન્યતઃ કાગળની હસ્તપ્રતો 13મા શતકથી જૂની નથી મળતી. કાશગરમાંથી મળેલી સર્વ કાગળની હસ્તપ્રતો જે એક વિશિષ્ટ પ્રકારના ચિરોડી લગાડેલા કાગળ ઉપર લખાયેલી છે તે તો ભારતમાં નહિ પણ મધ્ય એશિયામાં લખાયેલી મનાય છે. આમાં વપરાયેલા પદાર્થનો અભ્યાસ કરાય તો જે તે કાગળની હસ્તપ્રતોનો લેખનસમય આશરે નક્કી કરી શકાય. તેની બનાવટની વસ્તુઓ, દેખાવ, કદ અને 'વૉટર-માર્ક'જો હોય તોનો અભ્યાસ કરવાથી આવી હસ્તપ્રતોનું કાલક્રમાનુસાર વર્ગીકરણ કરી શકાય.

ભારતમાં પરદેશી કાગળ આવ્યો તે પહેલાં અહીં અનેક સ્થળોએ કાગળ બનતો હતો. કાગળના પ્રકારોનાં નામ મોટે ભાગે તેની બનાવટનાં સ્થળો અનુસાર પાડવામાં આવેલાં; દા. ત., કાશ્મીરી, બુંગલિયા, અરવાલ, સાહેબખાની, અમદાવાદી, ખંભાતી, શણિયા, દૌલતાબાદી વગેરે. મહાત્મા ગાંધીના ગુજરાતી સાપ્તાહિક 'હરિજનબંધુ'ના ગ્રન્થ 2, અંક 27માં 25મી નવેંબર, 1934ના અંકમાં 'ખાદી કાગળ' એવા શીર્ષકવાળા લેખમાં સ્વામી આનંદે કાગળ બનાવવાની રીત સંક્ષેપમાં જણાવી છે. ત્યાર પછી તે જ સાપ્તાહિકમાં (3.2:24મી માર્ચ 1935ના અંકમાં) 'બિહારમાં કાગળનો ઉપયોગ' એ શીર્ષકવાળો બીજો લેખ પણ છપાયેલો. તેમાં એક નાનકડી પાદટીપમાં દેશના જુદા જુદા પ્રદેશોમાં મોટા જથ્થામાં કાગળ બનેલા તેની માહિતી આપી છે. આ અને બીજી કેટલીક પાદટીપો ઉપરથી ભારતમાં કાગળ ઉદ્યોગ કેટલો બધો વિકસેલો હતો તેનો ખ્યાલ આવે છે. આ બધાં કારખાનાંઓમાં કપાસ તેમજ ગાભાને ટીપી ટીપીને કાગળ બનાવવામાં આવતો. પછી તો નવો વિદેશી કાગળ વધારે સુંવાળો, બારીક અને સસ્તો હોવાથી આ જૂની પદ્ધતિનાં કારખાનાં બંધ પડ્યાં. શ્રી ઓઝા જણાવે છે તેમ તેમના સમયમાં (19મા શતકના ઉત્તરાર્ધમાં) પણ જૂના પ્રકારનો કાગળ મેવાડના ઘસુંડામાં અને અન્યત્ર બનતો હતો.

આ દેશી કાગળના જુદા જુદા પ્રકારની પોતાની આગવી ખાસિયતો હતી;

દા. ત. કાશ્મીરી કાગળ નકામા થઈ ગયેલા રેશમને ચોળીને બનાવાતો હોવાથી વધારે લીસો, સુંવાળો અને મજબૂત હોય છે. બે છેડેથી પકડીને ખેંચીને આંચકા આપવાથીયે એ સરળતાથી ફાટતો નથી. અમદાવાદી કાગળની વળી બીજી જ વિશેષતા છે ! તેને તડકામાં ધરવામાં આવે ત્યારે તેમાં ઝીણાં ઝીણાં છિદ્રો જોવા મળે છે ! સાબરમતી નદીની રેતીના સૂક્ષ્મ કણ માવામાં ભળી જાય છે અને કાગળ તૈયાર થાય અને સુકાઈ જાય ત્યારે તેમાંથી આ કણો ખરી પડે છે અને પરિણામે સૂક્ષ્મ છિદ્ર ઊભાં થાય છે ! અલબત્ત, અમદાવાદી કાગળ સારો ટકાઉ હોવાથી હિસાબના ચોપડા બનાવવામાં તે જ વપરાય છે.

મુનિજી કહે છે તેમ વિદેશી કાગળ દેશી કાગળ જેટલો ટકાઉ ભાગ્યે જ હોય છે, કેમ કે તેના માવાને સ્પિરિટ અને ઍસિડ જેવી વસ્તુઓ વડે સાફ કરવામાં આવતો હોવાથી શરૂઆતથી જ તેની મજબૂતાઈ ઘટી જાય છે.

અમુક માપ પ્રમાણે તેનાં પાનાં કાપવા માટે લોખંડનાં પાતળાં પતરાં વગેરેનો ઉપયોગ કરાતો. આ પ્રક્રિયા દરમિયાન ઊડી ન જાય કે સરી ન જાય એટલા માટે આ ટુકડાઓને વાંસની કે લોખંડની ક્લિપમાં કે ચીપિયામાં બરાબર ભરાવી દેવામાં આવતા. મુનિજીના મત પ્રમાણે ખાસ કરીને સુંવાળા કાશ્મીરી કાગળ માટે તો આ જૂની પદ્ધતિ જ વધારે યોગ્ય છે, જે સુંવાળપને કારણે સહેલાઈથી સરી જાય છે !

પ્રસિદ્ધ જૈન ભંડારોમાં 14મા શતકના ઉત્તરાર્ધમાં લખાયેલી કાગળની હસ્તપ્રતો મળે છે. આથી પહેલાંની કાગળની કોઈ હસ્તપ્રત તેમાંથી મળતી નથી. આમ છતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્ર તથા મંત્રી વસ્તુપાલે કાગળનો ઉપયોગ કરેલો એવા ઉલ્લેખો સાહિત્યમાં મળે છે. આથી એવું સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં 12મા શતકના પહેલાંથી જ કાગળ વપરાતો થઈ ગયેલો.

શ્રી ઓઝા એ હકીકત તરફ ધ્યાન દોરે છે કે મધ્ય એશિયામાં આવેલ યારકંદ શહેરથી આશરે 60 માઈલ દક્ષિણમાં આવેલ કુગિયરમાંથી વેબરને મળેલી પ્રાચીન ભારતીય લિપિમાં કાગળ ઉપર લખાયેલી 4 સંસ્કૃત હસ્તપ્રતો પાંચમા શતકમાં લખાયેલી મનાય છે (પૃ. 21).

આપણે આ પહેલાં નોંધ્યું છે કે ભારતીયો ઈ. સ. પૂ. ચોથી સદી પહેલાં પણ કપાસને ટીપી ટીપીને લખવા માટેનો કાગળ બનાવતા જેને તૂલપત્ર કહેતા. તૂલ એટલે રૂ. અલબત્ત આ પ્રકારનો કાગળ લેખન માટે આખા રાષ્ટ્રમાં પ્રચલિત થયો લાગતો નથી. ઈ. સ. 704માં સમરકંદ જીત્યા પછી આરબો પહેલી વાર રૂ અને ગાભામાંથી કાગળ બનાવવાની રીત શીખ્યા અને તે પછી તેઓ દમાસ્કસમાં તે બનાવવા લાગ્યા એટલું જ નહિ, પણ 9મા શતકમાં તો અરબી ગ્રન્થો પણ તેના ઉપર લખાવા લાગ્યા. કાગળ યુરોપમાં આરબો દ્વારા 12મા શતકમાં પ્રવેશ્યો મનાય

છે. તે પછી પેપાઇરસ (Papyrus) બનાવવાનું બંધ કરાયું અને કાગળ જ લેખન માટેનું મુખ્ય પાત્ર બની ગયો. તેનો પ્રચાર ભારતમાં થઈ શક્યો ન હોવાથી આ પહેલાં લખાયેલી કાગળની હસ્તપ્રતો મળતી નથી.

પ્રાચીન ઇજિપ્ત(મિસર)માં પેપાઇરસ(Papyrus)ના છોડ પુષ્કળ પ્રમાણમાં ઊગતા. આ છોડ ચાર હાથ જેટલો ઊંચો થતો અને તેનું થડ ત્રિકોણાકારનું હતું. આ છોડની છાલમાંથી 4 1/2'' X 91/2''ની ચીપો કાપવામાં આવતી. આ ચીપો ઠીક ઠીક સાંકડી રહેતી. મિસરની સંસ્કૃતિ દરમિયાન ઈ. સ. પૂ. 2500ના અરસામાં આ સાંકડી ચીપોને ચોખાની લાહી વડે પરસ્પર સાથે જોડીને લેખન માટેનાં પાન બનાવવામાં આવતાં. આ પાનાંને દબાવીને સૂકવતા. બરાબર સુકાઈ જાય એટલે તેમને હાથીદાંત અને શંખ જેવા પદાર્થો વડે હળવે હાથે ઘસીને સુંવાળાં અને સપાટ બનાવાતાં તે લેખન માટે યોગ્ય બનતાં. યુરોપના લોકો તેને 'પેપાઇરસ' (Papyrus) કહેતા. તેઓ તેમના ઉપર પત્રો અને પુસ્તકો વગેરે લખતા. આ પાન બહુ ટૂંકાં હોવાથી ઘણાં પાનને પરસ્પર સાથે ચોંટાડીને વીંટો બનાવતા – અને તેના ઉપર લખવા માટે વનસ્પતિ-કોલસો, સરેશ અને તેલ ભેગાં કરીને યોગ્ય શાહી બનાવાતી. ખરેખર તો આ શાહી તેના કેટલાક સમય પહેલાં જ ઈ. સ. પૂ. 2698થી 2597 દરમિયાન ચીનમાં સમ્રાટ હ્યુએન ટી (Hueng Ti)ના શાસનકાળમાં ટીએન તેહ્યુ (Tien Teheu) નામના ઉમરાવે શોધેલી.

મિસરમાં પ્રાચીન કબરોમાં આવા લાંબા પેપાઇરસના વીંટા મળી આવે છે. તેમને કાં તો લાકડાની પેટીઓમાં સાચવીને રાખવામાં આવ્યા હોય છે અને એ પેટીઓને શબના હાથમાં મૂકેલી હોય છે અથવા તો તેના શરીર ઉપર લપેટેલા હોય છે. ઈ. સ. પૂ. 2000ના અરસાના ઇજિપ્તમાંથી આ પેપાઇરસો મળે છે.

પ્રાકૃતિક લેખનસામગ્રીની અછત હોવાથી યુરોપના લોકોને પેપાઇરસની છાલની ચીપોને ચોંટાડીને આવાં પાનાં તૈયાર કરવાનો ભારે પરિશ્રમ લેવો પડતો હતો.

## વિભાગ 2

### (અ) સાધનો :

આજે જે લેખનની પ્રક્રિયા દરમિયાન અનેક પ્રકારનાં સાધનો વપરાય છે, તેમ પ્રાચીન સમયમાં પણ આવાં સાધનો હતાં. તેમાંનાં કેટલાંકનો આપણે પરિચય સાધીએ.

**(1) ઘૂંટો :**

જો કાગળ કે પાનને ઓપ અપાયેલો ન હોય, તો શાહી ફેલાઈ જાય. આથી તેને ઓપ આપવા માટે 'ઘૂંટો' વાપરતા. તે અકીક કે કસોટીના પથ્થરનો અથવા મોટા છીપલાનો બનતો જેને લાકડાનો હાથો રહેતો. તેને કાગળ અથવા પાંદડા ઉપર હળવે હાથે ઘસવાથી તે કાગળ કે પાંદડાને સુંવાળપ અને ચળકાટ મળે છે. એનો ચળકાટ ઝાંખો થઈ જાય એટલે ફરી તેને ઓપ આપવો જરૂરી બને છે. નહિ તો શાહી ફેલાઈ જાય. આ માટે કાગળને ફટકડીના પાણીમાં બોળીને સૂકવવો પડે. તે સાવ સુકાય એ પહેલાં જ તેના ઉપર ઘૂંટો હળવે હાથે ફેરવતાં તેને સુંવાળપ અને ચળકાટ પાછાં મળે છે — નવો ઓપ અપાય છે. વડોદરાના પ્રાચ્યવિદ્યા-મન્દિરમાં આવો અકીકનો ઘૂંટો સાચવેલો છે.

**(2) લેખિની કે કલમ :**

આ સાધનથી લખવામાં આવે છે. આમાં બરુ કે લાકડાના કિત્તા ઉપરાન્ત લોખંડની કલમ 'સ્ટાઇલસ (stylus), પેન્સિલો તથા પીંછીઓનો પણ સમાવેશ થાય. 'સ્ટાઇલસ' એ અણીદાર લોખંડની કલમ છે જેનાથી દક્ષિણ ભારત તેમજ શ્રીલંકા અને મ્યાનમારમાં અક્ષરો તાડપત્રો ઉપર કોતરાય છે. બરુની કે લાકડાની કલમ ભારતના બાકીના પ્રદેશોમાં વપરાતી જેને શાહીમાં બોળીને લખાતું. બરુની કલમને 'બરુનો કિત્તો' કહે છે. 'બરુ' એ શબ્દ મોગલોના સંપર્ક પછી આપણી ભાષાઓમાં પ્રવેશ્યો. તેને માટે આપણી મૂળ સંજ્ઞા તો છે 'કાઠું' કે 'કાંઠું' (સંસ્કૃત 'કાષ્ઠમ્'). બરુના પ્રકાર અનુસાર આ લાકડાની કલમો ચાર પ્રકારની હોય છે : (1) સફેદ, (2) ભૂરી, (3) વાંસની, અને (4) તજની. આ ચોથા પ્રકારની કલમ તજ જેવી પોલી હોવાથી તેને આવું નામ અપાયું છે. આ પ્રકારનો બરુ બટકણિયો હોય છે, છતાં તેને જો કાળજીપૂર્વક વપરાય અને સચવાય તો ઘણું લખાણ કર્યા પછી પણ તેની અણી બુઠ્ઠી થતી નથી. ભૂરો તેમજ વાંસનો કિત્તો વપરાશમાં વધારે રહેતો. સારા પ્રકારનું બરુ કે નેતર જમીન પર પછાડતાં કે ઘસતાં તેમાંથી તાંબા જેવો અવાજ આવે છે. તેની અણીના મધ્ય ભાગમાં જે ઊભી ફાટ હોય છે તેને સહેજ પહોળી કરીને તેમાં વાળ ભરાવી દેવાથી તે કલમથી સારું લખાય છે.

આ લાકડાની કલમને 'વતરણું' પણ કહે છે. આ શબ્દનું મૂળ હશે સંસ્કૃત 'અવતરણમ્', જેનો મૂળ અર્થ ઘૂંટવાની કલમ. રેતી પાથરેલી પાટી ઉપર કોતરેલા અક્ષરો ઉપર લાકડાની કલમ કે લાકડી વારંવાર ફેરવી ફેરવીને ઘૂંટતાં શીખનારના હસ્તાક્ષરો ઘાટીલા બની શકે. ઘૂંટવા માટેની આ કલમ કે લાકડીને 'વતરણું' કહેતા. કેટલાક વિદ્વાનોના મત અનુસાર 'લલિતવિસ્તર'માં યોજાયેલ 'વર્ણ-તિરક' એ શબ્દમાંથી આ 'વતરણું' શબ્દ વ્યુત્પન્ન થયો છે.

ગુજરાતીમાં એક કહેવત છે : 'ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં' એટલે કે

ઠોઠ વિદ્યાર્થીને કશું આવડતું ન હોય અને લખવાનુંયે ગમતું ન હોય તેથી લખવાની લેખિની વારંવાર બદલ્યા કરે ! બાળપણમાં અમે 'કૉપીબૂક'માં બરુની કલમથી જ લખતા જેને 'કિત્તો' કહેતા. [આ 'કિત્તો' શબ્દ અરબી 'કિતસહ' (= તેણે કાપ્યું) માંથી આવેલો છે.]

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં બરુની કલમ તેમજ લોખંડના 'સ્ટાઇલસ' બંનેના કેટલાક નમૂના સચવાયેલા છે.

**(3) જુજ્વળ :**

આને 'યુગવલ' અને 'જુજબળ' પણ કહે છે. સંસ્કૃત 'યુગવલ' ઉપરથી આવ્યો હોય. તે રેખાઓ દોરવા માટેનું લોખંડનું સાધન. એનો આગળનો ભાગ ચીપિયાની જેમ બે પાંખિયાં વાળીને બનાવેલો હોય છે.

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં આનો પણ નમૂનો સચવાયેલો છે.

**(4) ઓળિયું :**

આ સંજ્ઞા 'રેખા'નો અર્થ ધરાવતા સંસ્કૃત શબ્દ 'આલિ', પ્રાકૃત 'ઓલિ', ગુજરાતી 'ઓળ'માંથી આવેલો છે. આ પણ સીધી રેખા દોરવા માટેનું સાધન છે. મારવાડમાંથી આવતા લહિયાઓ તેને 'ફાંટિયા' કહેતા. આ 'જુજવળ' જેવું સાદું સાધન નથી. એમાં એક સુન્દર યુક્તિ રહેલી છે. લાકડાની પાટી કે મજબૂત પૂંઠા ઉપર જમણી અને ડાબી બાજુએ સમાન્તરે કાણાં પાડી તેમાંથી જાડો મીણનો દોરો પસાર કરીને તે બનાવવામાં આવે છે. તે પછી તે ખસી ન જાય તે માટે ચોખા કે આમલીનાં બિયાંની લાહી અથવા તો રોગાનયુક્ત રંગ લગાડવમાં આવે છે. આ 'ઓળિયા' ઉપર કાગળને મૂકી હાથથી દબાવવાનો. આ દબાણને કારણે કાગળ ઉપર રેખાઓ ઊપસી આવે. સરળતાથી સીધી લીટીમાં લખવાની આ સુંદર યુક્તિ છે ! જ્યારે આખી હસ્તપ્રત લખાઈ જાય ત્યારે બધાં પાન દબાણમાં આવવાથી પેલી સીધી લીટીની છાપ અદશ્ય થઈ જાય !

તાડપત્ર ઉપર તો માત્ર મથાળે એક જ સુરેખા દોરતા અને તેના તરફ નજર રાખીને તે પાનનું બધું લખાણ સીધી લીટીમાં લખતા.

આ પ્રશસ્ય પ્રયુક્તિનો ઉલ્લેખ વિ. સં. 1466(આશરે ઈ. સ. 1410)ની એક હસ્તપ્રતમાં કરાયો છે. વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં આના નમૂના પણ સાચવેલા છે.

**(5) પ્રાકાર :**

વર્તુલ દોરવા માટેનો 'કંપાસ'. તે લોખંડનો બનતો. એનો આગળનો ભાગ 'જુજવળ' જેવો જ – ચીપિયાની જેમ વળેલો – રહેતો જેથી તેમાં શાહી ભરાઈ રહેતી. પ્રાકાર એટલે કિલ્લો – કિલ્લાની દીવાલ. આ સાધન પ્રાકાર જેવી વર્તુલાકાર

આકૃતિઓ દોરવા માટેનું હોવાથી તેને 'પ્રાકાર' નામ અપાયું હશે.

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં આનો નમૂનો પણ સચવાયો છે.

**(6) કમ્બિકા :**

આ સુરેખા દોરવા માટેનું સપાટ લાંબું સાધન છે. એને 'કામ્બી' પણ કહે છે, જેનો અર્થ છે 'વાંસની લાંબી ચીપ'. આ સાધન તેના જેવું જ હોય છે. તે સપાટ હોવાથી ખસી જાય નહિ. જેના ઉપર સુરેખા દોરવાની હોય તે કાગળના બંને છેડે સહેજ ઊપસેલો ભાગ હોય તો આ સાધનનો અગ્રભાગ સપાટીથી સહેજ ઊંચો રહી શકે, જેથી કાગળ ઉપર શાહીના ડાઘ પડે નહિ.

**(7) કાતરણી :**

કાતર. પિત્તળ કે લોખંડની બનતી. પ્રાચ્યવિદ્યામન્દિરમાં આનો નમૂનો પણ છે.

**(8) મષી-ભાજન :**

'મષી' એટલે મેસ, કાજળ એટલે કે કાળી શાહી. 'ભાજન' એટલે પાત્ર. મષી-ભાજન એટલે ખડિયો. હસ્તપ્રતો લખવા માટે કાળી શાહી વપરાતી. સમય જતાં 'મષી'નો અર્થ 'શાહી' એવો જ થઈ ગયો કેમ કે શાહી એટલે કાળી શાહી મનાતી. આમ કોઈ પણ પ્રકારની અને રંગની શાહી હોય તો પણ તેના માટે 'મષી' શબ્દ જ યોજાતો. આથી 'મષી-ભાજન' એટલે 'કાળી શાહીનો ખડિયો' નહિ પણ કોઈ પણ શાહીનો ખડિયો. પ્રાકૃતમાં એના માટે શબ્દ છે 'લિપ્યાસણ', જે સંસ્કૃત 'લિપ્યાસન' કે 'લેપ્યાસન'માંથી આવી શકે.

પ્રાચીન ભારતમાં અનેક પ્રકારના ખડિયા હતા. મોટે ભાગે તે પિત્તળના બનતા. પિત્તળની નાની પેટિકા પણ આ માટે વપરાતી. મુનિજીના કહેવા પ્રમાણે માટીના ખડિયા પણ વપરાતા હશે. ખડિયો માત્ર શાહી રાખવા માટેનો જ ન હતો, પરંતુ મોટે ભાગે તો તેમાં કલમ, પીંછી વગેરે મૂકવા માટેનાં ખાનાં પણ રહેતાં. જેમાં શાહી રખાતી તે ભાગને ઢાંકણ પણ રહેતું.

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં આવા પિત્તળના ખડિયા પણ સચવાયા છે.

ઉપર નોંધ્યું છે તેમ 'મષી' એટલે 'મેશ, મેસ'. કાળી શાહીમાં મુખ્ય તત્વ મેસ હોવાથી 'મષી' શબ્દ કાળી, લાલ, સુવર્ણશાહી, રજતશાહી વગેરે સર્વ પ્રકારની શાહી માટે વપરાતો સામાન્ય શબ્દ બની ગયો હતો.

અહીં એ નોંધવું રસપ્રદ થશે કે કેટલાય શબ્દો આ પ્રક્રિયામાંથી પસાર થયા છે એટલે કે તેમનો લાક્ષણિક અર્થ રૂઢાર્થ બની ગયો છે. દા. ત., 'મષી-ભાજન'નો મૂળ અર્થ 'કાળી શાહી રાખવાનું પાત્ર' એવો હતો પણ તે દરેક શાહીના ખડિયા માટે યોજાતો થઈ ગયો; 'ખડિયો' એટલે ખરેખર તો 'ખડી અર્થાત્ સફેદ શાહીનું

પાત્ર'. તે જ પ્રમાણે 'લિપ્યાસણ'નો મૂળ અર્થ 'ગમે તે પ્રકારની કે રંગની શાહીનો ખડિયો' એવો જ છે. આમ આ બધા શબ્દો મૂળ જુદા જુદા અર્થ ધરાવતા હોવા છતાં 'શાહી રાખવાનું પાત્ર' એવો રૂઢ અર્થ ધરાવતા થઈ ગયા છે !

## (આ) શાહી, રંગ, રોગાન :

### (1) પ્રાસ્તાવિક :

કત્રે (પૃ. 9) નોંધે છે તેમ, લખવા માટે શાહીનો ઉપયોગ તો અતિપ્રાચીન સમયથી જ થતો રહ્યો હોય એમ લાગે છે. મોહેન-જો-દડોમાંથી આરામ કરતા ઘેટાના આકારનું પાછળના ભાગે ઊંડા પોલાણવાળું બરણી જેવું પાત્ર મળ્યું છે તે શાહી ભરવાનું પાત્ર હોઈ શકે. નિયરકોસ (Nearchos) તથા ક્યુ. કર્ટિયસ (Q. Curtius)નાં વિધાનો ઉપરથી એમ સમજાય છે કે સંભવતઃ ઈ. સ. પૂ. ચોથા શતકમાં ભારતમાં શાહી વપરાતી હતી. ખોતાન(Khotan)માંથી મળેલ ખરોષ્ઠી લિપિમાં લખાયેલ દસ્તાવેજ એટલું તો સાબિત કરે જ છે કે ઈ. સ.ના પ્રથમ શતકમાં શાહી પ્રચલિત થઈ ગયેલી હતી જ. જોકે આપણી જાણ પ્રમાણે જૂનામાં જૂનો શાહીના લખાણનો નમૂનો અંધેરમાંના સ્તૂપમાંના બુદ્ધના અવશેષો ભરેલા પાત્ર ઉપરના લખાણમાં મળે છે, જે ઈ. સ. પૂ. બીજા શતકથી મોડું તો નથી જ. અજંતાની ગુફાઓમાં આજે પણ રંગીન અભિલેખો જોવા મળે છે. તે પછી તો જૈનોએ હસ્તપ્રતો લખવામાં રંગીન શાહી સારા પ્રમાણમાં વાપરી છે. ખડી ઉપરાન્ત સિન્દૂર કે હિંગુલ પણ પ્રાચીન કાળમાં શાહી તરીકે વપરાતાં.

### (2) તાડપત્ર માટે કાળી શાહી :

મુનિજીએ તાડપત્ર પર લખવા માટેની કાળી શાહીના પાંચ પ્રકાર તથા કાગળ અને કાપડ પર લખવાની કાળી શાહીના છ પ્રકાર ગણાવ્યા છે. આ શાહીઓને બનાવવાની રીત પણ તેમણે આપી છે. આપણે તે સંક્ષેપમાં જોઈએ.

તાડપત્ર માટેની કાળી શાહીનો પ્રથમ પ્રકાર :

"सहवर–भृंग–त्रिफला;
कासीसं लोहमेव नीली च ।
समकज्जल–बोलयुता,
भवति मषी ताडपत्राणाम् ।।"

અર્થાત્ –

સહવરનો રસ, ભૃંગ(ભાંગરા)નો રસ, ત્રિફલાચૂર્ણ, કાસીસ અને લોહનું ચૂર્ણ – એ બધાંને ભેગાં કરી તાંબાના પાત્રમાં મૂકીને ઉકાળીને તેમાં ગળીનો રસ, બોલ

(હીરાબોળ) અને કાજળ ભેળવી દેવાનાં. આ બધાં સમપ્રમાણમાં લેવાનાં. આને બરાબર લસોટવાથી તાડપત્ર માટેની પહેલા પ્રકારની કાળી શાહી તૈયાર થાય છે.

તાડપત્ર માટેની કાળી શાહીનો બીજો પ્રકાર :

"कज्जल-पा(पो)इण-बोलं,

भूमिलया पारदस्स लेसं च ।

सुसिणजलेण विघसिया,

वडिया काऊण कुइज्जा ।।१।।

तत्तजलेण व चुणओ,

घो लिज्जंती दढं मसी होइ ।

तेण विलिहिया पत्ता,

वच्चह रयणीइ दिवसव्व ।।२।।

અર્થાત્ —

કાજળ, હીરાબોળ, ભૂમિલતા (સંભવતઃ ભાંગરાનો રસ) અને સહેજ પારો – તાંબાના પાત્રમાં ઊકળતા પાણીમાં આ બધાં નાખીને સાત દિવસ સુધી (અથવા બરાબર એકરસ થાય ત્યાં સુધી) લસોટવાં. પછી આ માવાની નાની નાની ગોળીઓ બનાવી સૂકવી દેવી. બરાબર સુકાય એટલે આ બધી ગોળીઓનું ઝીણું ચૂર્ણ બનાવી દેવું. જ્યારે શાહીની જરૂર પડે ત્યારે આમાંનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખીને આ માવાને ખૂબ મસળવો. આમ બીજા પ્રકારની કાળી શાહી તૈયાર. છેલ્લા બે ચરણમાં કહ્યું છે તેમ આ શાહીથી લખાયેલું લખાણ દિવસની જેમ રાત્રે પણ વાંચી શકાય છે (એટલે એમાં ચમક આવે છે).

તાડપત્ર માટેની કાળી શાહીનો ત્રીજો પ્રકાર :

"कोरडए वि सरावे,

अंगुलिया कोरडम्मि कज्जलए ।

मद्दह सरावलग्गं,

जावं चिय चि[क्क]गं मुअइ ।।१।।

पिचुमंदगुंदलेसं,

खायरगुंदं व बीयजलमस्सिं ।

भिज्जवि तोएण दढं,

मद्दह जा तं जलं सुसइ ।।२।।"

અર્થાત્ –

સૂકા માટીના વાસણમાં સૂકું કાજળ નાખી એની ચીકાશ બિલકુલ જતી રહે ત્યાં સુધી આંગળીઓ વડે મસળવું. પછી તેને લીંબડા કે ખેરના ગુંદર સાથે ભેળવી તે બંને બિયારસથી ભીનાં કરવાં. આને પણ બરાબર મસળીને ઉપર કહ્યું તેમ નાની ગોળીઓ વાળી દેવાની.

બિયાના છોડ(પાલા)ની છાલના ચૂર્ણને પાણીમાં નાખી ઉકાળવાથી બિયારસ તૈયાર થાય છે. આ બિયારસને ઉમેરવાથી શાહી વધારે ઘેરી બને છે. અહીં એ ધ્યાનમાં રાખવાનું કે આ બિયારસ પ્રમાણમાં જ નાખવાનો છે. જો તેનું વધારે પ્રમાણ આવી જાય તો શાહી નકામી થઈ જાય છે. કેમ કે બિયા સ્વભાવથી સૂકા હોઈને બિયારસનું વધારે પ્રમાણ ગુંદની ચીકાશને ખાઈ જાય છે, જેને પરિણામે આવી શાહીથી લખેલું લખાણ સુકાઈ જતાં ખરી પડે છે !

મેશની ચીકાશને દૂર કરવાની બીજી રીત પણ છે. કાજળને આખી રાત ગાયના મૂત્ર વડે ભીનું કરી રાખવાથી તેની ચીકાશ જતી રહે છે. આંગળીઓ વડે મસળવાને બદલે આ રીત વધારે સારી છે, કારણ કે શરીર, કપડાં આદિને ડાઘ પડવાનો ભય રહેતો નથી. પરન્તુ જો લાક્ષારસનો ઉપયોગ કરવાનો હોય તો ગૌમૂત્રનો પ્રયોગ ન કરાય; કેમ કે ગૌમૂત્રની ખારાશ લાખને નકામી બનાવી દે !

તાડપત્રની કાળી શાહીનો ચોથો પ્રકાર :

"निर्यासात् पिचुमन्दजाद्

द्विगुणितो बोलस्ततः कज्जलम्,

संजातं तिलतैलतो हुतवहे

तीव्रातपे मर्दितम् ।

पात्रे शुल्वमये तथा शन (?) जलैर् –

लाक्षारसैर् भावितः,

सद्भल्लातक–भृंगराजरसयुक्

सम्यग् र#सोयं मषी ।।''

દચૂઊરૂજઙઘ્ એટલે લીમડો અર્થાત્ એનો ગુંદર. બીજા અર્થ પ્રમાણે, લીલી છાલ, પાંદડાં અને મૂળિયાંના ટુકડા. એમને કચરીને એનો ક્વાથ–ઉકાળો બનાવવો. આ ઉકાળા કરતાં બમણા વજન જેટલું લાલ બોલ અર્થાત્ હીરાબોલ કે બીજાબોલ લેવાનું. બોલ કરતાં બમણી તલના તેલની મેસ લેવી. (કેટલેક સ્થળે બોલ અને મેસનું સપ્રમાણ કહેલું છે. કેટલાક આ મેસને ગૌમૂત્ર સાથે ભેળવે છે.) ગુંદર, મેસ અને બોલ એ ત્રણેને ભેગાં કરી લસોટીને માવો તૈયાર કરવાનો. આ માવો ગૌમૂત્રમાં

અથવા પેલા ઉકાળામાં નાખીને સારી રીતે ગરમ કરવો.

બીજી રીત પ્રમાણે, આ મિશ્રણ ઘટ્ટ થતાં ખૂબ ભાર દઈને કચરવું જેથી ખલ અને દસ્તાના ઘર્ષણથી તેમાંનું પાણી સાવ સુકાઈ જાય. કચરતાં કચરતાં એમાં પાણી ઉમેર્યા કરવું. એક તોલા (અર્થાત્ 179 ગ્રેઇન) માટે 24 કલાક આ પ્રક્રિયા ચાલુ રાખવી પડે. વધારે વજન લીધું હોય તો પાંચ તોલા માટે 24 કલાકનું પ્રમાણ રખાય. પછી તેમાં લોધર અને લાક્ષારસ ભેગાં કરીને ખૂબ ઉકાળીને નાખવાં. ટંકણખાર નાખવો નહિ. ગૌમૂત્ર વડે ભીનો કરેલો ભીલોમા દસ્તાને નીચેના ભાગે લગાડીને વળી લિસોટવાની પ્રક્રિયા ચાલુ રાખવી. એ ચુસાઈ જતાં ફરી લગાડીને લસોટવું. પછી તેમાં કાળા ભાંગરાનો રસ ભેળવીને વળી આ માવાને લસોટવો. આ રીતે શ્રેષ્ઠ કાળી શાહી તૈયાર થઈ જાય છે.

અહીં બે પ્રક્રિયા આપી છે. ગુંદર ઉમેરી લસોટવાની પ્રક્રિયા શીત પ્રક્રિયા કહેવાય. જ્યારે બીજી પ્રક્રિયામાં તો ઉકાળો નાખીને જલદ ગરમી આપવાની હોય છે. આ ઉકાળવાની પ્રક્રિયા કરવાની હોય ત્યારે ગૌમૂત્રનો ઉપયોગ બિલકુલ ન કરવો; કેમ કે ગૌમૂત્ર સ્વભાવથી જ ખારું હોઈ લાખને નિરર્થક કરી દે છે ! લાખ જેમાં ન હોય એવી શાહી બનાવવામાં જ ગૌમૂત્રનો ઉપયોગ કરી શકાય.

મુનિજીએ લાક્ષારસ બનાવવાની રીત આ પ્રમાણે દર્શાવી છે :

શુદ્ધ પાણીને ખૂબ ઉકાળવું અને ઉકાળવાની પ્રક્રિયા દરમિયાન ધીમે ધીમે લાખનું ચૂર્ણ નાખતા જવું. આ ઊકળતા પાણીને સતત હલાવ્યા કરવું જેથી લાખનો ગઠ્ઠો બાઝી ન જાય. ગરમી વધારીને લોધરનું ચૂર્ણ તેમજ ટંકણખાર દસ દસ મિનિટે ઉમેરવાં. પછી આ ઊકળતા પાણીની એક લીટી અમદાવાદી કાગળ ઉપર દોરવી. જો તે કાગળની આરપાર ન જાય તો તેને ઉતારી લેવું. આ ઉકાળો એ જ લાક્ષારસ. આમાં ઉપયોગમાં લેવાની વસ્તુઓનું પ્રમાણ આ પ્રમાણે છે :

1. પાણી – 1/8 લિટર
2. પીંપળાની સૂકી લાખ – 1 રૂપિયાભાર
3. લોદર – આઠઆની ભાર
4. ટંકણખાર – 1/16 રૂપિયા ભાર

મુનિજી ખાસ સૂચના આપે છે કે એકસાથે વધારે લાક્ષારસ બનાવવો હોય તોપણ આ વસ્તુઓનું અહીં દર્શાવેલું પ્રમાણ સચવાવું જોઈએ જ. જો આ લાક્ષારસ તાડપત્ર પર લખવાની શાહી બનાવવા માટે જ વપરાવાનો હોય, તો લોદરની સાથે મજીઠ પણ નાખવું જોઈએ, જેનું પ્રમાણ લાખના પ્રમાણ કરતાં 3/4 હોવું જોઈએ. તે લાક્ષારસને એક વિશિષ્ટ રંગ આપશે. કેટલેક સ્થળે ટંકણખારને બદલે સાજીખાર નાખવાનું કહેવાયું છે.

### તાડપત્રની કાળી શાહીનો પાંચમો પ્રકાર :

દક્ષિણ ભારત, મ્યાનમાર અને શ્રીલંકામાં તાડપત્ર પર લોખંડની કલમ સ્ટાઇલસ (Stylus) વડે લખાણ કોતરવામાં આવે છે. ત્યાં ખાસ પ્રકારની શાહી વપરાય છે. આ શાહી શ્રીફળ અથવા બદામના કોચલાને બાળીને તેની ભસ્મને તેલમાં કાલવીને બનાવાય છે. આ શાહીને આખા તાડપત્ર પર લગાડવામાં આવે છે અને પછી કપડાના કકડા વડે તે તાડપત્રને લૂછી નખાય છે. આથી કોતરેલા ભાગમાં આ શાહી ચોંટી રહે છે. પરિણામે કોતરેલો ભાગ કાળો બની જાય છે અને એ રીતે અક્ષરો ઊઘડે છે.

આ પાંચે પ્રકારની કાળી શાહી તાડપત્ર પર લખવા માટે વપરાય છે. હવે કાગળ તથા કપડા ઉપર લખવા માટેની કાળી શાહીના છ પ્રકાર જોઈએ.

### (3) કાગળ અને કાપડ પર લખવાની કાળી શાહી :

### પ્રકાર 1 : એક સરસ કાવ્યકડીમાં તેનું વર્ણન આપ્યું છે :

"जितना काजल उतना बोल,
 तेथी दूना गुंद झकोल;
जो रस भांगरानो पडे,
 तो अक्षरे अक्षरे दीवा बळे.''

અર્થાત્ – કાજળ તથા બોળ સમપ્રમાણમાં લેવાં અને એથી બમણો ગુંદર લેવો. આ ત્રણે મેળવી એકરસ કરતાં પ્રથમ પ્રકારની શાહી તૈયાર થાય. એમાં ભાંગરાનો રસ નાખવાથી ચળકાટ આવે છે. તેથી તેનાથી લખાયેલ અક્ષરેઅક્ષર ચળકી ઊઠે છે.

મુનિજી આ પ્રકારની શાહીને ઉત્તમ અને પ્રશસ્ય ગણે છે, પણ સાથે સાથે ભાંગરાના ઉપયોગ સામે ચેતવે છે. ભાંગરો નાખવાથી શાહીનો ચળકાટ વધે અને રંગ વધારે ઘેરો ઊઘડે એ વાત સાચી; પરન્તુ તેનાથી કાગળ કે કાપડ કાળાં પડી જાય છે અને લાંબે ગાળે સડી જાય છે. લાખ, ખદિર કે હીરાકસીની માફક ભાંગરો તાત્કાલિક કોઈ ખરાબ અસર દેખાડતો નથી; છતાં તે હસ્તપ્રતને ચાર-પાંચ શતકથી વધારે કાઢવા ન દે !

શુદ્ધ ગુંદર અને બોળ સમપ્રમાણમાં લઈને પાણીમાં પલાળવાં અને એ પાણીને સ્વચ્છ કપડાથી ગાળી લેવું. પછી એ ત્રણેને તાંબાના પાત્રમાં ભેગાં કરીને તાંબાનો ઢોળ ચડાવેલા લીમડાના દસ્તા વડે બરાબર એકરસ થઈ જાય ત્યાં સુધી લસોટવાના. આમ તૈયાર થયેલી શાહીને સૂકવી નાખવી. જ્યારે જરૂર પડે ત્યારે તેનો એક ટુકડો પાણીમાં નાખી આંગળીઓથી મસળી એકરસ કરી દેવું અને તેનાથી લખવું.

કાગળ અને કાપડ ઉપર લખવા માટેની કાળી શાહીના બીજા પાંચ પ્રકાર છે; પરન્તુ મુનિજીના મત મુજબ તે કાગળ-કાપડનું આયુષ્ય ઘટાડનાર હોવાથી ઉપયોગમાં લેવા જેવી નથી. લાકડાના પાટિયા કે પાટી ઉપર તેનાથી લખી શકાય. તાડપત્ર માટેની શાહીના પ્રકારના આધારે આ પાંચે પ્રકારની કલ્પના કરાઈ હોવાનો સંભવ છે ! છતાં તે પાંચેને બનાવવાની રીત દર્શાવતી મૂળ કડીઓ જેને તેમાં આવતી વસ્તુઓ જાણવાની ઇચ્છા હોય તેમના માટે નીચે આપી છે :

**પ્રકાર 2 :**

"मष्यर्धे क्षिप सद्बुंदं, गुंदार्धे बोलमेव च ।
लाक्षा-बीयारसेनोच्चैर्, मर्द्येत् ताम्रभाजने ।।"

**પ્રકાર 3 :**

"बीआबोल अनइ लक्खारस,
कज्जल वज्जल (?) नइ अंबारस;
'भोजराज' मिसी निपाई,
पानउ फाटइ मिसी नवि जाई."

**પ્રકાર 4 :**

"लाख टांक बीस मेल, स्वाग टांक पाच मेल,
नीर टांक्र दो सो लेई, हांडीमें चडाईए;
ज्यों लों आग दीजे त्यों लों, ओर खार सब लीजे,
लोदर खार वाल वाल, पीसके रखाइए;
मीठा तेल दीप जाल, काजल सो ले उतार,
नीकी विधि पिछानीके, ऐसे ही बनाइए;
चाहक चतुर नर, लिखके अनुप ग्रंथ,
बांच बांच बांच रिझ, रिझ मोज पामीए.
- मसीविधि."

**પ્રકાર 5 :**

"स्याही पक्की करणविधि:
लाख चोखी अथवा चीपडी लीजे पइसा ३
सेर तीन पाणीमें नाखीजे; सुवागो पइसा २ नाखीजे;
लोदर तीन पइसा ३ नाखीचे;
पाणी तीन पाव उतारे;

पाछें शीतल जलमें भीजोय दीजे:

स्याही होय चोखी पक्की.''

**પ્રકાર 6 :**

"काजल टांक ६, बीजाबोल टांक १२, खेरनो गुंद टांक ३६,

अफीण टांकगा, अलता पोथी टांक ३,

फटकडी काची टांक ० ।।, निंबना द्योरासुं दिन सात

त्रांबाना पात्रमां घूंटवी ।।

આ બધાંની વિગતમાં આપણે ઊતરવાની જરૂર નથી.

**(4) પંચાંગ તથા કાપડના વીંટા ઉપર લખવાની શાહી :**

કાવ્યકડી આ પ્રમાણે છે :

"बोलस्य द्विगुणो गुंदो, गुंदस्य द्विगणा मषी ।

मर्दयेद् यामयुग्मं तु, मषी वज्रसमा भवेत् ।।''

**અર્થાત્ –**

અમુક નિશ્ચિત પ્રમાણમાં બોલ લઈ તેનાથી બમણો ગુંદ અને ગુંદથી બમણું કાજળ લઈ એ બધું ભેગું કરી છ કલાક સુધી ઘૂંટવું. આથી વજ્ર જેવી પાકી શાહી બની જાય.

**(5) લાલ શાહી :**

લાલ શાહી પણ વપરાશમાં હતી. ખાસ કરીને હસ્તપ્રતોમાં હાંસિયા દોરવા માટે, દંડ વગેરે મૂકવા માટે, પુષ્પિકા લખવા માટે, મન્ત્રો લખવા માટે તથા યન્ત્રો દોરવા માટે લાલ શાહી વપરાતી જેથી આ બધું બીજા લખાણથી અલગ ઊપસે. તેને બનાવવાની રીત આ પ્રમાણે છે :

સારી જાતના કાચા હિંગળોકનો મોટો ટુકડો ખાંડણીમાં મૂકી તેમાં ખાંડનું પાણી રેડી તે બેઉને દસ્તા વડે સારા પ્રમાણમાં ખાંડો–પીસો. પછી નીચે બેસવા દો. પીળાશ પડતું પાણી ઉપર આવશે. આ પીળું પાણી કાઢી નાખો પણ તેની સાથે શુદ્ધ લાલ ભાગ નીકળી જાય નહિ તેની કાળજી રાખો. ફરીથી તેમાં ખાંડનું પાણી નાખી પીસો. વળી પીળું પાણી કાઢી નાખો. વળી ખાંડનું પાણી ઉમેરી પીસો અને ઉપર આવતું પીળાશવાળું પાણી કાઢી નાખો. આ પ્રમાણે દસથી પંદર વખત કરવાથી શુદ્ધ લાલ હિંગળોક તૈયાર થશે. પછી એમાં વળી ખાંડનું પાણી તથા ગુંદરનું પાણી ઉમેરી ખૂબ પીસો. આવું વારંવાર કરો. બરાબર એકરસ થઈ જાય ત્યાં સુધી કરો. આ દરમિયાન, ગુંદરનું પ્રમાણ પૂરતું છે કે નહિ તે જોવા માટે વચ્ચે

વચ્ચે આ હિંગળોક આંગળી પર લઈ કાગળના ટુકડા પર લગાડો. કાગળને બેવડ વાળીને દરેક વખતે ભેજમાં મૂકો. જો કાગળનાં બે પડ સરળતાથી એકબીજાં સાથે ચોંટી ન જાય, તો માનવું કે ગુંદરનું પ્રમાણ જરૂરિયાત કરતાં વધારે નથી. કાગળ પર હિંગળોક ચોંટાડેલો તે સુકાઈ જાય એટલે આંગળીના નખથી ઉખાડો. જો સરળતાથી ઊખડે તો માનવું કે ગુંદર ઓછો છે. વળી પાછું જ્યાં સુધી પૂરતો ગુંદર એમાં ભળે નહિ ત્યાં સુધી આ પ્રમાણે કરતા રહેવું પડે.

આ રીતે લાલ શાહી તૈયાર થાય છે. આ ચીકણા લોંદામાંથી નાની નાની ગોળીઓ બનાવી સૂકવી દેવી. જ્યારે જરૂર પડે ત્યારે પાણીમાં આ ગોળીઓ ભેળવી જાડી કે પાતળી લાલ શાહી બનાવી લેવાય.

**(6) અષ્ટગન્ધ :**

ખાસ કરીને મન્ત્રો લખવા અને યન્ત્રો દોરવા માટે સુગંધી રંગ વપરાય છે. નીચેનાં આઠ સુગંધી દ્રવ્યોને સરખા પ્રમાણમાં લઈ તેમાંથી આ રંગ બનાવાય છે : (1) અગર, (2) તગર, (3) ગોરોચન, (4) કસ્તૂરી, (5) રક્તચન્દન, (6) ચન્દન, (7) સિન્દૂર અને (8) કેસર. આ માટેનાં આઠ દ્રવ્યોની બીજી યાદી પણ મળે છે : (1) કપૂર, (2) કસ્તૂરી, (3) ગોરોચન, (4) સંઘરફ, (5) કેસર, (6) ચન્દન, (7) અગર અને (8) ગેહૂલો. આમાંથી પાંચ દ્રવ્યો બન્નેમાં સ્થાન પામ્યાં હોવાથી તે અષ્ટગન્ધના મહત્વના ભાગ ગણાય : (1) અગર, (2) ગોરોચન, (3) કસ્તૂરી, (4) ચન્દન અને (5) કેસર.

**(7) યક્ષકર્દમ :**

આ રંગ પણ મન્ત્રો તથા યન્ત્રો માટે વપરાતો. તેનાં અગિયાર દ્રવ્યો : (1) ચન્દન, (2) કેસર, (3) અગર, (4) બરાસ, (5) કસ્તૂરી, (6) મરચક્કોલ, (7) ગોરોચન, (8) હિંગળોક, (9) રતાંજણી, (10) સોનાનો વરખ અને (11) અમ્બર.

આ બધાં કીમતી દ્રવ્યોને સમપ્રમાણમાં લઈને તેમાં ચોખ્ખું ગુંદનું પાણી ઉમેરી આ યક્ષકર્દમ બનાવાતો.

આ બંને રંગોની બનાવટ માટેની બીજી વિગતોમાં હવે આપણે ઊતરવાની જરૂર નથી.

**(8) ચિત્રો દોરવા માટેના રંગો :**

સામાન્ય રીતે તો ચિત્રો માટે શાહીઓ જ વપરાતી. પીળા રંગ માટે હરતાલનો ઉપયોગ કરાતો. સફેદ રંગ તરીકે સફેદો વપરાતો. તે માટે ચાક-ખડી પણ વાપરતા. બીજા રંગો આ મુખ્ય રંગોના મિશ્રણ દ્વારા બનતા. દા. ત.,

(અ) હરતાલ + હિંગળોક = નારંગી રંગ.

(આ) હિંગળોક + સફેતો = ગુલાબી રંગ.

(ઇ) હરતાલ + કાળી શાહી = લીલો રંગ.

મુનિજી કહે છે કે એક પ્રાચીન પાન ઉપર રંગો બનાવવાનાં છ સૂત્રો આપેલાં છે :

(અ) સફેદો ટાંક 4 + પ્યાવડી (પીઉડી) ટાંક 1 + સિંદૂર ટાંક 1॥ = ગોરો રંગ

(આ) સિંદૂર ટાંક 4 + પોથી ગલી ટાંક 1 = ખારીક રંગ.

(ઇ) હરતાલ ટાંક 1 + ગલીતાં ટાંક = નીલો રંગ

(ઈ) સફેદો ટાંક 1 + અલતો ટાંક 1 1॥ = ગુલાબી રંગ.

(ઉ) સફેદો ટાંક 1 + ગલીતાં ટાંક 1 = આસમાની રંગ.

(ઊ) સિંદૂર ટાંક 1 + પ્યાવડી (પીઉડી) ટાંક 0॥ = નારંગી રંગ.

શુદ્ધ ગુંદરનું પાણી ઉમેરીને રંગો હસ્તપ્રતોમાં ચિત્રો દોરવા માટે વાપરતા.

**(9) સોનાની અને ચાંદીની શાહીઓ :**

સુવર્ણશાહી અને રજતશાહીથી લખેલી હસ્તપ્રતો પણ મળે છે. આ શાહીઓ બનાવવાની રીત :

સોનાના કે ચાંદીના વરખનાં પતરાં એક પછી એક ખલ કે ખાંડણીમાં મૂકીને તેમાં શુદ્ધ ધવના ગુંદનું પાણી રેડવું. આ બંનેને ખૂબ લસોટતાં સુવર્ણ કે ચાંદીનું ચૂર્ણ તૈયાર થશે. ખલ-ખાંડણી સારી ગુણવત્તાવાળાં વાપરવાં, જેથી તેમાં ઉઝરડા પડે નહિ. નહિ તો તે પથ્થરની રજ આ ચૂર્ણને બગાડી મૂકે અને શાહી ઝાંખી થઈ જાય. આ ચૂર્ણમાં ખાંડનું પાણી નાખીને ખૂબ હલાવીને એકરસ બનાવી દેવું. પછી ચૂર્ણ નીચે બેસે એટલે ઉપરનું પાણી સાચવીને બહાર કાઢી લેવું. તેમાં ચૂર્ણનો કોઈ અંશ પાણી સાથે નીકળી ન જાય તેની કાળજી રાખવી. આ પ્રમાણે ત્રણ-ચાર વાર અથવા વધારે વખત કરવું જોઈએ. આનાથી ગુંદર બરાબર શુદ્ધ બની જશે. આમ તૈયાર થયેલું ચૂર્ણ તે જ સુવર્ણ કે રજત શાહી. ગુંદરની ચીકાશ ખાંડના પાણીથી દૂર થાય છે અને શાહીનો ચળકાટ સચવાઈ રહે છે. ખાંડનું પ્રમાણ સામાન્ય રાખવું.

પ્રયોગ ખાતર સાવ થોડી શાહી બનાવવા ઇચ્છનારે આ પ્રમાણે કરવું : ધવના ગુંદરનું પાણી કાચની રકાબીમાં ચોપડી તેમાં વરખ નાખી આંગળીઓ વડે મસળવું અને ખાંડના પાણી દ્વારા ઉપર દર્શાવ્યા પ્રમાણે શુદ્ધીકરણ કરવું એટલે શાહીનું ચૂર્ણ તૈયાર.

શાહીની જરૂર પડે ત્યારે આ ચૂર્ણ પ્રમાણસર પાણીમાં નાખી હલાવીને ઉપયોગમાં લેવાય.

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં સુવર્ણશાહી અને રજતશાહી વડે લખાયેલ

હસ્તપ્રતો સચવાયેલી છે.

**(10) કાળી શાહી અંગે ચેતવણીનો સૂર :**

કાળી શાહી અંગે મુનિજી જે ચેતવણી ઉચ્ચારે છે તે ધ્યાનમાં રાખવા જેવી છે :

(અ) મેશ તલના તેલની જ હોવી જોઈએ.

(આ) ગુંદર પણ માત્ર ખેરનો, લીમડાનો કે બાવળનો જ જોઈએ.

(ઇ) શાહીમાં રીંગણી ફળનો રસ ઉમેરવાથી –

(i) શાહીમાં ચળકાટ આવે છે અને

(ii) તેની કડવાશ માખીઓ વગેરેને દૂર રાખે છે.

(ઈ) શાહીની બનાવટમાં લાખ, ખેર, લોહચૂર્ણ કે લોહનો કાટ હોય, તો તે શાહી કાગળ-કાપડ માટે નકામી છે. કેમ કે આ વસ્તુઓ બેત્રણ સદીના ટૂંકા ગાળામાં જ કાગળ-કાપડને ખાઈ જાય છે અને આવી શાહીથી લખાયેલ હસ્તપ્રતો તમાકુનાં સૂકાં પાનની જેમ સડી જાય છે. આ પદાર્થો તાડપત્રને કોઈ નુકસાન કરી શકતા નથી, પરન્તુ કાગળ-કાપડને તો નુકસાનકારક જ છે.

(ઉ) બિયારસ શાહીને ઘેરો કાળો રંગ આપે છે એ વાત સાચી, પણ એ રસ સ્વભાવથી જ સૂકો હોવાથી જો તેનું પ્રમાણ સહેજ પણ વધી જાય તો ગુંદરની ચીકાશને ખાઈ જાય છે અને પરિણામે તેનાં લખાણો ખરી જાય છે અથવા તો પૃષ્ઠોના પરસ્પર ઘર્ષણને કારણે હસ્તપ્રત કાળી પડી જાય છે. પ્રમાણસરનો બિયારસ નુકસાન કરતો નથી.

(ઊ) હસ્તપ્રતો કાળી પડી જાય છે અને સડી જાય છે તેનાં કેટલાંક કારણો :

| | |
|---|---|
| (i) | કાગળની બનાવટમાં રહી ગયેલી ખામીઓ. |
| (ii) | માવાને સાફ કરવામાં કાટ ચડે એવા તથા ખાટા પદાર્થો વપરાયા હોય તો. કાગળમાં જ્યાં જ્યાં આવા પદાર્થોની રજ વધારે રહી ગઈ હોય તે તે સ્થળો સમય જતાં કાળાં પડી જાય છે. |
| (iii) | વર્ષાઋતુની ભેજવાળી હવામાં હસ્તપ્રતોનાં પાન પરસ્પર ચોંટી જાય છે. કેટલીક વાર આવાં પાનાં છૂટાં પાડીને લોકો ભેજની અસર નાબૂદ કરવાના હેતુથી એક પાનાને તડકે મૂકે છે. આ તદ્દન ખોટી પ્રક્રિયા છે. પૃષ્ઠનો જેટલો ભાગ સૂર્યના સીધા તડકામાં હોય તેટલો ચમક ગુમાવે છે અને કાળો પડી જાય છે. જો તાપ વધારે હોય તો તો તે પાનની બંને બાજુ - બેઉ પૃષ્ઠ કાળાં પડે છે, નહિ તો એક જ પાનની એક બાજુ કાળી અને બીજી બાજુ સફેદ રહે છે ! |

| | |
|---|---|
| (iv) | કેટલાક લહિયાઓ શાહી ઝાંખી ન પડી જાય તે હેતુથી ખડિયામાં કાટ ચડેલી લોખંડની ખીલીઓ મૂકી રાખે છે. જ્યારે શાહી ઝાંખી પડે ત્યારે તેઓ તેને આ ખીલીઓથી ખૂબ હલાવે છે, જેથી ઝાંખપ જતી રહે. પરન્તુ ઊલટું, હલાવવાથી કાટ ઉપર આવે છે. એના પરિણામે તે પછી લખાયેલાં પાન સમય જતાં કાળાં પડી જાય છે અને જીર્ણ થઈ જાય છે. જ્યારે કાટ પોતાના વજનથી નીચે બેસી જાય છે ત્યારે તેની અસર રહેતી નથી. કેટલીક વાર કેટલાંક પૃષ્ઠ અથવા તેના ઉપરની કેટલીક લીટીઓ સારી સ્થિતિમાં હોય અને બીજી લીટીઓ ખરાબ સ્થિતિમાં હોય એવું જોવા મળે છે તે આને કારણે જ હોય છે. |
| (v) | એવું પણ જોવા મળે છે કે હસ્તપ્રતો સારી હાલતમાં હોય પણ પહેલું પાન અને છેલ્લું પાન કાળાં પડી ગયાં હોય અને ખવાઈ જતાં હોય. આનું કારણ એ કે એની સાથેની બીજી હસ્તપ્રત લાખ, કાટ, હીરાકસી વગેરે વાળી શાહીથી લખેલી હોય તેના સંપર્કથી આમ બને છે ! |
| (vi) | શાહી પાતળી ન પડી જાય તેમજ ઝાંખી પણ ન થઈ જાય એટલા માટે કેટલાક લોકો શાહીમાં બિયારસ નાખતા હોય છે. એનો સ્વભાવ સૂકો હોઈ શાહીમાંનો પાણીનો ભાગ સુકાઈ જવાથી શાહીની કાળાશ તથા જાડાઈ વધે છે. પરન્તુ સામાન્ય રીતે, અને વર્ષાઋતુમાં તો ખાસ, પાનના પરસ્પર ઘર્ષણને પરિણામે તેમાં લખેલ અક્ષરો તેમજ પાનાં કાળાં પડી જાય છે અને પરસ્પર ચોંટી પણ જાય છે. |

ટૂંકમાં કાગળની બનાવટ, શાહીની બનાવટ, બહારનું વાતાવરણ વગેરે કેટલીયે વસ્તુઓ વિવિધ રીતે હસ્તપ્રતો પર પ્રભાવ પાડતી હોય છે.

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં શાહીમાં નાખેલી વસ્તુઓના કારણે ખવાઈ ગયેલી હસ્તપ્રતનો નમૂનો પણ સાચવેલો છે.

❐

# 6. લહિયાઓ

## વિભાગ 1

### 1. પ્રાસ્તાવિક :

પ્રાચીન કાળની લેખનકળા, લિપિઓ અને લેખનસામગ્રી વિષે આપણે જોયું. પરન્તુ આ બધું જડ હોઈ પોતે તો કોઈ પ્રવૃત્તિ કરે નહિ. તેમને કામે લગાડનાર કોઈ ચેતન પદાર્થ હોય તો જ લેખનક્રિયા સંભવી શકે અને આ ચેતન પદાર્થ તે મનુષ્ય છે જે કલમને હાથમાં પકડી શાહીમાં બોળી કાગળ ઉપર ફેરવે છે.

આ મનુષ્ય 'લેખક' કે 'લહિયો' કહેવાય છે. હસ્તપ્રતો તૈયાર કરવામાં તેનું સ્થાન ચાવીરૂપ છે. આ લહિયાની ખાસિયતો અને ટેવોથી હસ્તપ્રતોનું લખાણ સ્વાભાવિક રીતે જ પ્રભાવિત થાય જ. આથી હવે આપણે લહિયાઓ વિષે વિચારીએ.

### 2. પુષ્પિકા પછીનાં લખાણોમાંની માહિતી :

ઘણી વાર લહિયાઓ પોતે તૈયાર કરેલી હસ્તપ્રતોના અન્તે, મૂળ રચનારે લખેલ પુષ્પિકા પૂરી થયે, પોતાના વિષેની માહિતી આપે છે. આવાં લખાણોનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે પ્રાચીન તથા મધ્યયુગીન ભારતમાં લહિયાઓ બ્રાહ્મણ, નાગર, કાયસ્થ, ભોજક જેવા વર્ગોના હતા. આવાં કેટલાંય કુટુંબો આ ધંધામાંથી જ પોતાનું ગુજરાન ચલાવતાં હશે. હર્ષ, ભોજદેવ, સિદ્ધરાજ જયસિંહ જેવા મહાન રાજાઓ, બીજા પણ ઘણા નાના નૃપો અને ધાર્મિક મનોવૃત્તિના શ્રીમંત સદગૃહસ્થો હસ્તપ્રતોની નકલો આવા લહિયાઓ પાસે કરાવતા અને આ કામ માટે તેમને પૂરતું વેતન પણ આપતા. સન્તોષ પામતા આ લહિયાઓએ પણ તેમના આ કાર્યમાં ઉત્કૃષ્ટતા, કુશળ કારીગરી અને નિપુણતા દર્શાવી છે જ.

## 3. શિલાલેખો અને હસ્તપ્રતો : તફાવત :

શિલાલેખો અને દાનનાં તામ્રપત્રો તેમજ સિક્કાઓ વગેરે ઉપરનાં લખાણોની બાબતમાં આપણે ઘણી વાર મૂળની પ્રમાણિત નકલો સાથે કામ પાડવાનું આવે છે. એ લખાણોમાં જો કોઈ ભૂલો નીકળે તો તે કોતરનારે કરેલી ક્ષતિઓ ગણાય. જેના ઉપર કોતરેલું હોય તે પદાર્થો ટકાઉ હોવાથી નકલો, તેનીયે નકલો એવી પરમ્પરાને અવકાશ રહેતો નથી. પરિણામે આવાં લખાણો મૂળ જેટલું જ મૂલ્ય ધરાવે છે.

હસ્તપ્રતોની વાત આથી તદ્દન જુદી જ છે. તેમાં તો હાથ વડે અક્ષરે અક્ષરનો ઉતારો કરવાનો હોય છે. આથી જ તો તેને 'હસ્ત-પ્રત' (હાથ વડે લખીને તૈયાર કરેલી પ્રત) કહે છે. જેના ઉપર ગ્રન્થો લખાતા તે કાં તો તાડપત્રો હોય, ભૂર્જપત્રો હોય કે કાગળ હોય. તે સમય જતાં બટકી જાય છે. આથી જૂની જીર્ણ થતી હસ્તપ્રતોની નકલો સમયસર કરાવી લેવી પડે, નહિ તો મૂળ રચના જ નાશ પામે. આ નવી પ્રતો ધીમે ધીમે જૂની હસ્તપ્રતોના સ્થાનમાં ગોઠવાઈ જાય. એ રીતે મૂળ ગ્રન્થો સચવાય. પોતાની 'કાવ્યમીમાંસા'માં રાજશેખરે કવિને આદેશ આપ્યો છે કે પોતાનો ગ્રન્થ રચે ત્યારે તેની અનેક પ્રતો કરવી કે કરાવી લેવી. આ આદેશ આ પરિસ્થિતિ જોતાં સમુચિત અને આવશ્યક છે તે સ્પષ્ટ થાય છે. આવી વાસ્તવિકતાને કારણે જ કર્તાઓ પોતાના જીવનકાળમાં જ પોતાના ગ્રન્થોની અનેક પ્રતો તૈયાર કરાવવાના આગ્રહી રહેતા. તેમાંયે લોકભોગ્ય અને પ્રસિદ્ધ ગ્રન્થોની પ્રતોની માગણી તો દેશના ખૂણે ખૂણેથી થતી રહેતી.

પ્રતો તૈયાર કરવાની આ પરમ્પરામાં મૂળ ગ્રન્થની પ્રતો અનેક વાર તૈયાર કરાવી હોય અને એમાંથી તૈયાર કરેલ હસ્તપ્રતની નકલો પણ કરાવાય.

ગ્રન્થોની હસ્તપ્રતો તૈયાર કરવા-કરાવવાની તથા સાચવવાની આવશ્યકતાને લક્ષમાં રાખીને જ પુરાણો વગેરેએ નકલો કરાવવી તેમજ ભેટ આપવી એને પુણ્ય ગણ્યું છે. જે મૂળ હસ્તપ્રતોની પ્રતો તૈયાર કરાવાતી હોય તે હસ્તપ્રતો તો લાંબો સમય ટકી શકતી ન હોવાથી તેમાંથી તૈયાર કરાયેલી હસ્તપ્રતો ઉપરથી નકલો કરાવાતી હોય અને આ નકલોનીયે નકલો થાય એમ પરંપરા ચાલે. આમ હાલ ઉપલબ્ધ હસ્તપ્રતોના વારસા માટે હસ્તપ્રતોની નકલો કરવાની પ્રવૃત્તિ સતત કરનારા પ્રાચીન અને મધ્યયુગીન લહિયાઓના જ આપણે ઋણી છીએ.

આટલા આવશ્યક વિવેચન પછી હવે આપણે હસ્તપ્રતવિજ્ઞાનમાં મહત્વપૂર્ણ કેન્દ્રીય સ્થાને વિરાજતા લહિયાઓની વિશેષતાઓનો વિચાર કરીએ.

## 4. ટેવો અને ખાસિયતો :

દરેક લહિયાની પોતાની આગવી ખાસિયતો અને ટેવો હોય જ. એ પ્રમાણે દરેક હસ્તપ્રતની પણ આગવી વિશેષતાઓ હોય છે.

તેમની ખાસિયતો અંગે ત્રણ મુદ્દા વિચારી શકાય :

(અ) અક્ષરો લખવાની આગવી પદ્ધતિ;

(આ) સાહજિક ભૂલો અને છૂટ; અને

(ઇ) પૂર્વગ્રહ – ખાસ કરીને જ્યારે બે કે વધારે પાઠાન્તરોમાંથી પસંદગી કરવાની હોય ત્યારે.

જે તે હસ્તપ્રતનો સતત અને ઝીણવટભર્યો અભ્યાસ કરવાથી જ આવી બાબતો જાણી શકાય.

ટેવો અંગે છ મુદ્દા વિચારી શકાય :

(અ) લખવા માટે બેસવાની આગવી પદ્ધતિ;

(આ) પાટી અને કાગળ અમુક જ સ્થિતિમાં રાખવાની ટેવ;

(ઇ) કલમ પકડવાની પદ્ધતિ;

(ઈ) લીટીઓ દોરીને કે દોર્યા વિના સીધી લીટીમાં લખવાની પદ્ધતિ;

(ઉ) હળવે હાથે કે ભાર દઈને લખવાની પદ્ધતિ; અને

(ઊ) શાહીમાં બોળેલી કલમને વારંવાર છંટકોરીને આજુબાજુની જમીનને ડાઘથી બગાડવાની ટેવ હોવી ન હોવી !

આવી વ્યક્તિગત ખાસિયતોને કારણે જ લહિયાઓ પોતાની કલમ ઠરડાઈ જવાની કે બુટ્ઠી થઈ જવાની ભીતિથી બીજાને આપતા હોતા નથી. આ અંગે એક સરસ સુભાષિત છે.

“लेखिनी पुस्तकं रामा, परहस्ते गता गताः ।

कदाचित् पुनर् आयाताः, लष्टा मृष्टा च चुम्बिता।।”

અર્થાત્ –

“કલમ, કિતાબ ને રામા જો બીજાને હાથ ગઈ તો ગઈ જ; કદાચ પાછી આવે તો અનુક્રમે ઠરડાઈને, ઘસાઈને અને ચુમ્બિત થઈને આવે !”

## 5. ગુણ-દોષો :

“લેખપદ્ધતિ”એ આદર્શ લહિયાના સદગુણોને આ રીતે વ્યક્ત કર્યા છે :

“सर्वदेशाक्षरभिज्ञः, सर्वभाषाविशारदः ।

लेखकः कथितो राज्ञः, सर्वाधिकरणेषु वै ।।१।।

मेधावी वाक्पटुर धीरो, लघुहस्तो जितेन्द्रियः ।

परशास्त्रपरिज्ञाता, एष लेखक उच्यते ।।२।।

અર્થાત્ –

લહિયામાં નીચેના સદગુણ હોવા જોઈએ :

1. સર્વ પ્રદેશોની લિપિઓની જાણકારી, 2. સર્વ ભાષાઓનું જ્ઞાન, 3. બુદ્ધિશાળીપણું, 4. વક્તૃત્વની છટા, 5. ધીરજ, 6. ઝડપ, 7. સંયમ, અને 8. બીજાંનાં શાસ્ત્રોનું જ્ઞાન.

ટૂંકમાં કહીએ તો, લહિયો સારા અક્ષરે લખનારો હોવો જોઈએ, વિવિધ લિપિઓ, શાસ્ત્રો તથા ભાષાઓ જાણનારો હોવો જોઈએ. ગમે તેમ કરીને કામ જલદી પૂરું કરી નાખવાની વૃત્તિથી કામ બગાડનારો નહિ પણ ધીરજ રાખનારો હોવો જોઈએ, અને આ કે તે નિમિત્તને લીધે વિલંબ કરવાને બદલે પોતાના કામને ઝડપથી પૂરું કરનારો હોવો જોઈએ. આવશ્યક રીતે આ સદગુણો તેનામાં હોવા જોઈએ, જેથી તે બરાબર નકલ કરી શકે અને મૂળની ભૂલોમાં કોઈ ઉમેરો ન કરે !

એ જ 'લેખપદ્ધતિ' લહિયાના દુર્ગુણો ત્રણ પ્રાકૃત ગાથાઓમાં ગણાવે છે. લહિયાઓએ આ દોષો નિવારવા જોઈએ :

"ढलिया य मसी भग्गा, य लेहिणी खरडियं च तलवट्टं ।
द्वि द्वि त्ति कूड-लेहय, अज्जवि लेहत्तणे तण्हा ।।१।।
विहुलं मसी-भायणं, अत्थि मसी वित्थयं सि तलवट्टं ।
अम्हारिसाण कज्जे, तए लेहय, लेहिणी भग्गा ।।२।।
मसि गहिउण न जाणसि, लेहण-गहणेण मुद्ध । कलिओ सि ।
ओसरसु कूडह-लेहय ! सुललिय पत्ते विणसेसि ।।३।।

અર્થાત્ –

લહિયાના દોષો આ પ્રમાણે હોય છે, જે નિવારવા જોઈએ :

(1) શાહી ઢોળાઈ જવી,

(2) કલમ ભાંગી જવી,

(3) કલમ છંટકોરીને આસપાસની ભૂમિ શાહીના ડાઘથી ખરડી મૂકે,

(4) ખડિયાનું મુખ પહોળું હોવા છતાં એમાં બોળવા જતાં કલમ તૂટી જાય,

(5) કલમ કેમ પકડવી અને કેમ ખડિયામાં બોળવી એ જાણતો ન હોય, અને –

આવો લહિયો 'કૂટલેખક' અર્થાત્ કપટી કે નાલાયક લહિયો છે જે માત્ર સુંદર કાગળોને બગાડે છે !

પ્રામાણિકતા અને કાળજી એ બે લહિયાના ખાસ સદગુણ ગણાય; પણ

લહિયાઓમાં આ સદગુણો – વફાદારી – વિકસેલા ભાગ્યે જ જોવાય છે ! કત્રે એક તથ્ય તરફ આપણું ધ્યાન દોરે છે. બુદ્ધિશાળી પણ બેવફા લહિયાએ કરેલી હસ્તપ્રતની નકલ કરતાં મંદબુદ્ધિ, ઓછી ગુણવત્તાવાળા પરંતુ વફાદાર લહિયાએ કેવળ યંત્રવત્ કરેલી નકલ અસલ હસ્તપ્રત વિષે આપણને વધારે માહિતી આપી શકે છે. તેની વફાદારીનું માપ આંતરિક પરીક્ષણ દ્વારા કાઢી શકાય. મૂળ હસ્તપ્રતમાં રહેલી ખાલી જગાઓ તેમજ દેખીતી ક્ષતિઓને સુધારવાનો પ્રયત્ન કર્યા વિના જેમનું તેમ ઉતારી આપનાર લહિયો વિશ્વાસપાત્ર ગણી શકાય; કેમ કે જો તે નાની નાની બાબતોમાં પ્રામાણિક રહ્યો તો સમગ્ર લેખનમાં પણ એવો હોવાનો સંભવ રહે છે. મારા પૂ. પિતાશ્રીએ અતિ ઉપયોગી એવાં કેટલાંક સૂત્રો બાળપણમાં આપેલાં તેમાંનું એક આ પ્રમાણે હતું : ''અસલ ઉપરથી નકલ કરવામાં અકલ (અક્કલ) વાપરવી નહિ.''

પ્રાચીન કાળમાં તો લહિયાઓ બરાબર કામ કરતા; પણ ખાસ કરીને પછીના સમયમાં બેદરકારી સારા પ્રમાણમાં જોવા મળે છે. હસ્તપ્રતોમાં એક અને બે દંડ અહીં-તહીં મૂકેલા હોય છે. વળી શ્લોક કે ગાથાનો ક્રમાંક તથા અધ્યાય, સર્ગ આદિનો ક્રમાંક પણ સ્થળે સ્થળે લખેલો હોય છે. ' ' આવું ચિહન અને નાનાં નાનાં ચિત્રાત્મક પ્રતીકો પણ તેમાં જોવા મળે છે. લહિયાઓને આપવાના વેતનની ગણતરી તેમણે ઉતારેલા 'ગ્રન્થો'ની કુલ સંખ્યા પ્રમાણે કરવામાં આવે છે. આ 'ગ્રન્થ'નું માપ 1 'ગ્રન્થ' = 32 અક્ષર એવું નક્કી થયેલું છે. આ ગણતરી માત્ર પદ્યમાં જ નહિ પણ ગદ્યમાં પણ આ જ પ્રમાણે કરાય છે. 'ગ્રન્થ' એ ગણતરીનું એકમ હતું. ઉપર કહ્યાં તેવાં ચિહનો અક્ષર ન ગણાય. આથી પાછળના લહિયાઓ આવાં ચિહનો, આંકડા વગેરે પોતાની પ્રતમાં ઉતારવાની દરકાર રાખતા નહિ. તેઓ માત્ર હસ્તપ્રતમાં લખેલ અક્ષરો જ ઉતારતા. આવા બેદરકાર લહિયાઓએ લખેલી હસ્તપ્રતોમાં કેટલાય સંદર્ભો, વિશિષ્ટ યન્ત્રો, કર્તાએ પોતે મૂકેલાં ખાસ ચિહનો, શ્લોક કે ગાથાના ક્રમાંકો, 'ગ્રન્થાગ્રો' અર્થાત્ મૂળ હસ્તપ્રતમાં અન્તે લખેલ કુલ 'ગ્રન્થો'ની સંખ્યા જેવી મહત્વની વિગતો નોંધાઈ જ નથી. અરે ! સર્ગાન્તે આવતી પુષ્પિકા પછીથી કરાયેલ લખાણ – જે ઐતિહાસિક આદિ દષ્ટિએ ખૂબ મહત્વનું ગણાય છે તે પણ ઉતાર્યું નથી. આવી નિષ્કાળજી તો સૈકાઓ જૂની છે. આને લીધે જે તે ગ્રન્થોનું મૂલ્ય ઘટી ગયું છે અને સમય વીતતાં તો અર્થ સમજવામાં મુશ્કેલી ઊભી થઈ છે એટલું જ નહિ, પણ ઊલટો ગૂંચવાડો વધાર્યો છે !

## 6. એકાધિક લહિયાઓનું મનોવિજ્ઞાન :

જો ગ્રન્થ મોટો હોય તો તેની નકલ કરવાનું કામ એક કરતાં વધારે લહિયાઓએ કર્યું હોય. પરિણામે 'અનેક લહિયા'નું મનોવિજ્ઞાન તેની પાઠપરંપરાના અભ્યાસને

વધારે ગૂંચવે. વળી ગ્રન્થના જુદા જુદા વિભાગોને ઉતારવાનું કામ જુદાં જુદાં સ્થળે અને જુદી જુદી હસ્તપ્રતોને આધારે જુદા જુદા સમયે પણ કરાયું હોય ! આમાં કાગળની સ્થિતિ તથા લિપિનું સ્વરૂપ આવા મોટા ગ્રન્થના ભિન્ન ભિન્ન ભાગોના સમયાનુસાર સ્તરોનો નિર્દેશ કરી શકે. તેથી આવી મોટી હસ્તપ્રતની બાબતમાં જુદા જુદા લહિયાઓના હસ્તાક્ષરનો ભેદ જાણવો જરૂરી બને છે.

## 7. મહત્વપૂર્ણ લહિયાઓ :

મુનિજી કેટલાક મહત્વપૂર્ણ લહિયાઓનો નિર્દેશ કરે છે. જૈન યતિઓ, શ્રમણો, શ્રાવકો અને શ્રાવિકાઓએ પણ સેંકડો હસ્તપ્રતોની નકલો કરેલી છે. સ્વયં આચાર્યોએ પણ પોતાના હાથે પ્રતો લખેલી છે. લહિયાઓ પોતે તૈયાર કરેલ પ્રતોના અન્તે પોતાનું નામ વગેરેની માહિતી નોંધતા હોય છે.

આવી નોંધો ઉપરથી આવી મહત્વપૂર્ણ વ્યક્તિઓએ પણ પ્રતો તૈયાર કરી છે તે હકીકત જાણી શકાય છે.

વળી, એવી પણ હસ્તપ્રતો છે જે ગ્રન્થકારે પોતે જ લખેલી હોય અથવા તો તેની સૂચનાથી બીજાએ લખી હોય અને તેને ગ્રન્થકારે પોતે સુધારી પણ હોય. આવી હસ્તપ્રતોને અંગ્રેજીમાં 'ઑટોગ્રાફ' (autograph) કહે છે. આપણે તેને 'સ્વહસ્તલેખ' કહી શકીએ. આવી હસ્તપ્રતો સૌથી વધારે મહત્વની ગણાય.

ઘણી વાર લહિયાઓ એકબીજાએ તૈયાર કરેલી હસ્તપ્રતો અંદરોઅંદર તપાસી લે છે. કર્તા પોતે પણ તે તપાસે છે. અથવા કર્તાએ અધિકૃત કરેલ વ્યક્તિ પણ તપાસે છે. તેમણે કરેલા સુધારા હસ્તપ્રતોમાં જોવા મળે છે. આથી હમેશાં હસ્તપ્રતો સ્વચ્છ પ્રતો હોય છે કે એક હાથે લખાયેલ સળંગ પ્રતો હોય છે એવું માનવાની જરૂર નથી. તેમાં મૂળ લખાણને ભૂંસીને નવું લખાણ પણ કરેલું હોય છે, ઉમેરાઓ પણ હોય છે અને વધારાનું લખાણ કાઢી નાખેલું પણ હોય છે. આ ફેરફારો લહિયાએ જાતે, તપાસનાર બીજા લહિયાએ કે પછીથી સુધારનાર કે સુધારનારાઓએ કરેલા હોય છે. આવી હસ્તપ્રતોમાં આવા સુધારાઓમાં કોને કેટલું મહત્વ આપવું જોઈએ એનો નિર્ણય લેવો બહુ વિકટ બની જાય છે.

મોટા ભાગના લહિયાઓએ સુંદર ઘાટીલા મરોડદાર અક્ષરો, લાલ શાહીથી દોરેલા હાંસિયા, શબ્દો વચ્ચે અને પંક્તિઓ વચ્ચે રાખેલું પૂરતું અંતર વગેરે પદ્ધતિઓ વડે પોતાની પ્રતોને સ્વચ્છ અને સુઘડ રાખવાનો પ્રયત્ન કરેલો હોય છે.

આજે તો આવા નિષ્ઠાથી કામ કરનારા કુશળ લહિયાઓ ભાગ્યે જ મળે. પ્રતો તૈયાર કરવાનું કામ સ્વીકારનારાઓ પણ ગમે તેમ કરીને ઝટપટ કામ પૂરું કરી નાખવાની જ ઇચ્છા ધરાવતા હોય છે ! મુનિજી પાસે એવા સારા એક લહિયા હતા ગોવર્ધનદાસ લક્ષ્મીશંકર ત્રિવેદી. તે પાટણના વતની હતા અને મુનિજીના ગુરુવર્ય

ચતુરવિજયજી તેમજ દાદાગુરુ કાન્તિવિજયજીએ પળોટેલા હતા. આ ભાઈ અતિ કુશળ લહિયા હતા એટલું જ નહિ, પણ પ્રાચીન જીર્ણ થયેલ તાડપત્રીય પ્રતોમાં ઘસાઈ ગયેલા અક્ષરોને ઉકેલવાની કુશળતા પણ ધરાવતા હતા. વળી આયુર્વેદ, જ્યોતિષ, મન્ત્રો અને યન્ત્રો આદિનો મહાવરો પણ તેમને એટલો પડી ગયેલો કે હસ્તપ્રતોની નકલો કરવામાં મુશ્કેલીઓ આવે ત્યારે તેમજ 'ચાર્ટ' દોરવામાં તેમજ ચીતરવામાં પોતાની બુદ્ધિનો પણ ઉપયોગ કરતા.

હું પણ અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં કામ કરનાર બે ઉત્કૃષ્ટ કોટિના લહિયાઓને ઓળખું છું, જે હસ્તપ્રતોની નકલ કરવાનું કામ નિષ્ઠાપૂર્વક, ઝડપથી, અત્યન્ત કાળજીપૂર્વક સુન્દર અક્ષરોમાં કરતા. જૈનોના ધાર્મિક ગ્રન્થોની હસ્તપ્રતોની નકલો કરવાના મહાવરાને કારણે તેમની જાણકારી પણ ઘણી વધી ગઈ છે. તેમનાં નામ છે શ્રી અમૃતલાલ ભોજક તથા શ્રી લક્ષ્મણભાઈ ભોજક.

## 8. નિર્દોષતાદર્શક શ્લોકો – ગાથાઓ :

કેટલીયે હસ્તપ્રતોમાં લહિયાની નિર્દોષતા દર્શાવનારા શ્લોકો વાંચવા મળે છે. મોટે ભાગે હસ્તપ્રતના પ્રારંભમાં લહિયા મંગલ શ્લોકો લખે છે, કેટલીક વાર અન્તે પણ આવા શ્લોકો જોવા મળે છે. કેટલાક અન્તે પોતાની નિર્દોષતા પ્રતિપાદિત કરનારા અને નકલમાંની ભૂલોનાં સંભવિત કારણો દર્શાવતા શ્લોકો મૂકે છે. એમાંના પાંચ શ્લોકો જોઈએ :

१. "अदृष्टदोषाद् मतिविभ्रमाद् वा,
यद् अत्र हीनं लिखितं मयाऽत्र ।
तत् सर्वम् आर्यैः परिशोधनीयं,
कोपं न कुर्यात् खलु लेखकस्य ।।"

અર્થાત્ –

"લેખનમાં જે કોઈ ક્ષતિઓ રહી ગઈ છે તે કાં તો દૈવયોગથી છે અથવા તો ગેરસમજને લીધે થઈ છે. આર્યો અર્થાત્ ઉમદા વાચકોએ તે સુધારી લેવું જોઈએ અને તે માટે લહિયા ઉપર ગુસ્સે ન થવું જોઈએ !"

२. "याद्दशं पुस्तके दृष्टं, तादृशं लिखितं मया ।
यदि शुद्धम् अशुद्धं वा, मम दोषो न दीयते ।।"

અર્થાત્ –

"જેવું હસ્તપ્રતમાં વાંચ્યું તેવું લખ્યું છે; તેમાં શુદ્ધ કે અશુદ્ધ હોય તો મારો

દોષ નથી !''

३. लघु दीघ पदहीण, वंजणहीण लखाणुं हुइ ।

अजाणपणइ मूढपणइ, पंडत हुइ ते सुधु करी भणज्यो ।।''

અર્થાત્ –

''હ્રસ્વ-દીર્ઘમાં કે વ્યંજનમાં ખોટું લખાયું હોય તો તે અજાણપણે કે મૂઢતાથી થયું છે. પંડિત હોય તે શુદ્ધ કરીને વાંચજો.''

४. ''भग्नपृष्ठिकटिग्रीवा, वक्रदृष्टिर् अधोमुखम् ।

कष्टेन लिखितं शास्त्रं, यत्नेन प्रतिपालयेत् ।।''

અર્થાત્ –

''મોં નીચું રાખીને નજર વાંકી કરીને પીઠ, કમર અને ડોક ભાંગી જાય એવી રીતે બેસીને કષ્ટપૂર્વક લખેલું આ શાસ્ત્ર પ્રયત્નપૂર્વક સાચવજો.''

५. बद्धमुष्टिकटिग्रीवा, मन्ददृष्टिर् अधोमुखम् ।

कष्टेन लिख्यते शास्त्रं, यत्नेन परिपालयेत् ।।''

અર્થાત્ –

''મોં નીચું રાખીને, મુઠ્ઠી, કમર અને ડોક જકડાઈ જાય અને દૃષ્ટિ પણ મંદ થઈ જાય એવી રીતે બેસીને કષ્ટપૂર્વક લખાય છે એવા આ શાસ્ત્રને પ્રયત્નપૂર્વક સર્વથા રક્ષજો.''

આથી સ્પષ્ટ થાય છે કે પોતાના લખાણમાં અહીં-તહીં ભૂલો થઈ શકે છે એવું ભાન લહિયાઓને હતું જ. સ્વાભાવિક રીતે આવા સભાન લેખકો–લહિયાઓ– પોતાના કામમાં અધિકાધિક કાળજી રાખવાનો પ્રયત્ન કરે જ અને પૂરા કર્તવ્યનિષ્ઠ રહે જ.

## 9. આવશ્યક ઉપકરણો :

લહિયાને માટે જરૂરી 17 વસ્તુઓ નિર્દેશતો શ્લોક સ-રસ છે, કેમ કે બધી વસ્તુઓ 'ક'થી શરૂ થાય છે;

''कुम्पी कज्जल केश कम्बलम् अहो मध्ये च शुभ्र कुशं,

काम्बी कल्म कुपाणिका कतरणी काष्ठं तथा कागलम् ।

कीकी कोटरी कल्मदानक्रमणे कट्टिस् तथा कांकरो,

एते रम्यककाक्षरेश् ज सहिता : शास्त्रं च नित्यं लिखेत् ।।''

આ શ્લોકની ભાષાનો વિચાર ન કરતાં તેની સ-રસતા તેમજ યાદ રાખવાની

સરળતાની કદર કરવાની છે ! તેમાં નિર્દેશેલી 17 વસ્તુઓ :

1. કુંપી – ખડિયો,
2. કજ્જલ – કાજળ અર્થાત્ કાળી શાહી,
3. કેશ – (બરૂની કલમની ફાટમાં ભરાવવાનો) વાળ,
4. કંબલ – કામળો,
5. કુશ – દર્ભ, દાભડો,
6. કાંબી – સીધી લીટી દોરવા માટેનું 'ફૂટપટ્ટી' જેવું ઉપકરણ,
7. કલ્મ – કલમ,
8. કૃપાણિકા – ચપ્પુ,
9. કતરણી – કાતર,
10. કાષ્ઠ – લાકડાની પાટી,
11. કાગળ – કાગળ,
12. કીકી – આંખની કીકી,
13. કોટરી – બેસવા માટેની કોટડીઓરડી,
14. કલ્મદાન – કલમ મૂકવાની કલમદાની,
15. ક્રમણ – ચાલવા માટેના પગ,
16. કટ્ટિ – કટિ–કમર, અને
17. કાંકરો – કાંકરો.

અસલ અને નકલ સરળતાથી વાંચવા માટે થાકે નહિ એવી આંખો ('કીકી') જોઈએ. કમર ('કટ્ટિ') મજબૂત, ટટ્ટાર રહી શકે તેવી, વાંકી વળી જાય નહિ અને દર્દ ન થાય એવી જોઈએ. પલોંઠી વાળીને બેઠા પછી લખતાં લખતાં પગની સ્થિતિ બદલવી પડે નહિ અને સ્થિર બેસી શકાય તેવા તેમજ જરૂર પડ્યે સરળ હલનચલન માટે મજબૂત પગ જરૂરી છે ('ક્રમણ'). ધ્યાનપૂર્વક એકધારા લેખન માટે એકાન્ત ઓરડો ('કોટરી') જોઈએ. બેસવા માટે આસન તરીકે હળવા વજનનો કામળો ('કંબલ') જોઈએ. દર્ભનું ઘાસ પવિત્ર હોવાથી તે શુભ શુકન તરીકે રાખવામાં આવતું ('કુશ'). લખવા માટેની કાળી શાહી ('કજ્જલ') અને તે રાખવા માટેનો ખડિયો પણ જોઈએ ('કુંપી'). શાહીમાં બોળીને લખવા માટે કલમ ('કલ્મ') જોઈએ. કલમથી જેના ઉપર લખવાનું તે કાગળ ગમે તે પદાર્થમાંથી બનાવેલો જોઈએ ('કાગલ'). કિત્તાને અણી કાઢવા માટે અને પ્રસંગે પ્રસંગે ધારદાર બનાવવા માટે ચપ્પુ જોઈએ ('કૃપાણિકા'). કાગળને જરૂરી કદ પ્રમાણે કાપવા માટે કાતર જોઈએ ('કતરણી'). કાગળની નીચે ટેકા માટે લાકડાની પાટી રાખવી જોઈએ ('કાષ્ઠ'). આંકણી કાગળ ઉપર સીધી લીટીઓ દોરવા માટે અને હાંસિયાની તથા લખાણની હદ દર્શાવતી લીટીઓ દોરવા માટે જરૂરી છે ('કામ્બી'). ચપ્પુને ધાર કાઢવા માટે અને કલમમાંની ફાટને સરખી

કરવા માટે કાંકરો રાખવો પડતો ('કાંકરો'). તે મોટે ભાગે માટીનો રહેતો. કલમો વપરાશમાં ન હોય ત્યારે કલમદાનીમાં રખાતી ('કલ્મદાન'). આમાં મોટે ભાગે કલમો, કાંબી, કાતરણી, કૃપાણિકા, કાંકરો વગેરે રાખવા માટે અલગ અલગ ખાનાં રહેતાં એટલું જ નહિ, પણ કેટલીક વાર તો ઢાંકણા સાથે શાહીનો ખડિયો રાખવાની પણ સગવડ રહેતી. વાળ ખડિયામાં મુકાતો અને કલમની ધારમાંની ઝીણી ફાટમાં પણ ભરાવવામાં આવતો, જેથી અક્ષરો સારા લખાય ('કેશ'). આંગળીઓ અને હાથની મજબૂતાઈ-દઢતા આ યાદીમાં ભુલાઈ ગઈ લાગે છે. કેમ કે જો તે જ નબળાં હોય, તો લહિયાના કામમાં અવરોધ ઊભો થાય જ !

આ બધી આવશ્યક વસ્તુઓ જે ઓરડામાં લેખનકાર્ય કરાતું હોય ત્યાં જ મુકરર સ્થાનમાં સાથે સાથે જ રાખવાની હોય, જેથી દરેક વખતે તે બધી ભેગી કરવા માટે શક્તિ તેમજ સમયનો દુર્વ્યય ન થાય.

## 10. વ્યાકરણ તેમજ શબ્દકોશો પર પ્રભાવ :

મુનિજીને એક સરસ મુદ્દો મળી ગયો છે. આ ચર્ચા પૂરી કરતાં પહેલાં આપણે તે જોઈ લઈએ. લહિયાઓએ ભૂલથી અથવા તો ભુલકણા સ્વભાવને કારણે ખોટા શબ્દો કે શબ્દસમૂહો લખી નાખ્યા હોય તેનો પ્રભાવ પણ વ્યાકરણ તથા કોશો પર પડ્યો છે ! દા. ત.,

(અ) કેટલાયે લહિયાઓને પ્રાચીન લિપિઓમાંના 'त्थ' અને 'च्छ'નો ભેદ દેખાયો લાગતો નથી. પરિણામે 'त्थ'ને સ્થાને 'च्छ' અને 'च्छ'ને સ્થાને 'त्थ' લખાયા છે. પુષ્કળ સ્થળોએ આવું થયેલું હોવાથી દરેક જગાએ સુધારવાનું અશક્ય લાગતાં પાછળના વૈયાકરણોએ આ બંને સ્વરૂપો સ્વીકારી લેવા માટે ખાસ નિયમો ઘડ્યા છે. આ રીતે સંસ્કૃત 'रथ्या' અને પ્રાકૃત 'रत्था' તથા 'रच्छा'ને સરખા બનાવી દીધા. આમ, 'त्थ'વાળાં તેમજ 'च्छ'વાળાં રૂપો બંનેને સાચાં રૂપો ગણવામાં આવ્યાં !

(આ) 'किसलय-किसल' અને 'कुवलय-कुवल' : લહિયો 'किसलय' શબ્દ ઉતારતાં છેલ્લો 'य' લખવાનો ભૂલી જાય છે અને 'किसल' એટલું જ લખે છે ! એવું જ 'कुवलय' શબ્દનું થયું છે તેને બદલે 'कुवल' જ લખાયું છે ! વૈયાકરણોએ આ બંને સ્વરૂપો 'कुसलय' અને 'किसल' તથા 'कुवलय' અને 'कुवल'ને સાચાં રૂપો તરીકે સ્વીકારી લીધાં છે અને કોશકારોએ પણ 'किसल' તેમજ 'कुवल'ને પોતાના કોશોમાં સ્થાન આપી દીધું છે !

(ઇ) વૈયાકરણોએ આવી જ રીતે હ્રસ્વ અને દીર્ઘ સ્વરો તથા જોડાક્ષરો (સંયુક્તાક્ષરો) તેમજ નહિ જોડાયેલા છૂટા વ્યંજનો માટે પણ આવા નિયમો ઘડી કાઢ્યા છે.

❑

# 7. હસ્તપ્રતો

## 1. પ્રાસ્તાવિક :

હવે આપણે આપણા અધ્યયનના મુખ્ય વિષય 'હસ્તપ્રતો' ઉપર આવીએ. આપણી અત્યાર સુધીની ચર્ચા અને હવે પછી થવાની ચર્ચા 'હસ્તપ્રતો'ને આનુષંગિક વિષયો વિષે હતી અને થશે. હવે 'હસ્તપ્રતો' વિષે જ માહિતી મેળવવાનો સમય પાક્યો છે. આપણે જાણીએ છીએ કે મૂળ કર્તાઓએ રચેલા ગ્રન્થોની જ 'હસ્તપ્રતો' લખાતી હોય છે. આથી આપણી આ અંગેની ચર્ચાનો પ્રારંભ ગ્રન્થરચનાથી જ કરીએ.

## 2. ગ્રન્થરચના :

જૈન કર્તાઓના ગ્રન્થોની રચના, તેમાં કરાયેલા સુધારા અને તેની તૈયાર કરાયેલી હસ્તપ્રતો વિષે મુનિજીએ સારી માહિતી આપી છે. આ જ વાત જૈનેતરને પણ લાગુ પડે જ. આથી આપણે તે વિગતોની નોંધ લેવી જોઈએ.

ગ્રન્થકારો જ્યાં ગ્રન્થાલયો હોય એવાં સ્થાનોમાં જતા. આ ગ્રન્થાલયોના માલિકો તથા વ્યવસ્થાપકો જરૂરી હસ્તપ્રતો ઉપરાંત અન્ય સગવડો પણ તેમને પૂરી પાડતા. ગુજરાતમાં, ખાસ કરીને જૈનો માટે, આવાં સ્થાનો પાટણ, થરાદ, ગાંભૂ, હારિજ, પાલનપુર, ધોળકા, ધંધુકા અને ખંભાતમાં હતાં. આવી બધી વિગતો

આપણને હસ્તપ્રતોની પુષ્પિકાઓ તેમજ તે પછી અન્તે આવતાં લખાણોમાંથી મળે છે.

ગ્રન્થકાર પહેલાં કાચું લખાણ પથ્થરની કે લાકડાની પાટી ઉપર કરતા. આમાં સુધારા કરીને પાકું લખાણ તૈયાર થઈ જાય એટલે એના ઉપરથી ગ્રન્થકાર પોતે અગર તેમનો શિષ્ય વ્યવસ્થિત રીતે હસ્તપ્રત તૈયાર કરતા. આ પ્રથમ હસ્તપ્રત જે તે વિષયના નિષ્ણાતને આપવામાં આવતી, જે તેમાં જરૂરી સુધારાવધારા કરી આપતા. આ સુધારેલી હસ્તપ્રત લહિયાઓને નકલો કરવા આપવામાં આવતી.

કર્તાએ પોતે અથવા તેની સૂચનાથી તેમના શિષ્યે તૈયાર કરેલી અને જરૂરી સુધારા કરાયેલી હસ્તપ્રતને 'પ્રથમાદર્શ' કહે છે. આ 'પ્રથમાદર્શ'ની નકલો – પ્રતો – લહિયાઓ દ્વારા કરાતી. આ રીતે તે જે તે ગ્રન્થની તરત જ કરાયેલી હસ્તપ્રતોના પાયારૂપ ગણાય. જો આ 'પ્રથમાદર્શ' સુધારાવધારા અને છેકછાકને કારણે સ્વચ્છ – સુઘડ ન રહે તો તેના ઉપરથી કર્તા પોતે અથવા તો તેનો શિષ્ય સ્વચ્છ પ્રત તૈયાર કરી લે છે અને એને જ 'પ્રથમાદર્શ' ગણવામાં આવે છે. 'પ્રથમાદર્શ'ને અંગ્રેજીમાં 'ઑટોગ્રાફ' (autograph) કહે છે. તે કાં તો ગ્રન્થકારે પોતાના હસ્તાક્ષરમાં લખેલી અગર તેની સૂચનાથી બીજાએ લખેલી અને બહુધા કર્તાએ પોતે અગર તેણે અધિકૃત કરેલ અન્ય દ્વારા સુધારેલી હસ્તપ્રત હોય. દા. ત., વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં રંગનાથકૃત 'ગુણમન્દારમંજરી'ની હસ્તપ્રત છે તે તે ગ્રન્થનો 'પ્રથમાદર્શ' અર્થાત્ 'ઑટોગ્રાફ' (autograph) છે; કારણ કે પુષ્પિકા પછીના લખાણમાં લહિયાએ નોંધ્યું છે કે ગ્રન્થકારની સૂચનાથી જ તે હસ્તપ્રત તેણે તૈયાર કરી હતી. મુનિજી જણાવે છે કે જૈન ઉપાધ્યાય યશોવિજયજીના ગ્રન્થોની હસ્તપ્રતો તેમજ સટીક 'સમયસાર પ્રકરણ'ની હસ્તપ્રત પાટણના 'સંઘના ભંડાર'માં સચવાયેલ છે તે આવા પ્રથમાદર્શો છે.

## 3. વિસ્તારની ગણતરી :

આ હસ્તપ્રત તેના વિસ્તારની ગણતરી કરવા માટે કર્તાના શિષ્યને કે કોઈને આપવામાં આવતી. ગ્રન્થ ગદ્યમાં હોય કે પદ્યમાં પણ આ ગણતરી 32 અક્ષરના એક એકમ લેખે કરવામાં આવતી જેને 'ગ્રન્થ' કહેતા. સામાન્ય રીતે 100, 500 કે 1000 એકમ થાય એટલે આ સંખ્યાની નોંધ જે તે જગાએ કરવામાં આવતી અને તેની સાથે 'ગ્રન્થાગ્રમ્' લખાતું જેનો સંક્ષેપ 'ગ્રં' હતો. આવી નોંધ આ સ્થળોએ ન કરી હોય તોપણ કૃતિના અન્તે 'સર્વગ્રંથાગ્રમ્' કે 'ગ્રંથાગ્રમ્' લખીને કુલ સંખ્યા નોંધાતી. હસ્તપ્રતો તૈયાર કરનાર લહિયાઓને આપવાના વેતનની પણ ગણતરી આ 'ગ્રંથ' કે 'ગ્રંથાગ્ર'ની સંખ્યા અનુસાર થતી.

## 4. પ્રશસ્તિ :

સ્વચ્છ 'પ્રથમાદર્શ' તૈયાર થાય તે પછી ગ્રંથકાર ગ્રન્થની પુષ્પિકાના અન્તે કેટલીક મહત્વપૂર્ણ નોંધ કરતા, જેને 'પ્રશસ્તિ' કહેતા. આ નોંધમાં ગ્રન્થકારની ગુરુપરંપરા, એના સહાયકો, રચના દરમ્યાન તેને થયેલા સારાનરસા અનુભવો, ગ્રંથમાં સુધારા કરનાર, રચનાસ્થળ, તે સમયનો ત્યાંનો રાજા, વધારાની પ્રતો તૈયાર કરનાર, કુલ 'ગ્રન્થ'સંખ્યા, રચના-સમય, આ રચવા માટે પ્રેરણા આપનાર, વગેરેની વિગતો લખવામાં આવતી. નાનાં-મોટાં સર્વ ઐતિહાસિક તથ્યોની નોંધ આ 'પ્રશસ્તિ'માં થતી.

## 5. હસ્તપ્રતોમાં કરાતા સુધારા માટેની વસ્તુઓ :

### (અ) 'બ્રશ' કે પીંછી :

પ્રથમ આવે પીંછી. ખિસકોલીના વાળમાંથી વિદ્વાનો પોતે જ તે બનાવી લેતા. કબૂતરના પીંછાના ઉપરના પોલા ભાગમાં ખિસકોલીના વાળ ખોસતા. આ કુદરતી રીતે જ યોગ્ય રીતે ગોઠવાયેલા હોય છે અને તે જલદી સડતા નથી. જાડી પીંછી બનાવવા માટે કબૂતરને બદલે મોરના પીંછાનો ઉપયોગ કરાતો. ખિસકોલીના વાળને દોરી વડે પાછળના ભાગે બરાબર બાંધી દેવાતા. અને આ દોરીનો છેડો એના અણીવાળા ભાગ તરફ રાખીને ગુંદરથી ચોંટાડી દેવાતો. પછી આ દોરીને પીંછામાં ખોસી દેતા. આમ કરવાને લીધે પેલા વાળ સરળતાથી બહાર આવી શકે. વધારાની દોરી કાપી નાખવાની.

### (આ) હરતાલ :

હરતાલના બે પ્રકાર છે : દગડી હરતાલ અને વરગી હરતાલ. તેમાંથી વરગી હરતાલ જ ઉપયોગી છે. તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવવું. આ ચૂર્ણને ખલમાં લસોટવા જતાં બાવળના સ્વચ્છ ગુંદરનું પાણી નાખ્યા કરવાનું. જ્યારે તેની લાહી તૈયાર થાય ત્યારે ઉપર હિંગળોક વિષે દર્શાવ્યું છે તે પ્રમાણે તેમાં ગુંદરના પ્રમાણની ખાતરી કરી લેવાની. પછી હિંગળોકમાં સૂચવ્યા પ્રમાણે આની પણ નાની ગોળીઓ કે ટીકડીઓ બનાવી દેવાની. આ સૂકી ગોળીઓ કે ટીકડીઓને જરૂર પડે ત્યારે ગુંદરના પાણીમાં ભેળવી દેવાની.

### (ઇ) સફેદો :

આના ચૂર્ણમાં ગુંદરનું પાણી નાખી ઘૂંટવાથી લાહી બને. સફેદા કરતાં હરતાલ વધારે ટકાઉ હોવા ઉપરાંત તેનાથી સુધારા કરવાથી હસ્તપ્રતમાં સુંદર ઉઠાવ આવે છે.

### (ઈ) ઘૂંટો :

લેખનસામગ્રીની ચર્ચામાં આપણને ‘ઘૂંટા’નો પરિચય થઈ ગયો છે. આને બદલે કોડો પણ વાપરી શકાય. આંગળીઓથી સરળતાથી પકડી શકાય એવું સાધન હોવું જોઈએ. હરતાલ કે સફેદા વડે કોઈ પાઠને ભૂંસ્યો હોય અને એમ કરતાં સાચો પાઠ પણ ભૂલથી ભૂંસાઈ જતો હોય, ત્યારે જો એ જ પાઠ કે બીજો પાઠ એના ઉપર લખવાનો હોય ત્યારે આ ઘૂંટો કે કોડો તે ભાગ ઉપર થોડો સમય ફેરવતાં તે હરતાલ કે સફેદો લીસો થઈ જાય છે. તેના ઉપર લખાયેલા અક્ષર ફેલાઈ જતા નથી.

**(ઉ) ગેરુ :**

હસ્તપ્રતમાં મહત્વના શબ્દો, શબ્દસમૂહો, વાક્યો વગેરે ઉપર ગેરુ લગાડવાથી વાચકનું ધ્યાન સરળતાથી તેના તરફ દોરાય છે.

**(ઊ) દોરો કે તાંતણો :**

સુધારાનાં સાધનોમાં આનું પણ એક મહત્વનું સ્થાન છે. તાડપત્રીય હસ્તપ્રતોમાં ઉપયોગી કે મહત્વની પંક્તિઓ કે શ્લોકો-ગાથાઓ કે પાઠો કે વિષયો-અધિકારો-ઉચ્છવાસોના આદિ-અંતો દર્શાવવા માટે જે તે પૃષ્ઠમાં રાખેલા છિદ્રમાંથી એક તંતુ અથવા દોરો પસાર કરીને તેના બન્ને છેડા ભેગા કરીને વળ દેવો અને તે વળ દીધેલો છેડો એવી રીતે રાખવો કે તે બહારથી પણ જોઈ શકાય. આમ કરાતાં હસ્તપ્રત જેવી હાથમાં લેવાય કે તરત જ પેલા મહત્વના અંશો, પુષ્પિકાઓ, કે પ્રકરણ-અધિકારાદિના આદિ અંત સરળતાથી મળી જાય.

## 6. સુધારા : સંકેતો અને ચિહનો :

જુદા જુદા પ્રકારના સુધારા દર્શાવવા માટે અલગ અલગ સંકેતો તેમજ ચિહનો યોજાતાં. આપણે તેનો પરિચય સાધીએ :

**(અ) ઊડી ગયેલો એટલે કે લખવાનો રહી ગયેલો પાઠ દર્શાવવા માટેનું ચિહન :**

કાકપાદ-હંસપાદ-મયૂરપાદ અથવા ચોકડી :

$\wedge$, $\vee$, $\genfrac{}{}{0pt}{}{\vee}{\wedge}$, X, $\genfrac{}{}{0pt}{}{X}{X}$.

**(આ) લખવાનો રહી ગયેલ આખો અંશ દર્શાવતું ચિહન :**

કેટલીક વાર હસ્તપ્રત લખનારથી કોઈ કારણસર પંક્તિ કે પંક્તિઓ પણ ઉતારવાની રહી ગયેલી જોવા મળે છે. આવો ઊડી ગયેલો અંશ પાછળથી હાંસિયામાં કે ઉપરનીચેની ખાલી જગામાં લહિયાએ કે બીજા કોઈએ લખી નાખ્યો હોય છે. આવા અંશના આદિમાં તેમજ અંતમાં ચોકડીનું નિશાન ‘X’ કરવામાં આવે છે. આ

ચિહન તે જ પંક્તિમાં કરાયેલા બીજા ઉમેરાથી આને જુદો પાડે છે. આ નિશાન સાથે મૂળ લખાણની જે પંક્તિમાં આ અંશ વાંચવાનો હોય તેનો અંક પણ લખવામાં આવે છે. આ અંક પાસે કાં તો ‘ઓળી’(= પંક્તિ)નો સંક્ષેપ ‘ओ’ કે ‘પંક્તિ’ શબ્દનો સંક્ષેપ ‘પં’ પણ મૂકવામાં આવે છે. તે પંક્તિમાં જે સ્થળે આ અંશ ઉમેરવાનો હોય તે સ્થળે કાકપાદ ‘Λ’ કે ઉપર (અ)માં આપેલ કોઈ પણ ચિહ્ન મૂકવામાં આવે છે.

**(ઇ) કાનો :**

જો કાનો ‘T’ રહી ગયેલ હોય તો જે અક્ષર સાથે તે જોડવાનો હોય તેના ઉપરના ભાગે નીચે આપેલાં ત્રણ ચિહનોમાંથી કોઈ એક દ્વારા તે દર્શાવવામાં આવેલ હોય છે. ‘’, ‘’, ‘’. દા.ત., : का = र्क અથવા ; को = ; कौ = કે .

**(ઈ) ચિહન ‘ω’ :**

જો હસ્તપ્રતમાં ‘श’ને બદલે ‘ष’ કે ‘स’ ભૂલથી લખાયો હોય અથવા તો ‘ष’ને બદલે ‘श’ કે ‘स’ લખાયો હોય અથવા તો ‘स’ની જગાએ ‘श’ કે ‘ष’ લખાયો હોય અથવા તો ‘य’ને સ્થાને ‘ज’ કે ‘ष’ કે ‘क्ष’ની જગાએ ‘ख’ લખાયો હોય અથવા તો ‘ष’ને બદલે ‘ख’ લખાયો હોય, વગેરે વગેરે — તો આવા ખોટા અક્ષરની ઉપર **‘ω’** આવું નિશાન મૂકાયું હોય છે, જે તે અક્ષરની જગાએ સાચો અક્ષર મૂકવાનું સૂચવે છે. દા. ત., **खँत्रिय** = क्षत्रिय; = **जाँत्रा** = यात्रा.

**(ઉ) અક્ષરોના સ્થાનની અદલાબદલી :**

કોઈ શબ્દ લખવામાં વર્ણોનો ક્રમ ખોટી રીતે બદલાઈ ગયો હોય ત્યારે તેને સુધારવા માટે ક્રમની સંખ્યા 1, 2, 3 જે તે અક્ષરના ઉપર લખવામાં આવે છે. દા. ત., જો ‘1 વનચર’ એ શબ્દ ખોટી રીતે ‘વચનર’ એમ લખાઈ ગયો હોય, તો ‘ન’ની ઉપર ‘1’ (એકડો) અને ‘ચ’ની ઉપર ‘૨’ (બગડો) લખીને તેને સુધારવામાં આવે છે : ‘વચ2ન1૨’’ = ‘વનચર’. લાંબા શબ્દોમાં વધારે આંકડાનો ઉપયોગ કરી શકાય.

**(ઊ) કેટલાક સ્વરોનાં ચિહનો ઉપર કે નીચે લખાય છે તેનું સ્પષ્ટીકરણ :**

જ્યારે લખાણમાંના કોઈ સ્વરમાં સંધિના નિયમો પ્રમાણે કોઈ સ્વર ભળી ગયો હોય, તો એનો નિર્દેશ તે અક્ષર(સ્વર)ની ઉપર અથવા નીચે ભળી ગયેલા સ્વરનું ચિહન મૂકીને કરાય છે. આ ચિહનો આ પ્રમાણે છે :

अ (અ) = ઽ (અવગ્રહ).

आ (આ) = ઽઽ; ઽ૨; ૧

इ (ઇ) = ९; ९; ઙ; ઙ.

ई (ઈ) = ई; ⁛.

उ (ઉ) = ~७; ᒧ.

ऊ (ઊ) = ു; ⅃.

ए (એ) = ए

ऐ (ઐ) = ऐ

ओ (ઓ) = ૩

औ (ઔ) = ડ્ય

अं (અં) = ઽં (અવગ્રહના ઉપર અનુસ્વાર)

દા. ત., देवेस्तमिते = देवे अस्तमिते
(ऽ)

नदीवात्र प्रमाणभूते = नदी इव अत्र प्रमाणभूते
(इ ऽ)

આ સ્વર-ચિહનોને મથાળે શિરોરેખા જ હોતી નથી; આથી બીજાં લખાણો સાથે ગૂંચવાય એવો ભય રહેતો નથી.

**(એ) પાઠભેદનો નિર્દેશ કરનાર ચિહન :**

એ જ ગ્રન્થની બીજી હસ્તપ્રત સરખાવતાં મળેલાં પાઠાંતરો પણ નોંધ્યાં હોય છે. પાઠાંતર સાથે 'प्र.' 'प्रत्यं.'; 'पा.' કે 'पाठा.' એ સંક્ષેપોમાંથી કોઈ એક લખેલો હોય છે. કેટલીક વાર આવા સંક્ષેપો વિના પણ પાઠાન્તરો આપેલાં હોય છે.

(ઐ) લખતાં રહી ગયેલ પાઠ હાંસિયામાં કે ખાલી જગામાં લખીને જે પંક્તિમાં આ પાઠ ઉમેરવાનો હોય તે પંક્તિનો ક્રમાંક પણ આપે છે. કોઈક વખત તેની સાથે સંક્ષેપ 'ओ०' કે 'पं०' આપે છે. એક જ પૃષ્ઠ ઉપર વધારે સુધારા કરાયા હોય ત્યાં પંક્તિનો ક્રમાંક ઉપરથી કે નીચેથી એનો નિર્દેશ પણ 'पं० उ०' અને 'पं० नी०' એવા સંક્ષેપો દ્વારા કરાય છે. સંક્ષેપો આ પ્રમાણે છે.

'उ० पं०' 'उ० उ०' 'पं० उ०' 'उ'० नी०' 'पं० नी०'

(ઓ) હસ્તપ્રતોમાં લખાણ સળંગ જ લખાય છે. તેમાં અલગ અલગ પદોને જુદાં પાડ્યાં હોતાં નથી. જ્યાં ગૂંચવાડો ઊભો થવાનો ભય હોય ત્યાં પદોને છૂટાં પાડવા માટે લીટીની ઉપર '/' આવું ચિહ્ન મૂકે છે. આ ચિહ્ન વાક્યાર્થ પૂરો થયો તેનો નિર્દેશ કરવા માટે તેમજ શ્લોક કે ગાથામાં પહેલા તથા ત્રીજા ચરણને જુદાં પાડવા માટે પણ યોજાય છે.

(ઔ) જ્યાં ઉપર '/' આવું નાનું ચિહન મૂકેલું હોય છે ત્યાં તે કોઈ ખાસ સંદર્ભ, વિષય, શ્લોક કે શ્લોકાર્ધના પ્રારંભ કે અંતનો નિર્દેશ કરે છે.

(અં) લીટીની ઉપર નાની ઊભી રેખાઓ '||' મૂકી હોય તો તે એવું સૂચવે છે કે તે બેનીવચ્ચે આવેલા અક્ષરોના બે પદ થઈ શકે તેમ હોય છતાં પણ તે એક જ પદ છે. દા.ત., 'यच्च|स्यात्यद|लाञ्छितं'માં 'स्यात्पद' ને 'स्यात्' અને 'पद' એમ બે પદમાં વિભક્ત કરી શકાય છે છતાં અહીં તો 'स्यात्पद'ને એક પદ તરીકે જ લેવાનું છે.

(અઃ) લીટીની ઉપર અંક લખેલા હોય તો તે, સમજવાની સરળતા ખાતર, વિભક્તિ અને વચન દર્શાવે છે અને જો એ ક્રિયાપદ હોય તો પુરુષ અને વચન દર્શાવે છે. દા. ત.,

(1) 'अर्थप्रतिप[६१]त्तैरनुचितत्वात्'માં ઉપર લખેલ આંકડો '61' છઠ્ઠી વિભક્તિ એકવચન સૂચવે છે.

(2) तथाचनैतेअनर्थमूलै[१]માં '12' એટલે પ્રથમા વિભક્તિ દ્વિવચન.

(3) 'तथाच नैते अनर्थ[२]मूलै[२]'માં સંખ્યા '22' દ્વિતીયા વિભક્તિ દ્વિવચન દર્શાવે છે.

(4) 'पादेविद्धोऽस्मिभक्षव:[३]'માં સંખ્યા '83'થી આઠમી વિભક્તિ અર્થાત્ સંબોધન બહુવચન દર્શાવાયું છે.

ક્રિયાપદ હોય તો '33'નો અર્થ ત્રીજો પુરુષ બહુવચન થાય.

(ક) કાવ્યમાં અર્થાત્ શ્લોક કે ગાથામાં ઉપર મૂકેલ સંખ્યાઓ 1, 2, 3, 4 વગેરે અન્વયમાં આવતો શબ્દોનો ક્રમ દર્શાવે છે. જ્યાં ગૂંચ હોય ત્યાં જ આ આંકડા મુકાય છે.

(કા) ટીકા-ટિપ્પણ દર્શાવનાર ચિહન : '=' કે '\\'. આ ચિહ્ન જે પદનો પાઠભેદ (બીજો પાઠ), અર્થ, પર્યાય કે સમજૂતી આપવાની હોય તે પદના ઉપર મુકાય છે અને તે પાઠાન્તર, અર્થ, પર્યાય કે સમજૂતીને હાંસિયામાં કે ઉપર-નીચેની ખાલી જગામાં લખવામાં આવે છે.

(કિ) વિશેષણ-વિશેષ્ય સંબંધસૂચક ચિહન : '◡'; '⁀'.

જ્યારે કોઈ લાંબા વાક્યમાં વિશેષણ અને તેનું વિશેષ્ય એકબીજાથી દૂર હોય, ત્યારે આ બેમાંથી કોઈ એક ચિહન જે તે વિશેષણ અને વિશેષ્ય ઉપર મૂકે છે. બન્ને ઉપર એક જ ચિહન મુકાય છે.

(કી) 'तत्'નો અર્થ દર્શાવતું ચિહન :

'..'; '...'; '∴'; '::'; '000'; '00'; '0'; '⌒'; '◡'; '卐' '□'; 'T'; 'L' વગેરે. તર્કશાસ્ત્રના ગ્રન્થોમાં 'तत्' એ પદ ઘણી વાર જુદા જુદા અર્થમાં યોજાય છે. આ ચિહનોમાંથી કોઈ પણ એક ચિહનો આ પદનો અર્થ સૂચવનાર કોઈ પણ પૂર્વશબ્દની ઉપર મુકાય છે અને એ જ ચિહન 'तत्'ના ઉપર પણ મુકાય છે.

આ બધાં ચિહ્નો માત્ર પાછળની હસ્તપ્રતોમાં જ યોજાય છે એવું નથી. પ્રાચીન હસ્તપ્રતોમાં પણ તે યોજાયાં છે. ખાસ કરીને જૂના શિલાલેખોમાં અને 11મી સદીની તાડપત્રીય હસ્તપ્રતોમાં તે વપરાયેલાં જોવા મળે છે.

કત્રે કહે છે તેમ, 'अ'નો લોપ થયો છે તે દર્શાવનાર અવગ્રહનું ચિહન 'ऽ' પહેલવહેલું ઈ.સ. 834-835ના રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવના તામ્રપત્રમાં યોજાયેલું જોવા મળે છે.

કુંડળ '0' અને સ્વસ્તિક '卐' એ વાંચી ન શકાતો હોય એવો અંશ દર્શાવવા માટે યોજાયાં છે.

## 7. તાડપત્રીય હસ્તપ્રતોમાં લખવાની પદ્ધતિ :

મોટા ભાગની આપણી હસ્તપ્રતો કાં તો તાડપત્ર પર કે કાગળ ઉપર લખેલી હોય છે. આ બંનેમાં લખવાની પદ્ધતિ હવે સમજી લઈએ. પ્રથમ આવે તાડપત્રીય પ્રતો. તે માટે નીચેના મુદ્દા નોંધપાત્ર છે;

(અ) ટૂંકાં તાડપત્રો ઉપરનું લખાણ બે સ્તંભમાં કરાતું, પરન્તુ જો પત્ર લાંબાં હોય તો ત્યાં ત્રણ સ્તંભમાં કરાતું.

(આ) દરેક સ્તંભના લખાણની બંને બાજુએ 1'' કે $1\frac{1}{2}$''નો હાંસિયો રાખવામાં આવતો.

(ઇ) પાનાં અસ્તવ્યસ્ત ન થઈ જાય તે માટે વચ્ચેના હાંસિયામાં કાણું પાડી તેમાંથી એક દોરી પસાર કરતા. આ કાણું સામાન્ય રીતે પાનની મધ્યમાં જ આવતું. લાંબાં તાડપત્રોમાં સમાન અંતરે આવાં બે કાણાં પાડતા અને તેમાંથી બે દોરીઓ પસાર કરતા.

(ઈ) જમણી બાજુના હાંસિયામાં પાનનો અંક અક્ષરોમાં લખાતો અને ડાબા હાંસિયામાં તે અંક આંકડામાં લખાતો. કેટલીક પ્રતોમાં આ બેમાંથી કોઈ એક જ

પદ્ધતિથી આ સંખ્યા દર્શાવાતી.

(ઉ) કેટલીક વાર પત્રસંખ્યા લખવાને સ્થાને અને છિદ્ર પાડવાની જગાએ સિંદૂર લગાવેલા અંગૂઠાનાં નિશાન પણ પાડતા.

(ઊ) બે કે ત્રણ સ્તંભમાં લખાણ કરાયું હોય ત્યારે લખાણની બંને બાજુએ બે કે ત્રણ ઊભી રેખાઓ વડે સીમાંકન કરતા.

(ઋ) તાડપત્ર આખું એક જ માપનું હોતું નથી. એક છેડે સાંકડું તો બીજા છેડે પહોળું હોય છે. સાંકડા ભાગમાં ઓછી પંક્તિઓ લખાતી અને પહોળા ભાગમાં વધારે.

(એ) જ્યાં પાંદડું સાંકડું થતું હોય ત્યાં લખાણ અટકાવી દેતા અને એ રીતે લીટીઓ નાની બની જતી. આ દર્શાવવા માટે ઘણી વખત '◡', '◡', કે ∽ જેવું ચિહન જ્યાં લીટી પૂરી થતી ત્યાં તેમ જ બીજી પંક્તિમાં જ્યાં લખાણ શરૂ થાય ત્યાં મુકાતું. બન્ને સ્થળે એકસરખું ચિહન મૂકતા. આ ચિહન દ્વારા એ સ્પષ્ટ થતું કે લખાણ ચાલુ જ છે, તેમાં કોઈ ભંગાણ નથી.

(ઐ) અધ્યાય, સર્ગ કે ઉચ્છ્વાસ પૂરો થાય ત્યાં બીજા લખાણથી અલગ પડે એ રીતે પુષ્પિકા લખાતી, જેની પછી '॥ छ ॥' એવું ચિહન મુકાતું. આ ચિહનની પછી જ બીજા ચિત્રાત્મક અંકો દોરાતા. તે પછી 4—5 અંકો લખાય એટલી જગા ખાલી રખાતી. આમ થયા પછી જ પછીનો અધ્યાય કે સર્ગ કે ઉચ્છ્વાસનો પ્રારંભ મંગળ ચિહનો દ્વારા કરાતો. આવા મોટા વિભાગોના અન્તે કેટલીક વાર ચક્ર, કમળ કે પૂર્ણપાત્ર–કૂંજા જેવી શોભાસ્પદ આકૃતિ દોરતા.

(ઓ) કેટલીક વાર એવું પણ જોવા મળે છે કે કોઈ ટીકામાં વિભાગ અથવા શ્લોક-ગાથા કે મૂળના વિભાગના અન્તે '॥ छ ॥' આવું અન્તસૂચક ચિહન મૂક્યા પછી કોઈ ખાલી જગા છોડ્યા વિના આગળનું લખાણ શરૂ કરાતું.

## 8. કાગળની પ્રતોમાં લખવાની પદ્ધતિ :

આ માટે નીચેના મુદ્દાઓ નોંધપાત્ર છે.

(અ) પ્રારંભિક કાળમાં કાગળની પ્રતોમાં લંબાઈ-પહોળાઈમાં તા.પ.નું અનુકરણ કરાતું; પરન્તુ લખાણ બે-ત્રણ સ્તમ્ભમાં નહિ પણ સળંગ જ લખાતું.

(આ) કેટલીક કાગળની પ્રતોની તો તાડપત્રીય કરતાં બમણી પહોળાઈ – લગભગ 4.5'' જેટલી રહેતી; જોકે લંબાઈ તો તાડપત્ર જેવી વધારે જ રાખતા.

(ઇ) સમય વીતતાં આવી લાંબી પ્રતો લખવા, વાંચવા તેમજ વહન માટે પ્રતિકૂળ જણાઈ. આથી 13મા શતક પછી તો પ્રતોનું કદ ટૂંકાવીને આશરે 12'' X 5'' જેટલું કરી દેવાયું.

(ઈ) લખાણની બંને બાજુએ હાંસિયો રાખતા અને તેનું સીમાંકન કાળી શાહીની રેખા–રેખાઓ વડે કરતા. 16મા શતક આસપાસમાં સીમાંકન માટે લાલ શાહીનો ઉપયોગ થવા લાગ્યો.

(ઉ) તાડપત્રીય પ્રતોની જેમ કાગળમાં પણ કેન્દ્રમાં દોરી પસાર કરવા માટે કાણું પાડવા માટે કોરી જગા રખાતી. પરન્તુ કાગળ તાડપત્રની જેમ સરળતાથી સરી જતો ન હોવાથી દોરી રાખવાની જરૂર રહેતી નહિ. આથી મોટે ભાગે તો તે જગા ખાલી જ રાખતા અથવા તો તેમાં લાલ શાહીથી અંગૂઠાની છાપ પાડતા. તે જગામાં પુષ્પો, બદામ, ચોરસ કે ચોકડી પણ લાલ શાહીથી કે કાળી, ભૂરી અથવા પીળી શાહી વડે દોરાતાં.

(ઊ) કેટલીક વાર બન્ને હાંસિયાના મધ્ય ભાગમાં હિંગળોક વડે નિશાનીઓ કરતા અને તેના ઉપરના ભાગે પત્રસંખ્યા અક્ષરોમાં લખતા તથા નીચેના ભાગે આંકડામાં લખતા.

(ઋ) જમણા હાંસિયામાં ઉપરના ભાગે ગ્રન્થનું શીર્ષક-નામ તથા પત્રસંખ્યા લખાતાં અને નીચેના ભાગે ડાબા હાંસિયામાં માત્ર પત્રસંખ્યા નોંધતા. કેટલીક વાર ઉપરના ભાગે ગ્રન્થનામ તથા પત્રસંખ્યા બન્ને હાંસિયામાં નોંધાતાં.

(એ) કેટલીક વાર એક હસ્તપ્રતમાં એ જ વિષયના એક કરતાં વધારે ગ્રન્થો લખાતા અને સાથે રખાતા. આવી હસ્તપ્રતોમાં જે તે ગ્રન્થનું નામ તથા પત્રસંખ્યા ઉપર દર્શાવ્યું તેમ નોંધતા. આ ઉપરાંત, બન્ને હાંસિયામાં વચ્ચેના ભાગે લાલ નિશાન કરતા અને એક બાજુએ સળંગ પત્રસંખ્યા તેમાં નોંધતા. બીજી બાજુએ જે તે ગ્રન્થની પત્રસંખ્યા નોંધાતી.

(ઐ) અનેક ગ્રન્થોવાળી હસ્તપ્રતમાં કેટલીક વાર બધા ગ્રન્થોને આવરી લેતો સળંગ પત્રાંક નોંધતા. અને જે તે ગ્રન્થની પત્રસંખ્યા ડાબી બાજુના હાંસિયાના એક ખૂણામાં ઝીણા અક્ષરે મૂકતા. આ ઝીણા અક્ષરે નોંધેલી સંખ્યા 'ચોર અંક' તરીકે ઓળખાય છે. પરન્તુ ગ્રન્થોને અલગ પાડવા માટે આવા 'ચોર' અંકો જરૂરી છે !

(ઓ) બધાં પાન એકસરખા માપનાં હોવાથી દરેક પૃષ્ઠ ઉપર લખાતી પંક્તિઓની સંખ્યા આખી હસ્તપ્રતમાં એકસરખી જ રહેતી.

(ઔ) અધ્યાય કે સર્ગ જેવા વિભાગને અન્તે શ્લોક કે ગાથાનો અંક, પુષ્પિકા આદિ લાલ શાહીથી લખતા અથવા તો છેવટે લાલશાહીમાં બે દંડ તેની બન્ને બાજુએ દોરતા, જેથી વાચકનું ધ્યાન તે તરફ દોરાય.

(અં) તાડપત્રીયની જેમ કાગળની હસ્તપ્રતોમાં પણ પ્રારંભમાં શુભચિહન ''ૐ'' અને અન્તે સમાપનસૂચક ચિહન ''ಠ'' જોવા મળે છે.

(અઃ) તાડપત્રીય પ્રતોમાં સમાપન પછી વિવિધ પ્રકારની ચિત્રાકૃતિઓ દોરેલી હોય છે તેવી કાગળની પ્રતોમાં ભાગ્યે જ જોવા મળે છે.

## 9. ભૂલો દર્શાવતાં બીજાં ચિહનો :

હસ્તપ્રતોમાં જોવાતી ભૂલો બે પ્રકારની હોય છે :

(1) ક્ષતિયુક્ત શબ્દો તથા અંશો, અને

(2) ભૂલથી લખવાના રહી ગયેલા અક્ષરો, શબ્દો વાક્યાંશો વગેરે.

નીચેનાં ભૂલ દર્શાવનારાં ચિહનો યોજાયાં છે :

(અ) સમ્રાટ અશોકના આદેશો જેવા પ્રાચીનતમ શિલાલેખોમાં ખોટું લખાયું હોય તેના ઉપર લીટી દોરીને – ઉઝરડો કરીને ભૂંસ્યું છે. હસ્તપ્રતોમાં પણ લખવામાં વપરાતી કાળી શાહીની જ લીટી તેના ઉપર દોરી દેતા.

(આ) પછીના કાળમાં ખાસ કરીને હસ્તપ્રતોમાં ખોટા લખાણના ઉપર અથવા નીચે ટપકાં કે નાની નાની આડી રેખાઓ દોરાવા લાગેલી.

(ઈ) ત્યાર પછીના સમયમાં તો ભૂંસવા માટે હળદર કે કોઈ પણ પીળો રંગ ચોપડવાની સ્વચ્છ-સુઘડ રીત અપનાવી લેવાઈ હતી.

નીચેનાં ચિહનો ભૂલથી રહી ગયેલ અંશનો નિર્દેશ કરે છે :

(અ) અશોકના આદેશો અને તે પછીના શિલાલેખોમાં લખવા રહી ગયેલા અક્ષરો કે શબ્દોને જે તે લીટીની ઉપર કે નીચે લખી નાખતા અને કઈ જગાએ તે ઉમેરવાના છે તેનો નિર્દેશ કરાતો જ નહિ. કેટલીક વાર તો આ અક્ષરાદિ બે અક્ષર વચ્ચેની જગામાં પણ નોંધાયેલ જોવા મળે છે.

(આ) પછીના લેખો તેમજ હસ્તપ્રતોમાં જ્યાં ઉમેરવાનું હોય તે સ્થળે '+' કે 'X' આવું નાનું નિશાન અથવા 'Λ' કે 'V' આવું નાનું નિશાન મુકાવા લાગ્યું અને ઉમેરવાનો અંશ હાંસિયામાં લખાતો. કેટલીક વાર તો આ લખાણ લખેલી બે પંક્તિઓની વચ્ચે પણ લખાયેલું જોવા મળે છે.

(ઇ) કેટલીક વાર '+' અને 'X'ને સ્થાને સ્વસ્તિક '卐' પણ મુકાયેલ છે.

❐

# વિભાગ 2

## 1. હસ્તપ્રતોમાં ભૂલો વધવાનાં કારણો :

હસ્તપ્રતોમાં ભૂલો વધવા માટે મુખ્ય બે પરિબળો કારણભૂત છે : (1) લહિયાઓ; અને (2) વાચકો તેમજ સુધારા કરનારાઓ. આ બંને પરિબળોનો

પ્રભાવ કેવો રહ્યો છે તે સમજવાનો પ્રયાસ કરીએ.

**(1) લહિયાઓ :**

(અ) સુંદરમાં સુંદર અક્ષરવાળા લહિયાઓ પણ હસ્તપ્રતોમાં કેટલાક અક્ષર ઉકેલી શકતા નથી. પરિણામે ઘણી વાર તેઓ પોતાની નકલમાં તે તે સ્થળે સાવ અસંબદ્ધ અક્ષરો લખી નાખતા હોય છે. આને લીધે અશુદ્ધ પાઠો અને પાઠાન્તરો વધી જાય છે જે મોટા મોટા વિદ્વાનોને પણ મૂંઝવે છે. થોડાં ઉદાહરણો :

'प्रभव' થઈ જાય છે 'प्रसव';

'स्तवन' થઈ જાય છે 'सूचन';

'यच्चा'નું 'यथा' થઈ જાય છે;

'तद्वा' 'तथा' બની જાય છે;

'नवा'નું પણ 'तथा' થઈ જાય છે; જ્યારે

'नचैवं' બની જાય છે 'तदैवं' અને

'सच्चं' થઈ જાય છે 'सव्वं' કે 'सत्तं'.

(આ) પૃષ્ઠિમાત્રાઓને ઉકેલવામાં ગરબડને કારણે : કેટલીક વાર માત્રાને કાનો T ગણી લે અને કાનાને માત્રા ગણી લે. આનાથી ખોટાં પાઠાન્તરો ઊભાં થાય છે અને તેથી ગૂંચવાડો વધે છે. દા. ત., 'तारानिकर'નું 'तरोनिकर' થાય છે અને તેનું વળી 'तमोनिकर' થઈ જાય છે !

(ઇ) પાછળથી ઉમેરેલો ભાગ ખોટી જગાએ ઉમેરવાથી : લહિયાથી ભૂલથી રહી ગયેલ અક્ષરો કે શબ્દો પ્રત સુધારનાર ઉમેરે છે. આની નકલ કરનાર લહિયો કાં તો આ સુધારા સાથે આપેલ લીટીનો અંક દર્શાવનાર ચિહ્નને બરાબર સમજી શક્યો ન હોય કે લીટીઓ ગણવામાં ભૂલ કરી બેઠો હોય તેથી તે ખોટે સ્થળે આ ઉમેરો લખાણમાં લે છે જેથી ગૂંચવાડો ઊભો થાય છે.

(ઈ) સુધારનારે હાંસિયામાં કોઈ શબ્દ કે શબ્દોનું પાઠાંતર કે પર્યાય કે અર્થ મૂક્યો હોય તેને કોઈ લહિયો બેધ્યાન બનીને મૂળ લખાણમાં જ ઉમેરી લે છે !

(ઉ) નકલો કરવાના કામના મહાવરાને કારણે લહિયાઓ કેટલાક શબ્દોથી પરિચિત થઈ જાય છે. આ અનુભવનો ઉપયોગ કરીને કેટલીક વાર તેઓ ખોટી જગાઓએ ખોટા ફેરફાર કરી બેસે છે !

(ઊ) કોઈક વાર લખવામાં અક્ષરો કે શબ્દોનો ક્રમ ઊલટા-સૂલટી કરી નાખે છે; દા. ત.,'दाएइ' 'दाइए' બની જાય છે !

(ઋ) પાઠો અગર અક્ષરો ભૂલથી બે વાર લખાઈ જાય છે :

દા. ત., 'सव्वपासणिएहिं'નું 'सव्वपासव्वपासणिएहि' થઈ જાય છે અને તેનું પણ 'सव्वपासत्थपासणिएहि' થઈ જાય છે; 'तस्सरूव'નું આ જ રીતે 'तस्सरुवस्सरूव' થઈ જાય છે !

(એ) સમાન પાઠોને કાઢી નાખવાની પ્રક્રિયાથી : એકનો એક પાઠ નજીવા ફેરફાર સાથે અનેક વાર આપીને મૂળ કર્તાએ અલંકારો બનાવ્યા હોય, પણ આ નહિ સમજતાં, જે તે વિષયને બરાબર નહિ સમજતાં, લહિયો ખોટી પુનરુક્તિ થઈ ગઈ છે એમ ધારીને આ સાચા પાઠોને જ દૂર કરી બેસે છે !

## (2) વાચકો તેમજ્ સુધારા કરનારાઓ :

(અ) પાયા વિનાની કલ્પનાઓ : કેટલાક વિદ્વાનો પોતાના મનમાં સ્ફુરેલી કલ્પનાના આધારે જ, તે ગ્રન્થની બીજી કોઈ હસ્તપ્રત જોયા વિના જ, હસ્તપ્રતોમાં સુધારાવધારા કરી નાખે છે. આથી ખોટાં પાઠાન્તરો ઊભાં થાય છે.

દા. ત., 'तारानिकर'નું કાનાને માત્રા ગણીને 'तरोनिकर' કરી નાખે છે અને કંઈ અર્થ નીકળી શકે એ હેતુથી તેનું યે 'तमोनिकर' કરે છે ! એવી જ રીતે 'आसरासीओ'નું થઈ જાય છે 'असेरासीओ' અને તેમાંથી કંઈક અર્થ નીકળે તે હેતુથી તેનુંયે કરી નાખે છે. 'असेसरासीओ' !

(આ) કેટલાક પ્રયોગોનું પૂરતું જ્ઞાન નહિ ધરાવનારા તથા કેટલાક અપ્રચલિત પ્રયોગોથી અપરિચિત એવા સુધારકો–સંશોધકો સાચા પાઠોને પણ બદલી નાખે છે અને એ રીતે ખોટાં પાઠાન્તરોમાં ઉમેરો કરી બેસે છે !

દા. ત., 'हत्थिणा चमढिओ'ને ખોટી રીતે 'हत्थिणाऽवमद्दिओ'માં પરિવર્તિત કરી બેસે છે !

(ઇ) ત્રૂટક પાઠોને કલ્પના વડે સુધારવા : કેટલીક વાર કાં તો પાન એકબીજા સાથે ચોંટી જવાથી કે પાન તૂટી જવાથી કે ઊધઈએ નષ્ટ કરવાથી કોઈ પાઠ ગુમ થયો હોય છે. આવા સ્થળે તેવી હસ્તપ્રતની નકલ કરનાર લહિયો ઉચિત રીતે જ જે તે અક્ષરો પૂરતી ખાલી જગા રાખે છે, પરન્તુ તેની પ્રતને સુધારનાર કેટલીક વાર પોતાનું આગવું ડહાપણ વાપરીને પોતાની કલ્પનામાં સૂઝે એ રીતે તેની પૂર્તિ કરે છે અને એ રીતે ગૂંચવાડાભર્યાં પાઠાન્તરોમાં એકનો ઉમેરો કરી બેસે છે !

આ રીતે હસ્તપ્રતોમાં ભૂલો વધે છે !

### 2. હસ્તપ્રતો સુધારવાની પદ્ધતિઓ : પ્રાચીન અને અર્વાચીન :

હવે આપણે હસ્તપ્રતોને સુધારવા માટેની જૂની તથા નવી પદ્ધતિઓનો પરિચય મેળવીએ.

### (1) સોળમા શતક સુધી પ્રચલિત પદ્ધતિ :

(અ) અશુદ્ધ, વધારાના અને ખોટી રીતે પુનરુક્તિ પામેલા અક્ષરોને લખાણ માટે વપરાતી કાળી શાહીથી જ લીટી દોરીને છેકી નાખતા અને નવા અક્ષરો, શબ્દો કે પંક્તિઓ ઉમેરવાની હોય તે શક્ય હોય તો પંક્તિના ઉપરના ભાગે લખી નાખતા, નહિ તો હાંસિયામાં કે પૃષ્ઠમાં ઉપર-નીચેની ખાલી રખાયેલી જગામાં ઉમેરી લેતા. જે સ્થળે આ ઉમેરો કરવાનો હોય ત્યાં કાકપાદનું ચિહન '^' મૂકતા. આવા ઉમેરવાના અક્ષરો કે શબ્દો કે વાક્યોની બંને બાજુએ ચોકડી 'X' કરતા. એ તો સર્વવિદિત છે કે કાકપાદનાં સીધાં ને ઊંધાં બે ચિહનો ભેગાં થતાં 'X' ચોકડી 'X' સર્જાય !

(આ) તાડપત્રો ઉપર કાળી શાહીથી ભૂંસવાને બદલે ઘણી વાર પાણીથી ભૂંસતા અને તે જ સ્થળે નવું લખાણ કરી લેતા.

(ઇ) જ્યારે અસાવધ લહિયા દ્વારા આખી પંક્તિ કે પંક્તિઓ બે વાર લખાઈ ગઈ હોય ત્યારે ભૂંસવાની દરેક પંક્તિના પ્રારંભે ને અન્તે એક આંગળ જેટલી એક લીટી દોરતા, ભૂંસવાની બીજી કોઈ પદ્ધતિ અપનાવતા નહિ.

**(2) નવી પદ્ધતિ :**

આ જૂની રીતમાં તો જે પ્રતમાં આવા સુધારા વધારે કરવાના આવે ત્યાં તો ભૂંસવાની આ પદ્ધતિથી જ્યાંત્યાં ડાઘ કે લિસોટા પડી જતા. આથી 16મા શતકની આસપાસમાં વિદ્વાનોએ નવી પદ્ધતિ અપનાવી, જે હજી પણ ચાલુ છે.

આ પદ્ધતિમાં ભૂંસવાના અક્ષરો ઉપર હરતાલ કે સફેદો લગાડે છે. જો આ અક્ષરો એવી રીતે ભૂંસવાના હોય કે મૂળ અક્ષરો વાંચી શકાય, તો આ રંગ જરા પાતળો રાખવાનો. જો અક્ષરનો એક ભાગ જ ભૂંસવાનો હોય, તો આ રંગ એટલા ભાગ ઉપર જ લગાડવાનો, જેથી અક્ષરનો બાકીનો ભાગ બીજો જરૂરનો અક્ષર દર્શાવે. ઉ. ત., આ પદ્ધતિથી 'ष'નો 'प' બની જાય, 'म'નો 'न' કે 'ग' થઈ જાય, 'ब'નો 'व', 'च'નો 'व', 'थ'નો 'य', 'प'નો 'ए', 'क'નો 'व' વગેરે ફેરફારો થઈ શકે છે. હરતાલ લગાડેલા ભાગ ઉપર – હરતાલ ઉપર જ – સુધારેલો પાઠ લખી શકાય છે. આ લખાણ પણ કાળી શાહીથી જ કરવાનું રહે છે.

આ નવી પદ્ધતિમાં માત્ર રહી ગયેલા અક્ષરો કે પાઠો જ હાંસિયામાં લખવાના હોય છે. આ 'રીતે બહુધા સ્વચ્છતા–સુઘડતા સચવાય છે.

## 3. પૃષ્ઠાંક દર્શાવવાની પદ્ધતિ :

છાપેલા ગ્રન્થોમાં દરેક પૃષ્ઠની સંખ્યા છપાય છે. હસ્તપ્રતોમાં આમ નથી હોતું. આખા પાનને જ આ ગણતરી માટે એકમ ગણવામાં આવે છે, એટલે પાનના અંકો જ લખાય છે. દરેક પાનને બે પૃષ્ઠ હોય-આગળનું અને પાછળનું.

દક્ષિણના પ્રદેશોમાં પાનનો ક્રમાંક અર્થાત્ પત્રાંક પ્રથમ પૃષ્ઠ ઉપર એટલે કે આગળના ભાગે નોંધવાની પ્રથા છે. દેશના બાકીના સર્વ પ્રદેશોમાં એથી ઊલટું છે એટલે કે પાનના પાછળના ભાગે અર્થાત્ બીજા પૃષ્ઠ ઉપર જ પત્રાંક દર્શાવાય છે.

મૅકાર્ટનીના સંગ્રહ(Macartney Collection)માંનાં ઉત્તર ભારતીય બ્રાહ્મી અર્થાત્ ગુપ્ત લિપિમાં લખાયેલાં કેટલાંક ભૂર્જપત્ર-ભોજપત્ર-નાં પાનમાં પત્રાંક પ્રથમ પૃષ્ઠ ઉપર અર્થાત્ આગળના ભાગે નોંધાયેલા છે. આ પદ્ધતિ મધ્ય એશિયામાં આગવી રીતે પ્રચલિત હશે. કેમ કે મૅકાર્ટનીના સંગ્રહમાંની, મધ્ય એશિયાની બ્રાહ્મી લિપિમાં લખાયેલી, કાગળની હસ્તપ્રતોમાં પણ આગળના પૃષ્ઠ ઉપર જ પત્રાંક નોંધેલા મળ્યા છે.

## 4. વિરામચિહનોની પદ્ધતિ :

હસ્તપ્રતોમાં વિરામચિહનો મૂકવાની પ્રાચીન ભારતીય પદ્ધતિ અંગે નીચેના મુદ્દાઓ નોંધવા જોઈએ :

(1) ખરોષ્ઠી લિપિમાં લખાયેલા શિલાલેખોમાં કોઈ પ્રકારનાં વિરામચિહનો જોવા મળતાં નથી. પરંતુ પ્રાકૃત 'ધમ્મપદ'માં દરેક ગાથાના અંતે આજના શૂન્ય જેવું વર્તુલાકાર ચિહન જોવા મળે છે, પણ આ પણ ઘણી વાર સાવ બેદરકારીથી મુકાયું છે !

(2) દરેક 'વગ્ગ'ના અન્તે એક વિશિષ્ટ પ્રકારનું ચિહન જોવા મળે છે. આ જ ચિહન કેટલાયે શિલાલેખોના અન્તે પણ દૃષ્ટિગોચર થાય છે. કત્રેના મતે આ ચિહન સંભવતઃ કમળનું નિર્દેશક છે.

(3) બ્રાહ્મી લિપિમાં છેક પ્રાચીનતમ સમયથી અનેક વિરામચિહનો ઉપલબ્ધ છે.

(4) આજે શ્લોકાર્ધ કે ગાથાર્ધ પછી એક ઊભી લીટી મૂકે છે જેને 'દંડ' કહે છે. આખો શ્લોક કે ગાથા પૂર્ણ થયે આવા બે 'દંડ' મુકાય છે. પ્રાચીન હસ્તપ્રતોમાં દરેક શ્લોકાર્થ કે ગાથાર્થ પછી બે 'દંડ' મુકાતા.

(5) દરેક વાક્યનો અર્થ પૂરો થતાં એક 'દંડ' મૂકતા.

(6) કોઈ વિશિષ્ટ વધારાનો અર્થ આપ્યો હોય તો તેને અંતે બે દંડ મૂકતા.

(7) કોઈ પેટા વિભાગ, પ્રકરણ કે કોઈ શ્લોક કે ગાથા ઉપરની ટીકા પૂર્ણ થતાં '॥ ङ ॥' આવું ચિહન મુકાતું.

(8) દરેક શ્લોક કે ગાથાના પ્રારંભે અને અન્તે બે 'દંડ' મુકાતા તથા તે પછી કાં તો અન્તસૂચક ચિહન ''ङ'' મુકાતું અથવા તો શ્લોક કે ગાથાનો ક્રમાંક લખાતો.

(9) સૂત્ર કે શ્લોક કે ગાથા ઉપર ભાષ્ય કે ટીકા જેવું વિવરણ પૂરું થયે તેનો

ક્રમાંક અક્ષરોમાં લખાતો જે સમાપ્તિ સૂચવતો.

કત્રેએ બ્યૂલર(Buhler)નું એક ઉદ્ધરણ આપ્યું છે, જેમાં તેમણે વિરામચિહનના ઇતિહાસ અંગે શિલાલેખોમાંથી મળતી માહિતી સંક્ષેપમાં આપી છે. તેમાં સ્પષ્ટ થાય છે કે ઈ. સ. પૂર્વે માત્ર એક ઊભી લીટી જ યોજાતી જે ક્વચિત્ સુરેખા હતી અને ક્વચિત્ વક્ર પણ હતી, પરન્તુ આવી લીટી પણ ક્વચિત્ જ જોવા મળતી.

ઈ. સ.ના પ્રારંભ પછી વિરામચિહનો વધ્યાં. પરંતુ ઈ.સ.ના પાંચમા શતક સુધી તો તેમનો ઉપયોગ બહુ અનિયમિત રહ્યો છે. ત્યાર પછી ખાસ કરીને પથ્થર ઉપરની પ્રશસ્તિઓમાં વિરામચિહનોનું આયોજન વધારે નિયમિત થતું જણાય છે. ઈ. સ. 473–474ની ‘મંદસોર પ્રશસ્તિ’માં શ્લોકાર્ધે એક ‘દંડ’ અને શ્લોક પૂરો થયે બે ‘દંડ’ એવી નિયમિત પદ્ધતિ જોવા મળે છે. પરન્તુ ખાસ કરીને દક્ષિણમાં તો છેક આઠમા શતક પર્યન્ત કેટલાંય તામપત્રો તેમજ શિલાલેખોમાં કોઈ પ્રકારનાં વિરામચિહનો નજરે પડતાં જ નથી.

## 5. હસ્તપ્રતોમાં સંક્ષેપો :

સંક્ષેપો વિષે કત્રેએ નીચેના મુદ્દા નોંધ્યા છે :

(અ) સંક્ષેપોનાં દર્શન પ્રથમ વાર પશ્ચિમ ભારતના ઈ. સ. 150 આસપાસના કેટલાક શિલાલેખોમાં થાય છે; દા. ત., સિરિ પુલુમાઇનો નાસિકનો શિલાલેખ ક્રમાંક 15 અને સકસેન-માધારીપુત્ર કે સિરિસેનનો કૅન્હેરી ગુફાનો શિલાલેખ ક્રમાંક 14.

(આ) વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ)માં કુશાન યુગથી સંક્ષેપો સામાન્ય જ બની ગયા છે.

(ઇ) સૌથી વધારે સાર્વત્રિક સંક્ષેપો વર્ષ, ઋતુ, માસ અને દિવસના અને પખવાડિયાના પણ છે.

(ઈ) છઠ્ઠા શતકથી તો પશ્ચિમ ભારતના લેખોમાં અન્ય પ્રયોગોમાં સંક્ષેપો પણ ક્વચિત્ દૃષ્ટિગોચર થાય છે; દા. ત., ‘दूतक’ માટે ‘दू’.

(ઉ) 11મા શતકથી તો શીર્ષકો, જ્ઞાતિઓ તથા ભટકતી ટોળીઓ કે જાતિઓનાં નામ ઇત્યાદિના સંક્ષેપો પણ સાવ સામાન્ય બની ગયા છે.

(ઊ) આ જ વાત હસ્તપ્રતોને પણ લાગુ પડે છે; આવા સંક્ષેપો છેક ખરોષ્ઠી લિપિમાં લખાયેલ ‘ધમ્મપદ’માં પણ જોવા મળે છે; દા. ત., ‘ગાથા’નો સંક્ષેપ ‘ગા’ એમાં મળે છે.

## 6. લેખનનું સ્વરૂપ :

હસ્તપ્રતોના પ્રકારની ચર્ચા કરતાં પહેલાં તેમાંના લખાણના સ્વરૂપ વિષે માહિતી મેળવી લેવી જરૂરી છે. તે બાબતમાં નીચેના મુદ્દા ખાસ નોંધપાત્ર છે :

(અ) જે જૂનામાં જૂનાં લખાણો, જે લીસી બનાવેલી શિલાઓ ઉપર કોતરેલાં મળે છે, તેમાં પણ કોતરનારે નિયમિત સીધી લીટીઓમાં કોતરવાનો તેમજ બધા અક્ષરોનાં માથાં ઊંચાઈમાં સરખાં રાખવાનો પ્રયત્ન કરેલો છે.

(આ) આમ છતાં સમ્રાટ અશોકના કડિયાઓ આ યત્નમાં જવલ્લે જ સફળ થયા છે.

(ઇ) સ્વરની અક્ષરોની ઉપર લખાતી માત્રાઓ, ઉપર મુકાતો રેફ અને આવા બીજા ઉમેરાઓ ઉપરની રેખાની ઉપર જ મુકાય એ સિદ્ધાન્ત તે કાળનાં અન્ય લખાણોમાં કાળજીપૂર્વક અનુસરાયો છે.

(ઈ) ખોતાનમાંથી મળેલ પ્રાકૃત ''ધમ્મપદ'' અને તુરફનમાંથી પ્રાપ્ત થયેલ બૌદ્ધ નાટકોના ટુકડા જેવા હસ્તપ્રતોના જૂનામાં જૂના નમૂનાઓમાં પણ લીટીઓ વ્યવસ્થિત અને નિયમિત છે.

(ઉ) જૂની તાડપત્રીય હસ્તપ્રતો જ નહિ પણ કાગળની હસ્તપ્રતોમાં પણ લેખનમર્યાદા સૂચવતી આખા પાન પર દોરેલી બે-બે ઊભી રેખાઓની અંદર જ લખાયું છે.

(ઊ) લખાણ હમેશાં આડી લીટીમાં જ ઉપરથી નીચે સુધી કરાયું છે.

(ઋ) આખી લીટીમાં લખાણ શબ્દો છૂટા પાડ્યા વિના જ સળંગ કરાયું છે. શ્લોક કે ગાથા હોય તો શ્લોકાર્ધ કે ગાથાર્ધ આ રીતે જ લખાયેલ છે. તેનો અર્થ સમજવા માટે વાચકે જ શબ્દો છૂટા પાડીને વાંચવાનું હોય છે. કેટલીક વાર શબ્દો એક નહિ પણ અનેક રીતે જુદા પડાતા હોય છે; એ રીતે અર્થમાં પણ ફેરફાર થઈ જાય છે !

(એ) આમ છતાં કેટલીક વાર શબ્દો અને શબ્દસમૂહો છૂટા પડાયેલા પણ મળે છે. દા. ત., ખોતાનમાંથી પ્રાપ્ત થયેલ ખરોષ્ઠી 'ધમ્મપદ'ની હસ્તપ્રતમાં દરેક લીટીમાં આખો શ્લોક કે શ્લોકાર્ધ સમાઈ જાય છે. એ જ રીતે, 'બાવર હસ્તપ્રત' (Bower MS)માં ઘણી વાર શબ્દો તથા શબ્દ-સમૂહો છૂટા લખેલા છે.

(ઐ) ઘણી વાર શ્લોકો/ગાથાઓ પણ ગદ્યની જેમ જ સળંગ લખાયાં હોય છે. માત્ર તેમાં અર્ધો શ્લોક પૂરો થાય ત્યારે તે દર્શાવવા માટે એક 'દંડ' – ઊભી લીટી – અને આખો શ્લોક પૂરો થાય ત્યારે બે 'દંડ' મૂક્યા હોય છે. શ્લોક/ગાથાનો ક્રમાંક પણ સળંગ લખાણમાં તે તે સ્થળે લખી નાખે છે.

(ઓ) એવાં પણ કેટલાંય સ્થળો મળે છે. જ્યાં આવા શ્લોકાર્ધ કે શ્લોક પૂરો થવાનાં 'દંડ' જેવાં કોઈ સૂચક ચિહનો મુકાયાં જ નથી !

આટલી સ્પષ્ટતા કર્યા પછી હવે આપણે ખાસ કરીને બાહ્ય સ્વરૂપને અનુલક્ષીને

હસ્તપ્રતોના વિવિધ પ્રકારો તરફ વળીએ.

## 7. બાહ્ય સ્વરૂપની દૃષ્ટિએ હસ્તપ્રતોના પ્રકારો :

મુનિજીએ આકાર અને માપ અનુસાર હસ્તપ્રતોના પાંચ પ્રકારો ચર્ચ્યા છે : (1) ગંડી-પુસ્તક, (2) કચ્છપી-પુસ્તક, (3) મુષ્ટિ-પુસ્તક, (4) સમ્પુટ-ફલક અને (5) છેદપાટી. આપણે તેમને સમજી લઈએ.

**(1) ગંડી-પુસ્તક :**

'ગંડી' એટલે 'ગંડિકા' અર્થાત્ પાતળો ટુકડો, કાતરી. આ પ્રકારની હસ્તપ્રતોની જાડાઈ અને પહોળાઈ સરખી હોય છે પણ લંબાઈ વધારે હોય છે. મુનિજીના મત પ્રમાણે આ પ્રકારમાં નાનીમોટી સર્વ તાડપત્રીય હસ્તપ્રતો તેમજ તાડપત્રીયને અનુસરનારી કાગળની હસ્તપ્રતોનો સમાવેશ થાય છે. આ બધી કાતરી જેવી લાગે છે.

**(2) કચ્છપી-પુસ્તક :**

'કચ્છપ' એટલે મગર. આથી આ પ્રકારની હસ્તપ્રતો બે છેડે સાંકડી અને વચ્ચેથી પહોળી હોય. એમના સાંકડા બન્ને છેડા ઈંડા-આકારના, શંકુ આકારના હોય. મુનિજી જણાવે છે તેમ હાલ આ પ્રકારની હસ્તપ્રતો જોવા મળતી નથી.

**(3) મુષ્ટિ-પુસ્તક :**

'મુષ્ટિ' એટલે મુઠ્ઠી. મુઠ્ઠીમાં પકડી શકાય તેવી હસ્તપ્રતો અથવા તો મુઠ્ઠીની જેમ ગોળ વીંટી શકાય તેવી હસ્તપ્રતોને 'મુષ્ટિ-પુસ્તક' કહે છે. આના બે પ્રકાર છે : (અ) ચાર આંગળ લાબી વર્તુલાકાર અને (આ) ચાર આંગળ લાંબી ચોરસ.

(અ) આ પ્રથમ પ્રકારમાં વીંટાઓ (scrolls) આવે. વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં 'ભગવદગીતા'ની એક હસ્તપ્રત (ક્રમાંક 7577) છે જે વીંટો છે. તે બે સ્તમ્ભમાં સુવર્ણાક્ષરે લખેલી છે. તે 10 ફૂટ લાંબી તથા 4.11 ઇંચ પહોળી છે. તેમાં એક ઇંચમાં 12 પંક્તિઓ છે અને દરેક પંક્તિમાં સરેરાશ 19થી 21 અક્ષર છે : જ્યારે બે સ્તમ્ભો ભેગા થઈ જાય છે ત્યારે દરેક પંક્તિમાં 38થી 42 અક્ષરો થાય છે. દરેક સ્તમ્ભ પહોળાઈમાં 1 1/4 ઇંચ જેટલો રાખેલો છે. પૃષ્ઠની બાકીની જગા બંને સ્તમ્ભની બેઉ બાજુના હાંસિયાએ રોકી છે.

આ પ્રકાર માટે 4 1/2 ઇંચ લંબાઈ મુકરર કરેલી છે; છતાં મુનિજીના મત અનુસાર બધા વીંટાઓનો સમાવેશ એમાં થાય છે. પ્રાચ્યવિદ્યામન્દિરમાં બીજા પણ કેટલાક વીંટાઓ સચવાયેલા છે – કેટલાક સુંદર, કલાત્મક, સુપ્રમાણ ચિત્રોવાળા છે, જેમાંના કેટલાક તો સુવર્ણ શાહીથી લખેલા-દોરેલા છે.

(આ) મુષ્ટિ-પુસ્તકના બીજા પ્રકારમાં નાની 'ડાયરી' જેવી હસ્તપ્રતો, જેને 'ગુટકા' કહે છે તેનો સમાવેશ થાય. તેમાં નાના-મોટા ચોરસ તેમજ લંબચોરસ ગુટકાઓ, જે મુઠ્ઠીમાં પકડી શકાય, તેમનો આ બીજા પ્રકારમાં સમાવેશ થાય.

**(4) સમ્પુટ-ફલક :**

લાકડાની પાટી ઉપર લખાયેલ પ્રતો આ પ્રકારમાં આવે. જૈન ભંડારોમાં જમ્બુદ્વીપ, અઢી દ્વીપ, સમવસરણ વગેરેના પટ્ટો સચવાયેલા છે. તે સર્વ આ પ્રકારમાં સમાય છે.

**(5) છેદપાટી :**

બાહ્ય સ્વરૂપ પ્રમાણે પાડેલા વિભાગોમાં આ છેલ્લો પ્રકાર છે. બહુ ઓછાં પાનવાળી હોઈ બહુ પાતળી હસ્તપ્રતો આમાં સમાવેશ પામે. મુનિજીના કહેવા પ્રમાણ લાંબાં કે ટૂંકાં પાનવાળી પણ ઠીક પહોળી અને પાતળી હસ્તપ્રતો આ પ્રકારમાં આવે.

## 8. લેખનપદ્ધતિ અનુસાર હસ્તપ્રતોના પ્રકારો :

લેખનપદ્ધતિ અનુસાર હસ્તપ્રતોના આઠ પ્રકારો પાડી શકાય :

(1) ત્રિપાટ કે ત્રિપાઠ; (2) પંચપાટ કે પંચપાઠ; (3) શૂડ કે શૂઢ; (4) ચિત્રપુસ્તક; (5) સોનેરી અને રૂપેરી હસ્તપ્રતો (સ્વર્ણાક્ષરી તથા રૌપ્યાક્ષરી); (6) સૂક્ષ્માક્ષરી; (7) સ્થૂલાક્ષરી; અને (8) કોતરેલી – ઉત્કીર્ણ.

આ પ્રકારોનો ક્રમશઃ પરિચય સાધીએ.

**(1) ત્રિપાટ કે ત્રિપાઠ :**

આ પ્રકારમાં ગ્રન્થનો પાઠ અને તેના ઉપરની ટીકા બંને લખાયેલ હોય છે. મૂળ પાઠ પૃષ્ઠની મધ્યમાં મોટા અક્ષરે લખેલો હોય છે, જ્યારે ટીકા કે વિવરણ ઉપર-નીચે પ્રમાણમાં નાના અક્ષરે લખેલ હોય છે. આ રીતે આવી હસ્તપ્રતમાં ત્રણ 'પાટ' કે 'પાઠ' હોવાથી તેને 'ત્રિપાટ' કે 'ત્રિપાઠ' કહે છે. આવી હસ્તપ્રતોમાં, સ્વાભાવિક રીતે જ, મૂળ પાઠની ઓછી લીટીઓ હોય, જ્યારે ઉપર અને નીચે લખેલી ટીકાની વધારે લીટી હોય. આમાં ટીકા પ્રમાણમાં નાના અક્ષરમાં લખાયેલી હોય છે અને તે વધારે જગા રોકે છે.

**(2) પંચપાટ કે પંચપાઠ :**

આ પણ એક વિશિષ્ટ પ્રકાર છે. આ પ્રકારની હસ્તપ્રતોમાં પૃષ્ઠની મધ્યે મૂળ પાઠ મોટા અક્ષરે લખેલો હોય છે અને તેની ટીકા આ પાઠની ઉપર તથા નીચે જ નહિ પણ બંને હાંસિયામાં પણ પ્રમાણમાં નાના અક્ષરે લખેલી હોય છે. આ રીતે

આવી પ્રતોમાં દરેક પૃષ્ઠ ઉપર પાંચ 'પાટ' કે 'પાઠ' હોય છે – એક તો મૂળ ગ્રન્થનો પાઠ વચ્ચે અને બાકીના ચાર (ટીકાના) તેની ચાર બાજુએ. આથી આ પ્રકારને 'પંચપાટ' કે 'પંચપાઠ' કહે છે. અહીં પણ મૂળ પાઠ કરતાં ટીકામાં વધારે લીટીઓ હોય છે.

આ બંને પ્રકારની હસ્તપ્રતો વિક્રમના પંદરમા શતકના પ્રારંભથી લખાવા લાગેલી. તે પહેલાં તો મૂળ ગ્રન્થ અને તેની ટીકાની બે અલગ અલગ હસ્તપ્રતો લખાતી અને તેથી તેનો અભ્યાસ કરનાર વિદ્વાનને અલગ અલગ ગ્રન્થો-હસ્તપ્રતો એકસાથે જોવાની રહેતી, જે સ્વાભાવિક રીતે જ, અગવડભર્યું હતું.

**(3) શૂડ કે શૂઢ :**

'શૂડ' અને 'શૂઢ'નો અર્થ થાય સૂંઢ. આ પ્રકારની હસ્તપ્રતોમાં મૂળ પાઠ તથા તેના ઉપરની ટીકા અલગ અલગ નહિ પણ સળંગ સાથે જ એકસરખા અક્ષરમાં જ લખેલાં હોય છે. આવા એકધારા નાના-મોટા અક્ષરના ભેદ વિના જ સળંગ લખાણને હાથીની સૂંઢ જેવું ગણવામાં આવે છે. આથી તેને આવું નામ અપાયું છે. મૂળ ગ્રન્થની હસ્તપ્રતો તેમજ તેના ઉપરની ટીકાની હસ્તપ્રતો એકસરખા અક્ષરોમાં લખાયેલી હોય છે, પણ તેને 'શૂડ' કે 'શૂઢ' પ્રકારની ન ગણાય. જેમાં મૂળ ગ્રન્થનો પાઠ અને તેના ઉપરની ટીકા સળંગ સરખા જ અક્ષરે લખાયેલાં હોય અને અભ્યાસુએ કાળજીપૂર્વક અલગ પાડવાં પડે, એવી હસ્તપ્રતને જ આ પ્રકારમાં મૂકી શકાય.

**(4) ચિત્રપુસ્તક :**

આ પ્રકારની હસ્તપ્રતો કલાત્મક રીતે લખાયેલી હોઈ ચાર વિભાગમાં મૂકેલી છે.

(અ) આ હસ્તપ્રતોમાં લહિયો લખતાં લખતાં વચ્ચે કાળજીપૂર્વક ખાલી જગાઓ એવી કલાત્મક રીતે રાખે છે કે એમાં વાચક ચિત્રાત્મક ચોકડીઓ અથવા વજ, છત્ર, સ્વસ્તિક આદિની આકૃતિઓ અથવા કોઈ વ્યક્તિનું નામ અથવા શ્લોક કે ગાથા પણ વાંચી શકે છે.

(આ) કેટલાક લહિયાઓ આવી ખાલી જગાઓ રાખતા નથી પણ કાળી શાહીના લખાણમાં વચ્ચે વચ્ચે અક્ષરો લાલ શાહીથી લખે છે તે લાલ અક્ષર વડે આવી આકૃતિઓ, નામ કે શ્લોક-ગાથા વાંચી શકાય.

(ઇ) કેટલાક લહિયાઓ, કમળ, અન્ય ફૂલો, ચોકડીઓ આદિની આકૃતિઓ કાણાં પાડવા માટે રાખેલી જગાઓ અથવા જ્યારે સળંગ પત્રાંક લખવાનો ન હોય ત્યારે જમણી અને ડાબી બાજુના હાંસિયાની વચ્ચેના ભાગમાં પીળા, લાલ કે ભૂરા રંગથી દોરે છે. અને

(ઈ) કેટલીક વાર, ખાસ કરીને જૈન ધાર્મિક ગ્રન્થ 'કલ્પસૂત્ર'ની પ્રતોમાં, કાણાં પાડવા માટે રાખેલી જગાઓમાં ગ્રન્થમાં વર્ણિત વસ્તુઓ વિષેનાં સુન્દર ચિત્રો દોરાયેલાં મળે છે.

આવી બધી હસ્તપ્રતો 'ચિત્રપુસ્તક'ના વિભાગમાં આવે.

**(5) સોનેરી અને રૂપેરી હસ્તપ્રતો :**

સોનેરી કે રૂપેરી શાહીનો સફેદ કાગળ ઉપર બરાબર ઉઠાવ આવતો નથી. આથી આવી શાહી વડે લખતાં પહેલાં લાલ, કાળો, ભૂરો કે જાંબુડો ઘેરો રંગ કાગળની ઉપર બરાબર લગાડીને લખાણ માટેની સમુચિત પશ્ચાદભૂ તૈયાર કરવી પડે. પછી આવી રીતે રંગ દીધેલા કાગળ ઉપર અકીક, નિકષ કે મોટા કોડાનું ઓપ ચડાવનાર સાધન ઘૂંટો – ઘસીને તે કાગળને લીસો બનાવી દેવાય છે – ઓપ ચઢાવી દેવાય છે. સોનેરી કે રૂપેરી શાહીનું ચૂર્ણ શુદ્ધ ધવના ગુંદરના પાણી સાથે મેળવીને આના ઉપર લખવાની શાહી બનાવવામાં આવતી. પછી યોગ્ય પીંછી કે કલમ દ્વારા લખાતું. આમ લખાયેલા અક્ષરો સુકાઈ જાય ત્યારે ફરી ઓપ અપાતો. આવા સળંગ લખાણમાં સ્થળે સ્થળે અને લખાણની આજુબાજુ પણ વેલીઓની આકૃતિઓ તેમજ ચિત્રોની શોભા કરાતી.

મુનિજી જણાવે છે તેમ, તાડપત્રની કોઈ સ્વર્ણાક્ષરી કે રૌપ્યાક્ષરી હસ્તપ્રત હજી સુધી જોવામાં કે સાંભળવામાં આવી નથી. હાલ ઉપલબ્ધ સર્વ સ્વર્ણાક્ષરી હસ્તપ્રતો કાગળ ઉપર જ લખાયેલી છે અને બહુધા તે પંદરમા-સોળમા શતકમાં કે ત્યાર પછી લખાયેલી છે. ગુજરાતના ચૌલુક્યવંશના રાજા કુમારપાલે પોતાના અંગત 'જ્ઞાનકોશ' અર્થાત્ ગ્રન્થાલય માટે જૈન આગમો તથા તેના સમકાલીન જૈન આચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય દ્વારા રચિત ગ્રન્થોની સુવર્ણાક્ષરી હસ્તપ્રતો તૈયાર કરાવેલી એવું જણાવવામાં આવ્યું છે. 'કુમારપાલપ્રબન્ધ' અનુસાર તે રાજાએ સુવર્ણશાહીથી હસ્તપ્રતો તૈયાર કરવા માટે 700 જેટલા લહિયાઓને રોકેલા. તેમાં જણાવ્યા પ્રમાણે તેણે 21 'જ્ઞાનકોશો' સ્થાપેલા. ''ઉપદેશતરંગિણી'' પણ જણાવે છે કે આ રાજાએ 700 લહિયા રોકીને 6,36,000 આગમિક ગ્રન્થોની દરેકની 7 પ્રત સુવર્ણશાહી વડે તૈયાર કરાવેલી. એટલું જ નહિ પણ આચાર્ય હેમચન્દ્રના પ્રસિદ્ધ ગૌરવશાળી વ્યાકરણ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' તથા અન્ય ગ્રન્થોની 21 સુવર્ણાક્ષરી હસ્તપ્રતો પણ તૈયાર કરાવેલી.

મહામાત્ય વસ્તુપાલે પણ જૈન આગમગ્રન્થોમાંના દરેકની એક એક સુવર્ણાક્ષરી હસ્તપ્રત તૈયાર કરાવેલી. અલબત્ત, આ હસ્તપ્રતો તાડપત્ર પર લખાયેલી હતી કે કાગળ પર એ નિશ્ચિત કરવા માટે આપણી પાસે હાલ કોઈ સાધન ઉપલબ્ધ નથી. ઉપર નોંધ્યું છે તેમ, હાલ ઉપલબ્ધ સુવર્ણાક્ષરી હસ્તપ્રતો તો વિક્રમના 15મા શતક

પૂર્વેની નથી જ.

હસ્તપ્રતોને રૌપ્ય શાહીથી લખવાની પદ્ધતિ તો એથી પણ પછીના સમયની છે. ઈડરના જૈન જ્ઞાનભંડારમાં 'કલ્પસૂત્ર'ની એક સચિત્ર તાડપત્રીય હસ્તપ્રત સચવાયેલી છે, જેનાં ચિત્રો સ્વર્ણશાહી વડે દોરેલાં છે. મુનિજીના મત પ્રમાણે આ હસ્તપ્રત સંભવતઃ વિક્રમના 14મા શતકમાં લખાયેલી છે.

એ પણ નોંધવું જોઈએ કે સુવર્ણશાહીના પ્રમાણમાં રૌપ્યશાહી હસ્તપ્રતો લખવામાં બહુ ઓછી વપરાયેલી છે. આથી રૌપ્યશાહી વડે લખેલી તેમજ રૌપ્ય શાહીથી દોરેલાં ચિત્રોવાળી હસ્તપ્રતો બહુ ઓછી મળે છે.

વિશેષતઃ 'કલ્પસૂત્ર'ની તથા 'કાલકાચાર્યકથા'ની સુવર્ણાક્ષરી હસ્તપ્રતો સારા પ્રમાણમાં મળે છે. 'ભગવતીસૂત્ર' તેમજ 'ઉત્તરાધ્યયનસૂત્ર' જેવા જૈન આગમગ્રન્થોની સુવર્ણાક્ષરી અને રૌપ્યાક્ષરી હસ્તપ્રતો મળે છે. સુવર્ણશાહીથી ચિત્રિત હસ્તપ્રતો પણ જૈન જ્ઞાનભંડારોમાં પુષ્કળ પ્રમાણમાં સચવાઈ છે. આ વિષે વધારે વિગતો જાણવાની ઉત્કંઠાવાળા વાચકોએ શ્રી સારાભાઈ નવાબના 'જૈન ચિત્રકલ્પદ્રુમ'માં પ્રકાશિત મુનિજીના સુપ્રસિદ્ધ ગુજરાતી લેખનાં પૃષ્ઠ 74થી 76 તથા તે પરની પાદટીપો જોઈ લેવી.

**(6) સૂક્ષ્માક્ષરી હસ્તપ્રતો :**

જૈન સાધુઓ એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે કોઈ વાહનનો ઉપયોગ કરતા નથી, બધે પગે ચાલીને જ જાય છે. આથી તેમનો સામાન જેટલો બને તેટલો ઓછો અને ઓછા વજનનો રાખવો જરૂરી બને. આ કારણે જે જે ગ્રન્થો રોજ વાંચવાના હોય તેની તેઓ અતિ સૂક્ષ્મ અક્ષરોમાં પ્રતો કરાવી લેતા. તેમની યાત્રા દરમિયાન જેમનો ઉપયોગ કરવાનો હોય તેવા ગ્રન્થોની કે તેમના અંશોની પ્રતો પણ શક્ય હોય એટલા સૂક્ષ્મ અક્ષરોમાં કરાવીને રાખતા.

આ સૂક્ષ્માક્ષરી હસ્તપ્રતો તૈયાર કરવાની કલા ખાસ કરીને કાગળની પ્રતોના યુગમાં જ વિકસી. 'ત્રિપાટ' અને 'પંચપાટ' હસ્તપ્રતોમાં ઝીણા અક્ષરે લખવાની પદ્ધતિ કાગળના યુગમાં જ વિકસી.

તાડપત્રીય હસ્તપ્રતોમાં ચાર લીટીની જગામાં દસ લીટી લખેલી મળે છે; પરન્તુ કાગળની હસ્તપ્રતોમાં તો તેથી યે ઘણા સૂક્ષ્મ અક્ષરોમાં લખાયેલું જોવા મળે છે. પોતાના પ્રસિદ્ધ લેખની ક્રમાંક 15વાળી પટ્ટિકામાં મુનિજીએ એક સૂક્ષ્માક્ષરી પૃષ્ઠ (કાગળનું) મૂક્યું છે જે અત્યન્ત સૂક્ષ્મ લખાણ ધરાવે છે. આ પૃષ્ઠ એક સૂક્ષ્માક્ષરી લખાણવાળી હસ્તપ્રતમાંથી લીધેલું છે, જેમાં 'કુમારપાલપ્રશસ્તિ'ના એક શ્લોકના 116 અર્થો દર્શાવ્યા છે.

આ સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે તાડપત્રીય હસ્તપ્રતોમાં ટિપ્પણો,

પાઠાન્તરો અને લખવાના રહી ગયેલા અંશો ઘણી વાર ખૂબ ઝીણા અક્ષરોમાં લખાયેલાં છે; છતાં આખી હસ્તપ્રતો સૂક્ષ્મ અક્ષરોમાં લખાયેલી હોય તેમાં તો કાગળની પ્રતોના અક્ષરો તેથી ઘણા સૂક્ષ્મ છે અને આવી સૂક્ષ્માક્ષરી હસ્તપ્રતોમાં કાગળની હસ્તપ્રતો સંખ્યામાં પણ ઘણી જ વધારે છે.

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં સચવાયેલા વીંટાઓ પણ અતિસૂક્ષ્મ અક્ષરોમાં લખાયેલા છે અને તેમાંનાં સપ્રમાણ રંગીન ચિત્રો પણ બહુ નાનાં પણ અતિસુંદર રીતે ચીતરેલાં છે. આ રીતે આ વીંટા પણ કલાના અતિ સુન્દર નમૂનારૂપ બની ગયા છે.

**(7) સ્થૂલાક્ષરી હસ્તપ્રતો :**

કેટલાક ધાર્મિક ગ્રન્થોના પાઠ અમુક અમુક પ્રસંગોએ મોટેથી અને બહુ ઝડપથી કરવાના હોય છે. આવા ગ્રન્થો કે ગ્રન્થાંશોની પ્રતો ખાસ મોટા અક્ષરોમાં તૈયાર કરાવવામાં આવતી જેથી સરળતાથી વાંચવામાં ઉતાવળ થઈ શકે. જૈનોની વાત કરીએ તો 'કલ્પસૂત્ર' તથા 'કાલકાચાર્યકથા' જેવા ધાર્મિક ગ્રન્થોનો પાઠ મોટેથી અને ઝડપથી તેમના પર્યુષણના તહેવારના દિવસોએ કરવાનો હોય છે. આથી તેમની સ્થૂલાક્ષરી – મોટા અક્ષરે લખાયેલી હસ્તપ્રતો તૈયાર કરાવવામાં આવતી. વ્યક્તિઓ પણ આવી પ્રતો પોતાને માટે તૈયાર કરાવી રાખતી.

તાડપત્રીય હસ્તપ્રતોના યુગમાં પણ આવી સ્થૂલાક્ષરી પ્રતો કરાતી. છતાં આવી હસ્તપ્રતો લખવાની પ્રથા પણ કાગળના યુગમાં જ વિકસી.

**(8) કોતરેલી – ઉત્કીર્ણ હસ્તપ્રતો :**

આપણે સારી રીતે જાણીએ છીએ કે કાગળ ઉપર કોતરણી કરીને વેલીઓ, વૃક્ષો, પુષ્પો વગેરેની આકૃતિઓનાં સુશોભનો કરાતાં હોય છે. અમે જ્યારે શાળામાં ભણતા ત્યારે મારા મિત્રો અને હું એક વિશિષ્ટ ચોકઠામાં ભરાવેલી ઝીણી કરવત વડે પાતળા લાકડાના પાટિયાને કોતરીને સુશોભનની આકૃતિઓ બનાવતા. શિવાજી, મહારાણા પ્રતાપ, ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુ જેવી પૂજનીય વિશિષ્ટ વ્યક્તિઓની આકૃતિઓ પણ કોતરી કાઢતા. આ પ્રક્રિયાને 'ફ્રેટવર્ક' (fret-work) કહેતા.

આ આઠમો અને છેલ્લો પ્રકાર આ બંને પ્રકારની કલાની સાથે સામ્ય ધરાવે છે. ઘણાને તો એ જાણીને આશ્ચર્ય થશે કે હસ્તપ્રતો પણ કાગળ ઉપર અક્ષરો કોતરીને લખાતી ! આ માટે કાતર જેવા સાધનની મદદ લેવાતી હશે. કેવો સુંદર કલાત્મક નમૂનો થાય આ ! આવી હસ્તપ્રતનો એક નમૂનો વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં સચવાયો છે. તે કવિ જયદેવના પ્રસિદ્ધ કાવ્યગ્રન્થ 'ગીતગોવિન્દ'નો થોડો અંશ

છે, જેનો સંસ્થામાંનો ક્રમાંક 1306 છે. તેનાં પાનનું કદ 9 2/5 X 4 1/5 છે. તેની કોતરેલી પુષ્પિકા આ પ્રમાણે છે :

> “श्रीरस्तुनटपद्र–वास्तव्य–वृद्धनागर ज्ञातीय–विष्णुपादाम्बुज–
>
> सेवक–देवक्रष्णेन स्वयं लयषितम् ।। रामार्पणमस्तु ।।”

આ લખાણનો અર્થ એવો થાય છે કે : “આ ઉત્કીર્ણ હસ્તપ્રત નટપ્રદ્ર અર્થાત્ નડિયાદના વતની વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિના અને વૈષ્ણવ સમ્પ્રદાયના દેવકૃષ્ણે જાતે લખેલી છે.”

આથી સ્પષ્ટ થાય છે કે નડિયાદવાસી દેવકૃષ્ણ નામના વૈષ્ણવ વડનગરા નાગરે આ ઉત્કૃષ્ટ કલાનો નમૂનો કોતર્યો હતો.

**9. હસ્તપ્રતોમાંના પ્રારંભના અંશો :**

ભારતીય સંસ્કૃતિનો રિવાજ એવો છે કે કોઈ પણ નાનું-મોટું કામ શરૂ કરતાં પહેલાં ‘મંગલ’ કરવું. ભગવાન ગણેશ આપણા કાર્યની સિદ્ધિમાં આવતાં વિઘ્નોને દૂર કરનારા ગણાયા છે. આથી બહુધા તો આ ‘મંગલ’માં એમને જ વન્દન કરવામાં આવે છે.

સાહિત્યમાં પણ આ પ્રથાને અનુસરવામાં આવે છે. ગ્રન્થકારો ગણેશ અને વિદ્યાદેવી સરસ્વતી કે શારદાને નમસ્કાર કરતા એક કે વધારે શ્લોકો પ્રારંભમાં લખે છે. કેટલાક સર્વશક્તિમાન પરમાત્માને પ્રણામના શ્લોકો લખે છે. કેટલાક વળી પોતાના ઇષ્ટદેવને નમન કરે છે. ટીકા કે વિવરણ લખનારાઓ પણ આવું ‘મંગલ’ કરતા હોય છે. કેટલાક ગ્રન્થકારો વળી કેવળ ‘ॐ’ કે ‘श्रीः’ લખીને સીધો પ્રારંભ કરી દે છે. ‘ॐ’ એ પરમાત્માનું પ્રતીક છે અને ‘श्रीः’ એ ભવ્યતા તથા સમૃદ્ધિની દેવીનું પ્રતીક છે. આજે પણ લોકો પત્ર લખતા હોય કે બીજું ગમે તે લખાણ કરતા હોય તેમાં ટોચ ઉપર તો ‘श्रीः’ લખીને શરૂઆત કરતા હોય છે.

આ પ્રણાલિકામાં લહિયાઓ કોઈ અપવાદ નથી. શિલાલેખો, તામ્રપત્રો અને હસ્તપ્રતોમાં તેઓ શરૂઆત આ માંગલિક પ્રતીકો કે ગણેશ-સરસ્વતી-ગુરુવર્યને નમસ્કારના મંત્રોથી જ કરે છે. એમની પ્રતોમાં માત્ર ‘ॐ नमः’, ‘ॐ’ કે ‘श्रीः’ લખીને પણ પ્રારંભ કરે છે. હાલ બચેલી હસ્તપ્રતોમાંની મોટાભાગની તો જૈન ગ્રન્થોની નકલો હોય છે. તેમાં પણ પ્રારંભે ‘ॐ नमः’ ‘ऐं नमः’, ‘एर्दा’, २ईं ॐ नमः सिद्धाम्’ જેવાં સૂત્રો મૂકેલાં હોય છે. મુનિજીએ બહુ સુંદર રીતે પ્રતિપાદન કરેલું છે કે જે પ્રતીકો ‘उँ’, ‘ऐं’, ‘एद’, ‘एर्द’ એવી રીતે વંચાય છે તે બધાં જ ‘ॐ’નાં જ જુદાં જુદાં રૂપો છે; એટલું જ નહિ પણ જૈન હસ્તપ્રતોમાંનું જે પ્રતીક २ईं’ એવું વંચાય છે અને જે શતકો સુધી વપરાયેલું જોવા મળે છે તે પણ બીજું કાંઈ નથી પણ ‘ॐ’નું જ અદ્યતન સ્વરૂપ છે ! મૂળમાંના પ્રતીકને ઉકેલવામાં થયેલી ભૂલે જ આ તોફાન મચાવ્યું છે

અને પાછળના સમયના લહિયાઓએ તો સ્પષ્ટ રીતે જ તેમના અદ્યતન સ્વરૂપને જ પોતાની પ્રતોમાં ઉતારી લીધું છે ! જેમને તેમની વ્યુત્પત્તિ વિષે જાણવામાં રસ હોય તેઓ મુનિજીના લેખનાં પૃષ્ઠ 59—60 જોઈ લે.

(1) 'લઘુપ્રબન્ધસંગ્રહ' ને 'વિશ્વામિત્રીમાહાત્મ્ય'માં પ્રારંભ :

'લઘુપ્રબન્ધસંગ્રહ' અને 'વિશ્વામિત્રીમાહાત્મ્ય'ની સમીક્ષિત આવૃત્તિ મેં તૈયાર કરેલી છે. તે બંનેની કેટલીક હસ્તપ્રતોના પ્રારંભની નોંધ લેવી અહીં અસ્થાને નહિ ગણાય.

(અ) 'લઘુપ્રબન્ધસંગ્રહ' (લ. પ્ર. સં.)ની હસ્તપ્રત 'G'નો પ્રારંભ માત્ર '॥G०॥' (= ॐ) લખીને જ કરાયો છે.

(આ) 'વિશ્વામિત્રીમાહાત્મ્ય'' (વિ.મા.)ની હસ્તપ્રત 'L'નો પ્રારંભઃ "श्री गणेशाय नमः ।। अथ विश्वामित्रीमाहात्म्यं लिख्यते ।। श्रीः शुभम् ।।'' (લાલ શાહીમાં).

(ઇ) વિ.મા.ની હસ્તપ્રત 'P'નો પ્રારંભ : "श्री गणेशाय नमः ।।''

**(2) હસ્તપ્રતપ્રારંભની ત્રણ પદ્ધતિઓ :**

મુનિજીએ પૃ. 59 ઉપર લખાણોના પ્રારંભની ત્રણ પદ્ધતિઓનાં કેટલાંક ઉદાહરણો આપ્યાં છે;

(ક) પાંચમા સૈકાથી 13મા સૈકા સુધીના ગાળામાં લખાયેલ શિલાલેખો, તામ્રપત્રો વગેરેમાંનો પ્રારંભ. આ પ્રારંભમાં મુકાતાં પ્રતીકોના શતક અનુસાર 9 પેટા-વિભાગો પાડ્યા છે;

(ખ) વિક્રમની 11મી સદીથી અદ્યપર્યન્તની ધાતુપ્રતિમાઓ ઉપરનાં પ્રતીકો. શતક પ્રમાણે તેના 4 પેટાવિભાગો પાડેલા છે; અને

(ગ) વિક્રમની 12મી સદીથી અદ્યપર્યન્તની હસ્તપ્રતોના પ્રારંભનાં પ્રતીકો. આના પણ 4 પેટાવિભાગો પાડ્યા છે, જેમાંના છેલ્લા પેટાવિભાગમાં ઈ. સ.ના 15મા શતકથી અદ્યપર્યન્તનાં પ્રતીકોનો સમાવેશ થાય છે.

આ માંગલિક પ્રતીકો ગુપ્ત, કુટિલ, નાગરી, શારદા, બાંગ્લા, પશ્ચિમી અને અન્ય લિપિઓનાં લખાણોમાં જોવા મળે છે.

આ સર્વનું સર્વેક્ષણ કરતાં એવું સ્પષ્ટ થાય છે કે આ તો આજની દેવનાગરી લિપિના 1, 5, 6, 7 અને 9ના અંકો સાથે સમાનતા ધરાવતી આકૃતિઓ જ છે. એ સર્વ ખરેખર તો ''ॐ''નાં જ જુદાં જુદાં સ્વરૂપો છે. પ્રાચીન લિપિઓના નિષ્ણાતોનો પણ આ જ મત છે. ''॥G॥'' તથા ''॥एदO॥'' એ બંને સ્વરૂપો આ જ રૂપે 6થી 7 સદીઓથી ચાલ્યાં આવે છે. એ પ્રાચીન કાળના ''ॐ''માંથી રૂપાન્તર પામેલાં

પ્રતીકો જ છે, ''ॐ'' જ છે. આ વિષે વધારે વિગત મુનિજીના લેખનાં પૃ. 57-61 પરથી મળશે.

## 10. હસ્તપ્રતોમાંના અન્તિમ અંશો :

આ પણ એક મહત્વનો મુદ્દો છે – પ્રારંભિક અંશો કરતાંય વધારે મહત્વનો; કેમ કે તેમાંથી આપણને ઐતિહાસિક તથ્યો પ્રાપ્ત થાય છે.

### (અ) પુષ્પિકાઓ :

ગ્રન્થના દરેક પ્રકરણ કે અધ્યાય કે અધ્યયન કે સર્ગના અન્તે ગ્રન્થકાર એક પુષ્પિકા મૂકે છે, જેમાં ગ્રન્થનામ, જે તે પ્રકરણનો ક્રમાંક તથા પેટાશીર્ષક આપે છે. સમગ્ર ગ્રન્થના અન્તે પણ આવી પુષ્પિકા મૂકે છે તથા ગ્રન્થનામ સાથે 'પૂર્ણ થયો' એ અર્થમાં 'समाप्तम्' કે 'समाप्ता' શબ્દ લખે છે.

### (આ) પુષ્પિકા પછીનું લખાણ :

આવાં લખાણો ઐતિહાસિક દૃષ્ટિએ મહત્વનાં બની રહે છે. સામાન્ય રીતે ગ્રન્થકાર પોતે ગ્રન્થનો સ્વચ્છ-સુઘડ 'પ્રથમાદર્શ' તૈયાર થયા પછી પુષ્પિકા પછીનું લખાણ લખે છે, જેને 'પ્રશસ્તિ' કહે છે. 'પ્રશસ્તિ' એટલે 'પ્રશંસા'. આ 'પ્રશસ્તિ'માં કર્તાની ગુરુપરંપરા, ગ્રન્થલેખનમાં તેના સહાયકો, લેખન દરમિયાન તેને થયેલા સારા અને ખરાબ અનુભવો, ગ્રન્થને તપાસીને સુધારા કરનારનું નામ, રચનાસ્થળ, જે રાજાના શાસન દરમિયાન રચના થઈ તેનું નામ, રચના-સંવત્, જેની પ્રેરણાથી રચના કરાઈ તેનું નામ, કુલ શ્લોકો કે ગાથાઓની સંખ્યા, ગ્રન્થની વધારાની પ્રતિઓ તૈયાર કરનાર–કરાવનારનાં નામો ઇત્યાદિની વિગતો આપવામાં આવતી. ટૂંકમાં આ 'પ્રશસ્તિ'માં નાનીમોટી સર્વ અગત્યની ઐતિહાસિક હકીકતોનો સમાવેશ થતો. આ 'પ્રશસ્તિ'ને પણ દરેક હસ્તપ્રતમાં ઉતારવામાં આવતી.

### (ઈ) બીજાઓની 'પ્રશસ્તિ'ઓ :

ગ્રન્થકારે લખેલી 'પ્રશસ્તિ' તો ગ્રન્થની દરેક હસ્તપ્રતમાં ઉતારાતી; પરન્તુ કેટલીક વાર બીજી પણ એક 'પ્રશસ્તિ' હોય છે, જે હસ્તપ્રત તૈયાર કરનાર લહિયાએ લખેલી હોય છે. તેમાં જેના કહેવાથી હસ્તપ્રત તૈયાર કરાઈ તેની પ્રશંસા, લહિયાનું પોતાનું નામ અને અન્ય વિગતો આપવામાં આવી હોય છે. આ બધું સામાન્ય રીતે સંસ્કૃત ગદ્ય કે પદ્યમાં લખાતું. કેટલીક વાર સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી અને રાજસ્થાની એમ અનેક ભાષાનું સંમિશ્રણ પણ જોવા મળે છે. પ્રોત્સાહકે એક જ હસ્તપ્રત તૈયાર કરવાનું ખર્ચ આપેલું કે વધારે હસ્તપ્રતોનું કે આખા ગ્રન્થાલયને માટેનું ખર્ચ આપેલું એવી બધી વિગતો આમાં દર્શાવાઈ હોય છે. લખનાર લહિયાના પૂર્વજો, માતાપિતા, ભાઈઓ, બહેનો, પુત્રો, પુત્રીઓ અને

પત્નીની વિગતો પણ આમાં આપવામાં આવી હોય છે. આ ‘પ્રશસ્તિ’માં તે વખતના શાસક રાજા, નકલો કરાવનાર પ્રોત્સાહકનાં સારાં ધર્મકાર્યો, તેના કુલગુરુ અને શિક્ષક, હસ્તપ્રતો તૈયાર કરાવનારનો હેતુ, તે અંગે થયેલ ખર્ચ તથા હસ્તપ્રતો કે ગ્રન્થાલયો જેને ભેટ આપેલ તેવી વ્યક્તિઓ અને સંસ્થાઓ વગેરેની વિગતો પણ જોવા મળે છે.

આવી પ્રશસ્તિઓ લખવા માટેનું મુખ્ય કારણ તો પોતાને પ્રતિષ્ઠા મળે એ જ હતું.

આવી પ્રશસ્તિઓનો અભ્યાસ કરતાં પુષ્કળ મહત્વપૂર્ણ ઐતિહાસિક તથ્યો પ્રાપ્ત થઈ શક્યાં છે.

આવી પ્રશસ્તિઓ હસ્તપ્રતોને અન્તે આપવાની આ પ્રથાને લીધે હજારો હસ્તપ્રતો અને ઘણાં ગ્રન્થાલયો ઉમેરાયાં છે.

કેટલીક વાર હસ્તપ્રતોના માલિકો ગ્રન્થાલયોને પોતાની હસ્તપ્રતો ભેટ આપતા. આવી દાનમાં આપેલી હસ્તપ્રતોના અન્તે આવા દાતાઓ પણ પોતાની પ્રશસ્તિઓ મૂકતા. એટલું જ નહિ, પણ માલિક પાસેથી હસ્તપ્રતો ખરીદીને સાધુઓને અધ્યયનાર્થે તે દાનમાં આપતા ગૃહસ્થો પણ પોતાની પ્રશસ્તિઓ ઉમેરતા.

**(ઈ) અન્તે આવતાં સૂત્રો, ચિહનો, પ્રતીકો :**

હસ્તપ્રતને અન્તે, ‘પ્રશસ્તિ’ પહેલાં અને પછી પણ આવાં માંગલિક સૂત્રો જોવા મળે છે : ‘शुभं भवतु’, ‘कल्याणमस्तु’, ‘मंगलं महाश्रीः’, ‘लेखकपाठकयोः शुभं भवतु’ ઇત્યાદિ. એ જ રીતે ‘ ’, ‘॥छ॥’ અને ‘‘॥ळ॥’’ જેવાં પ્રતીકો પણ અન્તે મુકાયેલાં છે. ઘણી વાર આવાં પ્રતીકો ગ્રન્થના જુદા જુદા વિભાગોને અન્તે પણ મૂકેલાં જોવા મળે છે. ઘણી હસ્તપ્રતોમાંનાં આવાં પ્રતીકોનું નિરીક્ષણ કરીને મુનિજી એવા નિર્ણય પર આવ્યા છે કે એ બધાં ‘પૂર્ણકુંભ’ અર્થાત્ સભર પાત્ર જ દર્શાવે છે, જે ભારતમાં સર્વ કાર્યો માટે શુભ કે શુકનિયાળ મનાય છે. આથી હસ્તપ્રતોમાંનાં આ પ્રતીકો ‘શુભ સમાપ્તિ’નું સૂચન કરે છે. પ્રાચીન હસ્તપ્રતોમાં ‘‘-[illegible]-’’ અને “પૂંટ’’ જેવાં બીજાં પ્રતીકો પણ જોવા મળે છે. તે સમાપ્તિસૂચક ચિત્રાકૃતિઓ હશે. કેટલીયે હસ્તપ્રતોમાં બીજી કેટલીક આકૃતિઓ પણ જે તે વિભાગ કે પ્રકરણના અંત તરફ ખાસ ધ્યાન દોરવા માટે દોરેલી જણાય છે.

(ઉ) લ.પ્ર.સં. તથા વિ.મા.માં સમાપનો :

જેની સમીક્ષિત આવૃત્તિ આ લખનારે તૈયાર કરેલી છે તે ઉપરિનિર્દિષ્ટ બે ગ્રન્થોની કેટલીક હસ્તપ્રતોમાંનાં સમાપનો નોંધવાં અહીં અનુચિત નહિ લેખાય.

‘‘લઘુપ્રબન્ધસંગ્રહ’ (લ.પ્ર.સં.)ની હસ્તપ્રત ‘G’ તેના પહેલા પ્રબન્ધને અન્તે

આ પ્રમાણે 'પ્રશસ્તિ' આપે છે :

सं.[२क] वर्षे चैत्र वदि[२उ] गुरुवारे लिलेखि ।।श्रीः।। ।।छ।।

આમ તેની લેખનસંવત્ અર્થાત્ તે પ્રત લખવાનું કામ જે દિવસે પૂરું થયું તે દિવસ વિ.સં. 1465 (ઈ.સ. 1409)ના ચૈત્ર વદ પાંચમ ને ગુરુવાર હતો તેવું આ પ્રશસ્તિ જણાવે છે.

બીજા પ્રબન્ધના અન્તે આપેલી પુષ્પિકા આમ છે :

।छ।। रीमदनभ्रममहाराजाप्रबन्धः ।। समाप्तः ।।छ।।

श्रीः ।। शुभं भवतु लेखकपाठकयोः ।।''

અહીં બીજા પ્રબન્ધનું નામ 'मदनभ्रममहाराजाप्रबन्ध' એવું આપ્યું છે.

છેલ્લો 'गालाश्री वर्धमानसूरिप्रबन्ध' છે, જેના અન્તે આ પ્રમાણે પ્રશસ્તિ આપી છે :

"।।छ।। गालाश्री वर्द्धमानसूरिप्रबन्धः ।।छ।।

शुभं भवतुं लेखकपाठकयो[:] श्रोतृणाम् ।''

આના પછી તરત જ એક સરસ પ્રાકૃત સુભાષિત આપ્યું છે :

"रायाण दंदिदंते, पामरलोआण वसहखंधम्मि ।

सुहडाण खग्गि-अग्गे, महिलाण पयोहरे लच्छी ।।श्रीः।।''

અર્થાત્ –

''રાજાઓની શોભા (=લક્ષ્મી) હાથીના દાંતમાં છે, પામર લોકોની વૃષભની ખાંધ ઉપર છે, સુભટોની તરવારની ધાર ઉપર છે (અને) મહિલાઓની (શોભા) સ્તન ઉપર છે !'' "विश्वामित्रीमाहात्म्यम्'' (वि.मा.)ની હસ્તપ્રત 'B1'ની પુષ્પિકા તેમજ પ્રશસ્તિ આ પ્રમાણે છે :

"इति स्कन्दपुराणे उत्तरखण्डे कृष्णयुधिष्ठिरसंवादे

कौशिकीमहात्म्यं संपूर्णं ।।श्र।। ।।[२]।। ।।स्तु।।

का।।ल्याणमस्तु ।। ।।छे।। ।।श्री।। ।संवत्[२१]

वर्षे पुरुषोतम[मा]से शुक्लपक्षे [२ष्ठ]।।*** द्रे

लखितमस्ति ।।श्री।। ।।श्री।। ।।श्री।। ।।श्री।। ।।श्री।।''

અહીં આ હસ્તપ્રતની લેખનસંવત અર્થાત્ તેનું લખાણ પૂરું થયું તે દિવસ 'વિક્રમ સંવત્ 1844 (ઈ. સ. 1788)ના પુરુષોત્તમ માસના શુક્લ પક્ષની પૂર્ણિમા' એમ આપ્યો છે. ચાન્દ્ર પંચાંગમાં દર ત્રણ વર્ષે એક વધારાનો તેરમો માસ ઉમેરાય છે, જેને 'અધિકમાસ' કે 'પુરુષોત્તમ માસ' કહે છે. 'અધિક' એટલે 'વધારાનો'.

આ વધારાનો માસ હોવાથી લોકોને તે દરમિયાન પવિત્ર ધાર્મિક કાર્યો કરવાની સલાહ અપાયેલી છે અને આથી જ તે માસને પરમાત્મા પરમેશ્વરનું નામ અપાયું છે : 'પુરુષોત્તમ' !

આ પ્રશસ્તિ જે સ્થળે આ હસ્તપ્રત તૈયાર કરાયેલી તેનું નામ પણ આપે છે, જે ચાર અક્ષરનું છે અને તેના પ્રથમ ત્રણ અક્ષરો ઘસાઈ ગયા હોવાથી માત્ર છેલ્લો અક્ષર 'દ્રે' જ વાંચી શકાય છે. સંપાદક આમાં અનુમાન કરી શકે છે કે તે ત્રણ અક્ષર 'वटप्र' હશે, કેમ કે પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં હાલના 'વડોદરા'નો ઉલ્લેખ 'वटपद्र' તરીકે થયો છે.

વિ.મા.ની હસ્તપ્રત 'P'નો અન્ત આ પ્રમાણે છે :

"भवानिशंकरेण लिपित्रकतं ।। श्री संवत् 1912 वैशाख शुदि 15 उचन्द्रे लिखितम् ।।

આ પ્રશસ્તિમાં હસ્તપ્રત લખનાર લહિયાનું નામ ભવાનીશંકર એવું આપ્યું છે. તે જ પ્રમાણે લેખનસંવત્ 'વિ.સ. 1912(ઈ. સ. 1856)ના વૈશાખ શુદ પૂર્ણિમા ને સોમવાર (चन्द्रे)' એવી સ્પષ્ટ આપી છે.

આ ઉદાહરણોથી હસ્તપ્રતોની પુષ્પિકાઓ તેમજ પ્રશસ્તિઓનાં સ્વરૂપ તેમજ મહત્વનો ખ્યાલ આવી શકશે.

## 11. સંરક્ષણ-જાળવણી :

હસ્તપ્રતવિજ્ઞાનનાં વિવિધ પાસાં અને હસ્તપ્રતો વિષે આટલી માહિતી મેળવ્યા પછી સર્વ પ્રકારની હજારો હસ્તપ્રતો સેંકડો વર્ષો દરમિયાન કેવી રીતે જળવાઈને આપણા સુધી પહોંચી શકી છે અને હવે આપણે તેમને ભાવિ પ્રજાઓ માટે કેવી રીતે જાળવી રાખવી એવો મહત્વનો પ્રશ્ન ઉદભવે છે.

### (1) હસ્તપ્રતોની જાળવણી વિશે લહિયાઓના શ્લોકો :

ઘણા લહિયાઓ પોતે તૈયાર કરેલી હસ્તપ્રતોને અંતે હસ્તપ્રતોને સર્વથા સાચવવાની સલાહ આપતા સંસ્કૃત શ્લોકો મૂકે છે, જે એ દૃષ્ટિએ મહત્વના છે. આપણે એમાંના ત્રણ જ જોઈએ :

(1) जलाद् रक्षेत् स्थलाद् रक्षेद्, रक्षेत् शिथिलबन्धनात् ।
मूर्खहस्ते न दातव्या, एवं वदति पुस्तिका ।।

(2) अग्ने रक्षेद् जलाद् रक्षेद्, मूषकेभ्यो विशेषतः ।
कष्टेन लिखितं शास्त्रं, यत्नेन परिपालयेत् ।।

(3) उदकानिलचौरेम्यो, मूषकेभ्यो हुताशनात् ।
कष्टेन लिखितं शास्त्रं, यत्नेन परिपालयेत् ।।

આ સરળ શ્લોકોનો સાર આ પ્રમાણે છે :

આ ગ્રન્થ કષ્ટપૂર્વક લખાયો છે. તેથી તેને ખાસ પ્રયત્નપૂર્વક ચોર, પાણી, અગ્નિ, પવન, ઉંદર, ઢીલું બન્ધન અને મૂર્ખો જેવાં વિષમ તત્વોથી સંરક્ષવો જોઈએ. આ ઉપરથી હસ્તપ્રતોને નડતાં કેટલાંક કષ્ટો-તત્વોનો ખ્યાલ આવી શકે છે. તે સર્વ વિષે ક્રમશઃ જોઈએ.

**(અ) ચોર :**

ચોરોથી રક્ષવા માટે હસ્તપ્રતોને ચોકીદારની સગવડવાળાં ખાસ મકાનોમાં રાખવી જોઈએ. અહીં 'ચોરો' શબ્દના અર્થમાં સારી કીમતી વસ્તુઓને પોતાની કરવાની ઇચ્છા ધરાવતા વગવાળા તેમજ આવી વસ્તુઓને વિદેશીઓને પણ પુષ્કળ પૈસાના બદલામાં વેચી દેવાની વૃત્તિવાળા લોકોનો પણ સમાવેશ થઈ જાય છે. એ બધાથી હસ્તપ્રતોને રક્ષવાનું ત્યારે જ શક્ય બને જો સંરક્ષકો પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠ અને અડગ હોય !

**(આ) પાણી અને અગ્નિ :**

હસ્તપ્રતો જેમાં રાખી હોય તે મકાનને પૂરનાં પાણીની કોઈ અસર ન થાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. તે માટે આગળથી કાળજી લેવી જોઈએ. ત્યાં અગ્નિશામક સાધનો પણ કાયમ ચાલુ હાલતમાં રાખવાં જોઈએ, જેથી કોઈ વાર આગ લાગે તો તાત્કાલિક તેમનો ઉપયોગ કરીને આગને ફેલાતી રોકી શકાય. કેટલીક વખત હસ્તપ્રતોને 'ફાયર-પ્રૂફ' મકાનમાં જ રખાતી હોય છે. દા. ત., વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરને શરૂઆતથી જ રાજ્યના દફતરખાતાના 'ફાયર-પ્રૂફ' મકાનના પહેલા માળે રાખવામાં આવેલું. વિશ્વવિદ્યાલય સ્થપાયા પછી છેક 1958ના જાન્યુઆરીની 25મી તારીખ ને વસન્તપંચમીના રોજ તેના અને વિશ્વવિદ્યાલયના ગ્રન્થાલય (યુનિવર્સિટી લાઇબ્રેરી)ને માટે નવા બંધાયેલા મકાનમાં ભોંયતળિયે ખસેડવામાં આવ્યું.

**(ઇ) પવન-હવામાન-વાતાવરણ :**

હવામાનમાં થતા ફેરફાર તથા ભેજની હસ્તપ્રતો ઉપર વિપરીત અસર થતી હોય છે. આથી હસ્તપ્રતોને હવા-ચુસ્ત (air-tight) કબાટોમાં રાખવી જોઈએ એટલું જ નહિ, પણ વર્ષાના વાતાવરણમાં ઊભાં થતાં જીવજન્તુઓને અટકાવવા માટે જરૂરી વ્યવસ્થા પણ અગાઉથી કરી રાખવી જોઈએ. ઠંડા અને ભેજવાળા વાતાવરણમાં હસ્તપ્રતોનાં પાન એકબીજાને ચોંટી જતાં હોય છે, તેથી આ કાળજી

આગળથી રાખવી જરૂરી છે.

**(ઈ) ઉંદર :**

ઉંદર તથા ખિસકોલીઓ હસ્તપ્રતોને ખાઈ જતી હોય છે. આથી તે બંને હસ્તપ્રતો જ્યાં રાખી હોય એ કક્ષોમાં પ્રવેશી શકે જ નહિ એવી વ્યવસ્થા રાખવી જોઈએ એટલું જ નહિ, પણ તે જેને કાપી શકે નહિ એવાં મજબૂત કબાટોમાં હસ્તપ્રતો રાખવી જોઈએ. વળી અગમચેતી તરીકે હસ્તપ્રત વિભાગમાં કોઈ ખાદ્ય વસ્તુઓ લઈ જવી ન જોઈએ.

**(ઉ) બન્ધનની શિથિલતા :**

દરેક હસ્તપ્રતને દોરીથી મજબૂત રીતે બાંધવી જોઈએ. તેના ઉપર વસ્ત્રાદિનું વેષ્ટન પણ સખત રીતે લપેટવું જોઈએ અને તેના ઉપર દોરી ચુસ્ત રીતે બાંધવી જોઈએ. આ બધું જન્તુઓ તેમજ બદલાતા હવામાનની અસર ન થાય તે માટે જરૂરી હોય છે. જો આ બન્ધન ઢીલું હોય, તો જન્તુઓ પ્રવેશી જાય અને વાતાવરણ પણ અસર કરે. આથી દુશ્મન ને દફ્તરને સખ્તાઈથી બાંધવાં એવી કહેવત પડી ગઈ છે !

**(2) રાજકીય ઊથલપાથલ :**

મોટી રાજકીય ઊથલપાથલો થાય ત્યારે આ મૂલ્યવાન ખજાનાને તેનાથી રક્ષવા માટે તેને દુશ્મનો જ્યાં સરળતાથી પહોંચી શકે નહિ તેવાં બહુ દૂરનાં અજાણ્યાં સુરક્ષિત સ્થળોએ ગુપ્ત રીતે ખસેડી દેવો જોઈએ. રાજસ્થાનના રણમાં આવેલ જેસલમેરના કિલ્લામાં સુરક્ષિત રહેલ તાડપત્રીય હસ્તપ્રતોનો ભંડાર આનું એક સુન્દર ઉદાહરણ છે.

**(3) ગ્રન્થાલયો અને તેમનું વ્યવસ્થાતંત્ર :**

આ હસ્તલિખિત ગ્રન્થોને ગ્રન્થભંડારો કે ગ્રન્થાલયોમાં રાખવામાં આવતા. આ ગ્રન્થાલયો વ્યક્તિગત, ખાનગી, સંસ્થાકીય, શાસકીય કે જાહેર હોઈ શકે. પ્રાચીન કાળની શૈક્ષણિક સંસ્થાઓ તથા વિશ્વવિદ્યાલયોના ઉલ્લેખો મળે છે જ. આ બધી સંસ્થાઓને પોતપોતાનું ગ્રન્થાલય હોય જ. તક્ષશિલા વિશ્વવિદ્યાલયમાં 18 વિદ્યાશાખાઓ હતી, જેનું જ્ઞાન અલગ અલગ વિદ્યાલયોમાં અપાતું. નાલન્દા વિશ્વવિદ્યાલયમાં ગ્રન્થાલયનું એક અલગ વિશાળ મકાન હતું જે 300 ફૂટ ઊંચું અને નવ માળ ધરાવતું હતું.

સરસ્વતી અને ભારતી એ વિદ્યાદેવીનાં નામ હોઈ ગ્રન્થાલયોને સામાન્ય રીતે 'સરસ્વતી-ભાંડાગાર' કે 'ભારતી-ભાંડાગાર' એવાં નામ અપાતાં. ધારાનરેશ ભોજરાજા વિદ્યાવ્યાસંગી હોઈ તેમના રાજમહેલમાં ગ્રન્થાલય હતું જેને 'सरस्वती–

कण्ठाभरणम्' એવું સૂચક નામ આપેલું હતું. ગુજરાતના માલવવિજય બાદ ઈ. સ. 1140માં ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહના ગ્રન્થભંડારમાં આ ગ્રન્થાલયને ભેળવી દેવામાં આવ્યું હતું. સિદ્ધરાજના અનુગામી રાજા કુમારપાળે 21 ગ્રન્થાલયો સ્થાપ્યાં હતાં. પ્રાચીન અને મધ્યયુગીન ભારતમાંનાં વિવિધ ગ્રન્થાલયોની વિગતોમાં આપણે અહીં ઊતરવાની જરૂર નથી. જૈનોએ વિવિધ સ્થળોએ પુષ્કળ ગ્રન્થભંડારો સ્થાપેલા જેમાંના કેટલાય લાંબા સમય સુધી ગુજરાતનું પાટનગર રહેલા ઉત્તર ગુજરાતના પાટણમાં છે. તેઓ ગ્રન્થાલયોને 'જ્ઞાનભંડાર' કહે છે. મુનિજીએ તેમના પ્રસિદ્ધ લેખના પૃ. 17 ઉપર જગતના મુખ્ય મુખ્ય જ્ઞાનભંડારોની એક સૂચિ આપી છે. આમાંના સૌથી વધારે નામાંકિત છે પાટણનો 'સંઘવીપાડાનો ભંડાર', ખંભાતનો 'શાન્તિનાથ ભંડાર' અને રાજસ્થાનના રણમાં આવેલ જેસલમેર કિલ્લાનો 'જેસલમેર ભંડાર'. આ સર્વ જ્ઞાનભંડારોની માલિકી સામૂહિક હોય છે. કેટલાક અમુક ગચ્છના છે અને બાકીના સમગ્ર સંઘના છે. આ ભંડારોમાં હજારો જૈનેતર ગ્રન્થો પણ સચવાયા છે જેમાંના કેટલાકની તો બીજી હસ્તપ્રતો અન્યત્ર ક્યાંય મળતી ન હોવાથી અદ્વિતીય છે !

હવે આપણે આ બધાં ગ્રન્થાલયોના વ્યવસ્થાતન્ત્રનો ખ્યાલ મેળવીએ. દરેક હસ્તપ્રતને લાકડાના કે પૂંઠાના બે ટુકડાઓની વચ્ચે રાખવામાં આવતી. ઉપરના પૂંઠા ઉપર ગ્રન્થનું નામ, ગ્રન્થકારનું નામ, વિષય-વિભાગ, રચનાસંવત, હસ્તપ્રતની લેખનસંવત, પૂર્ણ કે અપૂર્ણ, ગ્રન્થ (=32 અક્ષરનું એકમ) સંખ્યામાં વિસ્તાર, ભાષા, લિપિ, લહિયાનું નામ (જો આપ્યું હોય તો) વગેરે વિગતો સ્પષ્ટ અક્ષરે લખવામાં આવતી, પછી હસ્તપ્રતને મજબૂત દોરીથી ચુસ્ત રીતે બાંધવામાં આવતી. પછી મજબૂત લાલ રંગના કાપડના વેષ્ટનમાં મૂકી તેને ચુસ્ત રીતે વીંટીને તેના ઉપર વળી મજબૂત દોરી બાંધવામાં આવતી થોડી થોડી હસ્તપ્રતોને એકસાથે - એક બંડલમાં રાખવામાં આવતી, જેને 'પોથી' કહેતા. દરેક પોથીમાં સમાવેલી હસ્તપ્રતોનાં શીર્ષકોની સૂચિ તેમાં જુદી મૂકવામાં આવતી. દરેક હસ્તપ્રત ઉપર બે ક્રમાંક લખાતા – એક તો હસ્તપ્રતનો ક્રમાંક અને બીજો જે પોથીમાં તેનો સમાવેશ કરાયો હોય તે પોથીનો ક્રમાંક. 'પોથી' શબ્દ આપણે ત્યાં હસ્તપ્રતના પર્યાય તરીકે રૂઢ થઈ ગયો છે, પણ તેમાં એક નહિ પણ અનેક હસ્તપ્રતો મૂકેલી હોય છે. મોટી જાડી હસ્તપ્રત હોય તો તેને માટે અલગ 'પોથી' રખાતી અને એ રીતે તે પોથીમાં એક જ હસ્તપ્રત રહેતી. આ પોથીઓને પેટીઓમાં મૂકતા. આ પેટીઓ લાકડાની અથવા કાગળના ડૂચામાંથી બનાવેલી રહેતી. આ પેટીઓને પણ મોટે ભાગે મોટા 'પટારા'ઓમાં રાખવામાં આવતી. આ પટારાઓ ઉપર લોખંડની કે પિત્તળની મજબૂત પટ્ટીઓ જડેલી રહેતી.

તાડપત્રીય હસ્તપ્રતો જુદા જુદા માપની હોય છે, પણ બહુધા કાગળ કરતાં વધારે લાંબી અને પહોળાઈમાં ટૂંકી હોય છે. આથી તાડપત્રની દરેક હસ્તપ્રતને

અલગ અલગ 'પોથી'માં રખાતી. અર્થાત્ દરેક તાડપત્રીય હસ્તપ્રત અલગ 'પોથી' બની જતી. તાડપત્રીય હસ્તપ્રતોનાં ઉપરનીચેનાં સંરક્ષક પૂંઠાં પ્રાયઃ લાકડાનાં જ રાખતા. તાડપત્રો ઉપર બન્ધન માટે કાણાં પાડેલાં હોય તેમાંથી મજબૂત લાંબી દોરી પસાર કરીને તે દોરીને પૂંઠાં સહિતની હસ્તપ્રતની આસપાસ મજબૂત રીતે વીંટાળી દેવાતી. આ લાકડાના પૂંઠાને 'પાટી' કહેતા. મજબૂત કાપડનું વેષ્ટન પાટી સાથેની હસ્તપ્રતને સખત રીતે વીંટાળી રાખતા. વેષ્ટનના એક ખૂણા સાથે મજબૂત સપાટ દોરી બાંધી રાખેલી હોય છે જે આના ઉપર મજબૂત રીતે વીંટી દેવાતી. હસ્તપ્રતો માટેની આ પેટીઓ બહુધા સાગ કે સીસમના લાકડાની બનાવતા. પ્રસંગોપાત્ત આ પાટીઓના ઉપર વિવિધરંગી આકર્ષક ચિત્રો દોરતા. આ ચિત્રો બહુધા પૌરાણિક કથાઓમાંના સરસ ચમત્કારિક પ્રસંગોને આવરી લેતાં. કેટલીક વાર વળી આ પાટીઓ ઉપર ફૂલ, વેલીઓ વગેરેની સુંદર આકર્ષક આકૃતિઓ ચીતરતા, જેને કારણે આપણા પૂર્વજોની રસવૃત્તિનો ખ્યાલ આવી શકે છે. જાડા ટકાઉ કાપડ ઉપર ચોંટાડેલા રેશમનાં હસ્તપ્રતોનાં આવરણો કે વેષ્ટનો પણ તેમની રસવૃત્તિનાં નિદર્શક છે, કારણ કે આ વેષ્ટનો ઉપર પણ સુન્દર વૈવિધ્યપૂર્ણ આકૃતિઓ ચીતરેલી હોય છે તેમજ વિવિધરંગી રેશમી નાના-મોટા ચોરસ ટુકડા કાળજીપૂર્વક જડેલા હોય છે. ઘણી વાર પાન ઉપર 'રિબન' જેવી રેશમી કે સુતરાઉ કાપડની લાંબી સાંકડી મણિજડિત પટ્ટી બાંધેલી હોય છે જેથી તેના મણિને ખસેડીને સરળતાથી વેષ્ટનને બરાબર દબાવી શકાય. હસ્તપ્રતો જેમાં મૂકવામાં આવતી તે પેટીઓ સામાન્ય રીતે લાકડાની અગર ચીકણો પદાર્થ ઉમેરેલા કાગળના ડૂચામાંથી બનાવેલી હોય છે. બહારના ભાગમાં આ પેટીઓને રોગાન લગાડી ચકચકિત કરવામાં આવતી અથવા તો તેને રંગવામાં આવતી. નહિ તો તેના ઉપર મજબૂત કાપડનું આવરણ રખાતું. કેટલીક વાર આવી પેટીઓ ઉપર પણ સુશોભનો કરાતાં અને પૌરાણિક પ્રસંગોનાં ચિત્રો પણ ચીતરાતાં. કેટલીક પેટીઓ તો ઉપર ચામડું મઢેલી પણ જોવા મળે છે.

## (4) વાચકોની કાળજી :

હસ્તપ્રતો વાંચનાર માટેનાં કેટલાંક ધારાધોરણો હતાં તે તરફ મુનિજી આપણું ધ્યાન દોરે છે.

### (અ) સમ્પુટક :

કોઈ હસ્તપ્રતને જમીન ઉપર મૂકી શકાતી નહિ. હસ્તપ્રતને વાંચવા લેવાય ત્યારે 'સાંપડા'માં મૂકવામાં આવતી. 'સાંપડો' (સંસ્કૃત संपुटक) લાકડાની ઘોડી હતી. તેમાં બે પાટિયાં વચ્ચેથી એકબીજાને આંટીને ચોકડી કરતાં રાખવામાં આવે છે, જેમાં નીચેના છેડા તેના પાયા તરીકે રહે છે અને ઉપરના વચ્ચે પુસ્તક ખુલ્લું કરીને મુકાય છે. નાની ઘોડીને सम्पुटिका (ગુજ. સાંપડી) કહે છે અને તેનો ઉપયોગ

નાની હસ્તપ્રત મૂકવા માટે થતો. આ સાંપડા-સાંપડી સારી જાતના લાકડામાંથી બનાવતા. શ્રીમન્તો તો સુખડના લાકડામાંથી બનાવરાવતા અને એના ઉપર કલાત્મક કોતરણી પણ કરાવતા. આજે પણ આવી ઘોડીઓ ખાસ કરીને ધાર્મિક ગ્રન્થો મૂકવા માટે વપરાય છે – ધર્મગુરુઓ વ્યાખ્યાન આપતી વખતે ખુલ્લો ગ્રન્થ આવા સાંપડામાં મૂકે છે.

**(આ) કવળી :**

આ એક પ્રકારનું 'વેષ્ટન' હતું. વાંસની લાંબી, પાતળી, ગોળ સળીઓને પરસ્પર ગૂંથીને બંને બાજુએ રેશમી કે સુંવાળા સુતરાઉ કાપડનું આવરણ રાખીને સીવીને એ બનાવવામાં આવતી. આનાં જૂનાં નામ 'કામલી' અને 'કબલી' હતાં જે સંભવતઃ સંસ્કૃત 'कम्बिकावली' કે 'कम्ब्याली'માંથી ઊતરી આવ્યાં હશે. ખાસ કરીને ચાલુ ઉપયોગમાં હોય એવા ગ્રન્થને આ વેષ્ટનમાં રાખતા. વાંચતાં વાંચતાં ઊઠવાનું થાય ત્યારે હસ્તપ્રતને આ વેષ્ટનમાં રાખતા, જેથી પાનાં ખસી કે સરકી ન જાય. કવળી હોય ત્યારે સામાન્ય રીતે કાપડના વેષ્ટનની જરૂર રહેતી નહિ; છતાં જો એ રાખ્યું હોય, તો તે તો બહારનું–ઉપરનું આવરણ હોઈ આબોહવામાં થતા ફેરફારની અસર સામે રક્ષણ આપતું અંદરનું આવરણ બની રહેતી. જે પાનનું વાચન ચાલતું હોય તે પાનને બહાર લાકડાની પાટી ઉપર રાખતા અને બાકીનાં બધાં પાન કવળીમાં ઢંકાઈ રહેતાં. ચીનાઓ આવાં 'કૅલેન્ડર' — તારીખિયાં બનાવતા અને હવે તો કેટલીક ભારતીય 'કમ્પની'ઓ પણ આવાં સુશોભિત 'કૅલેન્ડરો' બહાર પાડવા લાગી છે. તફાવત એટલો જ છે કે 'કવળી'માં ગૂંથેલી સળીઓને રેશમી કે સુતરાઉ કાપડનું વેષ્ટન હોય છે, જ્યારે આ નવાં તારીખિયાંનાં વેષ્ટનો 'પ્લાસ્ટિક'નાં હોય છે !

**(ઇ) કમ્બિકા :**

ગુજરાતીમાં તેને 'કામ્બી' કહે છે. તે આજની લાકડાની કે પ્લાસ્ટિકની 'ફૂટપટ્ટી' જેવું હાથીદાંત, અકીક, ચન્દન, સાગ વગેરેમાંથી બનાવાતું એક સાધન હતું. સામાન્ય રીતે આપણે હસ્તપ્રત વાંચતા હોઈએ ત્યારે હસ્તપ્રતના પાન ઉપર અંગૂઠો કે આંગળી કે હાથનો કોઈક ભાગ અડે છે. આમ થતાં પરસેવાને લીધે લખાણને નુકસાન થવાનો સંભવ રહે છે. આ અટકાવવા માટે 'કમ્બિકા'ની યોજના સરસ છે. તેને પાન ઉપર મૂકીને તેના ઉપર આપણો અંગૂઠો કે આંગળી મૂકવાથી ડાઘ કે નુકસાન થાય નહિ !

આ રીતે પ્રાચીન કાળમાં વાચકોએ હસ્તપ્રતને કે તેના પાનને ડાઘ ન પડે કે કોઈ પ્રકારનું નુકસાન ન થાય તેની કાળજી રાખવાની રહેતી.

## (5) જન્તુઓ સામે સાવચેતી :

જો હસ્તપ્રતોને લાંબા સમય સુધી તેમના સ્થાનમાંથી બહાર કાઢવામાં ન આવે અને ત્યાં જ પડી રાખવામાં આવે, તો તેમની આસપાસ ધૂળ અને કચરો ભેગાં થઈ જાય તથા હવામાનની પણ તેમના ઉપર અસર થાય. આમાંથી ઊધઈ, કંસારી અને પતંગિયાં જેવી જીવાત ઊભી થાય, જે પાનમાં કાણાં પાડે અને ખાઈ પણ જાય. આવી જીવાતની ઉત્પત્તિ રોકવાના ઉપાય તરીકે વજના ટુકડા હસ્તપ્રતોની પોથીઓમાં કે પેટીઓમાં કે કબાટોનાં ખાનાંમાં મૂકવામાં આવતા અને દર છ માસના અંતરે તે ટુકડા બદલી નાખતા. ટુકડાને બદલે વજના ભૂકાની ઝીણા વસ્ત્રની પોટલીઓ બનાવીને પણ મૂકવામાં આવતી. ભૂકો વધારે અસરકારક ગણાય. પણ આંતરે આંતરે બદલવાની ચીવટ રાખવી જોઈએ. ઉંદર તથા ખિસકોલી સામેના રક્ષણ માટે તો, ઉપર જણાવ્યું તે પ્રમાણે, હસ્તપ્રતોને મજબૂત પેટીઓ અને કબાટોમાં તેમજ લોખંડ કે પિત્તળની ચીપો ચોડેલા મોટા મજબૂત પટારાઓમાં સાચવવામાં આવતી.

લાલ રંગને પરંપરાથી જંતુઓને દૂર રાખનારો ગણવામાં આવ્યો હોવાથી હસ્તપ્રતોનાં વેષ્ટનો મોટે ભાગે લાલ કાપડનાં રાખતા.

## (6) હવામાનના ફેરફાર સામે સાવચેતી :

હવામાનમાં થતા ફેરફારના પ્રભાવને રોકવા માટે જેમાં બહારની હવા પ્રવેશી ન શકે તેવાં ચુસ્ત બારણાંવાળાં કબાટોમાં હસ્તપ્રતોને રાખવામાં આવતી. વળી વર્ષાઋતુમાં સામાન્યતઃ હસ્તપ્રતોને બહાર કાઢવામાં આવતી નહિ; કેમ કે શાહીમાંનો ગુંદર ભેજમાં ઓગળે અને પરિણામે પાનાં એકબીજા સાથે ચોંટી જાય. દેવપૂજનમાં વપરાતો 'ગુલાલ' આ પરિસ્થિતિમાં ઉપયોગી થઈ શકે છે. પાન ઉપર ગુલાલ ચૂર્ણ પાથરી દેવાથી પાન ચોંટી જાય નહિ. જે પાન ચોંટી ગયાં હોય તેમને ખુલ્લામાં ભેજવાળા વાતાવરણમાં, દા. ત., પાણિયારે અથવા ભીનાશવાળાં માટીનાં ખાલી પાત્રોમાં થોડો સમય રાખવામાં આવતાં અને પછી ધીમે ધીમે બહુ કાળજીપૂર્વક જુદાં પાડવામાં આવતાં.

મુનિજીના કહેવા પ્રમાણે, તાડપત્રીય હસ્તપ્રતોનાં પાન ચોંટી ગયાં હોય તો પાણીનીતરતું ભીનું સ્વચ્છ કપડું હસ્તપ્રતની આસપાસ વીંટી રાખવું. જ્યારે પાનાંમાં ભીનાશ અને ઠંડક આવે, ત્યારે ધીમે ધીમે ધીરજપૂર્વક તેમને જુદાં પાડવાં. તાડપત્રો માટેની શાહી પાકા રંગની હોવાથી આ રીતથી લખાણ બગડશે નહિ. છતાં તાડપત્રની ઝીણી સુંદર છાલ આ પ્રક્રિયા દરમિયાન તૂટી ન જાય તેની કાળજી રાખવી જોઈએ.

આ પ્રક્રિયાને પરિણામે પાન નબળાં પડી જાય અને તેમનું ટકાઉપણું ઓછું તો થાય જ. આથી કેટલાંક રસાયણોના ઉપયોગ દ્વારા હસ્તપ્રતોના સંરક્ષણની

આધુનિક પદ્ધતિ જ અપનાવવી સલાહભર્યું છે.

મારા સદગત મિત્ર ડૉ. આર. એન. મહેતા પુરાવસ્તુવિદ્યા (Archaeology) અને સંગ્રહાલયવિદ્યા(Museology)ના પ્રતિષ્ઠિત નિષ્ણાત હતા. આ વ્યાખ્યાનો તૈયાર કરાતાં હતાં ત્યારે તેમણે તેમના 'સંગ્રહાલયવિદ્યા' નામના ગ્રન્થની 'પ્રેસકૉપી' તૈયાર કરેલી. તેની તેમની પોતાની હસ્તલિખિત નકલ તેમણે મારા ઉપયોગ માટે ધીરેલી, જેને તેમણે મારું કામ પતે ત્યાં સુધી રાખવા દીધેલી, જેને માટે હું તેમનો અત્યન્ત ઋણી છું. તેમના ગ્રન્થના પાંચમા પ્રકરણમાં હસ્તપ્રતોના સંરક્ષણ માટેની આધુનિક પદ્ધતિ વિગતે દર્શાવી છે. તેના આધારે જ મેં આ મહત્વપૂર્ણ વિષયની ચર્ચા મારા આ વ્યાખ્યાનમાં કરી છે.

શિલાલેખો અને તામ્રપત્રોને પણ 'હસ્તપ્રતો'માં સમાવાતાં હોવાથી આ વિષયની ચર્ચાનો પ્રારંભ આપણે 'પથ્થર-શિલા'થી જ કરીશું.

## (7) હસ્તપ્રતોની જાળવણી માટે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિ :

**(1) પથ્થર :**

(અ) કાટ કે સડો દૂર કરવા માટે પથ્થરના પદાર્થોને થોડો સમય વહેતા પાણીમાં બોળી રાખવા. મોટી શિલાઓની બાબતમાં તેની ઉપર અને નીચે રેતી ફેલાવી દેવી અને પછી પાણીનો છંટકાવ કરવો. સુકાઈ જાય ત્યારે કાટ કે સડો રેતીને ચોંટી જશે. એથીયે વધારે વજનદાર શિલાઓ હોય, તો સ્વચ્છ કાગળના ડૂચાનો ભીનો માવો તેના ઉપર લગાડી દેવો, જે કાટને ખેંચી લેશે. વાતાવરણની અસર સામે રક્ષણ આપવા માટે 2% સેલ્યુલોઇડ-ઇન-એસિટોન (Celluloid-in-Acetone) લગાડવું.

(આ) આરસને વર્ષમાં એક વાર સાફ કરવો જોઈએ. નરમ સાબુ (Soft Soap, BP) 10 ગ્રામ, પાણી (Water) 10 સી.સી. અને એમોનિયા (Ammonia) (0.880) 1 સી.સી.ના દ્રાવણમાં સ્વચ્છ કપડાનો ટુકડો પલાળીને તેનાથી હળવે હાથે આરસને સાફ કરવો અને પછી નરમ કપડા વડે લૂછી નાખવું.

(ઇ) વાસણો (Terra-Cotta) તથા ઈંટો(Bricks)ને રક્ષણ આપવા માટે સેલ્યુલોઇડ-ઇન-એસિટોન (Celluloid-in-Acetone)નું આચ્છાદન પૂરતું છે.

**(2) તામ્રપત્રો :**

તાંબા માટે તો કાટ રક્ષક જ છે, તેથી તેને દૂર કરવાની જરૂર નથી. ધૂળ અને ચીકાશ દૂર કર્યા પછી તાંબાને બેન્ઝોલ (Benzol) વડે સાફ કરી શકાય અને, જો જરૂર લાગે તો, શુદ્ધ કરેલા પાણી(Distilled water)માં ઝબોળવું.

### (3) તાડપત્રીય હસ્તપ્રતો :

(અ) સૂકું હવામાન, ગરમી, સૂર્યપ્રકાશ, ફૂગ, જંતુઓ, સલ્ફર ડાયોક્સાઇડ (Sulpur Dioxide), કારખાનાનો ગંધકયુક્ત હાઇડ્રોજન વાયુ (Sulphurated Hydrogen gases) તેમજ 75 % ભેજ સાથેનું ઉનાળાનું 30.7O C જેટલું ઉષ્ણતામાન તાડપત્રોને નુકસાનકારક છે.

(આ) નાજુક પીંછી-બ્રશ અથવા તો રેશમી કપડા વડે સાફ કરીને આઇસોપ્રોપાઇલ આલ્કોહૉલ (Isopropyl Alcohol) તથા ટૉલ્યુઇન (Toluene) વડે ધૂળ અને ચીકાશ દૂર કરાય. ઍસિડ(Acid)ની અસર દૂર કરવા માટે બેરિયમ હાઇડ્રૉક્સાઇડ (Barium Hudroxide) તથા મિથાઇલ આલ્કોહૉલ(Methyl Alcohol)નાં દ્રાવણોથી સાફ કરવું.

(ઇ) જો તાડપત્ર તૂટી ગયું હોય, તો ઉપર પ્રમાણે સાફ કર્યા પછી તેના બધા ટુકડાને બરાબર ગોઠવીને પોલિમિથાઇલ મિથાક્રાઇલેટ (Polymethyl Methacrylate)નાં સમાન માપનાં બે પાનાં વચ્ચે મૂકી દેવાં. આ પાનાંની બંને બાજુએ એસિટોન (Acetone) લગાડવાથી તેમાં નરમાશ આવશે. પછી ધાતુનાં બે પાતળાં પતરાં વચ્ચે દબાવીને રાખો. પછી Mકોઈક વિદ્યુત્ સાધનમાં 27O C જેટલી ગરમીમાં બે મિનિટ રાખો. આથી તેમાં મજબૂતાઈ આવશે.

(ઈ) તાડપત્રો ઉપર જંતુઓની અસર થઈ હોય, તો પૅરા-ડાઇ-ક્લોરો-બેન્ઝિન (Para-di-Chloro-Benzene)ના ધુમાડાથી સાફ કરાય. આ વખતે 68 % ભેજ હોય તો ઉત્તમ પરિણામ આવે. પોટૅશિયમ-ડાઇ-ક્લોરોમેટ(Potassium-di-Chloromate)ના દ્રાવણનો ઉપયોગ પણ આ માટે કરી શકાય.

(ઉ) તાડપત્રો પરસ્પર ચોંટી ગયાં હોય, તો તેમને એક 'વૅક્યૂમ ડેસિકેટર' (Vacuum desiccator)માં પોટૅશિયમ કાર્બોનેટ(Potassium Carbonate)ના દ્રાવણ સાથે મૂકવાં. આમ છતાં જો છૂટાં ન પડે, તો તો તેમને ડિસ્ટિલ્ડ સ્પિરિટ (Distilled Spirit) તથા ડિસ્ટિલ્ડ વૉટર (Distilled Water)ના 3:1ના પ્રમાણનાં દ્રાવણમાં મૂકવાં. પાન છૂટાં પડ્યા પછી પોલિવિનાઇલ એસિટેટ (Polyvinyl Acetate) વડે બ્રશથી વારંવાર સાફ કરવાં. સંરક્ષણ માટે આ જરૂરી છે.

(ઊ) વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં અમે દરેક પાનની બંને બાજુએ થોડા થોડા સમયના અંતરે નરમ પીંછી-બ્રશ વડે સિટ્રોનેલા ઑઇલ (Citronella Oil) લગાડતા અને તેનું સારું પરિણામ આવતું. આનાથી દરેક તાડપત્રને ચળકાટ તેમજ લાંબું આયુષ્ય મળે છે.

(ઋ) આશરે 29O C ઉષ્ણતામાનમાં 70 % ભેજ એ તાડપત્રોની સુરક્ષા માટે બરાબર અનુકૂળ હવામાન છે. પૅરા-ડાઇ-ક્લોરો-બેન્ઝીન (Para-di-Chloro-Ben-

zene) તથા નૅપ્થેલીન (Naphthalene) જંતુઓને દૂર રાખે છે. આમ છતાં સમયે સમયે નિરીક્ષણ કરવું સલાહભર્યું છે.

(4) કાગળની હસ્તપ્રતોની જાળવણી :

(અ) કાગળની હસ્તપ્રતોને જાળવવાનો ઉત્તમ ઉપાય તો સાનુકૂળ શુદ્ધ હવામાનમાં રાખવી અને અવારનવાર નિરીક્ષણ કરવું તે જ છે.

(આ) પાન ઉપર ગડી કે કરચલી પડી ગઈ હોય તો આલ્કોહૉલ (alcohol) અને શુદ્ધ કરેલા પાણી(distilled water)નું 1:1 પ્રમાણનું દ્રાવણ ચોખ્ખી વાદળી (sponge) વડે દરેક પાન ઉપર લગાડવાનું અને પછી દરેક પાનને બે શાહીચૂસ(blotting paper)ની વચ્ચે થોડો સમય મૂકી રાખવાનું. પછી હળવા હાથે ધીમે ધીમે કાગળને સીધો કરવો અને તેના ઉપર ઇસ્ત્રી ફેરવવી.

(ઇ) ઘસાઈ ગયેલા પાનને પહેલાં મજબૂતાઈ આપવી જોઈએ. તે માટે સેલ્યુલોઝ એસિટેટ(cellulose acetate)નો પાતળો ટુકડો એના ઉપર મૂકીને તેના ઉપર એસિટોન (acetone) લગાડવું. પરિણામે તે ઓગળીને કાગળમાં ભળી જશે. આથી કાગળ મજબૂત બનશે.

પહેલાં સેલ્યુલોઝ એસિટેટ (cellulose acetate) ભારતમાં બનાવાતું ન હતું. આથી વડોદરાના સંગ્રહાલયે તેવાં શીટ (sheet) બનાવવાનો સફળ પ્રયોગ કરેલો. વિનાઇલ (vinyl) અને એક્રિલેટ (acrylate) ભેગાં કરીને એસિટોન (acetone) દ્વારા તેને કાગળમાં ભેળવી દેવાનો એ સફળ પ્રયોગ હતો.

(ઈ) આ પ્રક્રિયા કરતાં પહેલાં બધા ડાઘ દૂર કરવા માટે કાગળને બૅરિયમ હાઇડ્રૉક્સાઇડ (barium hydroxide) અને મિથાઇલ આલ્કોહૉલ (methyl alcohol)ના હળવા દ્રાવણમાં ઝબોળીને સુકાવા દેવાનો.

(ઉ) બેન્ઝીન (benzene) અને ટૉલ્યુઈન (toluene) લગાડવાથી તેલિયા ડાઘ દૂર થાય છે અને કાર્બન ટેટ્રા ક્લોરાઇડ (carbon tetrachloride) લગાડવાથી મીણિયા ડાઘ દૂર થાય છે.

(ઊ) ધૂળ, પાણી, માખી, શાહી, માટી (mould) અને કાગળની અંદર જ થયેલ રાસાયણિક પરિવર્તનોના ડાઘ દૂર કરવા માટે આ પ્રમાણે કરવું : ક્લોરોમાઇન-ટી (chloromine — T) (10 ગ્રામ, શુદ્ધ કરેલું પાણી (distilled water) (25 મિલિ.) અને મિથાઇલ આલ્કોહૉલ (methyl alcohol) (500 મિલિ.)નું દ્રાવણ એક છીછરી 'ફોટોગ્રાફિક ટ્રે'માં નાખી કાગળને તેમાં ડુબાડીને આ ટ્રે ઉપર કાચનું ઢાંકણ ઢાંકી દેવું. પાંચ કલાક સુધી આમ રહેવા દેવું. પછી કાગળને તેમાંથી કાઢીને 50 % મિથાઇલ આલ્કોહૉલ (methyl alcohol)માં નાખી શુદ્ધ કરવો અને પછી સુકાવા દેવો. છેવટે મિથાક્રાઇલેટ-ઇન-ટૉલ્યુઇન (methacrylate-in-toluene)નું 0.7 %

દ્રાવણ અનેક વાર લગાડવાથી કાગળ સંપૂર્ણતયા શુદ્ધ થઈ જાય છે.

(ઋ) જો પાન ચોંટી ગયાં હોય, તો તેને મિથાઇલ આલ્કોહૉલ (methyl alchhol) તથા શુદ્ધ કરેલા પાણી (distilled water)ના 3:1 પ્રમાણવાળા દ્રાવણમાં ડુબાડીને બહાર કાઢીને સોય જેવા ઝીણા ઉપકરણ વડે આ કાગળોને ખૂબ કાળજીપૂર્વક છૂટા કરવા.

(એ) ખાસ બનાવટની હવા-ચુસ્ત 'ફ્યૂમિગેશન ચેમ્બર' (fumigation chamber) હોય છે. તેમાં ઉપરની છાજલીમાં હસ્તપ્રતો ખુલ્લી કરીને પ્રસરાવવામાં આવે છે. છાજલીઓ જાળીવાળી હોય છે. તેની નીચેના ભાગમાં કેટલાંક રસાયણો મૂકવામાં આવે છે, જેને નીચેથી ગરમી આપવામાં આવે છે. રસાયણો મૂકીને 'ચેંબર'નું દ્વાર બંધ કરવામાં આવે છે. 'રસાયણો'માંથી નીકળતો ઝેરી ધુમાડો જન્તુઓનો નાશ કરે છે. ખાસ કરીને કાગળની હસ્તપ્રતો અને પુસ્તકો વગેરે માટે, આ માટે અજમાનાં ફૂલ - 'થાઈમૉલ' (thymol) સૌથી વધારે અસરકારક મનાય છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે 'થાઈમૉલ' તાડપત્રો, તૈલચિત્રો વગેરે માટે હાનિકારક છે. વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં અમે નિયમિત રીતે કાગળની હસ્તપ્રતોને આવો ધુમાડો (fumes) આપતા.

## (5) કાગળની સચિત્ર હસ્તપ્રતો તેમજ રંગીન ચિત્રોની જાળવણી :

(અ) સચિત્ર પ્રતો તથા છૂટાં ચિત્રોની જાળવણીની ઉત્તમ રીત તો પ્રારંભથી જ કાળજી રાખવી તે જ છે.

(આ) સેલ્યુલોઝ(cellulose)નું ચૂર્ણ તેમજ ક્લોરોમાઇન-ટી (chloromine—T) (2 ગ્રામ) તથા શુદ્ધ પાણી (distilled water) (90 મિલિ.) ભેગાં કરીને બનાવેલો માવો ચિત્રમાંના ડાઘ ઉપર લગાડવો; પરન્તુ રંગ ઊખડી જતો નથી તેની ખાતરી કરવા માટે આ પહેલાં ટૉલ્યુઇન (toluene) અને એસિટોન (acetone) 2:1ના પ્રમાણમાં લઈ તેમાં પોલિ વિનાઇલ એસિટેટ (polyvinyl acetate) (0.8)નું ચૂર્ણ નાખી હળવું (dilute) દ્રાવણ બનાવી તે લગાડી દેવું. ડાઘ દૂર કરવાની આ પ્રક્રિયા 190થી 20 મિનિટ જેટલું ચાલશે. કેટલીક વાર આ પ્રક્રિયા બે-ત્રણ વાર પણ કરવી પડે. માવો દૂર કર્યા પછી ભીના કાગળને ગરમ હવામાં સુકાવા દેવો. આ માટે વાળ સૂકવનાર સાધન 'હેઅર-ડ્રાયર' પણ વાપરી શકાય.

(ઇ) જો ચિત્રના મોટા ભાગમાં ઘણા ડાઘ હોય, તો એ આખા ચિત્રને જ ક્લોરોમાઇન-ટી (chloromine—T) (10 ગ્રામ), શુદ્ધ પાણી (distilled water) (25 મિલિ.) તથા ઍબ્સોલ્યૂટ આલ્કોહૉલ (absolute alcohol)ના દ્રાવણમાં 'ફોટોગ્રાફિક ટ્રે'ની અંદર નાખીને તેના ઉપર 5 કલાક સુધી કાચ ઢાંકી રાખવો. તે પછી તે કાગળને 60% મિથાઇલ આલ્કોહૉલથી ધોઈને સૂકવી દેવો.

(ઈ) જો ચિત્રના કાગળ ઉપર ઊધઈ કે બીજાં જીવડાં હોય, તો તેને કાર્બન-ડાઇ-સલ્ફાઇડ (carbon-di-dulphide) વડે જન્તુમુક્ત કરીને બરાબર સાફ કરી નાખવો. ચિત્રની પાછળની બાજુના કાગળને સાધારણ ગરમ પાણીથી પોચો પાડીને પછી હલકા હાથે દૂર કરવો. ચિત્રને સારી જાતના ઝીણા કાગળ વડે ઢાંકીને નવો સારો કાગળ પાછળ ચોંટાડી દેવો. જો ચિત્રમાં કાણાં પડ્યાં હોય, તો તે ઉચિત રંગ દીધેલા મીણથી પૂરી દેવાં. છેલ્લે પોલિમિથાઇલ મિથાક્રાઇલેટ (polymethyle methacrylate) અને ટૉલ્યુન(toluene)ના હળવા દ્રાવણ દ્વારા તેને રક્ષણ પૂરું પાડવું.

(ઉ) જો ગડી કે કરચલી પડી ગઈ હોય, તો ચિત્રવાળી બાજુ એક કાચના સપાટ ટુકડા ઉપર પાથરેલા 'બટર-પેપર' ઉપર મૂકવી, ચિત્રની પાછળના કાગળને ભીનો કરીને તેના ઉપરનો ગુંદર દૂર કરવો અને પછી હળવેથી બહુ કાળજીપૂર્વક કાગળને સીધો કરવો અને તેના ઉપર સાધારણ ગરમ ઇસ્ત્રી દબાવીને ફેરવી લેવી. જો કાગળ બગડેલો લાગે તો તેને ઉપર દર્શાવ્યા પ્રમાણે દૂર કરીને તેની સાથે બીજો સારો કાગળ મૂકી દેવો. રોગાન (varnish) પીળો પડી ગયો હોય તો તેને મિથનોલ (methnol) તથા બેન્ઝીન(benzene)ના 3:1ના પ્રમાણના દ્રાવણ વડે સાફ કરી લેવો. આ માટે ઍબ્સોલ્યૂટ આલ્કોહૉલ (absolute alcohol) પણ યોજી શકાય.

(ઊ) જો ચિત્ર ફાટી ગયું હોય, તો મોટા ભાગે રંગમાંના તેજાબ-ઍસિડ-ને કારણે હોય. આ તેજાબને 'ફ્યૂમિગેશન ચેમ્બર'માં મૂકી એમોનિયાનો ધૂમ (flames) આપીને દૂર કરી શકાય છે. પછી ચિત્રના જુદા જુદા ભાગો યોગ્ય રીતે ગોઠવીને તેની પાછળના કાગળને ઉપર દર્શાવ્યું છે તે પ્રમાણે વધારે મજબૂતી આપવી.

(ઋ) જો ચિત્ર 'ફ્રેમ'ના કાચ સાથે ચોંટી ગયું હોય, તો તેને 70 % ઍબ્સોલ્યૂટ આલ્કોહૉલ (absolute alcohol)માં ડુબાડીને 18 કલાક સુધી રાખવું. આથી તે છૂટું પડી જશે. ચિત્રના સંરક્ષણ માટે 0.7 % પોલિમિથાઇલ મિથાક્રાઇલેટ (polymethyl methacrylate) અને ટૉલ્યુઇન(toluene)નું દ્રાવણ તેના ઉપર લગાડી દેવું.

## (6) ભોજપત્રની હસ્તપ્રતોની જાળવણી :

(અ) ભૂર્જપત્રનાં પાનાં બહુ નાજુક, બટકણિયાં હોવાથી તેને સ્પર્શવામાં બહુ કાળજી રાખવી જોઈએ.

(આ) ભૂર્જપત્રનો વીંટો હોય, તો તેને લગભગ કલાક સુધી ભીનો સફેદ શાહીચૂસ કાગળ (blotting paper) વીંટી રાખવો. આમ કરવાથી વીંટાનો ઉપરનો ભાગ પોચો પડી જશે અને તેથી તેને સરળતાથી ઉકેલી શકાશે. આ રીતે ખુલ્લો થયેલો ભાગ એક સપાટ કાચ ઉપર કોરા 'બ્લૉટિંગ પેપર' નીચે દબાવવો અને વળી થોડો ભાગ ભીનો સફેદ શાહીચૂસથી વીંટવાથી ખુલ્લો કરાશે. તે પણ કોરા સફેદ

શાહીચૂસ કાગળ નીચે કોરો પાડવા દબાવવો. આ પ્રક્રિયા વડે આખો વીંટો ખુલ્લો થઈ શકશે. કોરા શાહીચૂસને વચ્ચે વચ્ચે બદલતા રહેવું જેથી વીંટાનો ભીનો ભાગ કોરો પાડવામાં ઝડપ થાય.

(ઇ) આવી રીતે સૂકવેલ ભોજપત્ર ઉપર થાઈમૉલ (thymol)માં બોળેલા શાહીચૂસ મૂકવા, જેથી ફૂગ વગેરેની ઉત્પત્તિને સ્થાન રહે નહિ. ત્યાર પછી ભૂર્જપત્રોને સપાટ કાચ કે એવી કોઈ વસ્તુઓ વચ્ચે મૂકવાં.

(ઈ) અન્ય સુરક્ષા-પ્રક્રિયાઓ કાગળની હસ્તપ્રતોના જેવી જ છે.

## (7) કાપડની જાળવણી :

(અ) સામાન્ય રીતે સ્વચ્છ કાપડ લાંબા વખત સુધી ટકી શકે છે. પરન્તુ ગરમી, પ્રકાશનાં અમુક કિરણો, હવામાંનો સલ્ફર ડાયૉક્સાઇડ (sulphur di-oxide) તથા લોખંડના કાટથી કાપડ ખરાબ થાય છે.

(આ) રેશમી અને ઊની કાપડમાં રૂના કાપડ કરતાં વધારે જલદી જીવડાં પડે છે.

(ઇ) તેમની સુરક્ષા માટે સારામાં સારો રસ્તો અવારનવાર તપાસતા રહેવું અને ગરમી આપવી તે જ છે. સાવ સૂકું હોય ત્યારે આવા કાપડને 'પોલિથીન'(polythene)ની કોથળીમાં રાખવું અથવા કાગળ વીંટી રાખવો.

(ઈ) જીવડાં ન પડે એટલા માટે રેશમી અને ઊની કાપડ સાથે કપૂર (camphor), 'નૅફ્થેલીન' (naphthalene) અને 'ડાઇક્લોરો-બેન્ઝીન' (di-chloro-benzene) જેવાં જંતુનાશકો રાખવાં.

(ઉ) પહેલાં તો હવાના પંપ (air-pump) દ્વારા ધૂળ દૂર કરવી જોઈએ. પછી જંતુઓનાં રહેઠાણ ઊભાં થયાં હોય, તો કાળજીપૂર્વક ચપ્પુ કે ચીપિયા વડે કાઢી લેવાં.

(ઊ) જૂનું કાપડ મોટે ભાગે સરળતાથી ફાટી જાય એવું હોય. તેને બને ત્યાં સુધી ધોવું નહિ. વહેતા પાણીમાં ધોવું સલાહભર્યું છે. તેમાંયે ધોવા માટે સામાન્ય સાબુ કરતાં અરીઠા વધારે સારા. પણ એ પહેલાં જો રંગીન હોય તો રંગ પાકો છે તેની ખાતરી કરી લેવી જોઈએ. વળી ઘણી વાર સોનેરી ને રૂપેરી તારનું સુશોભન પણ કરેલું હોય છે. ધોવામાં ઘસવાનું ને મસળવાનું નહિ થવું જોઈએ.

(ઋ) તેલિયા ડાઘ હોય તો તેને ટ્રાઇક્લોરેથિલિન (trichlorathilyn) અથવા 'સ્પિરિટ' (spirit)થી દૂર કરી શકાય.

(ઔ) કાટના ડાઘ કાઢવા મોટે 1 % ઑક્ઝેલિક ઍસિડ (oxalic acid), 0.5 % એસેટિક ઍસિડ (acetic acid) અને પાણીનું દ્રાવણ લગાડી શકાય અથવા 1 :

3ના પ્રમાણમાં હાઇડ્રોક્લોરિક ઍસિડ (hydrochloric acid) તથા પાણીનું દ્રાવણ પણ લગાડી શકાય. હાઇડ્રોક્લોરિક ઍસિડનો ઉપયોગ રબરનાં મોજાં (rubber gloves) પહેર્યા વિના ન કરવો.

(ઐ) લાલ શાહીના ડાઘ કાઢવા માટે પાણી, મેથિલેટેડ સ્પિરિટ (methylated spirit) અને 0.1 % એમોનિયા (ammonia)નું દ્રાવણ લગાડવું.

(ઓ) ભૂરી શાહીના ડાઘ હાઇડ્રોજન પેરૉક્સાઇડ (hydrogen peroxide) અને એમોનિયા(ammonia)ના દ્રાવણથી દૂર થાય.

(ઔ) તૈલી રંગોના ડાઘ ઓક્ઝેલિક ઍસિડ (oxalic acid) અને પાણીથી દૂર થાય. જૂના ડાઘ કાઢવા માટે મોર્ફોલીન (morpholine) અને પાણી કે પાઇરિડાઇન (pyridine) યોજવાં.

(અં) સીવવા તથા તૂણવા માટે માત્ર ટેરિલીન (terylene)ના રેસા જ વાપરવા.

આવાં રસાયણોનો ઉપયોગ કરવાનો હોય ત્યારે હમેશાં યોગ્ય પ્રયોગશાળા-‘લૅબોરેટરી’ (laboratory) કે કોઈ મોટા સંગ્રહાલયના અનુભવી ‘કેમિસ્ટ’ની મદદ લેવી એ સલાહભર્યું છે.

આ રીતે બધા પ્રકારની પ્રાચીન હસ્તપ્રતોને સર્વ શક્ય રીતે કાળજીપૂર્વક જાળવવી જોઈએ.

❐

# 8. પાઠ-સમીક્ષા : ભ્રષ્ટ પાઠો

## 1. પ્રાસ્તાવિક :

આપણે જાણીએ છીએ કે પ્રાચીન કાળમાં અને મધ્યયુગમાં આપણે ત્યાં ગ્રન્થોની પ્રતો (copies) તૈયાર કરવાની કોઈ યાન્ત્રિક સગવડો હતી નહિ. ગ્રન્થના પ્રકાશનનો એક જ માર્ગ હતો કે 'પ્રથમાદર્શ'ની હસ્તપ્રતો કાં તો કર્તા અથવા તો તેના શિષ્યો દ્વારા હાથે લખીને તૈયાર કરવામાં આવે. 'પ્રથમાદર્શ'ની આ હસ્તપ્રતો જરૂરી નકલો તૈયાર કરવા માટે લહિયાઓને સોંપાતી. આમ તૈયાર થયેલી હસ્તપ્રતોને ગ્રન્થાલયો અને શિક્ષણકેન્દ્રો જેવી સંસ્થાઓમાં મોકલી આપવામાં આવતી. એટલું જ નહિ, પણ વિદ્વાનોને પણ મોકલી અપાતી. આ હસ્તપ્રતોનું વિવિધ સ્થળોના વિદ્વાનોના ઉપયોગ માટે અન્ય લિપિઓમાં લિપ્યન્તર પણ પ્રસંગોપાત્ત કરાતું. આ લિપ્યન્તરિત હસ્તપ્રતોની નકલો પણ પ્રસંગે પ્રસંગે જુદે જુદે સ્થળે કરાતી.

માનવમાત્ર ભૂલને પાત્ર છે. આથી હસ્તપ્રતોની આ પ્રતિલિપિની લાંબી પ્રક્રિયા દરમિયાન સ્વાભાવિક રીતે મૂળ પાઠમાં અનેક પ્રકારની ભૂલો-ક્ષતિઓ ઘૂસી જઈ શકે. ગ્રન્થકારો પોતે પણ પોતાના પ્રથમાદર્શના લખાણમાં ભૂલો કરી બેસે અને પછીથી તેમાં સુધારાવધારા કરે. નિયુક્ત સુધારકો પણ ફેરફાર કરે. આવા બધા ફેરફારો કાં તો હાંસિયામાં અગર તો પંક્તિઓની વચ્ચે પણ લખાતા. વાચકો પણ કેટલીક વાર શબ્દાર્થ તથા વિવરણ હાંસિયામાં નોંધી લેતા. જ્યારે આવી હસ્તપ્રતો નકલો કરવા માટે આપવામાં આવે ત્યારે ક્વચિત્ લહિયા પણ આ બધાં હાંસિયાનાં તેમજ પંક્તિઓ વચ્ચેનાં લખાણોને પોતે તૈયાર કરતા હોય તે હસ્તપ્રતોમાં સળંગ પાઠમાં જ સમાવી લેતા હોય છે. કેટલીક વાર વળી લહિયાને આમાંથી પોતાની પસંદગીનો પાઠ લખવાની તક મળે !

મુદ્રણની સગવડો ઊભી થયા પછી સરળતાથી પ્રાપ્ય એકાદ-બે હસ્તપ્રતોને આધારે ગ્રન્થો સંપાદિત અને પ્રકાશિત થવા લાગ્યા. કેટલીક વાર એકનો એક ગ્રન્થ

અનેક સ્થળેથી પ્રકાશિત થતો. આમ પ્રકાશિત થયેલી જુદી જુદી વાચનાઓમાં પાઠાન્તરો ઠેરઠેર આવે તેથી વાચક આમાંથી મૂળ ગ્રન્થકારે કયો પાઠ લખેલો હશે તે વિષે મૂંઝવણ અનુભવે છે.

ગ્રન્થની સર્વ ઉપલબ્ધ હસ્તપ્રતોનો અભ્યાસ કરીને તેને આધારે મૂળ કર્તાના પાઠની નજીકમાં નજીકનો પાઠ તૈયાર કરવાની એક પદ્ધતિ કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ ઘડી કાઢી છે. આવી રીતે તૈયાર થયેલ પાઠને અંગ્રેજીમાં 'UR-TEXT' (ઉર્-ટેક્સ્ટ) કહે છે. આવી રીતે તૈયાર થયેલ સંપાદિત ગ્રન્થને 'Critical Edition' ('ક્રિટિકલ એડિશન') કહે છે. આપણે તેને 'સમીક્ષિત આવૃત્તિ' કહી શકીએ.

ભારતીય વિદ્વાનોએ આપણા ગ્રન્થોને અનુરૂપ રીતે આનાં કેટલાંક ધારાધોરણોમાં સુધારા કર્યા છે અને એ પ્રમાણે કેટલાક ઉત્કૃષ્ટ પ્રાચીન ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિઓ પણ પ્રકાશિત થઈ છે. દા. ત., જેના માટે 'ઇતિહાસ' શબ્દ પ્રયોજાયો છે તેવાં આપણાં બંને પ્રાચીન મહાકાવ્યોની સમીક્ષિત આવૃત્તિઓ થઈ છે. પ્રથમ 'મહાભારત'ની સમીક્ષિત આવૃત્તિ પુણેના સુપ્રસિદ્ધ ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે 47 વર્ષના સાંઘિક કાર્યના પરિપાક રૂપે પ્રસિદ્ધ કરી અને પછી તેવા જ વડોદરાના ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટે — પ્રાચ્યવિદ્યા મન્દિરે — 25 વર્ષના સાંઘિક પરિશ્રમ પછી આદિકાવ્ય વાલ્મીકીય 'રામાયણ'ની સમીક્ષિત આવૃત્તિ પ્રસિદ્ધ કરી છે અને તે પછી પ્રાચીનતમ પુરાણોમાંના અગ્રિમ 'વિષ્ણુપુરાણ'ની પણ પ્રકાશિત કરી છે; અને 'માર્કંડેય પુરાણ'ની તૈયાર થઈ ગઈ છે. આ સમગ્ર પ્રક્રિયાને સમજવાનો પ્રયત્ન આપણે આ અને તે પછીનાં બે વ્યાખ્યાનોમાં કરીશું, જેથી સંસ્કૃત-પ્રાકૃત-પાલિ ઉપરાન્ત પ્રાદેશિક ભાષાઓના ઉત્કૃષ્ટ ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાની પાત્રતા પ્રાપ્ત કરી શકીએ.

## 2. હસ્તલિખિત ગ્રન્થોના પ્રકાર :

પ્રાચીન અને મધ્યયુગીન ગ્રન્થો ત્રણ પ્રકારની હસ્તપ્રતોમાં સચવાયેલા મળે છે :

| | |
|---|---|
| (1) | ઑટોગ્રાફ (autograph) : કર્તાના પોતાના હસ્તાક્ષરમાં અથવા કર્તાની સૂચનાથી તેની હયાતીમાં તેના શિષ્યાદિએ લખેલ; |
| (2) | 'પ્રથમાદર્શ'ની સીધી નકલો; અને |
| (3) | નકલોની નકલો, એની નકલો, એનીયે નકલો... એમ પરંપરામાં લખાયેલ હસ્તપ્રતો. |

(1) જો 'પ્રથમાદર્શ' ઉપલબ્ધ હોય, તો તો સમીક્ષિત આવૃત્તિના સમ્પાદકનું કામ બહુ સરળ બની જાય; કેમ કે તેને તો મૂળ કર્તાને અભિપ્રેત પાઠ શોધી કાઢવાનો

છે. (2) બીજા પ્રકારની હસ્તપ્રતો હોય તો મૂળ પાઠમાં થોડા ફેરફાર થયેલા મળે અને એ રીતે સમ્પાદકનું કામ બહુ અઘરું ન ગણાય. (3) પરન્તુ બહુ મોટા ભાગના ગ્રન્થો તો ત્રીજા પ્રકારની હસ્તપ્રતોમાં જ સચવાયેલા મળે છે. નકલોની નકલોની નકલોની નકલો એવી લાંબી પ્રતિલિપિ પરંપરાવાળી હસ્તપ્રતો. જેમ આ પરંપરા લાંબી તેમ કર્તાના પાઠથી વધારે ને વધારે અન્તર પડી જાય. આથી વિવિધ પ્રકારના પાઠભેદો ખૂબ વધી જાય અને સમ્પાદનનું કાર્ય અધિક ને અધિક મુશ્કેલ બની રહે.

મૂળ પાઠને ઉતારવાની આ પરંપરા બે પ્રકારની હોઈ શકે : (1) અનુજ્ઞા પ્રાપ્ત કે રક્ષિત : કર્તા, તેનો પ્રતિનિધિ અથવા કોઈ સંસ્થા કે ગ્રન્થાલયના અધિકારીઓના માર્ગદર્શન તેમજ નિરીક્ષણ નીચે પ્રતો તૈયાર થાય. (2) અનનુજ્ઞાપ્રાપ્ત કે અરક્ષિત : ખાનગી રીતે, કોઈની દેખરેખ વિના, નકલો કરાતી હોય. આમાં લહિયા પણ એટલા કાળજીવાળા ન પણ હોય. એક લહિયો મોટેથી વાંચે અને બીજો લખે એ રીતે તૈયાર થતી હસ્તપ્રતો પણ આ બીજા પ્રકારમાં આવે, કારણ કે કેટલીક વાર બોલનારના ઉચ્ચારણને લખનાર ખોટી રીતે સમજે અને એ રીતે અહીંતહીં ખોટી રીતે લખાય એ અશક્ય નથી. કેટલીક વાર તો સમજાય જ નહિ એવા પાઠો જોવા મળે છે ! પ્રથમ પ્રકારની હસ્તપ્રતોમાં બીજા પ્રકારની હસ્તપ્રતો કરતાં ઓછા આવા ભ્રષ્ટ પાઠો મળે.

મોટા ભાગના 'પ્રથમાદર્શો' અનેક કારણોથી કાળના વહનમાં નષ્ટ થયા હોય છે અને તેમની સીધી નકલો પણ નાશ પામી હોય. એમની શરૂઆતની નકલો પણ એ જ દુર્દશા પામી હોય છે. માત્ર તેમની કાળક્રમે બહુ મોડી થયેલી પ્રતિલિપિઓ જ આપણા સુધી પહોંચી હોય પણ ત્યાં સુધીમાં તો મૂળ કર્તાની વાચના ખૂબ જ વિકૃત થઈ ગઈ હોય છે !

આમ છતાં કેટલાક બૌદ્ધ ગ્રન્થો તિબેટન અને ચીની ભાષાઓમાં લિપ્યન્તર તેમજ અનુવાદ રૂપે સચવાયા છે. આનો યશ ખાસ કરીને મહાયાન બૌદ્ધોની નિરંતર ચાલુ રહેલી સાહિત્યિક પ્રવૃત્તિને ઘટે છે. દા. ત., 'સત્યસિદ્ધિશાસ્ત્રમ્' નામનો એક બૌદ્ધ ગ્રન્થ હરિવર્મા(આશરે ઈ. સ. 250–270)એ સંસ્કૃતમાં રચેલો. આ મૂળ ગ્રન્થ તો લુપ્ત થયો છે, પરન્તુ એનો ચીની અનુવાદ પ્રાપ્ય છે. આ ગ્રન્થને ફરી મૂળ સંસ્કૃતમાં ઉપલબ્ધ કરવાના પ્રયાસ રૂપે વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરે એને સંસ્કૃતમાં ફરી રૂપાન્તરિત કરવાનું કામ શાન્તિનિકેતનના પં. ઐય્યાસ્વામી શાસ્ત્રીને સોંપેલું અને તે 'ગાયકવાડ્ઝ ઓરિએન્ટલ સિરીઝ'માં પ્રકાશિત કર્યો છે.

બીજા કેટલાક ગ્રન્થો તેમનાં રૂપાન્તરો દ્વારા સચવાયા છે. દા. ત., કાશ્મીરની પૈશાચી પ્રાકૃત ભાષામાં ગુણાઢ્યે રચેલ 'બૃહત્કથા' લુપ્ત થઈ છે; પરન્તુ ક્ષેમેન્દ્રની 'બૃહત્કથા-મંજરી' (સંસ્કૃત) દ્વારા એના વિષે આપણે જાણી શક્યા છીએ.

હાલની હસ્તપ્રત-પરંપરા શરૂ થઈ તે પૂર્વેના જમાનામાંની જે તે ગ્રન્થની સ્થિતિરૂપી બાહ્ય અર્થાત્ પરોક્ષ પ્રમાણની મદદ પણ આપણે આપણા સમ્પાદનકાર્ય માટે લઈ શકીએ. આને અંગ્રેજીમાં 'ટેસ્ટિમોનિયા' (testimonia) કહે છે. આમાં નીચે પ્રમાણે સાત પ્રકારની સામગ્રી આવે :

| | |
|---|---|
| (1) | હાલકૃત 'સત્તસઇ', શારંગધર 'શારંગધર-પદ્ધતિ' તથા જલ્હણની 'સૂક્તિમુક્તાવલી' જેવા સંગ્રહો. |
| (2) | ભાષાન્તરો – ખાસ કરીને જે તે ગ્રન્થની જૂનામાં જૂની હસ્તપ્રતોના પહેલાંના સમયમાં થયેલાં. |
| (3) | વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર આદિના પછીથી રચાયેલા ગ્રન્થોમાંનાં સીધાં ઉદ્ધરણો. |
| (4) | અનુકરણો. દા. ત., જિનસેનકૃત ''પાર્શ્વાભ્યુદય'માં દરેક શ્લોકમાં એક ચરણ (કે વધારે) કાલિદાસના 'મેઘદૂત'માંથી લીધું છે. |
| (5) | સંક્ષેપો, સંયોજનો અને વિવરણો. દા. ત., ક્ષેમેન્દ્રની 'ભારતમંજરી', જે 'મહાભારત'ની કાશ્મીરી વાચનાનો સંક્ષેપ છે અને 'રામાયણમંજરી', જે 'રામાયણ'નો સંક્ષેપ છે. |
| (6) | પ્રાચીન ટીકાઓ અને |
| (7) | નાની કથોપકથાઓ કે પ્રસંગોની અન્ય ગ્રન્થોમાં થયેલી રજૂઆતો; દા. ત., 'મહાભારત'ની શકુન્તલાની કથા 'પદ્મપુરાણ'માં પણ રજૂ થયેલી છે. |

આવાં પરોક્ષ પ્રમાણો પણ ગૌણ પ્રમાણો તરીકે ઉપયોગમાં આવે.

## 3. ભ્રષ્ટ કે અશુદ્ધ પાઠ :

ઉપર નોંધ્યું છે તેમ, કોઈ પણ પ્રાચીન કે મધ્યયુગીન ગ્રન્થની હસ્તપ્રતોના રૂપમાં આપણા સુધીની લાંબી યાત્રા દરમિયાન કેટલાય શબ્દો, શબ્દસમૂહો, વાક્યો અને ફકરાઓ અનેક કારણોને લીધે તેમાં ઘૂસી જતા હોય છે. એ બધાને ભ્રષ્ટ-અશુદ્ધ પાઠો (corruptions) કહે છે.

આ ભ્રષ્ટ પાઠોની ચર્ચા કરતાં પહેલાં આપણે કેટલીક વાતો ધ્યાનમાં રાખવાની છે :

(અ) જે જે પાઠો બધી હસ્તપ્રતોમાં એ જ સ્વરૂપે મળતા હોય તેને સીધા મૂળ સ્વરૂપે ઊતરી આવેલા સંચરિત પાઠો (transmitted readings) કહે છે; અને

(આ) આવા શુદ્ધ પાઠોને પેલા ગૌણ પ્રમાણોનો પણ ટેકો હોય ત્યારે તે પાઠોને પરંપરાગત-પારંપરિક (traditional) પાઠ કહે છે. આમ છતાં —

(ઇ) આવા પાઠોમાંથી કંઈ અર્થ નીકળતો ન હોય અથવા તો સાવ અસંતોષકારક અર્થ નીકળતો હોય ત્યારે આપણે સાવધાન રહેવું પડે. કારણ કે એવો પૂરો સંભવ છે કે આવા પાઠો ગ્રન્થકારના ખાસિયતરૂપ પ્રયોગો અને રચનાઓના વિરોધી નીવડે કે તેમનું અતિક્રમણ કરતા હોય કે નિરર્થક દ્વિરુક્તિ કરતા હોય કે કર્તા છન્દના જે નિયમોને અનુસરતા હોય તેનું ઉલ્લંઘન કરતા હોય અથવા તો સંદર્ભને તોડતા હોય કે છેવટે વિચાર-સંકલનામાં સંભ્રમ ઊભો કરે. આવા સર્વ પાઠો કર્તાના શબ્દો ન હોઈ 'ભ્રષ્ટ' (corrupt) પાઠો ગણી કાઢવા પડે. અને આવા ભ્રષ્ટ પાઠો(corruptions)ને કારણે જ આપણા પ્રાચીન ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિ (critical editions) તૈયાર કરવાની જરૂર છે, જે પ્રક્રિયા દરમિયાન આપણે કાળજીપૂર્વક આવા ભ્રષ્ટ અંશોને દૂર કરવા પડે અથવા તો સુધારવા (amend) પડે.

## 4. ભ્રષ્ટ પાઠોનાં કારણો :

કત્રે કહે છે તેમ, જ્યાં સુધી આ ભ્રષ્ટ પાઠોનાં સંભવિત કારણો શોધી કાઢીને તેમનું તટસ્થ મૂલ્યાંકન ન કરાય ત્યાં સુધી એ ભ્રષ્ટ પાઠોને દૂર કરવાના છે કે સુધારવાના છે તેનો નિશ્ચય થઈ શકે નહિ. તેમણે આ કારણોનું પદ્ધતિસરનું વર્ગીકરણ આ પ્રમાણે કર્યું છે : (1) ગૂંચવાડા અને તેમને ઉકેલવાના પ્રયત્નો, (2) લોપ (omissions), અને (3) ઉમેરણો (additions). આપણે એ ત્રણેયને ક્રમશઃ સમજવાનો પ્રયત્ન કરીએ.

### (1) ગૂંચવાડા અને તેમને ઉકેલવાનો યત્નો :

ગૂંચવાડા 13 પ્રકારના હોઈ શકે :

(અ) સમાન અક્ષરોથી ઊભો થતો ગૂંચવાડો;

(આ) સામાન્ય સમાનતાને કારણે શબ્દોનો ઉતારો કરવામાં થતી ભૂલો;

(ઇ) સંક્ષેપોની ભૂલભરેલી સમજણ;

(ઈ) શબ્દોને ખોટી રીતે ભેગા લખવા કે જુદા પાડવા;

(ઉ) પ્રત્યયોને શબ્દોમાં ભેળવી દેવા અને પાસેની રચનાનું પણ સંયોજન;

(ઊ) અક્ષરો, શબ્દો અને વાક્યોના સ્થાનફેર;

(ઋ) સંસ્કૃતને પ્રાકૃત કે અર્વાચીન ભાષામાં ખોટી રીતે રજૂ કરવું કે પ્રાકૃત કે અર્વાચીનને સંસ્કૃતમાં રજૂ કરવું;

(એ) ઉચ્ચાર બદલાતાં થતી ભૂલ;

(ઐ) અંકલેખનની ભૂલ;

(ઓ) સંજ્ઞાવાચક નામોમાં થતો ગોટાળો;

(ઔ) અપરિચિત શબ્દોના સ્થાનમાં સમાનાર્થી કે પરિચિત શબ્દો મૂકવા;

(અં) જૂની જોડણીને સ્થાને નવી જોડણી મૂકવી; અને

(અ:) પાછળથી કરાયેલાં ઉમેરણો અથવા અજા ણતાં થયેલી ભૂલોને સુધારવાનો પ્રયત્ન.

**(2) લોપ (omissions) :**

આના બે પ્રકાર છે :

(ક) સમાન આદિ કે અંતવાળા શબ્દોનો લોપ (haplography); અને

(ખ) કોઈ પણ રીતે થયેલો લોપ (lipography).

**(3) ઉમેરણો :**

ચાર પ્રકારનાં હોય છે :

(ગ) એકદમ નજીકના સંદર્ભમાંથી પુનરાવૃત્તિ કે પુનરુક્તિ (dittography);

(ઘ) બે પંક્તિ વચ્ચેનાં લખાણો — અર્થ કે નોંધો — અને હાંસિયામાંનાં લખાણો મૂળ પાઠમાં ઘુસાડી દેવાયાં હોય (adscripts);

(ઙ) જુદી જુદી પંક્તિઓ સેળભેળ થઈ ગઈ હોય (conflated readings); અને

(ચ) સમાન લખાણોના પ્રભાવને કારણે થતાં ઉમેરણો.

## 5. ભ્રષ્ટ પાઠોના પ્રકાર :

આ ભ્રષ્ટ પાઠો ત્રણ પ્રકારના હોય છે : (1) અનૈચ્છિક કે યાન્ત્રિક, (2) અર્ધ-ઐચ્છિક, અને (3) ઐચ્છિક કે મરજિયાત. એ ત્રણ પ્રકારને આપણે બરાબર સમજી લઈએ :

**(1) અનૈચ્છિક કે યાન્ત્રિક :**

આ પ્રકારના ભ્રષ્ટ પાઠો આઠ જાતના હોય છે :

(અ) અક્ષરોમાં ગોટાળા : દા. ત., “વિશ્વામિત્રીમાહાત્મ્યમ્” (વિ.મા.) 14.45[આ] : હસ્તપ્રત $B_1$માં મમાજ્ઞયાના સ્થાને મમાક્ષયા લખ્યું છે. એવી જ રીતે 14.32[આ]માં $B_1$ તથા $B_2$માં યાતુધાનેનના સ્થાને પાતુધાનેન મળે છે.

(આ) અક્ષરો કે સ્વરચિહનો ઊડી જાય અને ખાસ કરીને સ્વરનાં લીટી ઉપર લખાતાં ચિહનો ઊડી ગયાં હોય છે.

(ઇ) અક્ષરો અને સ્વરચિહનો સ્થાનફેર થઈ જવાં. દા. ત., વિ.મા. માં 14.37 અ : હસ્તપ્રત P માં सुप्रभाताद्यને સ્થાને सुप्रभाद्यात લખાયેલું છે.

(ઈ) અનેક કારણોને લીધે વધારાના અક્ષરો લખાવા.

(ઉ) શબ્દોના ગોટાળા.

(ઊ) લેખનમાં સમાનતાને કારણે અક્ષરો, શબ્દો કે લીટીઓ ઊડી જવાં (homoeographon) : દા.ત., વિ.મા. 6.48[અ]માં देववधूप्रयुक्तः માં હસ્તપ્રત $B_1$ અને Lમાં બેમાંથી એક व ઊડી ગયો છે, જ્યારે $B_2$ પોતાના પાઠમાં બીજી ભૂલ ઉમેરે છે. देवधुम्रयुक्तः !

(ઋ) અક્ષરો, અક્ષરસમૂહો, શબ્દો અને લીટીઓ બે વાર કે અનેક વાર લખાઈ ગઈ હોય છે (repetitions, dittography વગેરે) : દા. ત., વિ.મા. 5 4[ઈ] અને 5[આ]નું $B_1$, $B_2$ તથા P અને સમીક્ષિત પાઠમાં એક જ લખાણ છે. તપોઽર્થં સ્થાનમુત્તમમ્.

(એ) કેવળ બેદરકારીને કારણે જ અક્ષરસમૂહો, શબ્દો અને પંક્તિઓ ઊડી જતાં હોય છે.

(2) અર્ધ-ઐચ્છિક તથા ઐચ્છિક પ્રક્ષેપો :

આના 10 પ્રકાર છે :

(ઐ) કોઈ વાંચીને લખાવે અને લહિયો લખે તેમાં ઉચ્ચારણ સમજવામાં ગરબડ થઈ જાય (phonetic confusions) : દા. ત., મહાભારત 1.142.25[ઈ] : હસ્તપ્રત $D_5$માં विनंक्ष्यसिને બદલે विनंक्षसि લખાયું છે. એ જ પ્રમાણે પ્રાકૃત 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના નવમા અધ્યયનમાં गृहस्थाश्रमंના અર્થમાં घोरासमं આવે છે. બધી જ આવૃત્તિઓમાં આમ છે અને ટીકાકારો પણ 'ઘોર' એટલે ભયંકર આશ્રમ એવો અર્થ આપે છે; પરંતુ તે આ પ્રકારનો ભ્રષ્ટ પાઠ હોઈ શકે છે. વાંચીને લખાવનારે गृहના અર્થમાં લખેલા 'घर' શબ્દનો બંગાળ-બિહારની ઢબે ઉચ્ચાર 'घोर' એવો કર્યો હોય અને લખનારે એ ઉચ્ચારણ પ્રમાણે 'घोर' લખ્યું હોય અને એ રીતે મૂળ પાઠ તો घरासमं = गृहाश्रमं હશે.

(ઓ) શબ્દોના કોઈ અંશ અથવા આખા શબ્દને સ્થાનફેર કરી નખાયેલ હોય (transposition) : દા. ત., વિ.મા. 21.4અ : હસ્તપ્રત B1માં विस्मयाविष्यचित्तोहंને બદલે विस्मयाचिन्तविष्टोहं મળે છે. અને 26.2અ : B1નો પાઠ મૂળ कर्दमेशंને સ્થાને कर्मदेशं જોવા મળે છે. વળી મહાભારત 1-1-25ઈ : હસ્તપ્રત D1નો પાઠ यद् धार्यते दिवजातिमिः છન્દમાં દૂષિત છે, ખરો પાઠ धार्यते यद् दिवजातिमिः છે.

(ઔ) એક કે વધારે લીટીઓને સ્થાનફેર કરી નખાયેલ હોય (transposition of lines) : કેટલીક વાર મૂળ હસ્તપ્રતના લહિયાથી લખતાં લખતાં ભૂલથી રહી ગઈ હોય એવી લીટીઓ પાછળથી હાંસિયામાં કે નીચેની ખાલી જગામાં લખી નાખેલી હોય છે અને તે ક્યાં ઉમેરવાની છે તે દર્શાવનાર ચિહન પણ સાથે મૂક્યું હોય છે. પછીનો લહિયો આ ચિહનો ખ્યાલ રાખ્યા વિના અન્યત્ર તે અંશ કાયમી રીતે પોતાની નકલમાં ઉમેરી લે છે. દા. ત., વિ.મા. 8. 34 : $B_1$ અને $B_2$ 3ઇ-ઈ અને 4અ-આ ને અદલાબદલી કરી નાખે છે, જ્યારે L આ બન્ને શ્લોકાર્ધના આરંભ તથા અન્તે '1' અને '2' મૂકીને એમને ઉચિત ક્રમ આપી દે છે.

(અં) વ્યાકરણ કે બીજી દષ્ટિએ સંદર્ભ સાથે સમતા જાળવવાના પ્રયત્નો (grammatical or other assimilation to the context) : દા. ત., મહાભારત 1.96.8 'आहूय दानं कन्यानां गुणवद्भ्यः श्रुतं बुधैः'માં T1 છેલ્લે આવતા શબ્દ बुधैःથી અસર પામીને गुणवद्भ्यःનું गुणवदभिः કરી નાખે છે !

(અઃ) પ્રાચીન હસ્તપ્રતોમાં શબ્દો છૂટા પાડ્યા વિના સળંગ લખાણ થયેલું છે. તેમાં શબ્દોને ખોટી રીતે છૂટા પાડવાથી અર્થ બદલાઈ જાય : દા. ત., ભગવદગીતા 15.14અ अहं वैश्वानरो भूत्वा છે. આને આ રીતે પણ છોડી શકાય : अहं वै श्वा नरो भूत्वा ! અહીં બહુ ચર્ચાયેલો પેલો दशरामशरा(:)નો દાખલો પણ નોંધી શકાય, જેને 'दश रामशराः'ને બદલે 'दशरा मशरा' એમ હાસ્યજનક રીતે છૂટો પાડી શકાય !

(ક) સમાનાર્થી કે વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દસમૂહો કે નામયોગી અવ્યયોની અદલાબદલી : દા. ત., अति, अधि અને अभि એ ઉપસર્ગોની અદલાબદલી વારંવાર થતી હોય છે, કેમ કે તેમ કરવામાં છન્દને કોઈ બાધા પહોંચતી નથી !

(ખ) એકાક્ષરી અવ્યયો, પ્રચલિત ક્રિયા-વિશેષણ અવ્યયો અને ઉભયાન્વયીઓ જેવા મહત્વના નહિ જણાતા શબ્દો ઊડી ગયા હોય કે ઉમેરાયા હોય.

(ગ) ખોટાં સ્મરણો : જેની નકલ કરવાની હોય એવી કોઈ કંડિકા વાંચતાં લહિયાને કોઈ બીજી વસ્તુનું સ્મરણ થઈ આવે અને પોતાની આંખો જે વાંચતી હોય તેને બદલે મનમાં જે રમવા લાગ્યું હોય તે જ લખી નાખે ! દા.ત., મહાભારત ૫.127.29અ वश्येन्द्रियं जितामात्यम् છે. આને બદલે Ki, Di, Ti, Gi, $G_4$ અને $G_8$ એ છ હસ્તપ્રતોમાં जितात्मानम् લખાયું છે. ઉપર આવેલ શ્લોક 22ઇમાંના विजितात्मा તથા 27ઇમાં આવતા अजितात्माना સ્મરણના પ્રભાવથી આ ગરબડ થઈ ગઈ છે !

(ઘ) હાંસિયામાંનું લખાણ મૂળ લખાણમાં જ સમાવી દેવાયું હોય !

(ઙ) પાઠની ગરબડ દૂર કરીને અથવા ખાલી રાખેલી જગાઓ પૂરીને મૂળ પાઠને સરખો કરવાના પ્રયત્નમાં કરાતાં ઉમેરણો ! કારણ કે મોટે ભાગે આવાં ઉમેરણો બુદ્ધિપૂર્વક કરાયેલાં હોતાં નથી ! આવાં ઉમેરણોમાં નીચેના પ્રકારો નોંધવા જરૂરી છે :

## I. ફેરબદલી (substitution) :

(i) સંધિ કર્યા વિનાના પાઠને સ્થાને સંધિ કરેલો પાઠ મૂકવો.

(ii) છન્દની ખામી દૂર કરવા માટે પાઠ બદલવો.

(iii) ખોટો ભાષાપ્રયોગ દૂર કરવા માટે નવો પાઠ મૂકવો. દા. ત., મહાભારત ૫.86.16ઈ व्यथितो विमना भवत्, જે પાઠને દક્ષિણની પરંપરામાં આમ સુધાર્યો છે : विमना व्यथितोऽभवत्.

(iv) પુરાણા ન સમજાય તેવા પાઠને કે અઘરા કે અપરિચિત શબ્દ કે શબ્દસમૂહને સરળ બનાવવા માટે. દા. ત., મહાભારત 5.35.78ઈ : ઉત્તરની પાઠપરંપરામાં अपाचीतानि છે, જેને દક્ષિણ પરંપરાએ સુધારીને अपनीतानि બનાવી દીધો છે.

(v) અઘરી કે વિશિષ્ટ રચનાને કે તેવા અર્થને સુધારવા માટે. દા. ત., મ.ભા. 5.7.28ઇ : ઉત્તરનો પાઠ છે कृष्णं चापहतं ज्ञात्वा युद्धान्मेने जितं जयम्. આને દક્ષિણ પરંપરાએ આ પ્રમાણે સુધાર્યો છે : कृष्णं चापि महाबाहुम् आमन्त्र्य भरतर्षभ.

## II. ઉમેરણો :

એક શ્લોક કે વાક્યથી માંડીને આખું પ્રકરણ કે કાવ્ય ઉમેરેલું મળે છે. આ કાંઈ લહિયાઓનું કામ ન હોઈ શકે. એ તો સંશોધક-સંપાદકનું જ કામ હોઈ શકે.

અન્ય લખાણોને આધારે એ લખાણ ઉમેર્યું હોય. આના નીચે પ્રમાણે પ્રકાર પાડી શકાય :

(i) સૂચિની વસ્તુઓમાં વધારો કે આલેખનને પૂર્ણ કરવાની — બને એટલી વધારે વિગતો આપવાની અભિલાષા.

(ii) કથાનકો, પ્રયોજનો કે પ્રવચનોની પૂર્વધારણા અથવા પુનરુક્તિ.

(iii) પ્રસંગાનુસાર નૈતિક, ધાર્મિક કે ભૌતિક સિદ્ધાન્તો — ઉપદેશો.

(iv) દેવત્વનું આરોપણ કરનારા ઉમેરાઓ.

(v) વાસ્તવિક કે કાલ્પનિક ખાલી જગાઓ પૂરવા માટેનાં ઉમેરણો.

(vi) પરસ્પર વિરોધાભાસી અંશોમાં સંવાદિતા ઊભી કરવા માટેનાં ઉમેરણો; દા. ત., મ.ભા.ની સમીક્ષિત આવૃત્તિના પરિશિષ્ટ 1માં ક્રમાંક 80 ધરાવતી કંડિકા જે યુધિષ્ઠિરને યુવરાજપદે સ્થાપ્યાનો નિર્દેશ કરે છે અને અર્જુનની પોતાના 'ગુરુ' સામે લડવાના પાપમાંથી મુક્તિ નિર્દેશતો ઉલ્લેખ કરે છે !

(vii) નાટકોમાં અભિનેયત્વ આણવા માટે નટોએ કરેલા ઉમેરાઓ. ઉદાહરણ તરીકે કાલિદાસના પ્રસિદ્ધ નાટક 'શાકુન્તલ'ની વિવિધ પાઠપરમ્પરાઓ માટે મુખ્યતઃ આવાં ઉમેરણો જ કારણભૂત મનાય છે.

આ વિષયની ચર્ચાના અન્તે કત્રે સાચું જ કહે છે કે ભ્રષ્ટ પાઠોમાંથી નવા નવા ભ્રષ્ટ પાઠો ઊભા થતા હોય છે ! પાઠની ભ્રષ્ટતા એટલી ઝડપી થતી હોય છે કે મૂળ પાઠ તો એમાં સાવ સંતાઈ જાય છે કે પછી બહાર ધકેલાઈ ગયો હોય છે. અને ભ્રષ્ટાચારના આ વાદળને દૂર કરીને કે સુધારીને ગ્રન્થકારે લખેલા મૂળ પાઠના સૂર્યને પ્રકટ કરવાનો છે. અને આ જ કામ સમીક્ષિત આવૃત્તિના સમ્પાદકે કરવાનું છે.

❐

# 9. સમીક્ષિત આવૃત્તિની સમસ્યાઓ

## 1. સમીક્ષિત સંશોધનનું વાસ્તવિક કાર્ય

### [1] બે પાઠપરંપરાઓ :

ઉપલબ્ધ હસ્તપ્રતો બે પરમ્પરાઓ દર્શાવે છે : (અ) એક જ હસ્તપ્રતમાં સચવાયેલી પરંપરા અને (આ) અનેક હસ્તપ્રતોમાં સચવાયેલી પરંપરા.

(અ) જે ગ્રન્થોનો એક જ પાઠ મળતો હોય તેવામાં શિલાલેખો, તામ્રપત્રો, છૂટા છૂટા અંશો (દા. ત., લ્યૂડર્સ (Lμders) દ્વારા સંપાદિત બૌદ્ધ નાટકો) અને કેટલાક એક જ હસ્તપ્રતમાં સચવાયેલા ગ્રન્થો (દા. ત., વિશ્વનાથનો कोशकल्पतरु: અને નયદેવનું भरतभाष्यम्)નો સમાવેશ થાય છે. આ પ્રકારના ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિ સૌથી વધારે ચોક્કસ – વિશુદ્ધ બને.

(આ) પરન્તુ મોટા ભાગના ગ્રન્થો તો અનેક હસ્તપ્રતોમાં સચવાયા હોય છે. આવા ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું બહુ અઘરું છે પણ જરૂરી પણ છે. આ કાર્ય યોગ્ય ક્રમાનુસાર ધૈર્ય તેમજ ખંતથી કરવું જોઈએ.

બીજી રીતે પણ પ્રાચીન ગ્રન્થોના બે પ્રકાર પાડી શકાય : (1) એક જ કર્તાની રચના અને (2) જેના ઉપર અનેક હાથ ફરેલા હોય, સદીઓ દરમિયાન જેમાં અનેક સુધારાવધારા થયા હોય એવા મહાગ્રન્થો; દા. ત., वाल्मीकि-रामायणम्, महाभारतम् અને વિવિધ પુરાણ ગ્રન્થો. અહીં પણ (1)માં કામ સરળ છે, કેમ કે રચયિતાની વિશિષ્ટ શૈલી વગેરે આપણી મદદે આવે છે. પરન્તુ (2)માં તો બહુ અઘરું કામ છે !

### [2] તુલના-પત્રક (collation) :

(અ) સૌપ્રથમ જુદી જુદી સંસ્થાઓ, સરકારો વગેરે દ્વારા પ્રકાશિત કરાયેલ

ગ્રન્થસૂચિઓ (catalogues of manuscripts) જોઈને કયે સ્થળે કેટલી હસ્તપ્રતો ઉપલબ્ધ છે અને તેના વિષે વિશેષ શી માહિતી મળે છે તેની નોંધ કરવી જોઈએ. આ માટે સૂચિઓની સૂચિ–મહાસૂચિ 'કૅટલોગસ કૅટલોગોરમ' (catalogus catalogorum)ના બધા ભાગ પણ જોઈ લેવા જોઈએ. જૂની મહાસૂચિ અઉફ્રેક્ટે(Aufrecht)એ ત્રણ ભાગમાં પ્રકાશિત કરેલી છે અને નવી મહાસૂચિ વી. રાઘવન્ (V. Raghvan) તથા કે. કુંજુની રાજા (K. Kunjunni Raja)એ તૈયાર કરેલી ચેન્નાઈની યુનિવર્સિટી ઑફ મદ્રાસ દ્વારા દસ ભાગમાં પ્રકટ થયેલી છે. આ હસ્તપ્રતો ધિરાણ ઉપર મેળવી લેવી પડે અથવા તો તે દરેકની માઇક્રોફિલ્મ કે ઝૅરૉક્સ નકલ કે ફોટો કૉપી મેળવવી પડે. વળી આ સર્વ હસ્તપ્રતો જુદી જુદી લિપિઓમાં લખાયેલી હોય. આથી જે તે લિપિના જાણકારોની મદદ લેવી પડે. આવી હસ્તપ્રતોનું જાણકાર પાસે દેવનાગરીમાં લિપ્યન્તર પણ કરાવી શકાય. આ મેળવવામાં, અને ખાસ કરીને જ્યારે જે તે હસ્તપ્રત ખાનગી માલિકીની હોય ત્યારે તો, મુશ્કેલીઓ નડે જ. ''રામાયણ''ની હસ્તપ્રતો મેળવવામાં અમને પણ ઘણી મુશ્કેલી પડેલી.

(આ) બીજું પગલું એટલે દરેક હસ્તપ્રતની ખાસિયતો નોંધી લેવી. આના માટે તે પ્રતનું સળંગ વાચન જરૂરી બને. જુદાં જુદાં વાચનાજૂથોમાં પ્રતોને મૂકવા માટે આ નોંધો જરૂરી છે. જો અમુક વાચના-જૂથની અનેક હસ્તપ્રતો હોય, તો સમ્પાદક આગળના સંશોધન માટે તે જૂથની પ્રતિનિધિરૂપ હસ્તપ્રતો પસંદ કરી શકે છે. આવી પસંદગી બહુ સાવધાનીપૂર્વક કરવી પડે. તેમાં વધારે જૂની, પ્રમાણમાં વધારે શુદ્ધ તથા સમ્પૂર્ણ હસ્તપ્રતો અધિક પસંદગી પામે.

(ઇ) ત્રીજું પગલું તુલનાપત્રક (collation sheets)માં નોંધ કરવાનું આવે. જો કોઈ ગ્રન્થ અનેક સ્થળેથી પ્રકાશિત થઈ ગયો હોય, તો તે બધી આવૃત્તિઓનો અભ્યાસ કરી તેમાંની એકને પ્રમાણભૂત આવૃત્તિ તરીકે પસંદ કરવી પડે. જો ગ્રન્થ છપાયો ન હોય તો એકઠી કરેલી હસ્તપ્રતોમાંથી એકને પ્રમાણભૂત હસ્તપ્રત તરીકે પસંદ કરવી પડે. આવી આવૃત્તિ કે હસ્તપ્રતને અંગ્રેજીમાં 'વલ્ગેટ' – vulgate અર્થાત્ લોકપ્રિય કે પ્રચલિત આવૃત્તિ કે હસ્તપ્રત કહે છે. તેમાં સંપૂર્ણ ગ્રન્થપાઠ હોવો જોઈએ; કારણ કે તેના પાઠની સાથે જ સર્વ હસ્તપ્રતોના પાઠોને સરખાવવાના હોય છે, તે તે બધા માટે 'ઉપમાન' બને છે. આ પાઠોના તુલનાપત્રકને માટે ખાસ 'ફૉર્મ' છપાવવાનાં અને તેના દરેક 'શીટ' અર્થાત્ પાના ઉપર ખાનાં પાડવાનાં હોય છે. ડાબી બાજુના પહેલા ખાનામાં જે તે હસ્તપ્રતનું સાંકેતિક ચિહન લખવાનું. પછી દરેક અક્ષર માટે અલગ અલગ ખાનું હોય. છેવટે છેલ્લું જમણી બાજુએ મોટું ખાનું વિશેષ નોંધ માટે રહે. જો ગ્રન્થ પદ્યમાં હોય, તો અર્ધા શ્લોકને એક એકમ ગણવાનો, એટલે શ્લોકાર્ધના 16 અક્ષરો માટે 16 ચોરસ ખાનાં રખાય. જો ગ્રન્થ ગદ્યમાં હોય, તો અર્ધા વાક્ય અથવા પૂરા વાક્યનું એક એકમ અનુકૂળતા પ્રમાણે

રખાય. પેલી પ્રમાણભૂત કે 'વલ્ગેટ' આવૃત્તિ કે હસ્તપ્રતનો પાઠ લાલ શાહીથી સૌથી ઉપરની લીટીમાં નોંધી લેવાનો.

હવે ઉપયોગમાં લેવાની દરેક હસ્તપ્રતને એક ખાસ સાંકેતિક ચિહન અર્થાત્ પ્રતીક આપવાનું હોય છે. જો વધારે હસ્તપ્રતો કોઈ જૂથમાં ન હોય, તો તેવી હસ્તપ્રતને તે જે સ્થળે સચવાયેલી હોય તેના નામનો પહેલો અક્ષર તેના સંકેત તરીકે મૂકી શકાય. દા.ત., જો તે હસ્તપ્રત વડોદરાની કોઈ સંસ્થાની હોય, તો 'વ' અથવા અંગ્રેજીમાં 'V' એ તે હસ્તપ્રતનો સંકેત બને. જો તે વડોદરાના ઓરિયેન્ટલ ઇંસ્ટિટ્યૂટની હોય તો તે સંસ્થાનો પ્રથમ અક્ષર 'O' તે હસ્તપ્રતનું સાંકેતિક ચિહન બને. જો એક જ સ્થળની અનેક હસ્તપ્રતો ઉપયોગમાં લેવાની હોય તો તે હસ્તપ્રતોના સંકેતો $V_1$, $V_2$, $V_3$ આદિ કે $O_1$, $O_2$, $O_3$ આદિ આપી શકાય. જો જુદી જુદી લિપિઓમાં લખાયેલી હસ્તપ્રતો હોય, તો સંકેતચિહ્ન જે તે લિપિના પ્રથમ અક્ષરનું બને. દા. ત., દેવનાગરી લિપિમાં લખાયેલ હસ્તપ્રતો '$D_1$', '$D_2$' વગેરે તરીકે ઓળખાય. બાંગ્લા (બંગાળી) લિપિમાં લખાયેલ પ્રતો '$B_1$', '$B_2$' આદિ બને અને મલયાળમ લિપિની પ્રતો '$M_1$', '$M_2$' આદિ ચિહનથી ઓળખાવાય. આમ કરવાનું કારણ એવું છે કે ઘણી વખત એક લિપિમાં લખેલ બધી કે મોટા ભાગની હસ્તપ્રતો એક યૂથ બનીને એક જ વાચના દર્શાવતી હોય છે. અને બીજી લિપિની પ્રતો બીજી વાચના દર્શાવે છે. 'વાચના' એટલે પાઠપરંપરા, જેને અંગ્રેજીમાં 'વર્ઝન' – Version કહે છે. પત્રકના દરેક પાન ઉપર પ્રથમ ખાનામાં જે તે હસ્તપ્રતનું સાંકેતિક ચિહન લખાય. પછીનાં ખાનાંમાં શ્લોકાર્ધ અથવા જે તે એકમના અક્ષરેઅક્ષરને ઉપર લાલ શાહીમાં લખેલ 'વલ્ગેટ'ના અક્ષરો સાથે સરખાવીને જ્યાં જ્યાં ફેરફાર જણાતો હોય તે અક્ષર તેના ખાનામાં નોંધવાનો હોય, જ્યારે જ્યાં બંને પાઠ સરખા જ હોય તે અક્ષરોનાં ખાનાં ખાલી રાખવાનાં. જો કોઈ ઉમેરા હોય કે લોપ થયેલા હોય કે તદ્દન જુદા પાઠ મૂકેલા હોય, તો તેની નોંધ છેલ્લા, તે માટે રખાયેલા મોટા ખાનામાં કરવાની રહે.

(ઇ) આ પાઠભેદ નિર્દેશક તુલનાપત્રક (collatin) તૈયાર કરવાનું કામ એ પાયાનું કામ છે. તેના એકેએક પાનનો ખૂબ કાળજીપૂર્વક અભ્યાસ કરવો પડે અને તેમ કરતાં કરતાં દરેક પ્રતની ખાસિયતોની પણ નોંધ કરવી પડે. આવા અભ્યાસથી સમ્પાદકને ખ્યાલ આવે છે કે અમુક હસ્તપ્રતોનું એક જૂથ બને છે અને બીજી કેટલીકનું બીજું જૂથ. પાઠની સમાનતા, છૂટી ગયેલા અંશોની તથા ઉમેરણોની સમાનતા જેવી બાબતોને આધારે આવો નિર્ણય કરી શકાય છે. સંપાદકે નોંધેલી બીજી ખાસિયતો પણ તેમાં મદદરૂપ થાય છે. આવાં જૂથો બહુ કાળજીપૂર્વક જુદાં પાડવાં જોઈએ એટલું જ નહિ, પણ એ જૂથોના પરસ્પર સંબંધો પણ શોધવાનો પ્રયત્ન કરવાનો હોય. આ બધાંની મદદથી ઉપયોગમાં લીધેલી હસ્તપ્રતોનું વંશવૃક્ષ

તૈયાર કરી શકાય છે, જેને 'સ્ટેમા કોડિકમ' – stemma codicum કે 'પેડિગ્રી'– pedigree કહે છે. દરેક હસ્તપ્રતનો ઝીણવટભર્યો અભ્યાસ – સમીક્ષાપૂર્વકનું પરીક્ષણ આવશ્યક જ છે; કેમકે તે દ્વારા ભ્રષ્ટ પાઠો શોધી શકાય છે. વળી, દરેક હસ્તપ્રતનું સામાન્ય લક્ષણ જ્યાં સુધી ન શોધી શકાય, ત્યાં સુધી તેની પ્રમાણભૂતતાનું મૂલ્યાંકન કેવી રીતે કરી શકાય ?

## [3] વંશવૃક્ષ :

તુલનાપત્રકનો ઝીણવટભર્યો અભ્યાસ કરવાથી જ ઉપયોગમાં લેવાયેલ હસ્તપ્રતોનું વંશવૃક્ષ તૈયાર કરી શકાય. આ પરમ્પરા નક્કી કરવા માટે બે પરીક્ષણો મદદરૂપ થાય : (1) ઊડી ગયેલા પાઠ તેમજ સ્થાનફેર થયેલા પાઠો; અને (2) વિશિષ્ટ પાઠોની સમાનતા અને અન્ય ખાસિયતો.

કત્રે આ વાત ઉદાહરણ આપીને સમજાવે છે. આપણે તે સમજવાનો યત્ન કરીએ :

ધારો કે અમુક ગ્રન્થની 8 હસ્તપ્રતો છે. તેમને अ, आ, इ, ई, उ, ऊ, ए અને ऐ એવા સંકેતો આપેલા છે. તેમના પાઠની તુલના કરતાં अ અમુક વિશિષ્ટ પાઠોમાં બીજી બધી પ્રતોથી અલગ તરી આવે છે; आ અને इના પાઠ સમાન છે; જ્યારે બાકીની પાંચે પ્રતો — ई, उ, ऊ, ए અને ऐ — ઘણે અંશે એકબીજીને મળતી આવે છે. આ પરીક્ષણથી આપણે એવું નક્કી કરી શકીએ છીએ કે आ અને इ એક કુલની છે અને એ જેના વંશમાંથી ઊતરી આવી લાગે છે તે પૂર્વજને આપણે 'य' નામ આપીએ. એ જ રીતે, પ્રત ई, उ, ऊ, ए અને ऐનું બીજું કુલ છે, જે બીજા કલ્પિત પૂર્વજમાંથી ઊતરી આવેલ છે, જેને આપણે 'र' નામ આપીએ. આથી આપણે કહી શકીએ કે आ અને इના પાઠને સરખાવતાં 'य'નાં પાઠોનું અનુમાન કરી શકાય છે. એ જ પ્રમાણે પ્રતો ई, उ, ऊ, ए અને ऐ ના પાઠની તુલના કરતાં 'र'ના પાઠનું અનુમાન કરી શકાય છે. આથી આપણે કહી શકીએ છીએ કે 'य'ના પાઠ आ કે इના પાઠ કરતાં વધારે શુદ્ધ હોવા જોઈએ તથા आ અને इના કરતાં 'य' સ્વાભાવિક રીતે વધારે પુરાણી અને અધિકૃત છે. આજ પ્રમાણે ई, उ, ऊ, ए અને ऐના દરેકના પાઠ કરતાં 'र'ના પાઠ વધારે શુદ્ધ હોવા જોઈએ તથા 'र' એની વંશજ એવી ई, उ, ऊ, ए અને ऐ કરતાં સ્વાભાવિક રીતે જ વધારે પુરાણી અને અધિકૃત છે.

વળી ई, उ અને ऊ કરતાં ए અને ऐ ઘણી વધારે પરસ્પરને મળતી આવે છે. અને તે સાથે તેમનાં કુલપરંપરાગત લક્ષણોને પણ સાચવે છે. આથી સમજાય છે કે ए અને ऐ એક પૂર્વજના વંશજો છે જેને આપણે "ल" એવું નામ આપી શકીએ અને તેથી તે સર્વનું કુલ ई, उ, ऊ "ल" છે. આથી એવું ફલિત થાય કે ए કે ऐના પાઠ કરતાં "ल"ના પાઠ વધારે પ્રાચીન તથા વધારે મૂલ્યવાન છે. ई, उ, ऊ અને  ના પાઠની

તુલના કરતાં આપણે તેમના પૂર્વજ 'र' સુધી પહોંચીએ છીએ. આ જ પ્રમાણે, 'य' અને 'र'ના પાઠને એકબીજા સાથે તેમજ अના પાઠ સાથે સરખાવતાં આપણે એ બધાથી વધારે પ્રાચીન — દૂર દૂરના પૂર્વજના પાઠ મેળવી શકીએ છીએ જે પૂર્વજને આપણે "ह'' એવી સંજ્ઞા આપી શકીએ. આનો સીધો અર્થ એ થયો કે "ह'' એ પેલી આઠે હસ્તપ્રતોનો પૂર્વજ છે. આથી એવું સ્પષ્ટ થાય છે કે મૂળ "ह''માંથી પ્રથમ अ, 'य' અને 'र' જેવા પ્રવાહોમાં ફાંટા પડ્યા. આથી આ બધાનો સૌથી વધારે દૂરનો પૂર્વજ "ह'' છે, જેને 'મૂળરૂપ' કે 'આદર્શ' કહેવાય. તેને અંગ્રેજીમાં 'આર્ચટાઇપ' – archetype કહે છે. એટલે ગ્રન્થની સર્વ ઉપલબ્ધ હસ્તપ્રતોનું મૂળરૂપ કે આદર્શ (archetype) 'ह' છે.

હવે આટલી સ્પષ્ટતા થતાં આપણે આ હસ્તપ્રતોનું વંશવૃક્ષ (pedigree કે stemma codicum) આ પ્રમાણે દોરી શકીએ :




આ વંશવૃક્ષ દર્શાવે છે કે કલ્પિત પૂર્વજ હસ્તપ્રતો 'य' અને 'र' ઉપ-આદર્શો છે એટલે કે મૂળ આદર્શ "ह''માંથી સીધી ઊતરી આવેલી આજે જેનું અસ્તિત્વ નથી તેવી હસ્તપ્રતો છે, જેમાંથી જુદી જુદી હસ્તપ્રતો પ્રવાહિત થઈ છે. આ હકીકત હયાત હસ્તપ્રતો પુરવાર કરે છે.

આ ઉદાહરણમાં હાલ હયાત હસ્તપ્રતોને નાના ટાઇપમાં દર્શાવી છે જ્યારે હયાત નથી તેવી હસ્તપ્રતોને મોટા ટાઇપમાં અવતરણ ચિહનમાં દર્શાવી છે.

## [4] પાઠાન્તરો :

માત્ર સ્વતન્ત્ર પુરાવાઓનો જ ઉપયોગ કરવો એ સમીક્ષિત સમ્પાદનનો મુખ્ય સિદ્ધાન્ત છે. આથી આજે જેનું અસ્તિત્વ હોય તેવી હસ્તપ્રતની પ્રતિલિપિઓ(નકલો) ની આ કામ માટે કોઈ કિંમત નથી હોતી. જ્યાં તે હસ્તપ્રતને નુકસાન થયેલું હોય તેવા અંશો માટે જ તેની નકલોને ઉપયોગમાં લઈ શકાય. હા, નકલ કરનાર લહિયાએ બીજી હસ્તપ્રત સાથે તુલના કરીને આવાં નુકસાની પામેલાં સ્થળોએ મૂળ પાઠ પોતે તૈયાર કરેલી પ્રતમાં ગોઠવી દીધો હોય, તો તેવી પ્રત સ્વતંત્ર પુરાવા તરીકે લઈ શકાય.

જ્યાં બે કે વધારે પાઠોમાંથી પાઠ પસંદ કરવાનો હોય ત્યાં આ બધા પાઠોને 'પાઠાન્તરો' કહેવામાં આવે છે. આ પાઠાન્તરોમાંથી એક પાઠ મૂળ હસ્તપ્રતનો પાઠ હોય છે. જેમાં આ પાઠાન્તરો હોય છે તેવી હસ્તપ્રતો, હયાત હોય કે ન હોય તોયે, 'પાઠાન્તરધારકો' ગણાય છે. ઉપર આપેલા ઉદાહરણમાં अ, 'य' અને 'र'ના પાઠો પાઠાન્તરો કહેવાય છે. આ પાઠાન્તરોમાંનો કોઈ એક પાઠ "ह"નો પાઠ હોય છે. આથી अ, 'य' અને 'र' એ "ह"ના 'પાઠાન્તરધારકો' ગણાય. એ જ રીતે, ए અને ऐ એ "ल"ના 'પાઠાન્તરધારકો' છે અને ई, उ, ऊ અને 'ल' 'र'ના 'પાઠાન્તરધારકો' છે.

## [5] મિશ્રિત દૂષિત કે ભ્રષ્ટ હસ્તપ્રતો (conflated), Manuscripts or mischcodices) :

ઘણી વાર હસ્તપ્રતોમાં બે કે વધારે પ્રવાહોનું મિશ્રણ જોવા મળે છે. આ સેળભેળવાળી હસ્તપ્રતો સંમિશ્રિત, મિશ્ર કે દૂષિત (conflated) હસ્તપ્રતો ગણાય. તેમને અંગ્રેજીમાં 'મિસ્ચ કોડાઇસિઝ (Misch-codices)' પણ કહે છે. આવી પ્રતો કેવી રીતે બને છે તે કત્રે નીચે પ્રમાણે વંશવૃક્ષ દોરી સમજાવે છે :




આમાં હસ્તપ્રતો K અને L એ આવી મિશ્ર, દૂષિત કે ભ્રષ્ટ પ્રતો છે. K A અને Bની ભેળસેળથી બનેલી છે અને L C તથા Fની ભેળસેળથી બની છે. આવી ભેળસેળની કોઈ સીમા હોય નહિ. જેમ વધારે હસ્તપ્રતોનો શંભુમેળો થયો હોય તેમ તેમ મૂળ પાઠને શોધી કાઢવાનું વધારે ને વધારે મુશ્કેલ બની જાય. આવી હસ્તપ્રતોના પરસ્પરસંબંધને – આ આંટીઘૂંટીને – ભાગ્યે જ ઉકેલી શકાય તેમ હોય છે અને તેથી આવી ભ્રષ્ટ પ્રતોનું વંશવૃક્ષ તૈયાર કરવું અશક્ય હોય છે.

## [6] સંચરિત કે મૂળમાંથી ઊતરી આવેલો શુદ્ધ પાઠ (transmitted text) :

અત્યારે પ્રાપ્ત અને અત્યારે હયાત ન હોય એવી હસ્તપ્રતોના પ્રમાણના પદ્ધતિસરના વ્યવસ્થિત ઉપયોગ દ્વારા જે પાઠ મેળવી શકાય છે તેને ''મૂળમાંથી ઊતરી આવેલો શુદ્ધ પાઠ'' કે ''સંચરિત પાઠ'' (transmitted text) કહેવાય છે. આ વાચના હાલ મળતી કોઈ પણ વાચનાથી ભિન્ન હોય. તે સીધો ઊતરી આવેલો જૂનામાં જૂનો શુદ્ધ પાઠ છે. શુદ્ધ એટલા માટે કે નકલો તૈયાર કરવામાં ઊભી થયેલી ક્ષતિઓ તેમજ અન્-અધિકૃત સુધારાઓથી તે સૌથી વધારે મુક્ત વાચના છે.

## [7] મૂળ પાઠનું પુનઃ સ્થાપન :

ધારો કે 9 હસ્તપ્રતો છે, જેની ક્રમશઃ સંજ્ઞાઓ क, ख, ग, घ, च, छ, ज, झ અને ट છે. હવે, તે નવેનાં સૂક્ષ્મ નિરીક્ષણ તેમજ તેમના પાઠોની સરખામણી કરતાં તે બે જૂથમાં વહેંચાયેલી હોય એમ લાગે છે : (1) क, ख, ग, घ અને (2) च, छ, ज, झ, ट. આનો અર્થ એ થયો કે પ્રથમ ચાર હસ્તપ્રતો હાલ જેનું અસ્તિત્વ નથી તેવી (અવિદ્યમાન) જૂની હસ્તપ્રતમાંથી ઊતરી આવેલી છે અને બાકીની પાંચ હસ્તપ્રતો એવી બીજી જૂની ખોવાયેલી હસ્તપ્રતમાંથી ઊતરી આવેલી છે. આ બંને જૂની હસ્તપ્રતોને આપણે 'य' અને 'र' એવી સંજ્ઞાઓ અનુક્રમે આપીએ. વધારે અભ્યાસ કરતાં જણાય છે કે આ પાંચ હસ્તપ્રતો પણ ત્રણ પેટાવર્ગમાં વહેંચાયેલી છે : (અ) च, (આ) छ, ज અને (ઈ) झ, ट. આમાં પણ च બાકીનીથી અલગ તરી આવે છે, જ્યારે छ અને ट વળી એક ખોવાયેલી હસ્તપ્રતમાંથી ઊતરી આવી છે, જેને આપણે 'त' સંજ્ઞા આપી શકીએ. આમાં પણ ट તો छની જ નકલ છે, જ્યારે ज અને झ વળી ત્રીજી અવિદ્યમાન હસ્તપ્રત 'प'માંથી ઊતરી આવેલી છે. અહીં પણ વિદ્યમાન હસ્તપ્રતોને નાના ટાઇપમાં દર્શાવી છે જ્યારે અવિદ્યમાન પ્રતોની સંજ્ઞાઓ મોટા ટાઇપમાં અવતરણ ચિહનમાં મૂકી છે. અહીં કોઈ ભેળસેળવાળી (conflated) હસ્તપ્રત ન હોવાથી પાઠનું સંક્રમણ કોઈ ગૂંચ વિનાનું થયું છે એવું આપણે ધારી લઈએ છીએ. આ હસ્તપ્રતોનું વંશવૃક્ષ આ પ્રમાણે મૂકી શકાય : (એમાં 'मू' = મૂળ પાઠ અને 'ह' આદર્શ (archetype), જે આદર્શમાંથી 'य' અને 'र' ઊતરી આવેલી છે.)




અહીં જો “મૂ” અને “હ” સરખા જ છે તેવું દર્શાવી શકાય, તો “હ”ને સ્થાને જ “મૂ” મૂકી શકાય. ઉપર નોંધ્યું છે તેમ મોટા ટાઇપના અવતરણચિહનમાં મૂકેલા અક્ષરો અવિદ્યમાન કે લુપ્ત હસ્તપ્રતો સૂચવે છે.

વિદ્યમાન હસ્તપ્રતોના પાઠોનું સૂક્ષ્મ નિરીક્ષણ તેમજ તે પાઠોની પરસ્પર તુલના કરતાં નીચે પ્રમાણે નિર્ણયો કરી શકીએ :

(અ) જો ट એ छની સીધી નકલ હોય, તો टને આપણે છોડી દઈ શકીએ. માત્ર જ્યાં જ્યાં छને નુકસાન થયેલું હોય ત્યાં તેનો ઉપયોગ કરી શકાય.

(આ) જે પાઠો બધી હસ્તપ્રતોમાં સર્વસામાન્ય છે તે “ह”ના પાઠ હોવા જોઈએ.

(ઈ) ‘य’માંથી ઊતરી આવેલી ચારે પ્રતોમાં એક જ પાઠ છે અને ‘र’ની પાંચ વંશજ પ્રતોમાં બીજો પાઠ છે. આવા સંજોગોમાં “ह”નો પાઠ નિશ્ચિત કરી શકાય નહિ. ‘र’ની વંશજ પ્રતો ‘य’ની વંશજ પ્રતો કરતાં વધારે છે. પરન્તુ સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં હસ્તપ્રતોની ગણતરી કરવાની નથી પણ દરેકનું મૂલ્યાંકન કરવાનું હોય છે. બીજી બાબતોમાં સમાનતા હોય તો એટલું નિશ્ચિત છે કે આ બે પાઠમાંથી એક “ह”નો પાઠ છે અને બીજો પાઠ ભ્રષ્ટ પાઠ ગણાય. દા. ત., જો क ख ग घ એ ઉત્તરની પરંપરાનું પ્રતિનિધિત્વ કરતી હોય અને તે ચારેનો પાઠ घिष्ठिता હોય અને દક્ષિણની પરંપરાનું પ્રતિનિધિત્વ કરતી બાકીની પાંચ પ્રતો(च छ ज झ ट)માં પાઠ विष्ठिता હોય, તો धिष्ठिता એ પાઠ “ह”નો છે; કેમ કે ઉત્તરની પ્રાચીન લિપિમાં ध અને व સરખા જેવા લખાય છે તેથી घिष्ठितानुं विष्ठिता નકલોમાં સહેલાઈથી થઈ શકે.

(ઈ) ધારો કે ‘य’ના વંશજો અથવા ‘र’ના વંશજોમાં પરસ્પર સહમતિ નથી; અને ‘प’ના વંશજો (ज झ)ના પાઠ ‘त’ના વંશજો (छ ट)ના તેમજ चના પાઠથી જુદા

પડે છે પણ क ख ग घના પાઠ સાથે સમાનતા ધરાવે છે. જો આમ હોય, તો ‘र’નો પાઠ ‘प’ને આધારે નક્કી કરાય, નહિ કે ‘त’ અને चને આધારે. કારણ કે સેળભેળ તથા અકસ્માત ઊભી થતી સમાનતાની કલ્પના (hypothesis)ને બાદ કરતાં, ‘प’ની क ख ग घ સાથેની સમાનતાને એક જ રીતે સમજાવી શકાય કે ‘प’ એ ‘य’ અને ‘र’માં સમાન પાઠને સાચવ્યો છે (જે પાઠ “ह”નો પાઠ પણ હોવો જોઈએ) એવી ધારણા કરવી. આમ થતાં ‘त’ અને ‘च’ના પાઠો ખોટા કે ભ્રષ્ટ ગણીને જુદા તારવી લેવાય.

વંશવૃક્ષ તૈયાર કરવાની આ રીતના બે ફાયદા છે એવું આવા દાખલાઓ ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે :

(1) કેટલાંક પાઠાન્તરો દૂર થવાથી આપણું કાર્ય વધારે સરળ બને છે; અને

(2) બધી હસ્તપ્રતો જેમાં સમાનતા દર્શાવતી હોય તે ઉપરાન્ત “ह”ના બીજા કેટલાક પાઠ પણ અનુમાનથી નક્કી થઈ જાય છે.

વિદ્યમાન હસ્તપ્રતોના પારસ્પરિક સંબંધને સમજાવવા માટે કેટલીક તેમની પૂર્વજ એવી અવિદ્યમાન હસ્તપ્રતોનું અસ્તિત્વ ભૂતકાળમાં હતું એવું કલ્પવું પડે છે. આવી અવિદ્યમાન પ્રતોના પાઠો આ પ્રમાણે રચી શકાય છે.

(1) ‘प’ના પાઠ બે રીતે રચી શકાય છે :
   (અ) ज અને झની સમાનતા દ્વારા; અથવા
   (આ) ज, झ અને બાકીની પ્રતોની સમાનતા દ્વારા.

(2) એ જ રીતે छ અને ‘प’ના આધારે ‘त’ના પાઠ સંસ્થાપિત થાય છે.

(3) च, ‘त’ અને ‘प’ના આધારે ‘र’ના પાઠ સ્થાપિત થાય છે.

(4) ‘य’ના પાઠ બે રીતે નિશ્ચિત કરાય છે :
   (અ) કાં તો क ख ग અને घ માંથી ગમે તેમ આડીઅવળી લીધેલી કોઈ પણ બે હસ્તપ્રતોની સમાનતા દ્વારા, અથવા
   (આ) આ જૂથની કોઈ પણ બે હસ્તપ્રતો તેમજ ‘र’ જૂથની હસ્તપ્રતોની સમાનતા દ્વારા.

આનું કારણ તો સ્પષ્ટ જ છે. ‘य’ તથા ‘र’ના સમાન પાઠ એટલે કે “ह”ના પાઠ તે આ જ છે તે હકીકત દ્વારા આની સમાનતાઓ સમજાવી શકાય.

આથી આદર્શ “ह”ની વાચનાની રચના કરવા માટે નીચેના પાંચ મુદ્દા ધ્યાનમાં રાખવા પડે :

(અ) 'य' અને 'र'ના સમાન પાઠ તે "ह''ના પાઠ થઈ જાય.

(આ) 'य' અને 'र'નાં જૂથોની એક એક જ હસ્તપ્રતો સચવાઈ હોત (જેમ કે क અને च), તોપણ "ह''ના પાઠ એટલી જ નિશ્ચિતતા સાથે રચાયા હોત અને क તથા च તેના પાઠાન્તરધારક થાત.

(ઇ) જો માત્ર क ख કે च ज કે ज झ જ સચવાઈ હોત, તો તેનાથી તો કેવળ 'य' કે 'र' કે 'प' ના પાઠ જ નક્કી થાત અને તે દરેક અવિદ્યમાન મૂળ હસ્તપ્રતોની પાઠાન્તરધારક બને.

(ઈ) જો આ આદર્શ "ह'' ત્રણ કે તેથી વધારે પ્રવાહોમાં વહેંચાયેલી હોય (જેમ કે 'य', 'र', 'ल' વગેરે), તો આમાંથી કોઈ પણ બેની સમાનતા દ્વારા "ह''નો પાઠ નક્કી થાય.

(ઉ) જ્યારે ઉત્તર તથા દક્ષિણ એ બંને પાઠપરંપરાઓમાં વૈકલ્પિક પાઠ હોય અને એકબીજામાંથી ઊતરી આવેલા ન હોય અને બંનેનું આન્તરિક મૂલ્ય પણ સરખું જ હોય, આથી ઉ. દ. આથી સંભવિતતા બન્નેની સરખી જ ગણાય. આવા સંયોગોમાં જેની ચોકસાઈ સહુથી સારી હોય તે સાક્ષી કે પ્રમાણ ઉપર વધારે ભાર મુકાય. આમ, જે સાક્ષી કે પ્રમાણ વધારે શ્રદ્ધેય હોય, તેને જ સર્વત્ર 'સ્ટૉપ-ગૅપ' તરીકે સ્વીકારી લેવાય. અને એ રીતે વાચનાઓની અનાવશ્યક અને વિવેકહીન (indiscriminate) ભેળસેળ (fusion of versions) નિવારાય. આવાં સર્વ સ્થળોએ મીક્ષિત આવૃત્તિના સમ્પાદકે અધિક પાઠાન્તરો કેવી રીતે ઊભાં થાય છે તે સારામાં સારી રીતે સમજાવી શકે એવા જ પાઠ શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ ને આવો પાઠ જ સ્વીકારવો જોઈએ. દા. ત., મહાભારત 1.98.18માં समुद्धे એ પાઠ સ્વીકાર્યો છે, જે પાઠમાંથી બીજાં પાઠાન્તરો समुद्रे, समूहे અને समृद्धे સરળતાથી ઊભાં થઈ શકે એવું સમજી શકાય છે.

એ ધ્યાનમાં રાખવું જોઈએ કે વિદ્યમાન હસ્તપ્રતોના તુલનાપત્રક(collations)ના સૂક્ષ્મ પૃથક્કરણ દ્વારા નિશ્ચિત થયેલ આદર્શ (archetype) એ મૂળકર્તાએ લખેલ પ્રથમાદર્શ (autograph) જ છે એમ સંપાદક ખાતરીપૂર્વક કહી શકે નહિ. કારણ કે આપણા ગ્રન્થકારો કે તેમના આપણા સુધી આવેલા ગ્રન્થોનો ચોક્કસ કાળ બહુધા નિશ્ચિત રીતે જાણી શકાતો નથી. તે વાચના ગ્રન્થકારનો પાઠ હોય પણ ખરી અને ન પણ હોય. જો આ બીજો વિકલ્પ જ હોય, તો તે પ્રથમાદર્શની નકલ હોય અથવા તો તેમાંથી ઊતરી આવેલ જૂનામાં જૂની નકલ હોય. આ પાઠપરંપરાના જુદા જુદા પ્રવાહોની યાત્રામાં વચ્ચે કેટલી અવસ્થાઓ (stages) આવી હોય તે વિષે કે જેની નકલ કરાઈ હશે તે અવિદ્યમાન હસ્તપ્રત અને વિદ્યમાન પ્રત વચ્ચે પણ

કેટલી અવસ્થાઓ આવી હશે તે વિષે પણ સમ્પાદક કંઈ નિશ્ચિત રીતે કહી શકે નહિ.

## 2. પાઠશોધન (Emendation)

સમીક્ષિત આવૃત્તિની સમસ્યાઓનું પ્રકરણ પૂરું કરતાં પહેલાં એક અતિ મહત્વના અટપટા પ્રશ્નની ચર્ચા કરવાની રહે છે, અને તે છે પાઠશોધનનો પ્રશ્ન.

આગલા વ્યાખ્યાનના પ્રારંભે આપણે આપણા સુધી આવેલો–'સંચરિત' (transmitted) પાઠ, પરમ્પરાગત (traditional) પાઠ અને ભ્રષ્ટ (corrupt) પાઠ વચ્ચેનો તફાવત સમજવાનો યત્ન કર્યો હતો. તેની પુનરાવૃત્તિ કરવાની અહીં જરૂર નથી. હવે આપણે ભ્રષ્ટ પાઠોના શોધનની ચર્ચા કરવાની છે.

ભ્રષ્ટ પ્રક્ષેપોની બાબતમાં બાહ્ય પ્રમાણની કોઈ કિંમત નથી. તો એ બાબતમાં શું કરવું જોઈએ ? ભ્રષ્ટ પાઠને સ્થાને સમ્પાદકે અર્થ, સંદર્ભ, વ્યાકરણ, શૈલી તથા છન્દની દૃષ્ટિએ સંતોષકારક એવા પાઠનું અનુમાન કરવાનું રહે છે. આવો સુધારો આન્તરિક રીતે સંભવિત (intrinsically probable) ગણાય. આ આન્તરિક સંભવિતતા ગ્રન્થકાર સાથે જ સંબદ્ધ છે અને તેને લહિયા સાથે કોઈ સંબંધ નથી. આ સુધારેલો સંભવિત પાઠ આગલા વ્યાખ્યાનમાં ગણાવેલાં કારણોમાંથી કોઈ દ્વારા ભ્રષ્ટ થયેલો જણાય, તો આ સુધારાને આન્તરિક તેમજ બાહ્ય સંભવિતતાઓનો ટેકો છે એમ કહી શકાય. આ કલ્પિત પાઠ એટલે કે શોધિત પાઠ લહિયાએ નકલ કરવામાં કેવી રીતે ભૂલ કરી હોય તે સમજાવી શકે એવો હોવો જોઈએ, અને લિપિની દૃષ્ટિએ આમ થવું શક્ય હોવું જોઈએ. જેમ આન્તરિક સંભવિતતા મૂળ કર્તા સાથે સંબદ્ધ છે તેમ આ પ્રતિલિપિગત (transcriptional or documental) સંભવિતતા માત્ર લહિયા સાથે જ સંબદ્ધ છે. સ્વાભાવિક રીતે જ આ પ્રતિલિપિગત સંભવિતતા કરતાં આન્તરિક (intrinsic) સંભવિતતા વધારે મહત્વ ધરાવે છે.

સમીક્ષાની સર્વ કસોટીઓ પ્રયોજાયા પછી નીચેના ચારમાંથી કોઈ પણ એક નિર્ણય ઉપર અવાય છે : (અ) સ્વીકાર, (આ) સન્દેહ, (ઇ) અસ્વીકાર અથવા (ઈ) ફેરફાર અર્થાત્ સુધારો (emendation). જ્યારે જે તે પાઠ કે પાઠો શક્ય જ ન હોય, ત્યારે મૂળ પાઠ મેળવવા માટે આ આનુમાનિક શોધન એક જ ઉપાય રહે છે. આવી રીતે પાઠશોધન એ સમીક્ષિત આવૃત્તિના સમ્પાદકના કાર્યનો ઉચ્ચતમ અને વિકટતમ (higher and most difficult) ભાગ ગણાય.

કેટલીક વાર આ પણ મદદરૂપ થઈ શકતું નથી. જ્યારે ભ્રષ્ટ પાઠ આપણા આદર્શ(archetype)ના સમયથી યે પહેલાં અને પ્રથમાદર્શ(autography)ના સમયથી ઠીક ઠીક નજીકના કાળમાં ગ્રન્થમાં ઘૂસી ગયો હોય, ત્યારે પ્રતિલિપિગત (transcriptional) સંભવિતતાનો આશ્રય લઈ શકાતો નથી; કારણ કે આપણે

ન તો પ્રથમાદર્શનો કે ન આદર્શનો ચોક્કસ સમય જાણતા હોઈએ છીએ અને તે બે વચ્ચે કેટલો સમયગાળો વીતેલો તે પણ આપણે જાણતા નથી હોતા. વળી આ આનુમાનિક શોધન (conjectural emendation) કોઈ સ્પષ્ટ પ્રતિલિપિગત પ્રમાણોની સર્વાનુમતિની વિરુદ્ધ તો ન જ જતું હોવું જોઈએ.

કોઈ પણ સુધારો (emendation) નક્કી કરવામાં આત્મલક્ષી વિચારણા સહેજ પણ ન ચલાવાય. જે તે ગ્રન્થમાં જ સમ્પાદકે આવા જૂના દાખલા શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો આવાં સમાન ઉદાહરણો મળી જાય તો તો પોતે કરેલા સુધારાઓ વિષે સમ્પાદક પૂર્ણતયા ચોક્કસ થઈ જાય.

સમીક્ષકો બે પ્રકારના હોય છે : (1) રૂઢિચુસ્ત (conservative) અને (2) ઉદારમતવાદી (liberal). રૂઢિચુસ્તો 'स्थितस्य गतिश् चिन्तनीया' એ સૂત્રને વળગી રહેતા હોય છે. તેઓ ગ્રન્થની ઊતરી આવેલી વાચનાના પાઠોના વૈજ્ઞાનિક અર્થ અને તેના વિવરણમાં માને છે. સ્વાભાવિક રીતે જ આ રૂઢિચુસ્તો આવા શોધન કે સુધારાના વિરોધી છે. તેઓની માન્યતા મુજબ ગ્રન્થમાં મૂળ પાઠ ન હોય તો છેવટે તેના અવશેષ રૂપે જે હોય તેને જ સાચવી રાખવું એ જ વધારે સારું છે. કોઈ પણ કાલ્પનિક-આનુમાનિક સુધારા કરતાં સંદિગ્ધ પાઠની મૌલિકતા વધારે હોય એવો તેઓનો મત છે. બીજી બાજુ ઉદારમતવાદીઓ માને છે કે મૂળના અવશેષો કરતાં જેને અંગ્રેજીમાં 'સ્ટૉપ-ગેપ' (stop-gap) કહે છે તેવા પાઠો વધારે સારા ગણાય અને એ રીતે કામચલાઉ કલ્પિત પાઠ પણ છૂટા પડી ગયેલા સંદિગ્ધ પાઠ કરતાં વધારે સારો ગણાય. તેમનું સૂત્ર છે : ''Correction should precede interpretation' અર્થાત્ પ્રાપ્ત પાઠને સમજાવવા કરતાં સુધારો પહેલો આવે અર્થાત્ સુધારેલો પાઠ અપનાવીને પછી તેનો અર્થ–સમજૂતી આપવાં જોઈએ. મહાભારતમાં ઉત્તરની તથા દક્ષિણની પાઠપરમ્પરાઓના પાઠોમાં આન્તર અને બાહ્ય સંભવિતતાઓનું સંતુલન કરતાં બંને સરખા ઊતરે તેવા પ્રસંગોએ ડૉ. સુકથનકરે કામચલાઉ રીતે stop-gaps તરીકે ઉત્તરની પરમ્પરાના પાઠોને પસંદ કર્યા છે, કારણ કે પાછળના પ્રક્ષેપોથી ઉત્તરની પરમ્પરા દક્ષિણ કરતાં વધારે મુક્ત અને એ રીતે વધારે શુદ્ધ પુરવાર થયેલી હતી. રામાયણમાં આથી ઊલટું જ અનુભવાયું છે.

સાચો સમીક્ષક ગુણદોષવિવેચક હોઈ બેઉ પક્ષની દલીલોથી સહેજ પણ દોરવાયા વિના બંને છેડાની વચ્ચેનો માર્ગ શોધી કાઢે. બંને સંભવિતતાઓનું સંતુલન બરાબર સાચવનાર પાઠ જ તેણે સ્વીકારવાનો રહે છે. એકેએક પ્રસંગે દરેક પાઠનું મૂલ્યાંકન કરીને નિર્ણય કરવો જોઈએ. કત્રે આ વિષે મહાભારતની સમીક્ષિત આવૃત્તિમાંથી એક ઉદાહરણ ટાંકે છે. મહાભારત 1.92.2માં ઉત્તરની પરમ્પરાની સર્વ હસ્તપ્રતોમાંના 'गंगा स्त्रीरूपधारिणी' એવા પાઠને અવગણીને સુકથનકરે પ્રત $S_1$ તથા $K_1$ના પાઠ 'गंगा श्रीरिव रूपिणी'ને સમીક્ષિત આવૃત્તિમાં પુનઃસંસ્થાપિત પાઠ

તરીકે સ્વીકારી લીધો છે. પરન્તુ તેના પછીની જ પંક્તિમાં બંને હસ્તપ્રતોના પાઠ 'शयनात्'ને ન સ્વીકારતાં બીજી બધી હસ્તપ્રતોના પાઠ 'सलिलात्'ને સ્વીકાર્યો છે. આનું કારણ એવું છે કે આ બંને સ્થળે આન્તરિક મૂલ્ય જુદું જુદું છે. આ ઉદાહરણ આપીને કત્રે સ્પષ્ટતા કરે છે કે આ દાખલો પાઠશોધન(emendation)નો નથી, તોપણ તે ભારપૂર્વક આપણું ધ્યાન એ બાબત તરફ દોરે છે કે આ સિદ્ધાન્ત સમીક્ષિત આવૃત્તિમાં પણ મૂળભૂત રીતે લાગુ પડે છે એટલું જ નહિ, પણ જ્યારે તેનો સંપાદક પાઠશોધન કરવા માગતો હોય ત્યારે તો ખાસ આ સિદ્ધાન્તને વળગી રહેવું પડે.

તે આપણને ચેતવે છે કે પાઠશોધનની પદ્ધતિ પુષ્કળ ગૂંચવણોથી સભર હોવાથી ઉત્તમ પ્રક્રિયા તો એ જ છે કે સર્વ ઉપલબ્ધ પાઠાન્તરોને આધારે હસ્તપ્રતો દ્વારા આપણા સુધી આવેલી સંચરિત (transmitted) વાચનાને 'વૈજ્ઞાનિક અર્થબોધન'(scientific inferpretation)ની પદ્ધતિ લાગુ પાડવી. જ્યાં સાવ દુષ્ટ પાઠો હોય ત્યાં જ સંપાદકે અત્યન્ત સાવધાનીપૂર્વક આન્તરિક (intrinsic) તથા પ્રતિલિપિગત (transcriptional) સંભવિતતાઓની બન્ને કસોટીનો પ્રયોગ કરવાનો રહે, જે દ્વારા બધાં વિભિન્ન પાઠાન્તરો જેના તરફ જતાં હોય તેવું એક કેન્દ્ર શોધી શકાય, જેને પછી કાલ્પનિક (conjectural) શોધન (emendation) તરીકે સમીક્ષિત આવૃત્તિમાં મૂકી શકાય. આમ, જ્યારે વૈજ્ઞાનિક અર્થબોધનની બીજી બધી જ કસોટીઓ કામ ન લાગે ત્યારે અન્તિમ ઉપાય તરીકે જ આ પાઠશોધન(emendation)નો આશ્રય લેવાનો હોય. મહાભારતના આદિપર્વની સમીક્ષિત આવૃત્તિમાં 7000થીયે વધારે શ્લોક-સંખ્યા વચ્ચે કાલ્પનિક પાઠશોધનનાં માત્ર 36 સ્થળો જ મળે છે, જે પ્રાયઃ છૂટાછવાયા શબ્દોમાં જ છે તથા રામાયણના અયોધ્યાકાંડની સમીક્ષિત આવૃત્તિમાં પણ માત્ર છ સ્થળે જ આવાં પાઠશોધન જોવા મળે છે. આ સ્થળોના પાઠશોધનને સમજવાનો પ્રયત્ન કરીએ : (અ) 2.11.2માં સમ્પાદકે ह्यभीताને સુધારીને अभीता કર્યું છે; કેમકે अभीताનું ह्यभीता આમાંના સંધિભંગના દોષને નિવારવા માટે પાછળથી કરાયું હોવું જોઈએ. (આ) 2.82.85માં પણ આવું જ છે : त्वार्यो ह्ययोध्यांની જગાએ त्वार्यो अयोध्यां કરાયું છે. (ઇ) 2.110.50માં પણ मम पित्रात्वहं दत्ताને સુધારીને मम पित्रा अहं दत्ता કરાયું છે. (ઈ) 2.30.2માં दुष्प्रेक्ष्ये त्वशोभेतांનું दुष्प्रेक्ष्ये अशोभेतां થયું છે. જેણે સન્ધિભંગના દોષને નિવારવા માટે આવો સુધારો કરેલો તેના ખ્યાલમાં એ વિશેષ હકીકત આવી નથી કે दुष्प्रेक्ष्ये એ ए જેના અન્તે આવે છે તેવું નાન્યતર જાતિનું દ્વિવચનનું રૂપ છે. જેને માટે પછીના अ સાથે સન્ધિનો નિષેધ છે ! દક્ષિણની પરંપરાની હસ્તપ્રતોએ જાણી જોઈને આ પાઠને બદલીને प्रेक्ष्याभ्यामशोभेतां કરી દીધો છે; માત્ર T3 એ ઉત્તર પરંપરાનો પાઠ दुष्प्रेक्ष्ये સાચવ્યો છે અને સન્ધિના અભાવનો આ દાખલો છે એવું સમજીને तु

ઉમેરી દીધું છે ! (ઉ) 2.16.24માં શોધિત પાઠ (emendation) स निदेशे पितुस्तिष्ठ. અહીં દક્ષિણપરંપરામાં કાં તો संनिदेशे અથવા ततिदेशे છે; જ્યારે S1 D4—7માં संनिदेशः पितुस्तेऽयं છે. સમીક્ષિત આવૃત્તિના સંપાદકે અહીં પાઠશોધન (emendation) કરીને सं—નું स કરીને તેનો અન્વય આ પ્રમાણે કર્યો છે : स (त्वं) पितुर्निदेशे तिष्ठ; કારણ કે અહીં ઉપસર્ગ सं निदेशेને લગાડવો તે કાંઈ સામાન્ય વપરાશમાં નથી કે નથી શૈલીની ષ્ટિએ જરૂરી. (ઊ) 2.23.30માં भरतशत्रुघ्नौના સ્થાને શોધનયુક્ત પાઠ (emendation) लक्ष्मणशत्रुघ्नौ છે, કારણ કે તે સમયે તો લક્ષ્મણ રામના સાથી થાય એવો કોઈ સંભવ જ ન હતો. સીતાએ ભરત સાથે કેમ વર્તવું તે ઉપર 23મા શ્લોકમાં નિર્દેશાયું છે અને પછીથી 30મા શ્લોકમાં પણ તે જ છે. ક્યાંય લક્ષ્મણનો તો ઉલ્લેખ સરખો નથી. આમ અહીં પાઠનું આ શોધન (emendation) સંદર્ભને ધ્યાનમાં રાખી કરેલું છે. (એ) પાઠશોધનનો છેલ્લો પ્રસંગ અયોધ્યાકાંડમાં 2.39.13માં આવ્યો છે. दुःखजं विसृजन्त्यस्रं. દક્ષિણની પરમ્પરાની પ્રતો अश्रु અથવા आस्रं આપે છે. ટીકાકારો अश्रु વાંચે છે અને હસ્તપ્રતો TGM1-3માં आस्रं છે જે શબ્દકોશમાં મળતો જ નથી. આથી આવું શોધન કરાયું છે.

અન્તે એ હકીકત બેવડાવવી જોઈએ કે પાઠશોધન (emendation) તો છેલ્લો ઉપાય જ ગણાવો જોઈએ, પરન્તુ જ્યારે તદ્દન જરૂરી હોય ત્યારે તેનો આશ્રય લેવામાં સમ્પાદકે ખચકાટ અનુભવવો ન જ જોઈએ.

આવી રીતે શોધિત કરેલા દરેક પાઠ પાસે ફૂદડી-તારકચિહ્ન (*) સમીક્ષિત આવૃત્તિમાં મૂકવું જોઈએ એટલું જ નહિ, પણ બધા જ પાઠભેદો પાદટીપમાં નોંધવા જોઈએ જેથી વાચકો પોતાની દષ્ટિએ પાઠાન્તરોનું મૂલ્યાંકન કરી શકે. વળી પ્રસ્તાવનામાં પણ એ બધાં પાઠશોધનોની ચર્ચા કરવી જોઈએ અને દરેક શોધન માટેનાં કારણો સ્પષ્ટ રીતે દર્શાવવાં જોઈએ.

આ રીતે પાઠશોધન એ સમીક્ષિત આવૃત્તિના સમ્પાદકના કાર્યનો સૌથી વધારે વિકટ અને તેથી સૌથી વધારે મહત્વનો અંશ છે.

❒

# 10. અતિ મહત્વપૂર્ણ માર્ગદર્શન

## 1. સમ્પાદકને માર્ગદર્શન :

પ્રાચીન ગ્રન્થોની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરનાર સમ્પાદકે છ મહત્વપૂર્ણ નિયમો ધ્યાનમાં રાખવા જોઈએ :

(1) અઘરો પાઠ સ્વીકારવો (લેક્શીઓ ડિફિસિલિયર, Lectio Difficilior). જ્યારે લહિયો કે બીજી કોઈ વ્યક્તિ પ્રાચીન પાઠમાં જાણીજોઈને સુધારા કરે ત્યારે પ્રાયઃ અર્થને સ્પષ્ટ કરવા કે સરળ કરવાના હેતુથી તેમ કરે છે. તેથી આવાં સર્વ સ્થાનોમાં જે અઘરો પાઠ હોય તે જ મૂળ પાઠ હોવા સમ્ભવ છે. પરન્તુ એ ધ્યાનમાં રાખવાનું છે કે આ સિદ્ધાન્ત માત્ર જાણીજોઈને હેતુપૂર્વક કરેલા ફેરફારને જ લાગુ પડે છે. અજાણતાં – આકસ્મિક થયેલી ભૂલોને તે લાગુ પડે નહિ. કેમ કે એવા આકસ્મિક થયેલા ફેરફારોમાં ઘણી વાર મૂળ પાઠ કરતાં વધારે અઘરાં પાઠાન્તરો જોવા મળે છે !

(2) પાઠાન્તરોની તુલના કરતાં એવું જોવા મળે છે કે હસ્તપ્રતોનું મોટું જૂથ મૂળ પાઠથી ઘણું વહેલું જુદું પડી ગયેલું હોય છે અને નાનાં જૂથો મોડાં જુદાં પડેલાં હોય છે. કત્રે એક દૃષ્ટાન્ત દ્વારા આ નિયમને સમજાવે છે. ધારો કે કોઈ ગ્રન્થની 20 હસ્તપ્રતો છે, જે 9 અને 11 એમ બે જૂથમાં વહેંચાયેલી છે. આનો અર્થ એવો થાય કે પ્રથમ જૂથની પૂર્વજ હસ્તપ્રત અને બીજા જૂથની પૂર્વજ હસ્તપ્રત બેઉના પાઠ જુદા જુદા છે. આ પાઠાન્તરો આપણને જ્યાંથી આ બે જૂથ જુદાં પડ્યાં તે કાળ સુધી લઈ જાય છે. વળી વધારે પરીક્ષણ કરતાં આપણે જોઈએ છીએ કે આ 9 હસ્તપ્રતોના જૂથનાં બે પેટા-જૂથો પણ છે જે 4 અને 5 હસ્તપ્રતો અનુક્રમે ધરાવે છે, જેમના પાઠ જુદા જુદા હોય છે. આ બેઉ પેટાજૂથના પાઠ વળી પેલા મોટા 11 હસ્તપ્રતોના જૂથના પાઠથી પણ અલગ પડી જાય છે. આનો અર્થ એવો થાય કે આ બંને પેટાજૂથોની પૂર્વજ પ્રતો 9 પ્રતોના જૂથના સામાન્ય પૂર્વજમાંથી બે પરમ્પરાઓમાં વહી રહી છે. આમ જુદી જુદી પરમ્પરાઓ સ્વતંત્ર રીતે વિકસે છે, ત્યારે નાનાં અને મોટાં જૂથોમાં વહેંચાયેલી હસ્તપ્રતોનું સ્થાન જ્યારે વંશવૃક્ષ તૈયાર કરવાનું આવે ત્યારે નિશ્ચિત કરવામાં આ નિયમ ઉપયોગી થાય છે.

(3) આદર્શ(archetype)ની ગેરહાજરીમાં કેટલાંક સ્ખલનો લહિયાનાં છે કે ગ્રન્થકારનાં પોતાનાં છે એ જાણવું મુશ્કેલ છે ! કારણ કે કર્તા પોતે પણ કેટલીક વાર તેનો પ્રથમાદર્શ (autograph) લખવામાં ભૂલો કરી બેસતો હોય છે અને જો કોઈ ભૂલો તેની પોતાની જ છે તેવું નિશ્ચિત બને, તો તો તે ભૂલો સમીક્ષિત આવૃત્તિના પાઠમાં સમાવવી જ પડે. પરન્તુ આવી સર્વ ભૂલો સામાન્ય રીતે લહિયાની ભૂલો જ ગણાતી હોય છે. છેવટે તો કર્તા પણ તેના ગ્રન્થનો પ્રથમાદર્શ (autograph) તૈયાર કરતી વખતે લહિયો જ બની જાય છે ને ! અલબત્ત, બે વચ્ચેનો તફાવત તો પ્રથમાદર્શ જોયા પછી જ નોંધી શકાય !

(4) જ્યારે પ્રથમાદર્શમાંથી જુદા જુદા પ્રવાહો ઊતરે છે, ત્યારે પાઠાન્તરોમાંનાં કેટલાંક સાચા પાઠ હોય છે અને બાકીના પાઠભેદો હોય. આ ભેદ પછીની શાખાઓ તથા ઉપશાખાઓ સુધી ચાલ્યો આવતો હોય છે. ''સાચો પાઠ'' એવું માત્ર પ્રથમ વખત પ્રવાહો છૂટા પડે ત્યારે જ કહી શકાય. કેટલોક અંશ આદર્શની દૃષ્ટિએ મૂળભૂત (genuine) ન ગણાય; જ્યારે તે જ અંશ ઉપ-આદર્શ (sub-archetype)ની દૃષ્ટિએ મૂળભૂત ગણાય. જ્યારે આદર્શ પછીના કાળમાં એક સામાન્ય પૂર્વજમાંથી બે અલગ અલગ વાચનાઓ ઊતરી આવે, ત્યારે તે બેઉ તેનાથી ગૌણ (secondary) ગણાય. તેથી આ વાચનાઓ પરસ્પર ગૌણ રીતે (secondarily) સંકળાયેલી ગણાય. આવા પ્રસંગોએ જુદી જુદી વાચનાઓની સમાનતા મૂળભૂત (original) છે કે ગૌણ (secondary) તેનો નિશ્ચય આવા ગૌણ સંબંધની જાણકારી દ્વારા જ કરી શકાય.

(5) ગૌણ પારસ્પરિક સંબંધ તથા ભેળસેળ (conflation) એ બેમાં કોઈ ગૂંચવાડો ન રહેવો જોઈએ. માટે તે બંને વચ્ચેનો તફાવત કાળજીપૂર્વક સમજી લેવો જોઈએ. ગૌણ પારસ્પરિક સંબંધ આખો ગ્રન્થ કે તેનો અંશ કોઈક ઉપ-આદર્શ(sub-archetype)માંથી એકસરખી રીતે ઊતરી આવ્યો છે તે હકીકત સ્પષ્ટ કરે છે. બીજી બાજુ મિશ્રણ કે ભેળસેળ (conflation) દર્શાવે છે કે આ સ્વતંત્ર પરમ્પરાઓના ભિન્ન ભિન્ન સ્રોતોનું ગમે તેવું મિશ્રણ થયેલું હોય છે. આવા પારસ્પરિક મિશ્રણમાં આ આપણા સુધી ઊતરી આવેલી વાચનામાં મૂળભૂત ન ગણાય એવાં ગૌણ લક્ષણોનો પણ સમાવેશ કરાવો જોઈએ, જેથી આવાં ગૌણ લક્ષણો પણ આ મિશ્રણમાં સમાવેશ પામે. આથી સમીક્ષિત વાચના તૈયાર કરતી વખતે એ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે શુદ્ધ કે મિશ્ર પરંપરાઓમાંની ગૌણ સમાનતાઓ તેમાં સમાવેશ પામે નહિ અને માત્ર મૂળભૂત સમાનતાઓ જ એમાં સચવાય.

(6) અત્યાર સુધી પૂર્ણતયા સચવાયેલી વાચનાઓના વિસ્તારમાં વધઘટ હોય, તેમાંની એક નાનામાં નાની હોય, બીજી મોટામાં મોટી હોય અને બાકીની વાચનાઓ તે બેની વચ્ચે આવે. નાની વાચનાને સમીક્ષિત સંપાદનના ક્ષેત્રમાં 'ટેક્સ્ટસ સિમ્પ્લિસિયર – Textus Simplicior' કહે છે, જ્યારે વિસ્તૃત વાચનાને 'ટેક્સ્ટસ ઓર્નેટિયર – Textus Ornatior' કહે છે. આ અંગેનો સિદ્ધાન્ત છે કે 'Textus Simpliciorને જૂની ગણવી અને Textus Ornatiorને પાછળની ગણવી. આમ નાની વાચના પહેલાંની અને મોટી પાછળની ગણાય. પરંતુ આવા સિદ્ધાન્તોને ચુસ્ત રીતે વળગી રહેવાનું નથી. કારણ કે સામાન્ય રીતે એવી કોઈ વાચના ન હોય જેમાં, જાણતાં કે અજાણતાં, વધારો-ઘટાડો ન થયો હોય. કોઈક એક તરફ વળતી હોય તો બીજી બીજી તરફ; પણ એકેય સ્થિર-સંવાદી ન હોય. આમ છતાં આ સિદ્ધાન્તનું પોતાનું મહત્વ તો છે જ; કેમ કે આ બે પ્રકારની વાચનાઓ આપણને વધ-ઘટ કયે કયે સ્થળે થઈ છે તે જાણવામાં મદદરૂપ થાય છે જ.

## 2. પાદટીપ રૂપે સમીક્ષિત સામગ્રી :

કત્રે સમીક્ષિત આવૃત્તિને ન્યાયાધીશના ચુકાદા સાથે સરખાવે છે, જેની સાથે એ ચુકાદાના આધારરૂપ તરફેણમાં તથા વિરોધમાં એકઠા થયેલા પુરાવાઓ પણ રજૂ કરવામાં આવે છે. જુદા જુદા ન્યાયાધીશો આ પુરાવાઓનું અર્થઘટન જુદી જુદી રીતે કરતા હોય છે. તે જ રીતે સૂક્ષ્મેક્ષિકાવાળા વાચકો પણ હોય છે અને એવા વાચકોની ગુણવત્તા સમ્પાદકના જેટલી પણ હોવા સંભવ છે. પણ તેમને આ બધા પુરાવાઓનો અભ્યાસ કરવાની તક મળેલી ન હોય. તેઓ સમ્પાદકે સ્વીકારેલ પાઠો સાથે સમ્મત થાય પણ ખરા અને ન પણ થાય. સમીક્ષિત આવૃત્તિ વિશેષતઃ આવા વાચકો માટે હોઈને સમ્પાદકની એ ફરજ છે કે સમીક્ષિત પાઠની નીચે પાદટીપ રૂપે હસ્તપ્રતોમાંના, સ્વીકારેલા પાઠથી જુદાં પડતાં, સર્વ મહત્વનાં પાઠાન્તરો નોંધવામાં આવે. આ પાદટીપમાં નીચે દર્શાવેલી બધી વિગતો પ્રગટ કરવી જોઈએ :

(1) આદર્શ (archetype) કરતાં જુદા પડતા અને સમીક્ષિત પાઠમાં ઉલ્લેખ નહિ પામેલા સર્વ પાઠો.

(2) અસ્વીકૃત પાઠાન્તરો લહિયાની ભૂલો સાથે. જેથી આવા વાચકને સ્પષ્ટ ખ્યાલ આવે કે જે તે સ્થળે પાઠ આદર્શ સુધી જઈ શકતો નથી પણ તેથી નીચેના અમુક સ્તર સુધી જ જાય છે.

(3) ગૌણ પાઠાન્તરો, જો તેઓ પરસ્પરમાં તેમજ મુખ્ય પાઠાન્તરો સાથે સમાનતા ન ધરાવતાં હોય તો.

(4) અધિક પાઠાન્તરધારકોના સામાન્ય-સમાન-પાઠો.

## (5) ટૂંકા પ્રક્ષેપો.

(6) લાંબા પ્રક્ષેપો સામાન્યતઃ પરિશિષ્ટ 1 તરીકે મૂકવામાં આવે છે. આ પ્રક્ષેપો સમીક્ષિત પાઠમાં ક્યાં કયાં આવેલા છે તે પાદટીપમાં સ્પષ્ટ દર્શાવવું જોઈએ.

''વાલ્મીકિ-રામાયણ''ની સમીક્ષિત આવૃત્તિ માટે, ખૂબ વિચારણાને અન્તે વડોદરાના પ્રાચ્ય વિદ્યામન્દિરમાં આ પાદટીપમાં કયા ક્રમે આ વિગતો મૂકવી તે નક્કી કરીને છેવટ સુધી તેને જ અનુસરવામાં આવ્યું છે. પ્રથમ કાંડ બાલકાંડમાં જે નિશ્ચિત ક્રમ અનુસરાયો હતો તે અનુસાર સમીક્ષિત સામગ્રી(critical apparatus)ના વિભાગના અધ્યવેક્ષક (superintendent) તરીકે નિમાયેલા શ્રી એચ. ટી. દેસાઈએ સમીક્ષિત સામગ્રીને પાદટીપમાં રજૂ કરવાની એક પદ્ધતિ અત્યન્ત કાળજીપૂર્વક તૈયાર કરેલી, જે નિશ્ચિત ક્રમને 'રામાયણ' પછીનાં સમીક્ષિત આવૃત્તિનાં સર્વ આયોજનોમાં અનુસરવામાં આવ્યો છે. આમાં કોઈ ફેરફાર કરવો તે સલાહભર્યું નથી. આથી અહીં તે પદ્ધતિને શક્ય એટલા સંક્ષેપમાં અને વિશદ રીતે રજૂ કરી છે :

| | | |
|---|---|---|
| 1. | N (ઉત્તરની પાઠપરંપરા) વાચનાઓ : | |
| | (અ) | S' (શારદા), |
| | (આ) | Ñ (નેવારી), |
| | (ઇ) | V (મૈથિલી), |
| | (ઈ) | B (બાંગ્લા). |
| 2. | S (દક્ષિણની પરંપરા) વાચનાઓ : | |
| | (અ) | T (તેલુગુ), |
| | (આ) | G (ગ્રન્થ), |
| | (ઇ) | M (મલયાળમ). |
| 3. | દરેક શ્લોકની પાદટીપ અલગ અલગ ફકરામાં મૂકવી. | |

| | |
|---|---|
| 4. | દરેક શ્લોકનાં ચરણોને અનુક્રમે a b c d (ગુજરાતીમાં અ, આ, ઇ, ઈ) સંજ્ઞાઓ આપવી અને તે શ્લોકાંકની જમણી બાજુએ ઉપરના ભાગમાં ઝીણા અક્ષરે લખવી. આ સંજ્ઞાની પહેલાં નાની રેખા દોરવી અને તેના પછી નાના કૌંસનો ઉત્તરાર્ધ મૂકવો. આ અંક અને સંજ્ઞા દરેક પાદની નોંધ પહેલાં મૂકવાં. દરેક શ્લોકમાં જે ચરણની નોંધ પહેલી આવે તેના પહેલા નાની રેખા ન મૂકવી. જ્યાં જરૂર હોય ત્યાં બે કે વધારે સંજ્ઞાઓ સાથે મુકાય. |
| 5. | જો સમગ્ર સર્ગ કે અધ્યાય અંગેની નોંધ લખવાની હોય તો તે સર્વપ્રથમ જ આવે. તે પછી આખા શ્લોકની નોંધ, પછી શ્લોકાર્ધની નોંધ, પછી આખા ચરણની નોંધ અને તે પછી જ શબ્દોનાં પાઠાન્તરો આવે. |
| 6. | દરેક પાઠાન્તર પછી અર્ધવિરામ (;) મૂકવું અને છેલ્લે સમીક્ષિત આવૃત્તિના જે અંશ માટે આ પાઠાન્તરો હોય તે લખીને તેની પહેલાં 'for' શબ્દ નાના કૌંસમાં મૂકવા. [ગુજરાતીમાં લખતાં આ સમીક્ષિત પાઠ પહેલો મૂકી તેની પછી 'માટે' શબ્દ ઉમેરવો. અને પછી પાઠાન્તરો મૂકવાં.] આ સમીક્ષિત પાઠ અને 'માટે' નાના કૌંસમાં લખવાં. દરેક સ્થળે નોંધ પૂરી થતાં પૂર્ણવિરામ (.) મૂકવું. આખા ચરણ કે બે ચરણની નોંધ હોય તો આ સમીક્ષિત પાઠ મૂકવાની જરૂર નથી. |
| 7. | આ પાઠાન્તર કેવા પ્રકારનું છે તે પાઠાન્તર પછી નાના કૌંસમાં દર્શાવવું અને તે માટે તેના સંક્ષેપનો જ ઉપયોગ કરવો. |
| 8. | સંધિને કારણે શબ્દના અંતિમ સ્વર કે વ્યંજનમાં ફેરફાર કરાય તે રીતે જ તે લખવો; દા. ત., गुरुर्, क्वचिच्. |
| 9. | જે પાઠ સમાસનો એક ભાગ હોય તેની જે બાજુ સમાસનો બીજો અંશ હોય તે તરફ નાની રેખા દોરવી. બંને બાજુ હોય તો બન્ને બાજુ લીટી મૂકવી, જેથી સ્પષ્ટ થાય કે તે સ્થળે સમાસનો બીજો અંશ એની સાથે જોડાયેલો છે. |
| 10. | પાઠાન્તરની પહેલાં કે પછી કે બંને બાજુએ ઉપરના ભાગમાં નાનું વર્તુળ દોરેલું હોય તેનો અર્થ એટલો કે જે અંશ એ વર્તુળ દ્વારા નિર્દેશાયેલો છે તે સમીક્ષિત પાઠ પ્રમાણે જ છે. કૌંસમાં મૂકેલ સમીક્ષિત પાઠની પાસેના આવા વર્તુળનો અર્થ એવો કે તેનાથી નિર્દેશ કરાયેલ અંશમાં કોઈ શાબ્દિક ફેર નથી. |

| | | |
|---|---|---|
| 11. | કોઈ શ્લોક છૂટી ગયો હોય, તો તેનો નિર્દેશ પાઠાન્તરોની નોંધ પહેલાં જ આવે. શબ્દ છૂટી ગયો હોય તેનો નિર્દેશ તો ક્રમાનુસારના તેના સ્થાને જ કરાય. | |
| 12. | આનાથી વધારે મોટો અંશ છૂટી ગયો હોય તેનો નિર્દેશ આ બધા કરતાં પહેલો કરવાનો હોય છે. એટલે એક કરતાં વધારે શ્લોકો છૂટી ગયા હોય તેનો નિર્દેશ શ્લોકાંકથીયે પહેલાં થવો જોઈએ, એટલું જ નહિ પણ બાકીના શ્લોકોમાંના દરેકની સમીક્ષાસામગ્રી રજૂ કરતાં પહેલાં પણ ત્યાં આપેલ આ પ્રકારની નોંધનો ઉલ્લેખ કરવો પડે. | |
| 13. | સમીક્ષિત વાચનામાંના જે અંશો છૂટી ગયા હોય તેમની નોંધ પ્રારંભમાં જ સંભવિત કારણો સાથે નીચેની પદ્ધતિએ મૂકવી : | |
| | (અ) | છૂટી ગયેલ દરેક અક્ષરના સ્થાનમાં તારાનું ચિહન મૂકવું. |
| | (આ) | મોટો ભાગ છૂટી ગયો હોય ત્યારે મૂઠી વાળેલા તર્જનીને દર્શક મુદ્રામાં રાખેલા હાથના અગ્રભાગની છાપ – જેને સામાન્ય રીતે 'હાથ' કહે છે તેની છાપ મૂકવાનો રિવાજ પડેલો છે. તે પછી જ તે અંગેની નોંધ મૂકવી. |
| | (ઇ) | જ્યારે આખો સર્ગ જ છૂટી ગયો હોય, ત્યારે તેવી નોંધ સર્ગના પ્રારંભમાં મૂકવી, પણ દરેક શ્લોક આગળ એ ફરી લખવાની જરૂર નથી. |
| 14. | જ્યારે કોઈ શ્લોક સમીક્ષિત પાઠથી તદ્દન જુદા જ શબ્દોમાં લખાયેલો હોય, ત્યારે તેને બદલે મુકાયેલો ગણાય. તેથી તેવા શ્લોકને 'આદેશ' (substitute) કહે છે. આવા 'આદેશ'નો નિર્દેશ શ્લોકાંક પાસે જમણી બાજુએ ઉપરના ભાગમાં તારક મૂકીને કરાય. આવો શ્લોકાંક 'તારક-અંક' તરીકે ઓળખાય છે. જ્યારે એક કરતાં વધારે શ્લોકો સમીક્ષિત પાઠથી જુદા પડતા હોય, ત્યારે શ્લોકોનું આ આખું જૂથ 'આદેશ' (substitute) ગણાય. અને તે જૂથના છેલ્લા શ્લોકની સમીક્ષા-સામગ્રીની નોંધને અન્તે તેની નોંધ મુકાય. | |

| | |
|---|---|
| 15. | કોઈ હસ્તપ્રત કે હસ્તપ્રતજૂથમાં અનેક શ્લોકો આડાઅવળા લખાયેલા હોય, ત્યાં તે શ્લોકોનો સાચો ક્રમ દર્શાવતી સ્પષ્ટ નોંધ મૂકવી. જો અનેક હસ્તપ્રતોમાં અમુક શ્લોકોના જૂથનો અનુક્રમ જુદો જુદો હોય, તો ફેરફાર જ્યાંથી શરૂ થતો હોય ત્યાં આ સર્વ હસ્તપ્રતોમાંના તે શ્લોકોના ક્રમને દર્શાવતું કોષ્ટક મૂકવું. પછીથી આ ફેરફારની નોંધ સમીક્ષક સામગ્રીમાં લેવાની જરૂર નથી. ‘રામાયણ’ની સમીક્ષિત આવૃત્તિમાં બાલકાંડના સાતમા સર્ગમાં સારું ઉદાહરણ જોવા મળશે. |
| 16. | સર્ગોના અનુક્રમમાં ફેરફાર હોય, તો તેની નોંધ ઉપર દર્શાવેલ ‘હાથ’ની છાપ મૂકીને પછી દર્શાવવી. ‘હાથ’ સાથેની આવી નોંધ આ સર્ગોના પહેલાં જ મૂકવી. આવી નોંધ બાલકાંડના 17મા સર્ગના પ્રારંભે જોવા મળશે. |
| 17. | પાછળથી ઉમેરાયેલી પંક્તિઓ તથા શ્લોકો જે તે સ્થળે તારક સાથે મૂકવાં. |
| 18. | ગ્રન્થના દરેક વિભાગ (દા. ત., રામાયણમાં ‘કાંડ’, મહાભારતમાં ‘પર્વ’, વિષ્ણુપુરાણમાં ‘અંશ’)માં તારકયુક્ત અંશોને અનુક્રમ અંક આપવા. નવા વિભાગમાં નવેસરથી આ અંક આપવા. આવા તારકયુક્ત અંશોનાં પાઠાન્તરો મોટા (ચતુષ્કોણ) કૌંસમાં મૂકવાં. આ ક્રમાંકો શ્લોકોને નહિ પણ સમગ્ર અંશને આપવાના હોય છે. |
| 19. | જો કોઈ તારકયુક્ત અંશમાં પાંચ કે તેથી વધારે પંક્તિઓ હોય, તો દરેક પાંચમી પંક્તિ સામે જમણી બાજુએ પંક્તિઓનો અનુક્રમાંક ચતુષ્કોણ કૌંસમાં મૂકવો. આવા તારકયુક્ત અંશોની દરેક પંક્તિ પાસે એક જ દંડ મૂકવો. સમીક્ષા સામગ્રી માટે દરેક પંક્તિને બે ભાગમાં વહેંચવી – પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ. |
| 20. | બધી હસ્તપ્રતોના પાઠભેદોની નોંધ કર્યા પછી ટીકાઓમાંનાં પાઠાન્તરો નોંધવાં અને તે પહેલાં જે તે ટીકા-વ્યાખ્યાની સંજ્ઞા મૂકવી; દા. ત., રામાયણમાં ગોવિન્દરાજની ટીકા માટે “Cg” એવું ચિહ્ન મુકાય. જ્યાં અનેક ટીકાઓમાં એકસરખું પાઠાન્તર આવતું હોય, ત્યાં તે સર્વ ટીકાઓનાં પ્રતીકો મૂકવાં, જેમ કે “Cg. k. t.”. ટીકામાં ઉલ્લેખેલાં બીજાં પાઠાન્તરોનો નિર્દેશ વાંકા ટાઇપમાં (Italics) વધારાના ‘p’ અક્ષરથી કરવો. (p = પાઠાન્તર.) મૂળ પાઠ નક્કી કરવામાં ઉપયોગી એવાં ટીકાઓમાંનાં મહત્વનાં ઉદ્ધરણોની દરેકની બંને બાજુએ પુષ્પાકૃતિ (❀) મૂકવી. |

| | |
|---|---|
| 21. | 15 પંક્તિઓથી વધારે મોટું ઉમેરણ (insertion) અહીં ન મૂકતાં પરિશિષ્ટમાં મૂકવું. |
| 22. | પરિશિષ્ટમાં મૂકેલા આવા સર્વ અંશોને સળંગ અલગ ક્રમાંક આપવા અને હસ્તપ્રતમાં તે દરેકના ચોક્કસ સ્થાનનો નિર્દેશ કરતી નોંધ સમીક્ષા-સામગ્રીમાં જે તે સ્થળે મૂકવી. તેના મહત્વના પાઠભેદો તે અંશની નીચે ચતુષ્કોણ કૌંસમાં મૂકવા. |
| 23. | જો આવૃત્તિઓના તુલનાપત્રક (concordance) માટે ઉપયોગમાં લેવાયેલી કોઈ મુદ્રિત આવૃત્તિનો કોઈ પાઠ સમીક્ષિત આવૃત્તિ માટે પસંદ થયેલ હસ્તપ્રતોમાંની કોઈમાં મળતો ન હોય, તો બીજાં સર્વ પાઠાન્તરો નોંધ્યા પછી જે તે આવૃત્તિની સંજ્ઞા સાથે તેની નોંધ મૂકવી. |
| 24. | જો કોઈ શ્લોક લાંબા છંદમાં રચાયેલો હોય, તો તેનાં ચારે ચરણ અલગ અલગ લીટીઓમાં લખવાં અને બીજા તથા ચોથા ચરણને ક્રમાંક આપવા. આ બીજા તથા ચોથા ચરણના અન્તે દંડ મૂકવો. |
| | હજી બીજા બે મુદ્દાઓની નોંધ લેવી જરૂરી છે : |
| 25. | જ્યારે એક શબ્દના છેલ્લા અક્ષર સાથે બીજા શબ્દની શરૂઆતમાં આવતા સ્વરનું જોડાણ (સંધિ) થયેલું હોય, ત્યારે સમીક્ષા-સામગ્રીની નોંધોમાં તે બંને શબ્દો અલગ દર્શાવવા જોઈએ. અને પેલો બીજા શબ્દની શરૂઆતમાં આવેલો સ્વર ચતુષ્કોણ કૌંસ ([ ])માં મૂકવો. અંતિમ ए કે ओ પછી આવતા अનો અવગ્રહ (ऽ) થઈ જતો હોય છે. જ્યારે આવી સન્ધિ થઈ હોય, ત્યારે આ અવગ્રહને પણ ચતુષ્કોણ કૌંસમાં મૂકવો; દા. ત., [ऽ]पि (ऽस्मि ને બદલે). |
| 26. | કેટલીક વાર વિશેષ નામો હસ્તપ્રતોમાં જુદી જુદી રીતે લખેલાં મળે છે. જ્યાં પ્રથમ વખત તે આવે તે સ્થળે તે જુદી જોડણી લખીને નાના કૌંસમાં 'અહીં અને આ પછી' (here and below) એવી નોંધ મૂકવી. એવી જોડણી પછીથી જ્યાં જ્યાં આવે ત્યાં નોંધવાની જરૂર નથી. |

આ વિષયને ઠીક ઠીક વિગતપૂર્ણ રીતે અહીં ચર્ચ્યો છે તે ખાસ કરીને જેમને સમીક્ષા-સામગ્રીયુક્ત પાદટીપો (critical apparatus foot-notes) લખવાનું કામ કરવાનું હોય તેવા મિત્રોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી કર્યું છે.

## 3. સમીક્ષિત આવૃત્તિની પ્રસ્તાવના :

સમીક્ષિત આવૃત્તિની પ્રસ્તાવના ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરવાની હોય છે, કારણ કે તેમાં ગ્રન્થ તેમજ તેની ઉપલબ્ધ હસ્તપ્રતો વિષેની કેટલીયે અત્યન્ત મહત્વપૂર્ણ વિગતોનો સમાવેશ કરવાનો હોય છે. નીચેના 11 મુદ્દાઓની વિગતો, શક્ય હોય ત્યાં સુધી અહીં દર્શાવેલા ક્રમમાં જ, સમ્પાદકે તેમાં દર્શાવવાની હોય છે :

(1) ગ્રન્થની હસ્તપ્રતોનું વર્ણન જેમાં નીચેની વિગતો આવવી જોઈએ.

(અ) જ્ઞાત વિદ્યમાન હસ્તપ્રતોની સંખ્યા.

(આ) પરીક્ષણ કરાયેલી હસ્તપ્રતોની સંખ્યા.

(ઇ) તુલનાપત્રકમાં સમાવાયેલી પ્રતોની સંખ્યા.

(ઈ) આ હસ્તપ્રતોને તુલનાપત્રક માટે પસંદ કરવાનાં કારણો જેમાં તેમની લિપિઓ, સાચવણીનાં સ્થળ, લેખનસંવત્ વગેરે વિગતોનો સમાવેશ થાય.

(ઉ) તુલનાપત્રકના અભ્યાસને આધારે આ હસ્તપ્રતોનું પાઠપરંપરાઓ (recensions) તથા વાચનાઓ(versions)માં વર્ગીકરણ.

(ઊ) સમીક્ષા-સામગ્રી માટે પસંદ કરાયેલી હસ્તપ્રતોની સૂચિ જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય :

(ક) હસ્તપ્રતોને અપાયેલ સંજ્ઞા કે ચિહ્ન,

(કા) જ્યાં સચવાયેલી તે ગામ કે શહેરનું નામ,

(કિ) ત્યાંની સંસ્થા કે ગ્રન્થાલયનું નામ તેમજ ત્યાંનો નોંધણીઅંક કે સૂચિપત્રમાંનો અંક, રચનાસંવત્, લેખનસંવત્ તથા પૂર્ણ કે અપૂર્ણ.

(2) આ જ ક્રમમાં તે હસ્તપ્રતોનું વિગતપૂર્ણ વર્ણન જેમાં અનુક્રમે નીચેના મુદ્દાનો સમાવેશ થાય :

(અ) સંજ્ઞા, સાચવણીનું સ્થળ, સંસ્થા કે ગ્રન્થાલયનું નામ, નોંધણી-અંક કે સૂચિપત્રમાંનો અંક, પત્રોની કુલ સંખ્યા, દરેક પૃષ્ઠ ઉપર લખેલ લીટીઓની સંખ્યા, દરેક લીટીમાં આવતા શબ્દોની સંખ્યા, જે પદાર્થ ઉપર લખાયેલ હોય તેનું નામ, લેખનપદ્ધતિ, એક જ હાથે લખાયેલ કે અનેક હાથે, લેખનની વિશેષતાઓ, સ્થિતિ, હાંસિયામાંનાં તથા લીટીઓ વચ્ચેનાં લખાણોનું સ્વરૂપ, પત્રોના અંકો લખવાની વિશિષ્ટતાઓ, વિભાગો હોય તો તેની સંખ્યા, લખાણમાંની ખાલી જગાઓ, વગેરે.

(આ) ગ્રન્થના આદિ-અંત, વચ્ચે આવતી પુષ્પિકાઓ – જો તેમાં ગ્રન્થની પ્રતિલિપિયાત્રા વિષે કંઈ ઐતિહાસિક મુદ્દા હોય તો, જેની પ્રેરણાથી પ્રતિલિપિ કરાઈ તેનું નામ જો આપ્યું હોય તો, લહિયાનું નામ તથા અન્ય વિગતો જો આપી હોય તો, પ્રતિલિપિ કરવાનું સ્થાન, જેની નકલ કરાઈ હોય તે હસ્તપ્રતની લેખનસંવત્ તેમજ પ્રસ્તુત હસ્તપ્રતની લેખનસંવત્ જો નોંધેલી હોય તો.

(ઇ) જો કોઈ હસ્તપ્રતને છોડી દીધી હોય, તો તેનાં કારણો

(ઈ) જો કોઈ હસ્તપ્રતના અમુક ભાગનો જ તુલનાપત્રકમાં સમાવેશ કરાયો હોય, તો જેટલા ભાગને તુલનાપત્રકમાં સ્થાન મળ્યું હોય તેના આદિ-અન્ત સ્પષ્ટ જણાવવા.

(ઉ) દરેક હસ્તપ્રતની વિશ્વસનીયતા વિષેનો નિર્ણય.

(ઊ) ગ્રન્થના વિભાગોના આદિ-અન્તમાં જો લહિયાઓએ પ્રશસ્તિઓ લખી હોય, તો તે નોંધવી, કેમ કે ઘણી વાર તેમાં કેટલીક વાર ગ્રન્થ સાથે જેનો કોઈ સંબંધ જ ન હોય તેવી ઐતિહાસિક માહિતી આપવામાં આવી હોય છે.

(એ) અમુક અંશોનો જ તુલનાપત્રકમાં સમાવેશ કરાયો હોય તેવી હસ્તપ્રતો તથા તેમના જે તે અંશોનું કોષ્ટક અવશ્ય આપવું.

(3) સહાયક ગ્રન્થો (testimonia) : ઉપલબ્ધ અને ઉપયોગમાં લેવાયેલા સહાયક ગ્રન્થો(testimonia)નો નિર્દેશ કરવો. આમાં પ્રાચીન ટીકાઓ, સંક્ષેપો અને અભિનય આદિ માટેનાં સંયોજનો(adaptations)નો સમાવેશ થાય.

(4) હસ્તપ્રતોનો પારસ્પરિક સંબંધ દર્શાવનાર વંશવૃક્ષ (pedigree) જો શક્ય હોય તો. આમાં વિદ્યમાન હસ્તપ્રતો દ્વારા જેમના અસ્તિત્વનું અનુમાન કરી શકાય છે તેવી અવિદ્યમાન હસ્તપ્રતો વચ્ચેનો સંબંધ ટપકાં દ્વારા દર્શાવવાનો, જ્યારે હાલ વિદ્યમાન હોય કે ન હોય પણ જેના અસ્તિત્વની જાણ થયેલી હોય તેવી હસ્તપ્રતોનો સંબંધ સીધી લીટી દ્વારા દર્શાવાય. આમ કરવાથી બંને પ્રકારની પ્રતોના સંબંધનો તફાવત દર્શાવી શકાય. વિદ્યમાન પ્રતોના પારસ્પરિક સંબંધને સમજાવવા માટે જેમના પૂર્વ-અસ્તિત્વની ધારણા કરી હોય તેવી હસ્તપ્રતોની સંજ્ઞાઓ પાસે જમણી બાજુએ ઉપરના ભાગમાં તારક મૂકવો, જેમ કે A*, B*, C*, a*, b*, c*. જો શક્ય હોય તો લેખનસંવતનો નિર્દેશ, સંભવિત કે ચોક્કસ, જમણા ભાગે ઉપર તરફ ઝીણા આંકડાથી કરવો. આ રીતે $M^{11}$ એટલે હસ્તપ્રત Mનો સમય 11મી સદીમાં ક્યાંક આવે છે; એ જ રીતે $K^{13-14}$ એટલે હસ્તપ્રત Kનો સમય 13મી તથા 14મી સદીમાં ક્યાંક આવે છે. આવો નિર્દેશ આપવાથી વંશવૃક્ષનું મૂલ્ય વધી જાય. જો માત્ર હસ્તપ્રતના સમયની નીચલી મર્યાદા બાહ્ય પ્રમાણો દ્વારા ચોક્કસ કરી શકાતી હોય, તો તે આંકડા પાસે ફૂદડી મૂકી શકાય : $K^{13*}$.

(5) (અ) વંશવૃક્ષોમાં જે સંજ્ઞાઓ કે ચિહનોનો ઉપયોગ કરાયો હોય તેની સમજૂતી આપવી.

(આ) પાઠ-પરંપરાઓ (recensions) તથા તેમની વાચનાઓ(versions)નું સર્વેક્ષણ :

(i) પાઠપરંપરાઓની મુખ્ય સમાનતાઓ તથા અસમાનતાઓ.

(ii) દરેક પરંપરાની વાચનાઓ વચ્ચેની મુખ્ય સમાનતાઓ તથા અસમાનતાઓ.

(iii) પ્રચલિત આવૃત્તિ (vulgate) અને પરંપરાઓ વચ્ચેના મુખ્ય તફાવતો.

(iv) પરંપરાઓ પાઠભેદની સમાનતા તથા વૈવિધ્યપૂર્ણ વિસંગતિઓને કારણે પરસ્પરથી અલગ પડતી હોવાથી આ તફાવતોને વર્ગીકરણ કરીને દર્શાવવા જોઈએ. કારણ કે આ પરમ્પરાઓ તેના આધારે જ ગોઠવાતી હોય છે.

(6) (અ) વાચનાઓ તથા તેમની હસ્તપ્રતોની વિશિષ્ટતાઓ અને પારસ્પરિક સંબંધોનું સામાન્ય મૂલ્યાંકન. આ માટે ગ્રન્થમાંથી દાખલા રજૂ કરાય.

(આ) જો ઉપ-પરંપરાઓ (sub-recensions) હોય તો તેમનો પણ આવો અભ્યાસ ગ્રન્થમાંથી ઉદાહરણો સાથે રજૂ કરવો.

(ઇ) મિશ્ર કે ભેળસેળવાળી હસ્તપ્રતો માટે તેમની ભેળસેળનાં ઉદાહરણો આપવાં.

(7) (અ) સમીક્ષિત પાઠ તૈયાર કરવા માટે અનુસરાયેલા સિદ્ધાન્તો.

(આ) જો કોઈ સ્થળે આ સિદ્ધાન્તોથી અલગ પડવાનું થયું હોય, તો તે માટેનાં કારણો આપવાં જોઈએ. આ સિદ્ધાન્તોને અનુસરવામાં ઊભી થતી મુશ્કેલીઓ દર્શાવવી જોઈએ.

(ઇ) જ્યાં જ્યાં પાઠશોધન (emendation) કરાયું હોય તે દરેકનાં કારણો દર્શાવવાં.

(ઈ) લાંબા પ્રક્ષેપો-ઉમેરણો(interpolations)ની ચર્ચા કરવી જોઈએ અને તેમનો સમાવેશ તૈયાર કરાતી વાચનામાં ન કરવાનાં કારણો પણ દર્શાવવાં જોઈએ.

(8) જો ગ્રન્થની અન્ય આવૃત્તિઓ થઈ હોય, તો તેમનું તટસ્થ મૂલ્યાંકન દર્શાવવું.

(9) (અ) જ્યાં જ્યાં શક્ય હોય, ત્યાં ત્યાં કર્તા અને તેના ગ્રન્થનો ઇતિહાસ, કર્તાની અન્ય કૃતિઓ, તેના સાહિત્યિક ગુણોનું મૂલ્યાંકન, તેની ખાસિયતો વગેરેની જાણકારી મેળવવી અને રજૂ કરવી.

(આ) જો કોઈ સમાન્તર વાચનાઓ હોય, તો તેનો ચિતાર (conspectus) આપવો.

